# રત્ન સંચય

ભાગ-૫



સંપાદક :
પ.પૂ. આચાર્યશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.
ના શિષ્ય ઉપાધ્યાય રત્નત્રય વિજયજી

શ્રી ગોડીજી પાર્શ્વનાથાય નમઃ

શ્રી જિત-હીર-બુદ્ધિ-તિલક-શાંતિચંદ્ર-રત્નશેખર-રાજેન્દ્રસૂરિભ્યોનમઃ

# રત્ન સંચય ભાગ-૫

## શાસ્ત્રાધારે ૨૫૦ વિષયોનો સંગ્રહ

સંપાદક

**આચાર્યદેવશ્રી રત્નાકરસૂરીશ્વરજી મ.સા.નાં**

**શિષ્ય ઉપાધ્યાય શ્રી રત્નત્રયવિજયજી મ.સા.**

પ્રકાશક

**શ્રી રંજનવિજય જૈન પુસ્તકાલય**

માલવાડા-જિ. જાલોર (રાજ.)

પુસ્તકનું નામ : **રત્નસંચય ભાગ-૫**

વિષય : શાસ્ત્રાધારે 250 વિષયોનો સંગ્રહ

પ્રથમ આવૃત્તિ : નકલ : 3,000 સંવત : 2071

સંપાદક : ઉપાધ્યાયશ્રી રત્નત્રયવિજયજી મ.સા.

કિંમત : રૂ. 60 (સાહીઠ રૂપિયા)

## પ્રાપ્તિસ્થાન

અમદાવાદ : શ્રી પારસગંગા જ્ઞાન મંદિર
બી-૧૦૪, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પીટલ સામે,
શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
● ફોન (ઘર) ૨૨૮૬૦૨૪૭ (મો.) ૯૪૨૬૫ ૩૯૦૭૬.
શ્રી જૈન પ્રકાશન મંદિર
દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
● ફોન : ૨૫૩૫૬૮૦૬

મુંબઈ : શ્રી મણીલાલ યુ. શાહ
બી. ૧૦૧, ફીલજોય એપાર્ટમેન્ટ, હીંમતનગર ફ્લેટની પાછળ,
એમ.સી.એફ ક્લબ પાસે, બોરીવલી (વે.), મુંબઈ-૪૦૦ ૦૯૨
● (મો.) ૯૮૨૦૧ ૮૫૩૫૩ ● (ઘર) ૨૮૯૧૧૪૬૯

પાલીતાણા : શ્રી પાર્શ્વનાથ જૈન પુસ્તક ભંડાર
ફુવારાની પાસે, તલેટી રોડ, પાલીતાણા-૩૮૪૨૭૦ (સૌરાષ્ટ્ર).
● ફોન : ૦૨૮૪૮ - ૨૫૩૩૨૩

મુદ્રક : નવનીત પ્રિન્ટર્સ(નિકુંજ શાહ) ૨૭૩૩, કુવાવાળી પોળ, શાહપુર
અમદાવાદ-૩૮૦ ૦૦૧. ● મોબાઈલ : 98252 61177

# પ્રસ્તાવના

જેમ સાગરમાંથી રત્નો બહાર નીકળે તેમ જિનશાસનમાં દ્વાદશાંગીને સાગરની ઉપમા આપેલ છે. ગણધર ભગવંતોએ જે દ્વાદશાંગી રચેલ તેમાંથી અત્યાર સુધીમાં ઘણો વિચ્છેદ થઈ ગયો છતાં આપણાં પ્રબળ પુણ્યોદયે જે પણ દ્વાદશાંગી, આગમો, ગ્રંથો, ચરિત્રો પ્રાપ્ત થાય છે. તે ગણધર ભગવંતો પ્રમાણે તો બિંદુ સમાન છે. પરંતુ આપણા માટે તો સાગર સમાન છે. કારણ કે હાલ જે પંચાંગી આપણે પ્રાપ્ત થઈ છે વર્તમાન કાળમાં તેના લગભગ ૯ લાખ જેટલા શ્લોક થાય છે. હવે આપણા જીવન દરમ્યાન નવલાખ શ્લોક વાંચવા એટલે આખો સાગર પાર કરવો એટલી વાર લાગે છતાં આ આગમ-ગ્રંથોનું જે જે વાંચન અત્યાર સુધી કર્યું અને એમાંથી જે જે રત્નો મળ્યાં તેનો સંગ્રહ આ પુસ્તકમાં કરેલ છે. પૂર્વ **રત્નસંચય** ગુજરાતીમાં **૧ થી ૪** ભાગો પ્રગટ થયા છે. હવે **પાંચમા** અને **છઠા** ભાગમાં શાસ્ત્રાધારે કુલ **૫૦૦** વિષયોનો સંગ્રહ કરેલ છે. દરેક વિષયોની પાછળ આગમગ્રંથનો આધાર પણ લખેલ છે. છતાંકોઈ જગ્યાએ રહી ગયું હોય તો વાંચનારે વિચારી લેવું. બંને ભાગો બરાબર વાંચવાથી ઘણાં વિષયોની જાણકારી આમાંથી પ્રાપ્ત થશે.

શાસ્ત્રાધારનાં ૫૦૦ વિષયો વાંચ્યા પછી જીવનમાં સમકિત વ્રતને નિર્મલ કરી સમ્યગ્જ્ઞાનમાં વૃદ્ધિ કરી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરી સુકૃતનાં સહભાગી બનશો. આ વાંચ્યા પછી બીજાને પણ વાંચવા માટે આ પુસ્તકનો ઉપયોગ થાય તે રીતે પ્રયત્ન કરશો. જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ શબ્દોનો વિષયોનો પ્રયોગ થયો હોય તો ક્ષમ્ય ગણાય છે. સાધુ-સાધ્વીજી ભગવંતોને પ્રવચન માટે, વાચના માટે, સંયમ જીવનને ઉજ્જવલ બનાવવા માટે અતિ ઉપયોગી થાય તેવી અંતરની શુભ અભિલાષા.

વિ.સં. ૨૦૭૧
મહાસુદ-૬
**શ્રી સીમંધર સ્વામી જૈન તીર્થ**
**લોઢાધામ, મુંબઈ.**

**લિ.**
**આચાર્યદેવશ્રી રત્નાકર સૂરિજીનાં**
**શિષ્ય ઉપાધ્યાયશ્રી રત્નત્રય**
**વિજયજી**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | અરિહંત પદનું વિવેચન | ૦૧ |
| ૨. | સિદ્ધપદનું વિવેચન | ૦૭ |
| ૩. | આચાર્યપદનું વિવેચન | ૦૯ |
| ૪. | ઉપાધ્યાય પદનું વિવેચન | ૧૦ |
| ૫. | સાધુપંદનું વિવેચન | ૧૨ |
| ૬. | આવશ્યક નિર્યુક્તિ ગ્રંથનાં આધારે પાંચપદનો અર્થ | ૧૭ |
| ૭. | શીલનાં ૧૮,૦૦૦ ભેદ | ૧૪ |
| ૮. | સમ્યગ્દર્શનનાં ૬૭ ભેદ | ૧૫ |
| ૯. | સમ્યગ્જ્ઞાનનાં ૫૧ ભેદ | ૧૬ |
| ૧૦. | સમ્યગ્ચરિત્રનાં ૭૦ ભેદ | ૧૭ |
| ૧૧. | સમ્યગ્તપનાં ૫૦ ભેદ | ૧૮ |
| ૧૨. | ખીમઋષિનાં ઘોર અભિગ્રહો | ૧૮ |
| ૧૩. | પાંચ આગમ વાચનાનો સમય | ૨૨ |
| ૧૪. | કલ્પસૂત્રનું પ્રથમ વાંચન | ૨૨ |
| ૧૫. | પલ્યોપમ સાગરોપમનું પ્રમાણ | ૨૩ |
| ૧૬. | શ્રેણિક મહારાજાની ૧૦ રાણીઓનાં વિશિષ્ટતપો-દીક્ષા પછી | ૨૪ |
| ૧૭. | મોટાતપોનું પ્રમાણ | ૨૫ |
| ૧૮. | પાંચ પાંડવોનો પૂર્વભવ | ૨૭ |
| ૧૯. | ધન્ના અણગારની કાયા | ૨૮ |
| ૨૦. | સર્વાર્થસિદ્ધ વિમાનનું સ્વરૂપ | ૨૯ |
| ૨૧. | હરિભદ્રસૂરિને મળેલા ગાથાનો અર્થ | ૩૧ |
| ૨૨. | યાકિનીમહત્તરા સાધ્વીજીનો જવાબ | ૩૧ |
| ૨૩. | રાજગૃહીનાં પાંચ પહાડનાં નામો | ૩૧ |

| | | |
|---|---|---|
| ૨૪. | શ્રીપાલરાજાનાં રાસની રચના | ૩૨ |
| ૨૫. | શ્રુતકેવળીની શક્તિ | ૩૨ |
| ૨૬. | સાતમી નરકાવાસનાં નામો અને રોગ | ૩૩ |
| ૨૭. | મિચ્છામિ દુક્કડ્મનો અર્થ | ૩૩ |
| ૨૮. | ઈરિયાવહિયામાં મિચ્છામિ દુક્કડ્મનાં ભેદ | ૩૪ |
| ૨૯. | ગુણરત્નસંવરછરતપની વિધિ | ૩૫ |
| ૩૦. | પરમધામી દ્વારા નારકીને ભયંકર વેદના | ૩૬ |
| ૩૧. | અંડગોલિક માનવનું સ્વરૂપ (બૃહત્સંગ્રહણી) | ૩૭ |
| ૩૨. | નરકમાં નરકાવાસની સંખ્યા | ૩૭ |
| ૩૩. | પરમાધામી દેવોની ખુશી | ૩૮ |
| ૩૪. | નરકમાં વેદના કેવી ? | ૩૮ |
| ૩૫. | નરકની વેદનાનું વિવરણ | ૩૯ |
| ૩૬. | નવપદનાં ભંડારો | ૩૯ |
| ૩૭. | સ્વાધ્યાયનું પ્રમાણ | ૪૦ |
| ૩૮. | ચક્રવર્તીનાં ૧૪ રત્નો | ૪૦ |
| ૩૯. | ચક્રવર્તીનું સ્વરૂપ | ૪૨ |
| ૪૦. | ચક્રવર્તીનાં નવ નિધાનો | ૪૨ |
| ૪૧. | સર્વાર્થ સિદ્ધવિમાનનાં ઝુમ્મરો | ૪૩ |
| ૪૨. | વાસુદેવનાં સાત રત્નો | ૪૩ |
| ૪૩. | હઠીસીંગની વાડી | ૪૩ |
| ૪૪. | શત્રુંજય મહાત્મ્યનું પ્રમાણ | ૪૪ |
| ૪૫. | સ્થાપનાચાર્ય પડિલેહન વિધિ | ૪૫ |
| ૪૬. | વસ્તુપાલ-તેજપાલનાં ભવો | ૪૫ |
| ૪૭. | કોટિશીલાનું પ્રમાણ | ૪૬ |
| ૪૮. | વાસુદેવ અને કોટિશીલાનું પ્રમાણ | ૪૭ |

| | | |
|---|---|---|
| ૪૯. | શ્રેણિકભાઈ કસ્તુરભાઈની પેઢીના નામો | ૪૮ |
| ૫૦. | વખતચંદ શેઠની ઉદારતા | ૪૮ |
| ૫૧. | ગંગા માં ની ખુમારી | ૪૮ |
| ૫૨. | દાનવીર જગડુશાહનું [illegible] | ૪૯ |
| ૫૩. | 'પાઠશાળા' શબ્દનો અર્થ | ૫૦ |
| ૫૪. | 'ગુરુદેવ' શબ્દનો અર્થ | ૫૧ |
| ૫૫. | સાતમાં ગુણઠાણે આવશ્યકક્રિયા નિયત નથી | ૫૧ |
| ૫૬. | શંખેશ્વર પાર્શ્વનાથની પ્રાચીનતા | ૫૧ |
| ૫૭. | પૂજ્ય વીરવિજયજીનું જીવન ચરિત્ર અને રચના | ૫૪ |
| ૫૮. | પૂજ્ય વીરવિજયજી દ્વારા પૂજાની રચના | ૫૪ |
| ૫૯. | ધનજી શૂરા - પનજી શૂરા - રતનજી સૂરા | ૫૫ |
| ૬૦. | તામલી તાપસ | ૫૬ |
| ૬૧. | તીર્થંકર પરમાત્માનું વર્ષીદાન | ૫૬ |
| ૬૨. | તીર્થંકર વર્ષીદાનમાં '૭' અતિશય | ૫૮ |
| ૬૩. | વર્ષીદાનનો પ્રભાવ | ૫૮ |
| ૬૪. | વર્ષીદાન કયું દાન ? કોણ લઈ શકે ? | ૫૮ |
| ૬૫. | પરમાત્માનાં સમવસરણમાં ૩૬૩ પાખંડી | ૫૯ |
| ૬૬. | ૧૦ પ્રકારનાં તિર્યગ્જૃંભકદેવ | ૫૯ |
| ૬૭. | સાધુધર્મની દસ સામાચારી | ૬૦ |
| ૬૮. | પડિલેહનની વિધી | ૬૧ |
| ૬૯. | સાધુનાં ઉપકરણનું પ્રમાણ | ૬૩ |
| ૭૦. | દરેક ઉપકરણનું માપ | ૬૩ |
| ૭૧. | અધિકરણ એટલે શું ? | ૬૫ |
| ૭૨. | પ્રતિક્રમણમાં અવગ્રહનું પ્રમાણ | ૬૬ |
| ૭૩. | '૭' આવશ્યકનું પ્રમાણ | ૬૬ |

| | | |
|---|---|---|
| ૭૪. | શ્રાવકની સાત ધોતી | ૬૬ |
| ૭૫. | ગરણાનું પ્રમાણ | ૬૭ |
| ૭૬. | શ્રાવકનાં ઘેર ૭ ચંદરવાનાં સ્થાન | ૬૭ |
| ૭૭. | સ્વાધ્યાયનાં પાંચ પ્રકાર | ૬૮ |
| ૭૮. | અંતિમઆચાર્ય દુષ્પ્રભસૂરિ અને સંઘ | ૬૮ |
| ૭૯. | દેશનાં નામ (કુમારપાલ મહારાજાના) | ૬૯ |
| ૮૦. | ધર્મદૂતનું દ્રષ્ટાંત | ૬૯ |
| ૮૧. | પરમાત્માની ભક્તિ અલંકારો દ્વારા | ૭૦ |
| ૮૨. | ૫૬ - સંપદાની ઓલખાણ | ૭૦ |
| ૮૩. | જાપનાં ત્રણ પ્રકાર | ૭૧ |
| ૮૪. | બીજી રીત જાપનાં ત્રણ પ્રકાર | ૭૨ |
| ૮૫. | પંચાચારનાં ૩૬ ભેદનું વિવરણ | ૭૩ |
| ૮૬. | શ્રાવક જીવનને સુશોભિત કરવાવાળા ૩૬ કર્તવ્યો | ૭૬ |
| ૮૭. | ભરહેસર સજ્ઝાયમાં આવતાં ૫૩ (ત્રેપન) મહાપુરુષોનાં નામો | ૭૯ |
| ૮૮. | ૪૭ મહાસતીઓનાં નામો | ૮૫ |
| ૮૯. | પંચવસ્તુ ગ્રંથમાં પાંચવસ્તુ | ૮૯ |
| ૯૦. | સ્વાધ્યાયનો લાભ | ૮૯ |
| ૯૧. | સ્વાધ્યાયથી સાત ગુણોની પ્રાપ્તિ | ૯૦ |
| ૯૨. | સ્વાધ્યાયની મહત્તા | ૯૧ |
| ૯૩. | બહુવેલ સંદિસાહું કેમ ? | ૯૨ |
| ૯૪. | તીર્થંકર તુલ્ય આચાર્ય ભગવંત | ૯૨ |
| ૯૫. | નયચક્ર ગ્રંથની દુર્લભતા | ૯૩ |
| ૯૬. | કોડાયનું જ્ઞાનમંદિર | ૯૪ |
| ૯૭. | શ્રાવક દ્વારા શ્રુત લેખન | ૯૪ |

| | | |
|---|---|---|
| ૯૮. | પેથડમંત્રીની શ્રુતભક્તિ | ૯૪ |
| ૯૯. | કુમારપાલ રાજાના બારવ્રતની ઝાંખી | ૯૫ |
| ૧૦૦. | સમ્યગ્દર્શન નિર્મલહેતુ ૧૦ પ્રકારની રૂચિ | ૯૭ |
| ૧૦૧. | વસ્તુપાલ મંત્રીના બિરૂદો | ૯૭ |
| ૧૦૨. | વાંદણાનાં ૨૫ આવશ્યક | ૯૮ |
| ૧૦૩. | નગરશેઠની પોળમાં ગોડીજી પાર્શ્વનાથ... | ૯૯ |
| ૧૦૪. | નવસારીમાં ચિંતામણી પાર્શ્વનાથ | ૯૯ |
| ૧૦૫. | આજ્ઞામાં ધર્મની પ્રધાનતા | ૧૦૦ |
| ૧૦૬. | ઉણોદરી તપનું વર્ણન | ૧૦૦ |
| ૧૦૭. | ‘છ’ પ્રકારની અપ્રશસ્ત ભાષા | ૧૦૧ |
| ૧૦૮. | ‘છ’ પ્રકારના શબ્દોનો અવાજ | ૧૦૧ |
| ૧૦૯. | ‘પાંચ’ પ્રકારની નિદ્રા | ૧૦૨ |
| ૧૧૦. | ધર્મકથાનાં ચાર પ્રકાર | ૧૦૨ |
| ૧૧૧. | તીર્થ કોને કહેવાય ? | ૧૦૩ |
| ૧૧૨. | સાચુ સમ્યકત્વ | ૧૦૩ |
| ૧૧૩. | કઈ તિથિએ કઈ આરાધના | ૧૦૩ |
| ૧૧૪. | પાંચ સમિતિનું સ્વરૂપ | ૧૦૪ |
| ૧૧૫. | ત્રણ ગુપ્તિનું સ્વરૂપ | ૧૦૫ |
| ૧૧૬. | સિદ્ધચક્ર યંત્ર કોણે કાઢ્યું ? | ૧૦૬ |
| ૧૧૭. | કાઉસગ્ગનો પ્રભાવ | ૧૦૭ |
| ૧૧૮. | શ્રીપાલ રાજાનું ઉજમણું | ૧૦૭ |
| ૧૧૯. | શત્રુંજય મહાતીર્થે મોક્ષ પામ્યાનાં નામો | ૧૦૮ |
| ૧૨૦. | નવપદ જાપનો પ્રભાવ | ૧૧૧ |
| ૧૨૧. | શ્રાવકની અગ્યાર પ્રતિમા | ૧૧૨ |
| ૧૨૨. | સાધુની ૧૨ પ્રતિમા | ૧૧૩ |

| | | |
|---|---|---|
| ૧૨૩. | સાત સ્વર એટલે શું ? | ૧૧૫ |
| ૧૨૪. | કામની દશ દશાઓ ? | ૧૧૬ |
| ૧૨૫. | રાણકપુરતીર્થની વિશિષ્ટતા | ૧૧૭ |
| ૧૨૬. | અનુપમા દેવી દ્વારા ઉજમણું | ૧૧૮ |
| ૧૨૭. | રોહિણૈયચોરની પરંપરા | ૧૧૮ |
| ૧૨૮. | લવ અને કુશના 'છ' ભવ | ૧૧૯ |
| ૧૨૯. | સીતાનો પૂર્વ ભવ | ૧૨૦ |
| ૧૩૦. | ગિરનારજીનાં નેમિનાથ પરમાત્માની પ્રાચીનતા | ૧૨૦ |
| ૧૩૧. | અનુપમાદેવીનું સુપાત્ર દાન | ૧૨૧ |
| ૧૩૨. | બાલાશાની ટુંક પાલીતાણા | ૧૨૨ |
| ૧૩૩. | ગચ્છનાં નામો | ૧૨૨ |
| ૧૩૪. | સારણા-વારણા એટલે શું ? | ૧૨૩ |
| ૧૩૫. | પુષ્પપૂજાનો પ્રભાવ | ૧૨૩ |
| ૧૩૬. | મુંબઈથી પ્રથમ સાધુ કોણ ? | ૧૨૪ |
| ૧૩૭. | પૌષધ પારતી વખતે 'છ' મહાપુરુષોનાં જીવન | ૧૨૪ |
| ૧૩૮. | દૃષ્ટિવાદ અને એના ભેદ | ૧૨૭ |
| ૧૩૯. | દૃષ્ટિવાદનાં પદનું પ્રમાણ | ૧૩૦ |
| ૧૪૦. | સૂરીમંત્ર પીઢીકાનાં નામ અને જાપનું પ્રમાણ | ૧૩૦ |
| ૧૪૧. | ગુણાનુરાગનાં સાત લક્ષણ | ૧૩૧ |
| ૧૪૨. | ભાવશ્રાવકનાં સાત લક્ષણ | ૧૩૧ |
| ૧૪૩. | જ્ઞાતા ધર્મકથા આગમનું પ્રમાણ | ૧૩૨ |
| ૧૪૪. | ચૌદસ્થાનોમાં સમૂર્ચ્છિમજીવોની ઉત્પત્તિ | ૧૩૪ |
| ૧૪૫. | મૂરખનાં ૮ લક્ષણો | ૧૩૪ |
| ૧૪૬. | ઉપધાન આચારમાં તપનું પ્રમાણ | ૧૩૫ |
| ૧૪૭. | માંડલા શા માટે કરવાના ? | ૧૩૬ |

| | | |
|---|---|---|
| ૧૪૮. | અજિતશાંતિ સ્તવનની રચના ક્યારે થઈ ? | ૧૩૭ |
| ૧૪૯. | આત્મઅંગુલ આદિનું પ્રમાણ | ૧૩૮ |
| ૧૫૦. | તમસ્કાયનું સ્વરૂપ | ૧૩૯ |
| ૧૫૧. | કૃષ્ણરાજી કયાં આવેલ | ૧૩૯ |
| ૧૫૨. | નવલોકાંતિક દેવનું સ્વરૂપ | ૧૪૦ |
| ૧૫૩. | વજલેપ એટલે શું ? | ૧૪૧ |
| ૧૫૪. | રાજીયા-વાજીયા ખંભાત બંદરે ગાજીયા | ૧૪૧ |
| ૧૫૫. | ચાર પ્રકારનાં દોષ ક્રિયાનાં | ૧૪૩ |
| ૧૫૬. | પ્રાયશ્ચિત્ત તીર્થ ભરૂચ | ૧૪૩ |
| ૧૫૭. | રોવાનું ક્યારે ચાલું થયું ? | ૧૪૩ |
| ૧૫૮. | પુંઠ પાડીને જવામાં નુકસાન થયું. | ૧૪૪ |
| ૧૫૯. | ગૌશાળાનાં ભવો | ૧૪૪ |
| ૧૬૦. | વાણીયા શબ્દની પ્રસિદ્ધિ | ૧૪૭ |
| ૧૬૧. | શિબિકાને પ્રદક્ષિણા | ૧૪૭ |
| ૧૬૨. | વિધિ બહુમાનનાં પાંચ લક્ષણ | ૧૪૭ |
| ૧૬૩. | પૂનમિયા ગચ્છ | ૧૪૮ |
| ૧૬૪. | સુપાત્રદાનનો પ્રભાવ | ૧૪૮ |
| ૧૬૫. | ચારપ્રકારનાં કર્મબંધ | ૧૪૯ |
| ૧૬૬. | દશવૈકાલિક સૂત્ર ક્યાંથી ? | ૧૪૯ |
| ૧૬૭. | ઉપદેશમાળા ગ્રંથના ટીકાકારો | ૧૫૦ |
| ૧૬૮. | ઉપદેશમાલા ગ્રંથના આધારે ૧૨૫ ગાથાનું સ્તવન | ૧૫૨ |
| ૧૬૯. | ઉપદેશમાળા ગ્રંથમાંથી ચોવીશ ગ્રંથમાળાઓનું સર્જન | ૧૫૩ |
| ૧૭૦. | ઉપદેશમાળા ગ્રંથના આધારે ૩૫૦ ગાથાનું સ્તવન | ૧૫૪ |
| ૧૭૧. | રાજારણસિંહની ઢાળ | ૧૫૬ |
| ૧૭૨. | શ્રાવકોને ઉપદેશમાળાગ્રંથ વાંચવાનું પ્રમાણ | ૧૫૬ |
| ૧૭૩. | આખા દિવસ-રાત્રિ દરમ્યાન કાળવેળા ક્યારે આવે ? | ૧૫૭ |

| | | |
|---|---|---|
| ૧૭૪. | સુરત નામ કેવી રીતે પડ્યું ? | ૧૫૭ |
| ૧૭૫. | ઉપાધ્યાયશ્રી ઉદયરત્નજી દ્વારા રચિત રાસોની વિગત | ૧૫૮ |
| ૧૭૬. | સુરતમાં ગોપીપુરા કોણે વસાવ્યું ? | ૧૬૦ |
| ૧૭૭. | સુરતથી નીકળેલા ૧૩ સંઘો | ૧૬૧ |
| ૧૭૮. | પાંચ પ્રકારનાં આચારથી પાંચ વૈભવની પ્રાપ્તિ | ૧૬૮ |
| ૧૭૯. | સુરતમાં થયેલ ઢાળો રાસોની રચના | ૧૬૯ |
| ૧૮૦. | સુરતમાં થયેલ ચાતુર્માસ અને પ્રતિષ્ઠાઓ | ૧૭૧ |
| ૧૮૧. | વિનયગુણની પ્રધાનતા | ૧૭૩ |
| ૧૮૨. | વિનયનાં ૧૦ ભેદ | ૧૭૩ |
| ૧૮૩. | બહુમાન આચાર એટલે શું ? તેનાં લક્ષણ | ૧૭૪ |
| ૧૮૪. | બહુમાન આચારની ચતુર્ભંગી | ૧૭૫ |
| ૧૮૫. | વસ્તુપાલમંત્રીની પરમાત્મા પ્રતિ સાત માંગણી | ૧૭૫ |
| ૧૮૬. | પ્રતિક્રમણ કરવાનો શાસ્ત્રીય સમય | ૧૭૬ |
| ૧૮૭. | આલોચકનાં ૧૧ ગુણો | ૧૭૬ |
| ૧૮૮. | ભગવાન મહાવીરનો ગર્ભમાં અભિગ્રહ | ૧૭૭ |
| ૧૮૯. | પોરિસીનું પ્રમાણ | ૧૭૮ |
| ૧૯૦. | સંથારા પોરિસીમાં આવતા ભારી શબ્દોનો અર્થ | ૧૭૮ |
| ૧૯૧. | કાયાની પડિલેહણમાં દ્રષ્ટાંત | ૧૭૯ |
| ૧૯૨. | ચોવીશ તીર્થંકરનાં નામ પાડવાનાં કારણો ! | ૧૮૦ |
| ૧૯૩. | સુધર્માસ્વામીનાં સમુદાયનું પ્રમાણ | ૧૮૨ |
| ૧૯૪. | સંભૂતિવિજયનો પરિવાર | ૧૮૨ |
| ૧૯૫. | પરસ્પર ક્ષમાપનાનાં 'છ'લક્ષણો | ૧૮૩ |
| ૧૯૬. | 'છ' કાય વિરાધનાથી ડરેલા મહાપુરુષોનાં દ્રષ્ટાંતો | ૧૮૩ |
| ૧૯૭. | ઈરિયાવહિયા સૂત્રનો જાપ | ૧૮૫ |
| ૧૯૮. | ઉપદેશમાળા ગ્રંથનાં આધારે પાંચ સમિતિનું વર્ણન | ૧૮૬ |
| ૧૯૯. | પુષ્પમાળા ગ્રંથના આધારે ત્રણ ગુપ્તિનું સ્વરૂપ | ૧૮૭ |

| | | |
|---|---|---|
| ૨૦૦. | એષણાસમિતિમાં પાંચ આચારનું પાલન | ૧૮૮ |
| ૨૦૧. | શુદ્ધ મૌનની વિધી | ૧૮૮ |
| ૨૦૨. | સાધુ-સાધ્વીજીનું હાસ્ય કેવું હોય ? | ૧૮૯ |
| ૨૦૩. | શ્રાવક-શ્રાવિકાનાં દૈનિક 'છ' કર્તવ્ય | ૧૮૯ |
| ૨૦૪. | સ્થંડિલ ભૂમિની દસ શુદ્ધિ ? | ૧૯૨ |
| ૨૦૫. | ચાર પ્રકારનાં ધ્યાનનું વિવરણ | ૧૯૩ |
| ૨૦૬. | પાંચ ઈન્દ્રિયોનાં ૨૩ વિષયો | ૧૯૫ |
| ૨૦૭. | પાંચ ઇન્દ્રિયોનાં ૨૫૨ વિકાર ભાવો | ૧૯૬ |
| ૨૦૮. | વાચના કેવી રીતે અને શાના માટે હોય ? | ૧૯૬ |
| ૨૦૯. | સંયમથી પતિત થવાના 'છ' લક્ષણો | ૧૯૭ |
| ૨૧૦. | ભિન્નમાલનગરનાં ચાર આચાર્યો | ૧૯૮ |
| ૨૧૧. | સામાયિક શબ્દનાં વિશેષ અર્થો | ૧૯૯ |
| ૨૧૨. | આવશ્યક શબ્દનાં વિશેષ અર્થો | ૨૦૦ |
| ૨૧૩. | આવશ્યક શબ્દનાં ૧૦ પર્યાયવાચી શબ્દો | ૨૦૧ |
| ૨૧૪. | ચૌદપૂર્વ માટે સ્યાહીનું પ્રમાણ | ૨૦૨ |
| ૨૧૫. | પૂર્વધરોનાં વિશેષણો | ૨૦૩ |
| ૨૧૬. | ચારવેદની સાથે ૧૪ વિદ્યાનાં નામો | ૨૦૩ |
| ૨૧૭. | ચોરાશી આગમોનાં નામો | ૨૦૩ |
| ૨૧૮. | ચૌદપૂર્વમાંથી ઉદ્ધૃત ગ્રંથો | ૨૦૫ |
| ૨૧૯. | પૂરવધર દ્વારા રચિત ગ્રંથો | ૨૦૬ |
| ૨૨૦. | કુમારપાળ રાજાનાં ચરિત્રો | ૨૦૬ |
| ૨૨૧. | દેવોની દશ જાતિ | ૨૦૭ |
| ૨૨૨. | મનુષ્યજન્મનાં દશ દષ્ટાંત | ૨૦૮ |
| ૨૨૩. | દશ પ્રકારનાં યતિધર્મ | ૨૧૧ |
| ૨૨૪. | જૈનશાસ્ત્રમાં આસનનાં નામો | ૨૧૪ |
| ૨૨૫. | યોગશાસ્ત્ર ગ્રંથનાં આધારે પાંચમહાવ્રતનું સ્વરૂપ | ૨૧૪ |

| | | |
|---|---|---|
| ૨૨૬. | દર્શન-જ્ઞાન-ચારિત્રયોગની વ્યાખ્યા | ૨૧૮ |
| ૨૨૭. | યોગશાસ્ત્ર ગ્રંથનાં આધારે અષ્ટપ્રવચન માતાનું સ્વરૂપ | ૨૧૯ |
| ૨૨૮. | અન્તર્મુહુર્ત એટલે કેટલો સમય ? | ૨૨૨ |
| ૨૨૯. | યોગશાસ્ત્ર ગ્રંથનાં આધારે શ્રાવકનાં ૧૨ વ્રતનું સ્વરૂપ | ૨૨૨ |
| ૨૩૦. | મદિરા પીવાથી થતું નુકસાન | ૨૩૧ |
| ૨૩૧. | માંસભક્ષણનાં દોષો | ૨૩૧ |
| ૨૩૨. | માખણ ખાવાનાં દોષો | ૨૩૨ |
| ૨૩૩. | મધ ખાવાનાં દોષો | ૨૩૨ |
| ૨૩૪. | અનંતકાયનાં દોષો | ૨૩૩ |
| ૨૩૫. | રાત્રિ ભોજનનાં દોષો અને લાભો | ૨૩૪ |
| ૨૩૬. | દ્વિદલનાં દોષો | ૨૩૫ |
| ૨૩૭. | બોળ આચારનાં દોષો | ૨૩૫ |
| ૨૩૮. | સામાયિકને શુદ્ધ બનાવવા મનનાં ૧૦ દોષથી બચો. | ૨૩૬ |
| ૨૩૯. | સામાયિકને શુદ્ધ બનાવવા વચનનાં ૧૦ દોષ થી બચો | ૨૩૮ |
| ૨૪૦. | સામાયિકની શુદ્ધિ માટે કાયાનાં ૧૨ દોષોથી બચો | ૨૩૯ |
| ૨૪૧. | મોક્ષમાર્ગનાં કારણો | ૨૪૨ |
| ૨૪૨. | સગ્યગ્જ્ઞાનનું સ્વરૂપ | ૨૪૨ |
| ૨૪૩. | સમ્યગ્દર્શનનું સ્વરૂપ | ૨૪૩ |
| ૨૪૪. | સમ્યકત્વનાં આઠ આચાર | ૨૪૪ |
| ૨૪૫. | સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ | ૨૪૪ |
| ૨૪૬. | સમ્યક્તપનું સ્વરૂપ | ૨૪૫ |
| ૨૪૭. | ઉત્તરાધ્યયન સૂત્રનાં આધારે અષ્ટપ્રવચન માતાનું સ્વરૂપ | ૨૪૬ |
| ૨૪૮. | અષ્ટપ્રવચન માતા પાલનનો સાર | ૨૫૦ |
| ૨૪૯. | ઉત્તરાધ્યનન સૂત્રમાં આવેલાં પ્રશ્નોત્તરો | ૨૫૧ |
| ૨૫૦. | ઉપાધ્યાય શબ્દનાં વિશેષ અર્થો | ૨૫૪ |

# ૧. અરિહંત પદનું વિવેચન

➠ **નમો અરિહંતાણં :** અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

અરિ એટલે શત્રુ હંતાણં એટલે નાશ કરવો રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ આ 'છ' અંતર શત્રુઓ છે જે આંતરશત્રુનો નાશ કરે તેજ **અરિહંત.**

➠ **અરિહંત પરમાત્માના ૧૨ ગુણો :**

**(૧) અપાયાપગમાતિશય :** અરિહંત પરમાત્મા જ્યાં બિરાજમાન હોય તેની ચારે બાજુ ચારે દિશામાં પચીશ પચીશ યોજન ઉપર અને નીચે સાડાબાર-સાડાબાર યોજન એમ સવાસો યોજન સુધી દરેક પ્રકારનાં કષ્ટો શમી જાય એજ અપાયાપગમાતિશય. આટલા બધા કષ્ટોને દૂર કરવાની શક્તિ અરિહંત સિવાય કોઈનામાં હોતી નથી.

**(૨) જ્ઞાનાતિશય :** અરિહંત પરમાત્મા કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી લોક-અલોકનાં સંપૂર્ણ ભાવોને જુએ તે જ્ઞાનાતિશય. અનુત્તર વાસી દેવતાઓનાં સંશયને પણ આ જ જ્ઞાનથી દૂર કરે છે.

**(3) વચનાતિશય :** અરિહંત પરમાત્મા જ્યારે દેશના આપે ત્યારે તેમની વાણી રૂપ ગુણોથી યુક્ત હોય છે. દેવ, મનુષ્ય તિર્યઞ્ચ સહુ પોત પોતાની ભાષામાં સમજી જાય છે. સમજ્યા પછી જીવોની જેટલી યોગ્યતા હોય તેટલી યોગ્યતા તેમની વાણી દ્વારા ખીલી જાય છે. આ જ પ્રભુનો વચનાતિશય છે.

(૪) **પૂજાતિશય :** બધા દેવતાઓ, અસુરો, મનુષ્યો અને સર્વશ્રેષ્ઠ ઐશ્વર્યને ધારણ કરનારાં ૬૪ ઈન્દ્રો પરમાત્માનાં પાંચે કલ્યાણકોની ભાવપૂર્વક ભક્તિ તથા પૂજા કરે છે. આવી પૂજા જગતમાં કોઈની થતી નથી. બત્રીસ લાખ વિમાનનો અધિપતિ ઈન્દ્ર મહારાજા પણ પરમાત્માને ગોદમાં ધરી અભેષક કરે છે. એજ પૂજાતિશય.

(૫) **અશોકવૃક્ષ :** જ્યાં જ્યાં અરિહંત પરમાત્મા ઉભા હોય. ચાલતા હોય કે બેઠા હોય તો ત્યાં દેવતાઓ પાંદડાથી ઘેરાયેલું. સર્વઋતુનાં સુગંધી પુષ્પોથી ખીલેલું. છત્ર, ઘંટા, પતાકાથી યુક્ત **અશોકવૃક્ષ**ની રચના કરે છે. પરમાત્માની ઊંચાઈ કરતાં ૧૨ ગણું ઉચું અશોકવૃક્ષ હોય છે. આ વૃક્ષનો વિસ્તાર એક યોજન જેટલો હોય છે.

(૬) **સુરપુષ્પ વૃષ્ટિ :** દેવતાઓ જલ અને થલમાં ઉત્પન્ન થયેલાં પાંચેવર્ણનાં વિકસ્વર સુગંધી પુષ્પોની સતત વૃષ્ટિ કરે છે. ચારે બાજુ ઢીંચણ પ્રમાણ ૧ યોજન સુધી પુષ્પવૃષ્ટિ કરે છે. સ્વસ્તિક-શ્રીવત્સ વિ. આકારની ગોઠવણી થાય છે. પરમાત્માનાં પ્રભાવથી પુષ્પો ઉપર ચાલવા છતાં પુષ્પનાં જીવોને બિલકુલ પીડા થતી નથી. પરન્તુ અમૃતથી સીંચાયા હોય તેમ વધારે પ્રફુલ્લિત થાય છે.

(૭) **દિવ્યધ્વનિ :** પરમાત્મા જ્યારે માલકોશ રાગમાં દેશના આપે ત્યારે દેવતાઓ વેણ-વીણુ વિગેરેનાં નાદથી મિશ્રીત કરીને પરમાત્માની દેશનાને એક યોજન સુધી ફેલાવે છે. દેવતાઓનાં વાંજીત્રથી પરમાત્માની વાણી વધારે અહલાદક બને છે !

(૮) **ચામરશ્રેણી :** પરમાત્મા જ્યારે ચાલતા હોય અથવા દેશના આપતાં હોય ત્યારે બંને બાજુ ચામરો વીંઝાય છે. વીંઝાતા ચામરો નમન અને ઉન્નમન સૂચવે છે જે પરમાત્માને નમે છે તે ઉર્ધ્વગતિ પામે છે.

(૯) **સિંહાસન :** પાદપીઠથી યુક્ત સુવર્ણનાં સિંહાસન ઉપર પરમાત્મા બિરાજમાન થાય છે. વિહાર કરે ત્યારે ઉપર આકાશમાં ચાલે. પરમાત્માની દેશના વખતે ચારે બાજુ ચાર સિંહાસન હોય છે. તે દરેકની ઉપર મોતીઓની માળા લટકતી હોય છે.

(૧૦) **ભામંડલ :** જ્યારે અરિહંત પરમાત્માને ઘાતી કર્મોના ક્ષય થાય છે. ત્યારે સૂર્ય કરતાં ૧૨ ગણું તેજસ્વી ભામંડલ તેમના મસ્તકની પાછળનાં ભાગમાં ઉત્પન્ન થાય છે. પરમાત્માનું રૂપ અતિ તેજસ્વી હોય છે. જોનારાઓને દર્શન દુર્લભ ન થાય માટે ભામંડલ તેજને સંહરી લે છે.

(૧૧) **દેવદુંદુભિ :** જ્યારે અરિહંત પરમાત્મા વિચરતા હોય ત્યારે ઉંચે આકાશમાં દેવદુંદુભિનો ગંભીર નાદ ઉત્પન્ન થાય છે. હે ભંવ્યજીવો ! પ્રમાદ ને છોડી પરમાત્માને ભજો આવી ગર્જના પ્રેરણાવાળો નાદ હોય છે.

(૧૨) **ત્રણ છત્ર :** શરદ ઋતુનાં ચંદ્ર જેવા નિર્મલ, પૃથ્વી, પાતાલ-સ્વર્ગ ત્રણે લોકનાં ઉપરી સામ્રાજ્યને સૂચવતાં ત્રણ છત્ર પરમાત્મા ઉપર હોય છે.

**(૧) અરિહંત પરમાત્મા ૧૮ દૂષણોથી રહિત હોય તેથી સુદેવ કહેવાય.**

(૧) હિંસા (૨) અલીક (૩) અદત્ત (૪) ક્રીડા (૫) હાસ્ય (૬) રતિ (૭) અરતિ (૮) શોક (૯) ભય (૧૦) ક્રોધ (૧૧) માન (૧૨) માયા (૧૩) લોભ (૧૪) મદ (૧૫) પરિગ્રહ (૧૬) મત્સર (૧૭) અજ્ઞાન (૧૮) નિદ્રા.

**(૨) ચાર મૂળ અતિશય :**

અરિહંત પરમાત્માને જન્મથી માંડી મોક્ષ સુધી સાથે રહેવાવાળા આ ૪ અતિશય છે.

(૧) તીર્થંકર પરમાત્માનું શરીર સંસારનાં સર્વ જીવોનાં શરીર કરતાં વધારે સુંદર હોય છે. રોગ-પરસેવો કાંઈ ન થાય, સ્વચ્છ રહે.

(૨) પરમાત્માનો શ્વાસોશ્વાસ કમળની જેમ સુગંધી હોય.

(૩) પરમાત્માનાં શરીરનાં માંસ અને લોહી બંને સફેદ દૂધ જેવા હોય.

(૪) પરમાત્માનાં આહાર-નિહાર આંખોથી કોઈ જોઈ શકે નહિ.

➠ રંગોમાં જેમ શ્વેતરંગ પ્રધાન કહેવાય તેમ પંચ પરમેષ્ઠિનાં અરિહંતપદ પ્રધાન સ્થાને હોવાથી શ્વેતવર્ણ દ્વારા તેમનું ધ્યાન ધરાય છે. અરિહંત પરમાત્મામાં ઉપકારનો ભંડાર ભરેલો હોય છે.

**(૩) કર્મક્ષય થતાં અગ્યાર અતિશય :**

(૧) એક યોજનની ભૂમિમાં કરોડો દેવી દેવતા, મનુષ્યો, તિર્યંચો પીડા વગર સમાય.

(૨) પરમાત્માની દેશનાને દેવ-મનુષ્ય પશુ-પક્ષી પોત પોતાની ભાષામાં સ્પષ્ટ સાંભળે છે.

(૩) પરમાત્માની મસ્તક પાછળ સૂર્ય કરતાં બાર ગણું તેજસ્વી ભામંડલ હોય છે.

(૪) પરમાત્મા જ્યાં વિચરે ત્યાં સવાસો યોજન પ્રમાણમાં નવા રોગ ન થાય.

(૫) પરમાત્માનાં સમવસરણમાં બેઠેલા જીવોને પૂર્વભવમાં બાંધેલ જન્મજાત વૈર જાગતાં નથી.

(૬) પરમાત્મા જ્યાં વિચરે ત્યાં તીડ-ઉંદર આદિનો ઉપદ્રવ થતો નથી.

(૭) પરમાત્મા જ્યાં વિચરે ત્યાં મરકી આદિનો ઉપદ્રવ તેમજ આકસ્મિક મૃત્યુનો ભય રહેતો નથી.

(૮) અતિવૃષ્ટિ (લીલો દુકાળ) ન થાય.

(૯) અનાવૃષ્ટિ (સુકો દુકાળ) ન થાય.

(૧૦) દુર્ભિક્ષ ન થાય.

(૧૧) સ્વચક્ર-સ્થાનિક રાજા પરચક્ર-બીજા રાજાનો ભય જાગે નહિ.

**(૪) દેવકૃત ૧૯ અતિશયો :**

(૧) પરમાત્મા જ્યાં વિચરે ત્યાં ધર્મચક્ર આકાશ માર્ગે પરતું રહે છે.

(૨) સુંદર શ્વેત ચામરોની જોડી બંને બાજુ વીંઝાય છે.

(૩) આકાશ માર્ગે સિંહાસન અને પાદપીઠ બંને ચાલે પરમાત્મા જ્યાં બિરાજે ત્યાં ગોઠવાઈ જાય.

(૪) ત્રણ છત્રો આકાશમાં પરમાત્માની ઉપર અદ્ધર રહે.

(૫) રત્નમયધ્વજ નાની ધ્વજાથી યુક્ત ચાલે.

(૬) પરમાત્મા ચાલે ત્યારે સુવર્ણનાં સુંઆલાકમળ ઉપર બે પગ મૂકે ૭ પાછળ હોય. પગ ઉપાડે ત્યારે એક કમળ આગળ આવી જાય. આવું અવિરત બને.

(૭) પ્રથમ ગઢ રત્નનો વૈમાનિકદેવ બનાવે. બીજો ગઢ સોનાનો જ્યોતિષ દેવ બનાવે. ત્રીજો ગઢ ચાંદીનો ભવનપતિ દેવો રચે. આમ ત્રણ ગઢથી યુક્ત સમવસરણ હોય.

(૮) પરમાત્મા એક દિશામાં બેસે બાકીની ત્રણે દિશામાં ત્રણ પ્રતિબિંબો ચામર છત્રથી યુક્ત હોય.

(૯) પરમાત્મા જ્યાં દેશના આપે ત્યાં ઉપર અશોકવૃક્ષ હોય.

(૧૦) જ્યાં વિચરે ત્યાં મધુરસ્વરે દુંદુભિ વાગે.

(૧૧) વિહાર કરે ત્યાં વૃક્ષો પણ નમે છે.

(૧૨) જ્યાં જાય ત્યાં મધુર સ્વરે દુંદુભિ વાગે.

(૧૩) જ્યાં વિચરે ત્યાં એક યોજન સુધી સવર્તક વાયુ કાંટા કચરા દૂર કરે.

(૧૪) પ્રભુ જ્યાં વિચરે ત્યાં પક્ષીઓ પરમાત્માને પ્રદક્ષિણા આપતા રહે છે.

(૧૫) જ્યાં બિરાજે ત્યાં મેઘકુમાર દેવો સુગંધી જલની વૃષ્ટિ કરે.

(૧૬) જ્યાં દેશના આપે ત્યાં પાંચવર્ણના ફુલોની વૃષ્ટિ થાય પરંતુ કોઈને પીડા થતી નથી.

(૧૭) પ્રભુનાં કેશ નખ વધતા નથી.

(૧૮) પ્રભુની પાસે ઓછામાં ઓછા ૧ કરોડ દેવતાઓ હાજર હોય.

(૧૯) પ્રભુ જ્યાં હોય ત્યાં વસંત આદિ છએ ઋતુ એક સાથે ફળે સર્વને અનુકૂળ હોય.

## ૨. સિદ્ધપદનું વિવેચન

➡ **નમો સિદ્ધાણં :** સિદ્ધ પરમાત્માને નમસ્કાર થાઓ.

સિદ્ધ એટલે લાંબાકાળથી બાંધેલા આઠે પ્રકારનાં કર્મને ઉગ્ર એવાં શુક્લ ધ્યાનથી જેમણે બાળી નાંખ્યા છે તે સિદ્ધ.

**સિદ્ધ ભગવંતના આઠ ગુણ છે.**

(૧) **અનંત જ્ઞાન :** સંપૂર્ણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય ત્યારે જ તેઓ ત્રણે કાળનાં ચરાચર જગતને, રૂપી-અરૂપી પદાર્થોને તથા તેઓનાં સર્વ પર્યાયો ને હાથમાં રહેલાં આમળાની જેમ દેખી શકે તે અનંતજ્ઞાન.

(૨) **અનંત દર્શન :** દર્શનાવરણીય કર્મનાં ક્ષયથી તેઓ જગતનાં સર્વ પદાર્થોને સામાન્યરૂપે દેખી શકે તે અનંતદર્શન.

(૩) **અવ્યાબાધ સુખ :** વેદનીય કર્મનો જ્યારે ક્ષય થઈ જાય ત્યારે કોઈ પણ જાતની પીડા થતી નથી. તેથી સિદ્ધ ભગવંતો બાધારહિત એટલે (પીડા રહિત) સુખને અનુભવે તે અવ્યાબાધ સુખ.

(૪) **અનંત ચારિત્ર :** મોહનીય કર્મનો સંપૂર્ણ ક્ષય ત્યારે સતત આત્મ સ્વરૂપમાં રમણતાં પ્રગટ થાય છે. વીતરાગતા ગુણ આત્મામાં પ્રગટે તે અનંત ચારિત્ર.

(૫) **અક્ષય સ્થિતિ :** માણસનાં પગમાં બેડી હોય તો માણસ જકડાઈ જાય તેમ આયુષ્ય કર્મ માણસને ચાર ગતિમાંથી કોઈ પણ એક ગતિમાં જકડી રાખે છે. જ્યારે આયુષ્યકર્મનો ક્ષય થાય ત્યારે અક્ષયસ્થિતિ પ્રાપ્ત થાય છે.

(૬) **અરૂપીપણું :** આ કર્મનાં કારણે જીવ જુદા જુદા રૂપ ધારણ કરે છે અને તેનાં દ્વારા સુખી દુઃખી થાય છે. આ કર્મનો ક્ષય થતાં જીવ અરૂપી પણું પ્રાપ્ત કરે છે.

(૭) **અગુરુલઘુ પણું :** જીવનનાં ગોત્ર કર્મનાં કારણે ઉંચા-નીચા ભાવની પ્રાપ્તિ થાય છે. જ્યારે ગોત્રકર્મનો ક્ષય થાય ત્યારે અગુરૂલઘુ પણું પ્રગટ થાય છે.

(૮) **અનંતવીર્ય :** આ જ કર્મ આત્મામાં રહેલા દાન, લોભ, ભોગ, ઉપયોગ અને વીર્ય ગુણનો નાશ કરે છે. જ્યારે અંતરાયકર્મનો નાશ થાય ત્યારે આત્માને અનંત ગુણોનો લાભ થાય તેમાંથી સ્વગુણ પ્રવર્તનમાં તેમનું અનંતવીર્ય પ્રવર્તે.

- સિદ્ધ પરમાત્માં શાશ્વતા સુખનો ભંડાર ભરેલ છે. એક જીવ જ્યારે સિદ્ધ અવસ્થાને પામે ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહાર રાશિમાં આવે. આપણે પણ બધા વ્યવહાર રાશિમાં એટલે નિગોદમાંથી બહાર આવ્યા એમાં સિદ્ધભગવંતનો પરમ ઉપકાર છે. પરંતુ આપણે જ્યારે શુદ્ધ આરાધના કરી મોક્ષપદને પ્રાપ્ત કરીએ ત્યારે જ સિદ્ધભગવંતનો બદલો વળે.

- **સિદ્ધપદનું સ્થાન ક્યાં ?**

૧૨ દેવલોક અને નવ ગ્રૈવેયક પછી પાંચ અનુત્તર વિમાન આવે.

પાંચ અનુત્તર વિમાન પછી ૧૨ યોજન જઇએ ત્યારે સિદ્ધશીલા પૃથ્વીકાયમય સ્ફટિક રત્નની બનેલી છે જે ૪૫ લાખ યોજન લાંબી ૮ યોજન જાડી અને છેડે માખીનાં પાંચ જેટલી પાતળી છે. તે સિદ્ધશીલાની ૧ યોજન ઉપર જઇએ ત્યારે લોકનાં અગ્રભાગે સિદ્ધનાં જીવો રહેલાં છે. એટલે અનુત્તર વિમાન થી ૨૧ યોજન ઉંચા સિદ્ધનાં જીવો રહેલાં છે.

**(આવશ્યક નિર્યુક્તિ દીપીકા)**

**સિદ્ધનો વર્ણ લાલ કેમ ?**

જેમ તપાવેલું નિર્મલ સુવર્ણ લાલવર્ણનું બને છે. તેમ સિદ્ધ ભગવંત પણ ધ્યાન દ્વારા આત્માને તપાવી કર્મક્ષય કરી વિશુદ્ધ બને તેથી લાલવર્ણનું ધ્યાન ધરવામાં આવે છે.

રોગરહિત માનવ લાલબુંદ જેવો હોય તેમ કર્મ રોગ રહિત સિદ્ધ ભગવંત લાલ વર્ણવાળા કહેલા છે.

## 3. આચાર્યપદનું વિવેચન

**નમો આયરિયાણં :** આચાર્ય ભગવંતને નમસ્કાર હો.

તીર્થંકરની અનુપસ્થિતિમાં શાસનનો ભાર આચાર્ય ભગવંતો વહન કરે છે. જેઓ જૈનશાસનરૂપી રાજભવનનાં રાજાનાં સ્થાને છે. શુદ્ધ પ્રરૂપક આચાર્ય ભગવંત હોય છે. પાંચે પ્રકારનાં આચારોને પોતે પાળે અને બીજા પાસે પળાવે તે જ આચાર્ય કહેવાય. જિન શાસનમાં આચાર્ય ભગવંત દીપક સમાન કહ્યા છે. દીપકની શિખા પીળી હોય તેમ એમનું ધ્યાન પિત્તવર્ણ થી કરી શકાય છે. રાજા જેમ સુવર્ણાલંકારથી યુક્ત હોય

તેમ આચાર્ય ૩૬ ગુણોથી યુક્ત હોય છે. આચાર્ય ભગવંતમાં આચારનો ભંડાર ભરેલ છે.

**આચાર્ય ભગવંતનાં ૩૬ ગુણો :**

| | | |
|---|---|---|
| * | પાંચ ઈન્દ્રિયનાં વિકારોને રોકનાર. | (૫) |
| * | નવ બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર. | (૯) |
| * | ચાર કષાયથી મુક્ત હોય. | (૪) |
| * | પાંચ મહાવ્રતનાં ધારક. | (૫) |
| * | પાંચ આચારને પાલવા-પલાવવામાં સમર્થ. | (૫) |
| * | પાંચ સમિતિથી યુક્ત હોય. | (૫) |
| * | ત્રણ ગુપ્તિથી ગુપ્ત હોય | (૩) |
| | **કુલ** | ૩૬ |

હરિભદ્રસૂરિએ સંબોધ પ્રકરણ ગ્રંથમાં આચાર્ય ભગવંતનાં ૩૬ ગુણોની પૂરી **છત્રીસી** ધરાવેલ છે એટલે ૩૬ x ૩૬ ગુણતાં **૧૨૯૬** ગુણો આચાર્ય ભગવંતનાં થાય છે.

## ૪. ઉપાધ્યાય પદનું વિવેચન

**નમો ઉવજ્ઝાયાણં :** ઉપાધ્યાય ભગવંતને નમસ્કાર હો.

ઉપ એટલે પાસે અધિ એટલે અધ્યાય (જ્ઞાન) જે જ્ઞાનની પાસે રહે તે **ઉપાધ્યાય**. જેમની પાસે શાસ્ત્ર અધ્યયન કરી શકાય તે **ઉપાધ્યાય**. ઉપાધ્યાય ભગવંત જિનશાસનમાં મંત્રીનાં સ્થાને છે. એમનું ધ્યાન

નીલવર્ણથી થાય છે. કારણ કે બગીચાનો માળી જેમ પાણીનાં સિંચન દ્વારા દરેક વૃક્ષોને લીલાછમ બનાવે તેમ ઉપાધ્યાય ભગવંત પણ વિનય અને જ્ઞાન દ્વારા સમુદાયને લીલોછમ રાખે.

ઉપાધ્યાય ભગવંતમાં **વિનય**નો ભંડાર ભરેલો છે. વિનય દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

**ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણો છે :**

**૧૧** અંગ, **૧૨** ઉપાંગ, ચરણ સિત્તરી કરણસિત્તરી = **૨૫**

(૧) આચારાંગ સૂત્ર
(૨) સૂયગડાંગ સૂત્ર
(૩) ઠાણાંગ સૂત્ર
(૪) સમવાયાંગ સૂત્ર
(૫) ભગવતી સૂત્ર
(૬) જ્ઞાતાધર્મકથા સૂત્ર
(૭) ઉપાસકદશાંગ સૂત્ર
(૮) અંતગડદશાંગ સૂત્ર
(૯) અનુત્તરોવવાઈ સૂત્ર
(૧૦) પ્રશ્નવ્યાકરણ સૂત્ર
(૧૧) વિપાક સૂત્ર
(૧૨) ઔપપાતિક સૂત્ર
(૧૩) રાયપસેણી સૂત્ર
(૧૪) જીવાભિગમ સૂત્ર
(૧૫) પન્નવણા સૂત્ર
(૧૬) જંબુદ્વીપપન્નતિ સૂત્ર
(૧૭) ચન્દ્રપ્રજ્ઞપ્તિ સૂત્ર
(૧૮) સૂર્યપ્રજ્ઞાપ્તિ સૂત્ર
(૧૯) કપ્પિયા સૂત્ર
(૨૦) કપ્પવડિંસયા સૂત્ર
(૨૧) પુપ્ફિકા સૂત્ર
(૨૨) પુષ્પચૂલિકા સૂત્ર
(૨૩) વણ્હિશાંગ સૂત્ર
(૨૪) ચરણસિત્તરી
(૨૫) કરણસિત્તરી

- હરિભદ્રસૂરિએ સંબોધ પ્રકરણ ગ્રંથમાં ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણોની પૂરી પચ્ચીસી ધરાવેલ છે એટલે ૨૫ × ૨૫ ગુણતાં **૬૨૫** ગુણો ઉપાધ્યાય ભગવંતનાં હોય છે.

## ૫. સાધુપદનું વિવેચન

- **નમોલોએ સવ્વસાહૂણં :** (અઢીદ્વીપમાં) લોકમાં રહેલા બધા સાધુને મારો નમસ્કાર હો.

સાધુ માત્ર અઢીદ્વીપમાં રહેલા છે માટે જ્યારે પણ આ પદ બોલો તેનાંથી અઢીદ્વીપમાં રહેલાં તમામ સાધુઓને નમસ્કાર થાય છે. નિર્વાણસાધક યોગોને સાધવાવાળા અને દરેક પ્રાણીઓ ઉપર સમભાવ રાખવાવાળા સમતાનાં ભંડાર સાધુ ભગવંત છે. સંયમ પાલન કરનાર આત્માઓને સહાય કરે તે સાધુ. સાધુપદનું ધ્યાન શ્યામવર્ણથી થાય છે. કારણ કે જેમ લાકડા બળ્યા પછી કાળા થઈ જાય તેમ સાધુ પણ તપ અને ધ્યાનરૂપી અગ્નિ દ્વારા કર્મને બાળે છે માટે સાધુ કાળા કહેવાય. જેઓ મલ પરિષણને પણ સહન કરે છે.

- **સાધુનાં ૨૭ ગુણો કહેલાં છે.**

* પાંચ મહાવ્રતોને ધારણ કરવાવાળા. (૫)
* રાત્રિ ભોજન વિરમણ વ્રતને પાળવાવાળા. (૧)
* છકાય જીવોની રક્ષા કરવા વાળા (૬)
* પાંચ ઈન્દ્રિયો ઉપર સંયમ રાખવાવાળા. (૫)
* ત્રણ ગુપ્તિનું પાલન કરવાવાળા (૩)
* લોભનો નિગ્રહ રાખવાવાળા. (૧)
* ક્ષમા ગુણને ધારણ કરવાવાળા. (૧)

| | | |
|---|---|---|
| * | પોતાનાં મનને નિર્મલ રાખવાવાળા. | (૧) |
| * | વસ્ત્રાદિનું શુદ્ધ પડિલેહણ કરવાવાળા. | (૧) |
| * | પરિષહોને સહન કરવાવાળા. | (૧) |
| * | મરણાંત ઉપસર્ગને સહન કરવાવાળા. | (૧) |
| * | પ્રતિદિન સંયમ યોગમાં ઉપયુક્ત | (૧) |
| | **કુલ ગુણ** | **૨૭** |

∞ હરિભદ્રસૂરિએ સંબોધ પ્રકરણ ગ્રંથમાં સાધુનાં ૩૬ ગુણોની સત્તાવીશી ઘરાવેલી છે. એટલે ૨૭ × ૨૭ ગુણતાં ૭૨૯ ગુણો સાધુ ભગવંતનાં થાય છે.

## ૬. આવશ્યક નિર્યુક્તિ ગ્રંથનાં આધારે પાંચપદનો અર્થ

(૧) **અરિહંત પદ :** અરિહંત પરમાત્મા વંદન અને નમસ્કારને યોગ્ય છે. અરિહંત પરમાત્મા પૂજા અને સત્કારને યોગ્ય છે. અરિહંત પરમાત્મા સિદ્ધિગમન ને યોગ્ય છે. તે કારણે અરિહંત કહેવાય છે.

**(આવશ્યક નિર્યુક્તિ ગા. ૮૯૦)**

(૨) **સિદ્ધપદ :** જેવી રીતે બીજ બળી જાય છે અને અંકુરાની ઉત્પત્તિ થતી નથી તેવી રીતે કર્મરૂપી બીજ બળી ગયા પછી ભવરૂપી અંકુરાની ઉત્પત્તિ થતી નથી.

(આ.નિ.ગા. ૮૯૧)

(3) **આચાર્યપદ :** પાંચે પ્રકારનાં આચારનું જે પાલન કરે છે અને બીજાને કરાવે છે જે આચારોને બતાવે છે તે આચાર્ય કહેવાય છે.

(આ.નિ.ગા. ૮૯૪)

(૪) **ઉપાધ્યાયપદ :** જિનેશ્વરે કહેલી દ્વાદશાંગીને પંડિત પુરુષો સ્વાધ્યાય કહે છે, તે દ્વાદશાંગીની જે વાચના આપે (ઉપદેશ આપે) તે ઉપાધ્યાય કહેવાય.

(આ.નિ.ગા. ૧૦૦૧)

(૫) **સાધુપદ :** નિર્વાણસાધક યોગોની જે સાધુ સાધના કરે છે અને બધા પ્રાણીઓ ઉપર જે સમભાવ રાખે છે તે ભાવસાધુ કહેવાય છે.

(આ.નિ.ગા. ૧૦૧૦)

## ૭. શીલનાં ૧૮,૦૦૦ ભેદ

- ૧૮,૦૦૦ શીલાંગરથને ધારણ કરવાવાળા જે સાધુનાં **૧૦ યતિધર્મ** છે. ક્ષમા, માર્દવ, આર્જવ, મુક્તિ, તપ, સંયમ, સત્ય, શૌચ, આકિંચન અને બ્રહ્મચર્ય આ ૧૦ ને ૧૦ કાય સાથે ગુણવા.
- **દસકાય :** પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય, અજીવકાય.
  ૧૦ × ૧૦ = ૧૦૦
- **પાંચ ઈન્દ્રિય :** સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રોત્રેન્દ્રિ
  ૧૦૦ × ૫ = ૫૦૦
- **ચાર સંજ્ઞા :** આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા
  ૫૦૦ × ૪ = ૨,૦૦૦
- **ત્રણયોગ :** મનોયોગ, વચનયોગ, કાયયોગ
  ૨૦૦૦ × ૩ = ૬૦૦૦
- **ત્રણ કરણ :** કરણ કરાવણ, અનુમોદના
  ૬૦૦૦ × ૩ = ૧૮,૦૦૦

## ૮. સમ્યગ્દર્શનનાં ૬૭ ભેદ

- સર્વજ્ઞ પરમાત્માએ બતાવેલા વચનો ઉપર જે રૂચિ પ્રગટ કરે છે. શ્રદ્ધા રાખે છે. આવાં પ્રકારની બુદ્ધિ જેનામાં રહેલી છે તે જ સમ્યગ્દર્શન. મારા પરમાત્માએ જે કહ્યું તે જ સાચું આવી ભાવના મનરૂપી ભવનમાં નિરંતર રાખવી.

દર્શન પદનાં ૬૭ ભેદ છે. સમકિતનાં ૬૭ બોલ તેજ ૬૭ ભેદ. દર્શનપદમાં સદ્‌ભાવનાનો ભંડાર ભરેલ છે.

| | | |
|---|---|---|
| શ્રદ્ધા | = | ૪ |
| લિંગ | = | ૩ |
| વિનય | = | ૧૦ |
| શુદ્ધિ | = | ૩ |
| દૂષણ | = | ૫ |
| પ્રભાવક | = | ૮ |
| ભૂષણ | = | ૫ |
| આગાર | = | ૬ |
| જયણા | = | ૬ |
| સ્થાન | = | ૬ |
| લક્ષણ | = | ૫ |
| ભાવનાં | = | ૬ |
| | | ૬૭ |

## ૯. સમ્યગ્જ્ઞાનનાં ૫૧ ભેદ

- જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ મોક્ષ આ નવતત્ત્વોનાં પદાર્થો ને જે જાણે છે. તે સમ્યગ્જ્ઞાન કહેવાય. સર્વજ્ઞાનનું મૂળ વિનય છે. વિનયથી જ્ઞાન પ્રગટ થાય છે. સમ્યગ્જ્ઞાનમાં સદ્વિચારનો ભંડાર ભરેલો છો.

- **મતિજ્ઞાન :**

| | | | |
|---|---|---|---|
| | વ્યંજનાવગ્રહના | = | ૪ |
| | અર્થાવગ્રહનાં | = | ૬ |
| | ઈહાનાં | = | ૬ |
| | અપાયનાં | = | ૬ |
| | ધારણાનાં | = | ૬ |
| | | | ૨૮ ગુણ |

- **શ્રુતજ્ઞાન :** અક્ષરશ્રુત, અનક્ષરશ્રુત, સંજ્ઞીશ્રુત, અસંજ્ઞીશ્રુત, સમ્યક્શ્રુત, મિથ્યાશ્રુત, સાદિશ્રુત, અનાદિશ્રુત, સાંતશ્રુત, અનંતશ્રુત, ગમિકશ્રુત, અગમિકશ્રુત, અંગપ્રવિષ્ટ, અંગબાહ્ય = ૧૪ ગુણ.
- **અવધિજ્ઞાન :** અનુગામિક, અનનુગામિક, વર્ધમાન, હીયમાન, પ્રતિપાતિ, અપ્રતિપાતિ = ૬ ગુણ
- **મનઃપર્યવજ્ઞાન :** ઋજુમતિ, વિપુલમતિ = ૨ ગુણ
- **કેવલજ્ઞાન :** લોકાલોકપ્રકાશક = ૧ ગુણ

૨૮ + ૧૪ + ૬ + ૨ + ૧ = ૫૧

## ૧૦. સમ્યગ્ચારિત્રનાં ૭૦ ભેદ

- ચય તે સંયચ કર્મનો રિક્ત કરે વળી જેહ.
  ચારિત્ર નિર્યુક્તિએ કહ્યું, ધનધન જગમાં તેહ.
  જે પાપકર્મ ભેગા થયા છે તેને ખાલી કરવા માટે ચારિત્ર છે. જેમાં અશુભક્રિયા-પાપ વ્યાપારનો ત્યાગ બતાવે છે અને પ્રમાદનાં ત્યાગ સાથે શુભક્રિયા બતાવેલ છે. ચારિત્રમાં હંમેશા અપ્રમતભાવ જોઈએ. એટલે જ ચારિત્રમાં **સદ્‌વર્તન** નો ભંડાર ભરેલ છે. ચરણસિત્તરી તેજ ચારિત્રનાં ૭૦ ગુણ બતાવેલ છે.
- **ચારિત્રનાં ૭૦ ગુણ**

| | | |
|---|---|---|
| મહાવ્રત | = | ૫ |
| ક્ષમાધર્મ | = | ૧૦ |
| સંયમધર્મ | = | ૧૭ |
| વૈયાવચ્ચ | = | ૧૦ |
| બ્રહ્મચર્ય | = | ૯ |
| તપ | = | ૧૨ |
| ચારકષાય જય | = | ૪ |
| દર્શનજ્ઞાન ચારિત્ર | = | ૩ |
| | | ૭૦ |

## ૧૧. સમ્યગ્તપનાં ૫૦ ભેદ

- ભયંકર કર્મોને તોડવા માટે. બાર સૂર્ય સમાન બાર પ્રકારના તપ બતાવેલા છે. કષાયરહિત ૧૨માંથી કોઈપણ એક તપની આરાધના કરે તે ચીકણામાં ચીકણાં કર્મોને ખપાવે છે. જ્યાં સુધી તપ ચાલે ત્યાં સુધી સમતાભાવ અવશ્ય રાખવો જોઈએ. સમ્યગ્તપમાં **સંતોષ**નો ભંડાર ભરેલો છે.
- **તપનાં ૫૦ ભેદ બતાવેલા છે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| → અનશનતપ | = | ૨ | પ્રાયશ્ચિતતપ | = | ૧૦ |
| → ઉણોદરીતપ | = | ૨ | વિનયતપ | = | ૭ |
| → વૃતિસંક્ષેપ | = | ૪ | વેયાવચ્ચતપ | = | ૧૦ |
| → રસત્યાગતપ | = | ૧ | સજ્ઝાયતપ | = | ૫ |
| → કાયક્લેશતપ | = | ૧ | ધ્યાનતપ | = | ૪ |
| → સંલીનતાતપ | = | ૨ | ઉત્સર્ગતપ | = | ૨ |
| | | ૧૨ | | | ૩૮ કુલ ૫૦ ભેદ |

## ૧૨. ખીમઋષિનાં ઘોર અભિગ્રહો

- ઉપદેશ રહસ્ય ગ્રંથમાં ઉપાધ્યાય યશોવિજયજી લખે છે મુમુક્ષુ આત્માને વૈરાગ્ય ભાવ દૃઢ બનાવવા માટે એકક્ષણ પણ અભિગ્રહ વિના રહેવું ન જોઈએ. દરરોજ યથાશક્તિ નવા નવા અભિગ્રહો અને વિગઈત્યાગની ભાવના રાખવી જોઈએ. કાંઈ ન બને તો એક દ્રવ્ય કોઈપણ ત્યાગવો જોઈએ.

ચિત્તોડગઢની પાસે વડગામ ગામમાં **બોહા** નામનો નિર્ધન શ્રાવક રહે દરરોજ પાંચ દ્રમ્મનું ઘી લઈને ચિત્તોડગઢમાં વેચવા જાય. એક વખત પગ લપસતા ઘી ઢોળાઈ ગયું. લોકોએ પાંચ દ્રમ્મ ભેગાં કરી આવ્યાં. જ્યારે બીજી વખત આવું બન્યું ત્યારે તેને વૈરાગ્ય જાગ્યો. આચાર્ય યશોભદ્રસૂરિ પાસે સંયમ ગ્રહણ કર્યું. પોતાનાં ચીકણાં કર્મોને ખપાવવા માટે ગુરુની આજ્ઞા લઈ એકાકી વિહાર કર્યો.

(૧) **સહુ પ્રથમ** માલવાનાં થામણોદ ગામમાં તલાવ કિનારે કાઉસગ્ગધ્યાનમાં ઉભા રહ્યા. બ્રાહ્મણ પુત્રોએ લાડી-મુઠી-પત્થર વિ. નાં પ્રહાર કર્યાં તો પણ સમતાભાવે સહનકર્યા. તળાવનાં અધિષ્ઠાયક દેવે બધા પુત્રોને બાંધી લીધા. મુનિનાં ચરણોદયથી બધા સારા કર્યા ત્યારે બધાએ ક્ષમા માંગી. બધાએ યથાશક્તિ દ્રવ્ય મુનિનાં ચરણોમાં અર્પણ કર્યું તે બધું જીર્ણોદ્ધારમાં વાપર્યું. ક્ષમાભાવ રાખવાથી બોહામુનિનું નામ **ખીમઋષિ** પ્રસિદ્ધ થયું.

(૨) **બીજો અભિગ્રહ** એવો કર્યો 'ક' નામની પાંચ વસ્તુ મળે તો પારણું કરવું. કંસાર, કરંબો, કોદરા, કેર, કાકડીનું સાગ

(૩) **ત્રીજો અભિગ્રહ** - ખારેક-ખજૂર, ખાજા, ખાંડ, ખડદડી મળે તો પારણું કરવું.

(૪) **ચોથો અભિગ્રહ** - ગુડ, ગુંદાનો સાગ, ગોરસ મળે તો પારણું.

(૫) **પાંચમો અભિગ્રહ** - મિથ્યાત્વી રાજાથી ભ્રષ્ટ થયેલો હોય, બપોરનાં સમયે કંદોઈનાં દુકાને બેઠેલો હોય, રાજાનાં પાયદલમાં સૌનિક બનેલો હોય. માથાના બાલ છૂટા હોય. હાથમાં ભાલા દ્વારા ૨૧ માલપુઆ વહોરાવે તો

પારણું કરવું.

ત્રણ મહિનાં ને આઠ દિવસ પછી આ અભિગ્રહ પૂર્ણ થયેલ.

જેને વહોરાવેલ તેનું નામ કૃષ્ણ તેમને પ્રશ્ન પૂછ્યો મારું આયુષ્ય કેટલું. ઋષિએ કહ્યું છ માસનું તો મારે રાજ્ય ભોગવવું છે. રાજેશ્વરી તે નરકેશ્વરી એ પ્રમાણે બોધ આપીને તેને દીક્ષા આપી. દીક્ષા પાળીને સુંદર તપ કરીને દેવલોકે ગયો.

(૬) **છટ્ઠો અભિગ્રહ :** આલાન સ્તંભને તોડીને દોડતો હાથી પોતાની સૂંઢ દ્વારા પ્રસન્ન થઈને પાંચ લાડુ વહોરાવે તો પારણું કરવું.

પાંચ મહિનાને ૧૮ દિવસ પછી મદોન્મતહાથી સ્તંભને તોડી કંદોઈની દુકાન આગળ ઉભો રહ્યો. મુનિવરને દેખી પ્રસન્નતા સાથે પોતાની સૂંઢ દ્વારા પાંચ લાડુ વહોરાવેલ.

(૭) **સાતમો અભિગ્રહ :** સાસુથી દુઃખી થયેલી હોય, ઘરમાં મોટી વહુ હોય, આંખમાં આંસુ હોય અને રીસાઈને પોતાનાં પિતાનાં ઘેર જતી હોય એ વખતે ગરીબ કઠિયારો એને ઘી-ગોળનાં પાંચ ખાજા આપે એ વહોરાવે તો પારણું કરવું. ઘણાં સમય પછી પર્વતથી મુનિવર નીચે ઉતરી રહ્યા છે એ વખતે મોટી વહુ ખાજા ખાવા માટે બેસે છે મુનિવરને જોતાં ભાવ જાગ્યો અને ભાવપૂર્વક વહોરાયા.

(૮) **આઠમો અભિગ્રહ :** ગલામાં કાલો રંગ હોય, શરીર સફેદ રંગનું હોય, નાક વીંધેલું હોય, પૂંછબંડ હોય (આધીપૂંછ હોય) આવો બળદ જો ગુડ વહોરાવે તો પારણું કરવું. ઘણાં સમય પછી ધારા નગરીમાં ઋષિ

વહોરવા જતા હતા ત્યારે કોઈ વ્યાપારીનાં ગોદામમાં ગુડ ભરેલો હતો. આવો જ બળદ ત્યાં જઈને ઉભો છે ઋષિને જોઈ પોતાનાં સીંગડા વડે ઋષિને ગુડ વહોરાવે છે. અભિગ્રહ પૂર્ણ. એ વખતે વ્યાપારીએ વિચાર કર્યો આ પશુએ મુનિને ગુડ વહોરાવ્યો હું માણસ હોવા છતાં આજ સુધી સુપાત્ર દાનનો લાભ પણ ન લીધો. એજ વખતે ભાવોલ્લાસ જાગતા ગોદામમાં રહેલો બધો ગોળ વેચીને પાર્શ્વપ્રભુનું ચૈત્ય બનાવીને ગુડપિંડનામે જિનાલય પ્રસિદ્ધ બને અને વ્યાપારી પોતે યશોભદ્રસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરે છે.

(૯) **નવમો અભિગ્રહ :** વસંતઋતુમાં આવો અભિગ્રહ કરેલ કે કોઈ વાંદરો સાંકળવાળો હોય તે આંબાનો રસ વહોરાવે તો પારણું કરવું ? ઘણાં સમય પછી કોક વાણીયો માટલામાં કેરીનો રસ ભરીને જાય છે એ વખતે સાંકળવાળો વાંદરો તે ઘડાને ઉઠાવીને જાય છે રસ્તામાં ઋષિ મળતાં એમને વહોરાવે છે !

(૧૦) **દશમો અભિગ્રહ :** મદોન્મત્ત હાથીને કોઈ ડોસીમાં વશ કરે અને તે હાથી પોતાની સૂંઢ વડે ખીચડી, ખાજા, ખાંડ વહોરાવે તો પારણું કરવું. શાસનદેવની સહાયતાથી ઘણાં સમય પછી આ અભિગ્રહ પૂર્ણ થાય છે. આવી રીતે ઋષિએ ૮૪ જાતનાં અભિગ્રહ કરેલા.

**(ઉપદેશ પ્રાસાદ લક્ષ્મીસૂરિજી)**

**(૧૫૮૯માં કવિલાવણ્ય સમયેઆનો રાસ બનાવેલ)**

## ૧૩. પાંચ આગમ વાચનાનો સમય

| વાચના | વીરસંવત | સ્થાન | નિશ્રા | નિમિત્ત | શ્રુત |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૬૯ | પાટલીપુત્ર | સ્થૂલભદ્રસૂરિ | દુષ્કાળ | ૧૧ અંગ<br>૧૦ પૂર્વ |
| દ્વિતીય | ૩૦૫ | કુમારગિરિ<br>પર્વત | આર્યસુસ્થિતસૂરિ | પુષ્યમિત્ર<br>ચઢાઈ | ૧૧ અંગ<br>૧૦ પૂર્વ |
| તૃતીય | ૫૦૨ | મંદસૌર | આયરક્ષિતસૂરિ | દુષ્કાળ | ચારઅનુયોગ<br>વિભાજન |
| ચતુર્થ | ૮૪૦ | ઉ. મથુરા<br>દ.વલ્લભીપુર | સ્કંદિલસૂરિ<br>નાગાર્જુનસૂરિ | દુષ્કાળ | ગ્રંથરૂપે<br>આલેખન |
| પંચમ | ૯૮૦ | વલ્લભીપુર | દેવર્દ્ધિગણી<br>ભૂતદિન્નસૂરિ | પાઠ<br>સંકલન | ૮૪ આગમ<br>તાડપત્રીલેખન |

(આચારાંગસૂત્ર ભા. ૧)

## ૧૪. કલ્પસૂત્રનું પ્રથમ વાંચન

- ભગવાન મહાવીરસ્વામી મોક્ષે ગયા પછી ૯૯૩ વર્ષ આનંદપુરનગરમાં વલ્લભીવંશના રાજવી ભટ્ટારક સેનાપતિને ચાર પુત્ર હતા. ધનસેન, દ્રોણસિંહ, ધ્રુવસેન, ઘરભટ્ટ. એમાં ધ્રુવસેનનાં ત્રીજા પુત્રનું મૃત્યુ થતાં રાજાનાં હૃદયમાં ઘણો જ શોક ઉત્પન્ન થયો. તે શોક (દુઃખ)ને દૂર કરવા માટે સકલસંઘની વચ્ચે પ્રથમવાર કલ્પસૂત્રનું વાંચન થયેલ. કલ્પસૂત્રની રચના ચૌદપૂર્વ ભદ્રબાહુએ પૂર્વમાંથી ઉદ્ધરીને કરેલ છે. (કલ્પસૂત્ર)

## ૧૫. પલ્યોપમ સાગરોપમનું પ્રમાણ

| | | |
|---|---|---|
| ૮ યવ | = | ૧ ઉત્સેધાંગુલ |
| ૨૪ ઉત્સેધાંગુલ | = | ૧ હાથ |
| ૪ હાથ | = | ૧ ધનુષ |
| ૨૦૦૦ ધનુષ | = | ૧ કોષ |
| ૪ કોષ | = | ૧ યોજન |
| ૧ યોજન | = | ૧૨ કિલોમીટર (પ્રાયઃ) |

૧૨ કિ.મી. લાંબો, ચોડો, ઉંડો ખાડો બનાવવો તેમાં

- દેવકુરુ ઉત્તરકુરુક્ષેત્રનાં ૧ થી ૭ દિવસનાં જન્મેલા બાળકનાં જ્યારે
- ૮ વાળ ભેગાં થાય ત્યારે હરિવર્ષ યુગલિકનો ૧ બાળ થાય.
- હરિવર્ષ યુગલિકનાં ૮ વાળ = હિમવંતક્ષેત્રનો ૧ વાળ
- હિમવંત ક્ષેત્રનાં ૮ વાળ = અંતર્દ્વીપ મનુષ્યનો ૧ વાળ
- અંતર્દ્વીપ મનુષ્યનાં ૮ વાળ = મહાવિદેહ ક્ષેત્રનો ૧ વાળ
- મહાવિદેહ ક્ષેત્રનાં ૮ વાળ = ભરતક્ષેત્રનો ૧ વાળ
- આવી રીતે બધાને ૮ - ૮ ગુણતાં ૩૨૭૬૮ વાળ થાય.
- ૧ યોજન પ્રમાણે ખાડામાં જો ક્રમથી વાળ મૂકીએ તો ૧ લાખ ૬૨ હજાર ૬૧ ક્રોડ ૨૭ લાખ, ૩૬૦૦ ટુકડા થાય.
- સંપૂર્ણ ખાડો ભરાય ત્યારે

૩૩, કોડોકોડી, કોડાકોડી, કોડી
૦૭.૬૨.૧૦૪ કોડાકોડી, કોડાકોડી
૨૪.૬૫.૬૨૫ કોડાકોડી, કોડાકોડી
૪૨.૧૯.૯૬૦ કોડાકોડી

૯૭.૫૩.૬૦૦ કોડી -- બાદર આટલા વાલાગ્ર ભર્યા પછી ૧૦૦ વર્ષે ૧ વૃદ્ધ માણસ ૧ વાલાગ્ર બહાર કાઢે જ્યારે સંપૂર્ણ ખાડો ખાલી થાય ત્યારે ૧ પલ્યોપમ ગણાય

૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ

૨૦ કોડાકોડી સાગરોપમ = ૧ કાલચક્ર

## ૧૬. શ્રેણિક મહારાજાની ૧૦ રાણીઓનાં વિશિષ્ટતપો-દીક્ષા પછી

| નામ | અભ્યાસ | સંયમપર્યાય | તપ |
|---|---|---|---|
| ૧ કાળીરાણી | અગ્યારઅંગ | આઠ વર્ષ | રત્નાવળી તપ |
| ૨ સુકાળી રાણી | અગ્યારઅંગ | નવ વર્ષ | કનકાવળી તપ |
| ૩ મહાકાળી રાણી | અગ્યારઅંગ | દશ વર્ષ | લઘુસિંહનિષ્ક્રિડિતતપ |
| ૪ કૃષ્ણા રાણી | અગ્યારઅંગ | અગ્યાર વર્ષ | મહાસિંહનિષ્ક્રિતતપ |
| ૫ સુકૃષ્ણા રાણી | અગ્યારઅંગ | બાર વર્ષ | પ્રતિમાસ્વીકાર |
| ૬ મહાકૃષ્ણા રાણી | અગ્યારઅંગ | તેર વર્ષ | સર્વતોભદ્ર પ્રતિમા |
| ૭ વીરકૃષ્ણા રાણી | અગ્યારઅંગ | ૧૪ વર્ષ | મહાસર્વતોભદ્ર પ્રતિમા |
| ૮ રામકૃષ્ણા રાણી | અગ્યારઅંગ | ૧૫ વર્ષ | ભદ્રોત્તર પ્રતિમા |
| ૯ પિતૃસેન કૃષ્ણારાણી | અગ્યારઅંગ | ૧૬ વર્ષ | મુક્તાવળી તપ |
| ૧૦ મહાસેન કૃષ્ણારાણી | અગ્યારઅંગ | ૧૭ વર્ષ | વર્ધમાનતપની સલંગ ૧૦૦ ઓળી |

(અંતગડદશાંગ સૂત્ર વર્ગ-૮)

## ૧૭. મોટાતપોનું પ્રમાણ

(૧) **રત્નાવળી તપ :** ૧ થી ૧૬ ઉપવાસ ચડવું

૧૬ થી ૧ ઉપવાસ સુધી ઉતરવું

વચ્ચે ૮-૮ છઠ એટલે ૩૪ છઠ કરવાં

કુલ - ૩૮૪ દિવસનાં ઉપવાસ અને ૮૮ પારણાં આવે.

આવી રીતે ૪ બારી કરવાથી ૫ વર્ષ, ૨ મહીના ૨૮ દિવસે તપ પૂર્ણ થાય.

| | | |
|---|---|---|
| પ્રથમ બારીનાં પારણામાં | - | એકાસણાં કરવાં |
| બીજી બારીનાં પારણામાં | - | વિગઈત્યાગવાળા એકાસણાં |
| ત્રીજી બારીનાં પારણામાં | - | અલેપકૃત એકાસણાં |
| ચોથી બારીનાં પારણામાં | - | આંબિલ કરવાં |

(૨) **કનકાવળી તપ :** ૧ થી ૧૬ ઉપવાસ ચડવું

૧૬ થી ૧ ઉપવાસ સુધી ઉતરવું

વચ્ચે ૮-૮ અઠ્ઠમ છેલ્લે એટલે ૩૪ અઠ્ઠમ કરવા.

આવી રીતે ૧ બારી કરતાં ૧ વર્ષ ૫ મહિના ૧૨ દિવસ થાય.

૪ બારી કરતાં ૫ વર્ષ, ૯ મહિના ૧૮ દિવસ થાય.

પારણા રત્નાવળીતપની જેમ જાણવાં.

(૩) **લઘુસિંહનિષ્ક્રિડત તપ :** ૧-૨-૧-૩-૨-૪-૩-૫-૪-૬-૫-૭-૬-૮-૭-૯ ઉપવાસ આવી રીતે કરતાં કરતાં

પ્રથમ બારીમાં **૧૫૪** ઉપવાસ ૩૩ પારણાં થાય. કુલ **૧૮૭** દિવસનો તપ.

ચાર બારીમાં પારણાં સાથે ૭૪૯ દિવસનો તપ ગણાય.

(૪) **મહાસિંહ નિષ્ક્રિડિતતપ :** ૧ થી ૨૬ વચ્ચે ૨ થી ૧૫ આમ કરતાં કુલ ૪૯૭ ઉપવાસ **૬૧** પારણાં આવે એટલે ૫૫૮ દિવસનો તપ ૪ બારી પૂર્ણ કરતાં ૬ વર્ષ, ૨ મહિના, ૧૮ દિવસ થાય.

(૫) **પ્રતિમા સ્વીકાર :** આમાં દત્તિથી તપની ગણતરી થાય.

એકજવાર જે વસ્તુ લેવામાં આવે તે ૧ દત્તિ કહેવાય.

આવી રીતે ૧-૨-૩-૪-૫-૬-૭ દત્તિ સુધીનો તપ

પ્રથમ બારી - સપ્ત સપ્તમિકા = ૪૯ દિવસ - ૧૯૬ દત્તિ.

બીજી બારી - અષ્ટઅષ્ટમિકા = ૬૪ દિવસ - ૨૮૮ દત્તિ.

ત્રીજી બારી - નવનવમિકા = ૮૧ દિવસ - ૪૦૫ દત્તિ.

ચોથી બારી - દશ દશમિકા = ૧૦૦ દિવસ - ૫૫૦ દત્તિ.

અંતે સલંગ ૩૦ ઉપવાસ પારણું. ૧૫ ઉપવાસ પછી પારણું

(૬) **સર્વતોભદ્ર પ્રતિમા :** પ્રથમ બારી

| | |
|---|---|
| ૧-૨-૩-૪-૫ | આમ ૧ બારીમાં **૭૫** ઉપવાસ **૨૫** પારણાં આવે ૧૦૦ દિવસનો તપ |
| ૫-૧-૨-૩-૪ | |
| ૪-૫-૧-૨-૩ | |
| ૩-૪-૫-૧-૨ | |
| ૨-૩-૪-૫-૧ | |

ચાર બારી પૂર્ણ કરતાં - ૫૦૦ દિવસનો તપ થાય

(૭) **મહાસર્વતોભદ્ર પ્રતિમા :** ૧-૨-૩-૪-૫-૬-૭ (આમ ૭ વખત કરવું) ત્યારે ૧ બારી થાય. પ્રથમ બારીમાં **૧૯૬** ઉપવાસ ૪૯ પારણાં **૨૪૫** દિવસનો તપ થયો. આમ ચાર બારી પૂર્ણ કરતાં ૯૮૦ દિવસનો તપ થાય.

(૮) **ભદ્રોત્તર પ્રતિમા :** ૫-૬-૭-૮-૯ આમ પાંચ વખત કરવું.
પ્રથમબારીમાં - **૧૭૫** ઉપવાસ **૨૫** પારણાં, **૨૦૦** દિવસનો તપ
ચાર બારી પૂર્ણ કરતાં - ૮૦૦ દિવસનો તપ થાય.

(૯) **મુક્તાવળી તપ :** ૧ થી ૧૫ ઉપવાસ વચ્ચે ૧૬ ઉપવાસ સલંગ પછી ૧૫ થી ૧ ઉપવાસ. આવી રીતે **૨૮૪ ઉપવાસ** અને **૫૯** પારણાં આવે એટલે **૩૪૫** દિવસનો આ તપ કહેવાય.

(૧૦)**વર્ધમાન તપની ૧૦૦ ઓળી :** આમાં ૧ ઉપવાસ ૧ આંબિલ આવી રીતે ૧૦૦ આંબિલ ને ૧ ઉપવાસ સુધી ચડવાનું છે. જેમાં કુલ **૫૦૫૦** આંબિલ અને **૧૦૦** ઉપવાસ આવે આવી રીતે **૫૧૫૦** દિવસનો આ તપ સલંગ કરવાનો હોય. હાલ શક્તિ ન હોવાથી એક એક ઓળી છુટી પણ કરે છે. **(અંતગડ દશાંગ સૂત્ર)**

## ૧૮. પાંચ પાંડવોનો પૂર્વભવ

- અચલગ્રામમાં દરિદ્ર ખેડૂતનાં ઘેર પાંચે ભાઈનો જન્મ થયેલ. ૧. સુમતિ ૨. શાંતનું, ૩. દેવ, ૪. સુમતિ, ૫. સુભદ્ર. પાંચે ભાઈઓ દરિદ્ર હતા. યશોધરમુનિવર વિચરતાં અહીં પધારેલા. દેશના સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન

થયો. પાંચે ભાઈઓ સાથે દીક્ષા ગ્રહણ કરીને અનુક્રમે કનકાવળી, રત્નાવળી, મુક્તાવળી, લઘુસિંહનિષ્ક્રિડિત અને વર્ધમાનતપની સલંગ ૧૦૦ ઓળીનો તપ પાંચે મુનિરાજે કરીને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવીને પાંચે પાંડવ બન્યા. (શત્રુંજય કલ્પવૃત્તિ)

## ૧૯. ધન્ના અણગારની કાયા

- કાકંદી નગરી, જિતશત્રુ રાજા, ભદ્રાસાર્થવાહિની એકજ પુત્ર નામ ધન્યકુમાર, ૩૨ કન્યા સાથે લગ્ન. ૩૨ કરોડ સોનૈયાનો માલિક, ૩૨ મહેલનો સ્વામી. કોમલ કાયા. ભગવાન મહાવીર સ્વામીની દેશના સાંભળી વૈરાગ્ય જાગ્યો. જિતશત્રુ રાજાએ રાજશાહી ઠાઠથી દીક્ષા અપાવી. દીક્ષા પછી અભિગ્રહ - છઠનાં પારણે શુદ્ધ આંબિલ કરવા. સંસૃષ્ટ - ખરડાયેલા હાથ થીલેવું અને ઉજ્ઝિત ધર્મ - બધા જમ્યા પછી છેલ્લે ચોંટેલું હોય તે વહોરવું. ૯ માસ સુધી આવી રીતે કરવાથી કાયા શોષાઈ ગઈ.
- પાદુકા = લાકડાનાં છાલ જેવી
- આંગલી = સુકાયેલી ફળી જેવી
- ઢીંચણ = મોરનાં ઢીંચણ જેવી
- સાથલ = બોરડીનાં વૃક્ષને છોલી ને તડકે સુકાયા જેવા.
- કેડ = ઉટનાં પગ જેવી
- ગુદા = ઉંટના પગનો નીચેના ભાગ જેવી
- પેટ = લાકડાનાં પરાત જેવું

| | | |
|---|---|---|
| ✧ પાંસળી | = | સુકાયેલા લાકડાનાં ભારા જેવી |
| ✧ પીઠ | = | ગોલ પત્થરની શ્રેણી જેવી. |
| ✧ છાતી | = | વાંસની બનાવેલી ચટાઈ જેવી |
| ✧ ભુજા | = | ખેજડીનાં વૃક્ષની ફળી જેવી |
| ✧ પંજા | = | વડલાનાં પાંદડા જેવી. |
| ✧ અંગુલી | = | અડદની ફળી જેવી |
| ✧ ગ્રીવા | = | કમંડલનાં આગળનાં ભાગ જેવી |
| ✧ દાઢી | = | સુકાયેલા કેરી જેવી |
| ✧ ચાલ | = | કોયલા ભરેલા ગાડી જેવી |
| ✧ હોઠ | = | સુકાયેલા લાખનાં ગોળી જેવી |
| ✧ જીભ | = | ખાખરનાં વૃક્ષ જેવી |
| ✧ નસિકા | = | કેરીની ગોટલી જેવી |
| ✧ આંખ | = | વાંસળીનાં છિદ્ર જેવી |
| ✧ કાન | = | કારેલાનાં છાલ જેવી |
| ✧ મસ્તક | = | સુકાયેલા સિતાફળ જેવું |

૯ માસ સંયમ પર્યાય, ૧૪,૦૦૦ સાધુમાં પ્રથમ નંબર, વિપુલ ગિરિએ અનસન. સર્વાર્થ સિદ્ધ વિમાને ઉત્પન્ન. (અનુત્તરોપપાતિકા સૂત્ર)

## ૨૦. સર્વાર્થસિદ્ધ વિમાનનું સ્વરૂપ

પૂર્વ દિશામાં - વિજય વિમાન

દક્ષિણ દિશામાં - વૈજયંત વિમાન

પશ્ચિમ દિશામાં - જયંત વિમાન

ઉત્તર દિશામાં - અપરાજિત વિમાન

વચ્ચે - સર્વાર્થસિદ્ધ વિમાન

- જે રીતે શય્યામાં દેવો ઉત્પન્ન થાય તેજ રીતે સીધા સુઈ રહે. ચાર વિમાનમાં ૩૧ થી ૩૨ સાગરોપમનું આયુષ્ય. સર્વાર્થસિદ્ધવિમાનમાં ૩૩ સાગરોપમનું આયુષ્ય. વિષય સેવનથી દૂર હોય. અલ્પ સંકલેશવાળા હોય. સ્વાસ્થ્ય, શાંત, રૂપવાન, ભવ્ય જીવો જ ત્યાં જાય. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન ત્રણે જ્ઞાન એમને હોય. ચાર વિમાન અસંખ્યાતયોજન, સર્વાર્થસિદ્ધ વિમાન - ૧ લાખ યોજન. આખા આયુષ્યમાં માત્ર એકજ વાર પડખુ ફેરવે. હાથ પણ ન હલાવે. શક્તિ ઘણી પણ ફોરવે નહિ. ૩૨ મણ વાળા મોતીથી યુક્ત ઝમરખ. અસંખ્યાત દેવો કરતા વધારે સ્વરૂપવાન હોય. સમકિતી અને સંયમી જ ત્યાં ઉત્પન્ન થાય. છઠ તપ જેટલી નિર્જરા બાકી હોય. લવસત્તમીયા - એટલે ૪ મિનિટ ૨૨ સેકન્ડ આયુ વધે તો મોક્ષે જાય. **(બૃહત્સંહણી)**

**सव्वट्ठाओनियमा एगंमि, भवंमि सिज्झएजीवो ।**

**विजयार विमाणेहि य, संखिज्जभवाउ बोद्धव्वा ॥**

- **ભાવાર્થ :** સર્વાર્થસિદ્ધવિમાનમાં જે ઉત્પન્ન થાય તે નિયમા એક જ ભવમાં મોક્ષે જાય. બાકીના વિજય વિ. ચાર વિમાનમાંથી સંખ્યાતા ભવે મોક્ષે જાય એમ જાણવું. **(લોકપ્રકાશ)**

## ૨૧. હરિભદ્રસૂરિને મળેલી ગાથાનો અર્થ

**चक्की दुगं, हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की ।**
**केसव चक्की केसव दु, चक्की केसीय चक्कीय ॥**

चित्तोडगढ में याकिनी महत्तरा नामके साध्वीजी इस गाथा का स्वाध्याय कर रहे थे । हरिभद्र ब्राह्मण को इस शब्द का अर्थ मालूम न होने पर आचार्य के पास जाकर इसका अर्थ समजा । दो चकी, पांच वासुदेव, पांच चकी, एक वासुदेव एक चकी एक वासुदेव एकचक्री, एक वासुदेव २ चक्री एक वासुदेव एकचक्री

२ + ५ + १ + १ + २ + १ = १२ चक्री /

५ + १ + १ + १ + १ = ९ वासुदेव

## ૨૨. યાકિનીમહત્તરા સાધ્વીજીનો જવાબ

- હે આર્યપુત્ર ! ભીના હાથથી લેપાયેલા છાણની જેમ સ્પષ્ટ સાંભળ. અમારે જિનાગમનાં સૂત્રોને ગોખવાની અનુજ્ઞા છે પરન્તુ સમજાવવાની અનુજ્ઞા નથી. સમજાવવા માટે શ્રમણ ભગવંતો છે.

## ૨૩. રાજગૃહીનાં પાંચ પહાડનાં નામો

- (૧) વિપુલગિરિ (૨) રત્નાગિરિ (૩) વૈભારગિરિ (૪) ઉદયગિરિ (૫) સુવર્ણગિરિ

## ૨૪. શ્રીપાલરાજાની રચના

- સંવત સત્તર આડત્રીસ વરસે, રહી રાંદેર ચોમાસુજી.
  સાર્ધસપ્તશત ગાથા વિરચી, પહોંચ્યા દેવલોકજી.
  ત્રટ ત્રટ તુટેતાંત, ગમા જાય ખસી, તે દેખીને સભા સઘલી હસી
  વિ.સં. ૧૭૩૮માં ઉપાધ્યાય વિનજવિજયજી મ.સા. સુરતનાં રાંદેર ગામમાં ચોમાસુ કરેલ અને ત્યાં આગળ **શ્રીપાલરાસ**ની રચના કરેલ. એમાં ૭૫૦ ગાથા રચ્યા પછી પોતે કાળધર્મ પામ્યા ત્યારપછી એજ ભાષા એજ શબ્દોમાં ઉપાધ્યાય યશોવિજયજીએ રાસપૂર્ણ કરેલ. **(શ્રીપાલરાસ)**

## ૨૫. શ્રુતકેવળીની શક્તિ

- ચૌદપૂર્વી એવાં શ્રુતકેવળીમાં પણ જોરદાર શક્તિ હોય છે.
  **पभूत भंते ! चोद्दसपुव्वी घडाओ घडसहस्सं, पडाओ पडसहस्सं, दंडाओ दंडसहस्सं छत्ताओ छत्त सहस्सं, कडाओ कडसहस्सं, रहाओ रहसहस्सं अभिनित्वद्‌टेत्ता उवदंसेतए ?**
  ચૌદપૂર્વીઓ ૧ ઘડામાંથી ૧,000 ઘડા, ૧ વસ્ત્રમાંથી ૧000 વસ્ત્ર, ૧ રથમાંથી ૧000 રથ, ૧ છત્રમાંથી ૧000 છત્ર, ૧ દંડમાંથી ૧000 દંડ બનાવવાની શક્તિ હોય કારણ કે એમની પાસે ઉત્કરિકા ભેદદ્વારા અનંત કાય ગ્રહણ યોગની શક્તિ છે. પાંચ પ્રકારના ભેદ બતાવેલ છે. (૧) ખંડભેદ (૨) પ્રતરભેદ (૩) ચૂર્ણિકાભેદ (૪) અનુતરિકાભેદ (૫) ઉત્કરિકા ભેદ
  **(ભગવતી સૂત્ર શ.ડ.ઉ.૪)**

**तत्त्वार्थभाष्यम् - भेदः पञ्चविधः ओत्कारिकः चौणिकः खण्डः प्रतक अनुतट इति ।**

ભેદનાં પાંચ પ્રકાર છે.

(૧) ઓત્કારિક - ઘસારાથી જે છૂટુ પડે તે જેમ કે ચંદનાદિ
(૨) ચોણિક - ભુક્કો થઇ જાય તે જેમ કે આટો આદિ
(૩) ખંડ - ટુકડા થઈને છૂટા પડે તે પત્થર આદિ
(૪) પ્રતર - પડ છૂટા પડે તે અબરખ કેળા આદિ
(૫) અનુત્તર - ઘોળવાથી છૂટુ પડે તે જેમ કે વાંસ, શેરડીનાં ફોતરાં

**(તત્ત્વાર્થસભાષ્ય ભાષાંતર)**

## ૨૬. સાતમી નરકાવાસનાં નામો અને રોગ

(૧) અપ્રતિષ્ઠાન (૨) કાલ (૩) મહાકાલ (૪) રૌરવ (૫) મહારૌરવ

**पणकोडि अडसट्ठि, लक्खा नवनवइ सहस्स पंचसया ।**
**चुलसी अहियानिरए, अपइट्ठाणम्मि चाहिओ ॥६॥**

अप्रतिष्ठान नरकावास में ५,६८,९९,५८४ प्रकार के रोग होते है ।

**( उपदेशमाला टीका )**

## ૨૭. મિચ્છા મિ દુક્કડમ્‌નો અર્થ

**मित्तमिउमद्दव त्ते, छत्तिय दोसाण छायणे होइ ।**
**मित्तिय मेराए, ठिओ दुत्ति दुगं छामि अप्पाणं ॥६८७॥**

**कत्ति कडं मे पावं, डत्तिय डेवेमि तं उवसमेणं ।**

**एसो मिच्छामिदुक्कड़म्, पयक्खत्तो समासेणं ॥६८८॥**

मि - માર્દવતા - મન - વચન - કાયાથી નમ્ર બનવું

च्छा - દોષોને ઢાંકવા નહિ. બીજીવાર તેવા દોષ ન લાગે તેનું ધ્યાન રાખવું.

मि - મર્યાદા - ચરિત્રનાં આચારોમાં સ્થિર બનીને મર્યાદાપૂર્વક

दु - પાપની દુર્ગચ્છા (નિંદા) કરવી.

क्क - પાપની કબૂલાત કરવી. (છુપાવવું નહિ.)

ड्म् - (ઉપશમન) પાપનું ઉપશમન કરવુ (શાંત રહેવું)

**(આવશ્યક નિર્મુક્તિ)**

## ૨૮. ઈરિયાવહિયામાં મિચ્છામિ દુક્કડમનાં ભેદ

- એક વખત ઈરિયાવહિયા કરતાં **અભિહયા** શબ્દથી શરૂઆત કરતાં ૧૦ પ્રકારે મિચ્છામિ દુક્કડમ અપાય છે.

જીવનાં ૫૬૩ ભેદ છે. તેને ૧૦ થી ગુણતાં = ૫૬૩૦ ભેદ

૫૬૩૦ x ૨ રાગદ્વેષથી ગુણતાં = ૧૧,૨૬૦ ભેદ

૧૧,૨૬૦ x ૩ મન-વચન-કાયાથી ગુણતાં = ૩૩,૭૮૦ ભેદ

૩૩,૭૮૦ x ૩ કરણ-કરાવણ-અનુમોદન થી ગુણતાં = ૧,૦૧૩૪૦ ભેદ

૧,૦૧૩૪૦ x ૩ ભૂત-ભવિષ્ય-વર્તમાનથી ગુણતાં = ૩,૦૪૦૨૦ ભેદ

૩,૦૪૦૨૦ x ૬ અ.સિ.સા.દેવ,ગુરૂ,આત્મા થી ગુણતાં = ૧૮,૨૪,૧૨૦

**(સૂત્ર સંવેદના)**

## ૨૯. ગુણરત્નસંવરછરતપની વિધિ

| માસ | તપ | તપદિવસ | પારણા | કુલદિવસ |
|---|---|---|---|---|
| ૧ | ઉપવાસ | ૧૫ | ૧૪ | ૩૦ |
| ૨ | છઠ | ૨૦ | ૧૦ | ૩૦ |
| ૩ | અટ્ઠમ | ૨૪ | ૮ | ૩૨ |
| ૪ | ૪ ઉપવાસ | ૨૪ | ૬ | ૩૦ |
| ૫ | ૫ ઉપવાસ | ૨૪ | ૫ | ૩૦ |
| ૬ | ૬ ઉપવાસ | ૨૪ | ૪ | ૨૮ |
| ૭ | ૭ ઉપવાસ | ૨૧ | ૩ | ૨૪ |
| ૮ | ૮ ઉપવાસ | ૨૪ | ૩ | ૨૭ |
| ૯ | ૯ ઉપવાસ | ૨૭ | ૩ | ૩૦ |
| ૧૦ | ૧૦ ઉપવાસ | ૩૦ | ૩ | ૩૩ |
| ૧૧ | ૧૧ ઉપવાસ | ૩૩ | ૩ | ૩૬ |
| ૧૨ | ૧૨ ઉપવાસ | ૨૪ | ૨ | ૨૬ |
| ૧૩ | ૧૩ ઉપવાસ | ૨૬ | ૨ | ૨૮ |
| ૧૪ | ૧૪ ઉપવાસ | ૨૮ | ૨ | ૩૦ |
| ૧૫ | ૧૫ ઉપવાસ | ૩૦ | ૨ | ૩૨ |
| ૧૬ | ૧૬ ઉપવાસ | ૨૩૨ | ૨ | ૩૪ |

કુલ - ૪૦૭ ઉપવાસ ૭૩ પારણા આવે. **(અતંગડ દશાંગ સૂત્ર)**

૪૮૦ દિવસનો તપ થાય.

## ૩૦. પરમાધામી દ્વારા નારકીને ભયંકર વેદના

૧. **અમ્બ** - તપાવેલા લોઢાનો રસ પીવડાવે છે.

૨. **અમ્બરિષ** - લાલચોલ તપાવેલા લોઢાનાં થાંભલા સાથે આલિંગન કરાવે છે.

૩. **શ્યામ** - કાંટાવાળા શામલી વૃક્ષ પર ચડાવે-ઉતારે.

૪. **શંબલ** - લોઢાનાં ઘણ વડે ઘા કરે છે.

૫. **રૌદ્ર** - વાંસલા અને ખરવાથી છોલીને ખારવાળા તેલમાં નાંખે છે.

૬. **ઉપરૌદ્ર** - લોઢાની ઘાણીમાં પીલે છે.

૭. **કાલ** - કઢાયામાં શેકે છે.

૮. **મહાકાલ** - યંત્રમાં પીલે છે.

૯. **અસિપત્ર** - લોઢાનાં ત્રિશૂલનાં સળીયા વડે ભેદે છે.

૧૦. **ધનુ** - કરવત વડે ચીરે છે અને અંગારા વડે બાળે છે.

૧૧. **કુંભ** - સિંહ, વાઘ, શિયાળ, બિલાડા, નોળીયા, સાપ આદિનાં રૂપ કરીને ખાય છે.

૧૨. **વાલુક** - ધગધગતી રેતીમાં ધકેલે છે.

૧૩. **વૈતરણ** - તલવાર જેવાં પાંડાવાળા જંગલના પ્રદેશમાં પેસાડે છે.

૧૪. **ખરસ્વર** - લોહી પરૂ વૈતરણી નદીમાં ઉતારે છે.

૧૫. **મહાઘોષ** - પરસ્પર લડાવીને ભયંકર દુઃખ આપે છે.

આ પંદર પરમાધામીઓ મિથ્યાદ્રષ્ટિ પૂર્વજન્મમાં સંકલિષ્ટ કર્મવાળા, પાપમાં આનંદવાળા હોય છે.

**(તત્ત્વાર્થસભાષ્ય ભાષાંતર)**

## ૩૧. અંડગોલિક માનવનું સ્વરૂપ (બૃહત્સંગ્રહણી)

➺ પરમાધામી મરીને અંડગોલિક મનુષ્ય બને છે. તે મનુષ્યો લવણ સમુદ્રથી ૫૫ યોજન દૂર જંબુવેદિકા છે ત્યાંથી સાડાબાર યોજન ભયંકર કૃષ્ણવર્ણનું સ્થાન છે. ત્યાં થી સાડાત્રણ યોજન દૂર સમુદ્રની ગહરાઈમાં ૪૭ ભયંકર અંધકારમય ગુફા આવે છે. તેમાં પ્રથમ સંઘયણવાળા જલચર મનુષ્યો તેજ અંડગોલિક મનુષ્યો છે. સાડાબાર હાથની કાયાવાળા, કૃષ્ણવર્ણ વાળા, ઘોરદ્રષ્ટિવાળા, સંખ્યાતાવર્ષનાં આયુષ્યવાળા હોય છે. ત્યાંથી ૩૧ યોજન દૂર રત્ન નામનો દ્વીપ છે. તે દ્વીપ ઉપર પત્થરની ઘંટી છે. જે વ્યાપારીઓ રત્ન પ્રાપ્ત કરવા આવે તે વ્યાપારીઓ તે ઘંટીમાં મધ-માંસ ભરે છે અને પછી મધ-માંસનાં ટોપલા ભરી ૩૧ યોજન સુધી મુકવાની વ્યવસ્થા કરે છે. તેના લાલચથી જલચર મનુષ્યો મધ-માંસને ખાતા ખાતા ઘંટી સુધી પહોંચી ઘંટીમાં પડે છે. ઘંટીમાં પડતા જ વ્યાપારીઓ ઢાંકન બંધ કરી દે છે. ૧ વર્ષ સુધી ઘંટીમાં પીલાય છે પછી અંડગોલી વ્યાપારીને પ્રાપ્ત થાય છે તે ગોળી કાન ઉપર બાંધી રત્નદ્વીપમાં રત્ન લેવા જાય ત્યારે જલચર પ્રાણી હેરાન ના કરે.

## ૩૨. નરકમાં નરકાવાસની સંખ્યા

| | | |
|---|---|---|
| ૧. | રત્નપ્રભા | - ૩૦ લાખ |
| ૨. | શર્કરાપ્રભા | - ૨૫ લાખ |
| ૩. | વાલુકાપ્રભા | - ૧૫ લાખ |
| ૪. | પંકપ્રભા | - ૧૦ લાખ |
| ૫. | ધૂમપ્રભા | - ૩ લાખ |
| ૬. | તમ:પ્રભા | - ૧ લાખ (૫ કમ) |
| ૭. | તમ:તમ:પ્રભા | - ૫ નરકાવાસ |

(બૃહત્સંગ્રહી)

## 33. પરમાધામી દેવોની ખુશી

- દુષ્ટ ચેષ્ટાવાળા પરમાધામી દેવો નારકોને જોઈને ખૂબ હસે છે. ખડખડાટ હાસ્ય કરે છે. વસ્ત્રો ઉડાડે છે. ચપટી વગાડે છે. હથેળી ઠોકીને વગાડતા વાંજીત્રો વગાડે છે. મોટા સિંહનાદો કરે છે. દેવપણું હોવાં છતાં. બીજા સારા સાધનો હોવા છતાં ત્રણ શલ્ય તેમજ તીવ્રકષાય થી હણાયેલા હોવાથી. આલોચના વિનાનાં પાપાનુંબંધીપુણ્યવાળા, ભાવદોષને ખેંચવાવાળા અપ્રીતિકર સ્થાનમાં આનંદ પામે છે.

નારકીનાં જીવોને ગમે તેટલી વેદના આપે તો પણ જેમ પાણીમાં લાકડી દ્વારા બે ભાગ ભેગા થઈ જાય તેમ તરત જ સરખા શરીરવાળા થાય છે.

**(તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય ભાષાંતર)**

## 34. નરકમાં વેદના કેવી ?

| | | |
|---|---|---|
| પ્રથમ નરકમાં | - | ઉષ્ણવેદના |
| દ્વિતીય નરકમાં | - | તીવ્રતર ઉષ્ણવેદના |
| તૃતીય નરકમાં | - | તીવ્રતમ ઉષ્ણવેદના |
| ચોથી નરકમાં | - | શીત-ઉષ્ણવેદના |
| પાંચમી નરકમાં | - | શીત-ઉષ્ણવેદના |
| છઠ્ઠી નરકમાં | - | શીતતર વેદના |
| સાતમી નરકમાં | - | શીતતમ વેદના |

**(તત્ત્વાર્થ ભાષ્યમ્)**

## ૩૫. નરકની વેદનાનું વિવરણ

- **ઉષ્ણવેદના કેવી હોય ?** જેઠ માસમાં વાદળ વિનાનું આકાશ હોય, ખરા બપોરનો સમય હોય, આતાપના ને પરિવરેલા ચારેબાજુ ધગધગતી અગ્નિજ્વાલા થી પરિવરેલા માણસને જે દુઃખ થાય તેનાંથી અનંતગણુ દુઃખ ઉષ્ણવેદનામાં હોય.
- **શીત વેદના કેવી હોય ?** પોષ અને મહામાસની કડકડતી ઠંડી હોય, પગ-હાથ-દાંત વિ. કંપાયમાન થતા હોય, ઠંડોગાર પવન હોવા છતાં, નિર્વસ્ત્ર શરીર બરફથી લેપાયેલ હોય તેના કરતાં અનંતગણુ દુઃખ શીતવેદનામાં હોય. **(તત્ત્વાર્થ ભાષ્યમ્)**
- **નારકી જીવોની ભૂખ કેવી હોય ? :** તેમની જઠરાગ્નિ તેજ હોવાથી લ્હાયલ્હાય થતાં શરીરવાળા પ્રતિ સમય આહાર કરે છે. સર્વ પુદ્‌ગલોનો પણ આહાર કરવા છતાં રોજની લાગેલી ભૂખ, રોજની લાગેલી તરસ બધા દરિયાનું પાણી પી જાય અને બધો આહાર ખાઈ જાય તો પણ તેઓની તરસ ભૂખ વખતી જાય છે. **(તત્ત્વાર્થ ભાષ્યમ્)**

## ૩૬. નવપદનાં ભંડારો

| | | | |
|---|---|---|---|
| **દેવતત્ત્વ :** | ૧. અરિહંત પદ | - | ઉપકાર |
| | ૨. સિદ્ધ પદ | - | શાશ્વતાસુખ |
| **ગુરુતત્ત્વ :** | ૩. આચાર્યપદ | - | આચાર |
| | ૪. ઉપાધ્યાયપદ | - | વિનય |
| | ૫. સાધુપદ | - | સમતા |

| | | | |
|---|---|---|---|
| **ધર્મતત્ત્વ :** | ૬. દર્શનપદ | - | સદ્ભાવના |
| | ૭. જ્ઞાનપદ | - | સદ્વિચાર |
| | ૮. ચારિત્રપદ | - | સદ્વર્તન |
| | ૯. તપપદ | - | સંતોષ |

## ૩૭. સ્વાધ્યાયનું પ્રમાણ

- ચોમાસામાં ૫૦૦ ગાથા શીયાળામાં ૮૦૦ ગાથા, ઉનાળામાં ૩૦૦ ગાથા પ્રમાણ સ્વાધ્યાય કરવો જોઈએ.
- અને દરરોજ જ્ઞાનની આરાધના હેતુ પાંચ નવી ગાથા કંઠસ્થ કરવી અને પાંચ ગાથા અર્થ સાથે ગ્રહણ કરવી. (સોમસુંદરસૂરિ)

## ૩૮. ચક્રવર્તીનાં ૧૪ રત્નો

| નામ | પ્રમાણ | ઉત્પત્તિ | ઉપયોગ | વિશેષ ઉપયોગ |
|---|---|---|---|---|
| ૧ ચક્ર | વામપ્રમાણ | આયુધશાળા | આકાશે | ચક્રવધાઈ, દાન-પૂજા અઠાઈ મહોત્સવાદિ |
| ૨ છત્ર | વામપ્રમાણ | આયુધશાળા | વૃષ્ટિ-વાયુ રક્ષક | ૯૯,૦૦૦ સોનાની સળીઓથી યુક્ત |
| ૩ દંડ | વામપ્રમાણ | આયુધશાળા | ભૂમિસમ | ૧ યોજન ભૂમિમાં ગુફાનાં દ્વાર ઉઘાડે |
| ૪ ખડ્ગ | ૩૨-અંગુલ | આયુધશાળ | પહાડભેદ | તીક્ષ્ણધાર, વૈડૂર્યરત્ન થી યુક્ત |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ ચર્મ | બે હાથ | ભંડાર | ધાન્ય | શ્રીવત્સ આકારની સંપૂર્ણ સેના બેસી શકે. ગંગા સિંધુમાં તરી શકે |
| ૬ કાકિણી | ૪ અંગુલ | ભંડાર | મંડલપ્રકાશ | પાસાનાં આકારવાળા ૪૯ માંડલા ૫૦ યોજનમાં કરે. |
| ૭ મણિ | ૨ અંગુલ | ભંડાર | દિવ્યપ્રકાશ | હાથીનાં કુંભસ્થલ ઉપર હોય. ૧૨ યોજન પ્રકાશ જાય. |
| ૮ અશ્વ | ૧૦૮ અંગુલ | વૈતાઢ્ય | યુદ્ધે | ક્રોધી-ડુંગરોને વિનાશ્રમે ઓલંઘે |
| ૯ ગજ | યોગ્ય | વૈતાઢ્ય | યુદ્ધે | વિજયયાત્રા |
| ૧૦ પુરોહિત | યોગ્ય | સ્વનગરે | ગૌરવાર્થે | ૧૪-વિદ્યા શાંતિકર્મ |
| ૧૧ સેનાપતિ | યોગ્ય | સ્વનગરે | નિષ્કુટ | ચારખંડસાધે. |
| ૧૨ ગૃહપતિ | યોગ્ય | સ્વનગરે | ભોજન સામગ્રી | સવારે વાવે સાંજે ઉગે |
| ૧૩ વાર્ધિકી | યોગ્ય | સ્વનગરે | પુલ-ગ્રહતિ | ગ્રામ-નગર-પુલ નિર્માણ |
| ૧૪ સ્ત્રી | યોગ્ય | રાજગૃહે | ચક્રીને | છખંડ નારીનો પુંજ કેશ-રોમ નખ ન વધે |

## ૩૯. ચક્રવર્તીનું સ્વરૂપ

- ચક્રવર્તી ૧૪ રત્નોની સેવા પૂજા અવશ્ય કરે.
- એક સાથે જંબુદ્વીપમાં ચાર ચક્રી હોય અને ૫૬ રત્નો હોય.
- ચક્રવર્તીનાં સ્પર્શમાત્રથી ૧૨ યોજન લાંબા થઈ જાય.
- પ્રત્યેક રત્નો ૧૦૦૦ દેવતાથી અધિષ્ઠિત હોય.
- જ્યાં સુધી ચક્રવર્તી જીવે ત્યાં સુધી ગુફામાં ૪૯ માંડલા દ્વારા પ્રકાશ રહે.
- ચક્રવર્તીનો રાજ્યાભિષેક ૧૨ વર્ષ સુધી ચાલે છે. (બૃહત્સંગ્રહણી)

## ૪૦. ચક્રવર્તીનાં નવ નિધાનો

૧. નૈસર્પ - ગામ-નગર ગૃહસ્થાપાનાદિ, વાસ્તુશાસ્ત્ર, પુસ્તકોનો સંગ્રહ
૨. પાંડુક - ધન, ધાન્ય, માન ઉન્માનાદિની ઉત્પત્તિ
૩. પિંગલ - પુરુષ, ગજ, અશ્વ, અલંકાર, ૬૪ સેરનાં હારની વ્યવસ્થા.
૪. સર્વરત્ન - ૧૪ રત્નની ઉત્પત્તિ અને કાંતિમય બનાવે.
૫. મહાપદ્મ - વસ્ત્રોત્પત્તિ, રંગવિધી, કપડા ધોવાણ આદિ.
૬. કાલ - ૬૩ શલાકા પુરુષ, જ્યોતિષ, શિલ્પનાં ૧૦૦ પ્રકારોની જાણકારી.
૭. મહાકાલ - મણિ, રત્ન, પ્રવાલ, ખાણ આદિની ઉત્પત્તિ.
૮. માણવક - સર્વશસ્ત્રો, નીતિ-દંડ, કલા આદિનું જ્ઞાન
૯. શંખ - ગાયન, નાટક, કાવ્ય, વાંજીત્ર આદિની વિધિ

- બધી નિધીઓ પટારાનાં આકારની હોય. ૧૨ યોજન લાંબી ૯ યોજન ચોડી અને ૮ યોજન વિસ્તારવાળી હોય. આઠ પૈડા દરેકને હોય. એમાં બધા પદાર્થો શાશ્વતા હોય. (બૃહત્સંગ્રહણી)

## ૪૧. સર્વાર્થ સિદ્ધવિમાનનાં ઝુમ્મરો

- ૬૪ મણનાં - ૧ મોતી ૪ મણનાં - ૩૨મોતી
- ૩૨ મણનાં - ૪ મોતી ૨ મણનાં - ૬૪ મોતી
- ૧૬ મણનાં - ૮ મોતી ૧ મણનાં - ૧૨૮ મોતી
- ૮ મણનાં - ૧૬ મોતી

કુલ - **૨૫૬** મોતીનાં ઝુમ્મરો હોય (સર્વાર્થસિદ્ધ વિમાન સજ્ઝાય)

## ૪૨. વાસુદેવનાં સાત રત્નો

- (૧) સુદર્શન ચક્ર (૪) ધનુષ્ય રત્ન (૭) શંખ રત્ન
  (૨) નંદ ખડ્ગ (૫) ગદા રત્ન
  (૩) મણિ રત્ન (૬) વનમાલા
- વાસુદેવ જ આવાં ધનુષ્યને ઉઠાવી શકે. તેના ટંકારવથી શત્રુ ભાગી જાય.
- માલામાં હંમેશા સુગંધ ચાલુ હોય. કરમાય પણ નહિ.
- પાંચ જન્ય શંખનો અવાજ ૧૨ યોજન દૂર જાય (બૃહત્સંગ્રહણી)

## ૪૩. હઠીસીંગની વાડી

- શેઠ હઠીસીંગ ઓસવાલ હતા. તેઓએ અમદાવાદ-રાજનગરમાં શાહીબાગ વિસ્તારમાં વિશાલ જગ્યા સંપાદન કરીને ૩ મંજીલ, ૩ શિખર, ૨ રંગમંડપ અને ૫૨ દેવકુલિકાઓથી યુક્ત ભવ્ય જિનાલય બનાવેલ. મૂલનાયક ધર્મનાથ ભગવાનની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૦૩માં શાંતિસાગરસૂરિનાં હાથે પ્રતિષ્ઠા થયેલ. પ્રતિષ્ઠા વખતે શેઠનો સ્વર્ગવાસ

થવાથી હરકુંર શેઠાણીએ પ્રતિષ્ઠા કરાવેલ. પ્રતિષ્ઠા પછી જ્યારે શેઠાણી દર્શન કરવા જતાં ત્યારે દાન આપતા જતાં હતાં. પૂજ્ય વીરવિજયજી મહારાજએ શેઠ હઠીસીંગ દેહરા પ્રતિષ્ઠાનાં ઢાળીયા બનાવેલ. જેમાં સંપૂર્ણ ઇતિહાસ મળશે.

## ૪૪. શત્રુંજય મહાત્મ્યનું પ્રમાણ

- **श्री युगादिजिनादेशात्, पुण्डरीको गणाधिपः ।**
  **सपादलक्ष प्रमितं, नानाश्चर्यकरान्वितम् ॥८॥**
- **श्री शत्रुञ्जयमाहात्म्यं, सर्वतत्त्वसमन्वितम् ।**
  **चकार पूर्वं विश्वैकहिताय, महितं सुरैः ॥९॥**
- **वर्धमान नियोगेन, सुधर्मा गणभृत ततः ।**
  **चतुर्विंशतिसहस्त्रान्, तस्मादालोऽय सारतः ॥**
- પ્રથમ જિનેશ્વરનાં આદેશથી પુણ્ડરીક ગણધરે સવાલાખ શ્લોક પ્રમાણ આશ્ચર્યભૂત, સર્વ તત્ત્વોથી યુક્ત. દેવતાઓથી પૂજીત વિશ્વનાં હિત માટે શત્રુંજય મહાત્મ્યની રચના કરેલ. ત્યાર પછી વીરપ્રભુનાં પ્રથમ ગણધર સુધર્માસ્વામીએ તે શત્રુંજય મહાત્મ્યને સંક્ષેપ કરી ૨૪,૦૦૦ શ્લોક પ્રમાણ કરી. ત્યારપછી ભદ્રબાહુસ્વામી, પાદલિપ્તસૂરિ, ત્યારપછી વિ.સં. ૧૩૭૧માં રાજગચ્છનાં ધનેશ્વરસૂરિએ ૧૦,૦૦૦ શ્લોક પ્રમાણ શત્રુંજય મહાત્મ્યની રચના કરેલ.

ભદ્રબાહુસ્વામીએ કલ્પપ્રાભૃત પૂર્વમાંથી ઉદ્ધરેલ **(પ્રવચન કિરણાવળી)**

## ૪૫. સ્થાપનાચાર્ય પડિલેહન વિધિ

- પ્રથમ સ્થાપનાચાર્યને નાભિની ઉપર પાટલા ઉપર રાખી. ઈરિયાવહી કરીને સહુ પ્રથમ બધી મુહપત્તિ ૨૫ બોલથી પડિલેહન કરવી. એક ગરમ વસ્ત્ર પણ હોવું જોઈએ. ઝોળીયું ૨૫ બોલથી-ઠવણી ૧૦ બોલથી, દરેક સ્થાપનાચાર્ય ક્રમપૂર્વક અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય-સાધુ આ રીતે દરેક સ્થાપનાચાર્યને ૧૩-૧૩ બોલથી પડિલેહન કરવા પાટલી ૨૫ બોલથી કરવી. સવારે-પ્રથમ સ્થાપનાચાર્ય. સાંજે પ્રથમ ઝોળીયું અંતે સ્થાપનાચાર્ય. આ રીતે આપણા ઉપકારી ક્રિયામાં આલંબન ભૂત સ્થાપનાચાર્યનું વિધીપૂર્વક પડિલેહન કરવું.

## ૪૬. વસ્તુપાલ-તેજપાલનાં ભવો

- વસ્તુપાલનો સ્વર્ગવાસ થયા પછી ૧૦ વર્ષે તેજપાલનું સ્વર્ગવાસ શંખેશ્વરતીર્થ પાસે ચાંદુર ગામમાં થયેલ. જૈત્રસિંહ રાજાએ ત્યાં આગળ ભવ્ય જિનાલય બનાવેલ.

બંને ભાઈનો સ્વર્ગવાસ થયા પછી તેમનાં ગુરુ વર્ધમાનસૂરિએ અભિગ્રહ ગ્રહણ કરેલ જયાં સુધી શંખેશ્વરદાદાનાં દર્શન ન થાય ત્યાં સુધી આંબિલ તપ ચાલુ રાખવા. કાયાને કષ્ટ પહોંચતા શંખેશ્વર દાદાનાં ધ્યાનમાં વર્ધમાનસૂરિ કાલધર્મ પામીને શંખેશ્વરતીર્થનાં અધિષ્ઠાયક દેવ બન્યા. દેવે સીમંધર પરમાત્મા પાસે જઈને બંને ભાઈના ભવ પૂછેલા

**વસ્તુપાલ મંત્રી :** મહાવિદેહક્ષેત્રની પુંડરિકીણી નગરમાં રાજકુમાર બનેલ

છે. પછી કુરૂચંદ્ર નામનો રાજા બનશે. પછી દીક્ષા લઈ અનુત્તર વિમાનમાં જશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં રાજા બનશે. પછી દીક્ષા લઈ કેવલ પામી મોક્ષે જશે.

- **તેજપાલમંત્રી :** મૃત્યુ પામીને પ્રથમ દેવલોકે ગયેલ. ચોથાભવમાં મહાવિદેહક્ષેત્રમાં જન્મ પામીને મોક્ષે જશે. (વસ્તુપાલ ચરિત્ર)

## ૪૭. કોટિશીલાનું પ્રમાણ

- ઋષભકૂટ પર નામ લખ્યા પછી જ ચક્રવર્તી બનાય છે. તેમજ કોટિશીલા ઉઠાયા પછી જ વાસુદેવ બનાય છે.
- કોટિશીલા ૧ યોજન લાંબી, ૧ યોજન વિસ્તારવાળી, શાશ્વતી, દેવતાધિષ્ઠિત, દક્ષિણાર્ધભરત, સિંધુદેશે, દશાર્ણ પર્વત પર હોય છે.
- આ શીલા ઉપર શાંતિનાથજીનાં ચક્રાયુધ ગણધર ૩૨ પાટપરંપરાસુધી સંખ્યાતા ક્રોડમુનિવરોની સાથે મોક્ષે ગયેલા છે.
- આ શીલા ઉપર કુંથુનાથ પરમાત્માનાં ગણધર ૨૮ પાટ પરંપરા સુધી સંખ્યાત ક્રોડ મુનિવરોની સાથે મોક્ષે ગયેલા છે.
- આ શીલા ઉપર અરનાથ પરમાત્માનાં ગણધર ૨૪ પાટ પરંપરા સુધી તથા ૧૨ ક્રોડ મુનિવર મોક્ષમાં ગયેલ છે.
- આ શીલા ઉપર મલ્લીનાથ પરમાત્માનાં ગણધર ૨૦ પાટ પરંપરા સુધી ૬ મુનિવરો મોક્ષે ગયેલ.
- આ શીલા ઉપર મુનિસુવ્રતસ્વામીનાં ગણધર ત્રણ ક્રોડ મુનિવરોની સાથે મોક્ષે ગયેલ.

- નેમિનાથ પરમાત્માનાં ગણધર ૧ ક્રોડ મુનિવરોની સાથે મોક્ષે ગયેલ. આટલી પવિત્ર શીલાને વાસુદેવ મસ્તક સુધી ઉંચી કરે છે.
- **કોટિશીલાતપની વિધિ :**

| | | | |
|---|---|---|---|
| ૧ ઉપવાસ - | ૮ એકાસણા | ૧ ઉપવાસ - | ૧ એકાસણાં |
| ૧ ઉપવાસ - | ૧ એકાસણાં | ૧ ઉપવાસ - | ૪ એકાસણાં |
| ૧ ઉપવાસ - | ૧૦ એકાસણાં | ૧ ઉપવાસ - | ૧ એકાસણાં |
| ૧ ઉપવાસ - | ૧ એકાસણાં | ૧ ઉપવાસ - | ૧ એકાસણાં |
| ૧ ઉપવાસ - | ૪ એકાસણાં | ૧ ઉપવાસ - | પારણું |

૧૦ ઉપવાસ - ૩૧ એકાસણાં - ૪૧ દિવસનો તપ

**નમોસિદ્ધાણંનો જાપ** **(તપાવલી)**

## ૪૮. વાસુદેવ અને કોટિશીલાનું પ્રમાણ

- પ્રથમ વાસુદેવ કોટિશીલાને મસ્તકનાં ઉપર ભાગ સુધી ઉઠાવે છે.
- દ્વિતીય વાસુદેવ કોટિશીલાને મસ્તક સુધી ઉઠાવે છે.
- તૃતીય વાસુદેવ કોટિશીલાને કંઠ સુધી ઉઠાવે છે.
- ચતુર્થ વાસુદેવ કોટિશીલાને છાતી સુધી ઉઠાવે છે.
- પંચમ વાસુદેવ કોટિશીલાને જઠર સુધી ઉઠાવે છે.
- છઠા વાસુદેવ કોટિશીલાને કટિભાગ સુધી ઉઠાવે છે.
- સાતવા વાસુદેવ કોટિશીલાને પેટભાગ સુધી ઉઠાવે છે.
- આઠવાં વાસુદેવ કોટિશીલાને જાનુભાગ સુધી ઉઠાવે છે.
- નવમાં વાસુદેવ કોટિશીલાને નીચેના ભાગ સુધી ઉઠાવે છે.

આ ક્રમ અવસર્પિણીનાં વાસુદેવોનો જાણવો. ઉત્સર્પિણીનાં વાસુદેવોનો ક્રમ ઉલ્ટો જાણવો.

## ૪૯. શ્રેણિકભાઈ કસ્તુરભાઈની પેઢીના નામો

૧. સહુ પ્રથમ રાજનગરનાં નગરશેઠ **શાંતિદાસ**

| | |
|---|---|
| ૨. એમના પુત્ર - લક્ષ્મીચંદ | ૭. એમના પુત્ર - ભગુભાઈ |
| ૩. એમના પુત્ર - ખુશાલચંદ | ૮. એમના પુત્ર - દલપતભાઈ |
| ૪. એમના પુત્ર - વખતચંદ | ૯. એમના પુત્ર - લાલભાઈ |
| ૫. એમના પુત્ર - મોતીચંદ | ૧૦. એમના પુત્ર - કસ્તુરભાઈ |
| ૬. એમના પુત્ર - ફતેહભાઈ | ૧૧. એમના પુત્ર - શ્રેણીકભાઈ |

- ગંગામાં દલપતભાઈની પત્ની અને લાલભાઈની માતા હતા.

## ૫૦. વખતચંદ શેઠની ઉદારતા

- ખુશાલચંદ શેઠના પુત્ર વખતચંદ દરરોજ પાલખીમાં બેસીને ઝવેરીવાડ - વાઘણપોળ ઉજમફઈની ધર્મશાળામાં જઈને સામાયિક કરતાં. જયારે પાલખીમાં બેસતા ત્યારે પોતાની સામે સામાયિકનાં ઉપકરણો અને આજુબાજુ સિક્કા ભરેલા વટવા રાખતા. દાન દેતાં દેતાં સામાયિક કરતાં જતાં. આ પ્રસંગનું ચિત્ર ઝવેરીવાડ-અજીતનાથ જિનાલય અમદાવાદમાં છે.

## ૫૧. ગંગા માં ની ખુમારી

- વિ.સં. ૧૯૨૧માં દલપતભાઈએ શત્રુંજય તીર્થનો સંઘ કાઢેલ જેમાં દલપતભાઈની પત્ની ગંગામાં એ સાધુ સાધ્વીજીની ઘણી ભક્તિ કરેલ. સં.

૧૯૬૭માં અમદાવાદમાં બધા જિનાલયોની ચૈત્ય પરિપાટીનો કાર્યક્રમ થયેલ જેમાં નેમિસૂરિજીનાં વ્યાખ્યાનમાં ગંગામાં ગયેલ. એ વખતે વ્યાખ્યાનમાં નેમિસૂરિજીએ શિખરજીની વાત નિકાળી હવે આ જિનશાસનમાં આવાં કોઈ વિરલ વ્યક્તિ રહ્યાં નથી. જેનાં કારણે શિખરજીના પહાડ ઉપર અંગોજો શિકાર અને સહેલાણીઓ માટે પોતાનો ગેસ્ટ હાઉસ બનાવે છે તેનો વિરોધ કરી શકે. વીસ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ શૃંગાર વિરાધ બની શકે. જાગો જૈનો જાગો કલ્યાણકભૂમિ અપવિત્ર ન બને...

આ વાત સાંભળ્યા પછી ગંગામાં ઘેર જાય છે અને પુત્ર લાલાભાઈ જમવા બેસે ત્યારે માં એમના ભાણામાં બંગડી મૂકે છે. જો તમારામાં તાકાત ન હોય તો આ બંગડી પહેરી લો. એજ વખતે જુસ્સામાં આવીને લાલભાઈએ શિખંરજી જઈને વિરોધ કરીને ગેસ્ટ હાઉસ બંધ કરાવેલા.

- **પૂજા વિના નહિ ચાલે !**

કસ્તુરભાઈનાં પિતા લાલભાઈ મીલમાં વધારે કામ હોવાથી મોડા આવીને તરત જ જમવા બેસી ગયા. ગંગામાં પીરસવા આવ્યા. લલાટમાં તિલક ન દેખ્યું ત્યારે પૂછ્યું અરે આમ કેમ ? આજે તિલક કેમ નહિ ? આજે મોડુ થઈ ગયું માટે. આમ નહિ ચાલે પહેલા પૂજા કરી આવો નહિ તો હું પાલીતાણા ચાલી જઈશ. તરત જ પૂજા કરી આવ્યા પછી ગંગામાએ ગરમ ભોજન કરાવેલ.

## ૫૨. દાનવીર જગડુશાહનું દાન

- વિ.સં. ૧૩૧૩/૧૩૧૪/૧૩૧૫ આ ત્રણ વર્ષ ભયંકર દુષ્કાળ પડેલ. એ

વખતે જગડુશાહે રાજાઓને પણ સારી સંખ્યામાં દાન આપેલ.

| દેશ | રાજા | કેટલા મણ | કેટલા કીલો |
|---|---|---|---|
| ગુજરાત | વીશલ દેવ રાજા | ૪ લાખ મણ | ૮૦ લાખ કિલો |
| સિંધદેશ | હમીરદેવ રાજા | ૬ લાખ મણ | ૧ કરોડ ૨૦ લાખ કિલો |
| માલવા | મદનવર્મ રાજા | ૯ લાખ મણ | ૧ કરોડ ૮૦ લાખ કિલો |
| મેવાડ | | ૧૬ લાખ મણ | ૩ કરોડ ૨૦ લાખ કિલો |
| કાશી | પ્રતાપસિંહ રાજા | ૧૬ લાખ મણ | ૩ કરોડ ૨૦ લાખ કીલો |
| કદહારદેશ | | ૬૦,૦૦૦ મણ | ૧૨ લાખ કીલો |
| દિલ્લી | નસરૂદ્દીન બાદશાહ | ૧૦ લાખ ૫૦ હજાર મણ | ૨ કરોડ ૫૦ લાખ કીલો |
| કુલ | | **૫૨ લાખ ૧૦,૦૦૦ મણ** | **૧૨ કરોડ ૫૦ લાખ કીલો** |

## ૫૩. 'પાઠશાળા' શબ્દનો અર્થ

**પા** - પાપને છોડવવાની શાળા તે પાઠશાળા

**ઠ** - ઠટ્ઠા મશ્કરીને દૂર કરવાવાળી શાળા તે પાઠશાળા

**શા** - શાસનની શોભા વધારનારી શાળા તે પાઠશાળા

**ળા** - લાલચને દૂર કરવાવાળી શાળા તે પાઠશાળા

**શિ** - સારી શિખામણ આપે તે શિક્ષક

**ક્ષ** - ક્ષમા રાખે અને રાખતા શિખાવે તે શિક્ષક

**ક** - કર્મને તોડવાની ક્રિયા શિખાવે તે શિક્ષક

## પ૪. 'ગુરુદેવ' શબ્દનો અર્થ

ગુ - અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાવાળા - ગુરુદેવ

રુ - જ્ઞાનરૂપી પ્રકાશને ફેલાવવા વાળા - ગુરુદેવ

દે - દેવતત્ત્વની જાણકારી કરાવવાવાળ - ગુરુદેવ

વ - વિનયગુણની મહત્તા બતાવવાવાળા - ગુરુદેવ

## પપ. સાતમાં ગુણઠાણે આવશ્યકક્રિયા નિયત નથી

**नहय प्रमत्त साधूनां, क्रियाप्यावश्यकादिका ।**

**नियत्ता ध्यान शुद्ध त्वाद्य, दन्यैरप्यदः स्मृतम् ।।५।।**

**ભાવાર્થ :** સાતમાં ગુણઠાણાંવાળા અપ્રમત સાધુઓને આવશ્યકાદિ ક્રિયાપણ આવશ્યક નથી. (એટલે અવશ્ય કરવાની હોતી નથી) કારણ કે તેઓ ધ્યાનથી આત્મસ્વરૂપમાં શુદ્ધ છે. તેઓ માત્ર ધર્મધ્યાન અથવા શુક્લ ધ્યાન કરી શુદ્ધ નિરતિચાર ચારિત્રવાળા છે. અતિચારનો અભાવ હોવાથી અપ્રમત્ત કહેવાય. તેઓ કર્તવ્યની બુદ્ધિ વિષે સર્વદા સાવધાન છે.

**(અધ્યામસાર)**

## પ૬. શંખેશ્વર પાર્શ્વનાથની પ્રાચીનતા

ગઈ ચોવીશીનાં નવમાં તીર્થંકર દામોદર સ્વામીનાં સમવસરણમાં અષાઢી શ્રાવકે પ્રભુને પ્રશ્ન કરેલ હે પ્રભુ ! મારો મોક્ષ ક્યારે થશે ? ત્યારે પ્રભુએ કહ્યું વર્તમાન ચોવીશીનાં ૨૩વાં તીર્થંકરના શાસનમાં **આર્યઘોષ** નામનાં ગણધર બનીને મોક્ષે જશો. આ વચન સાંભળીને અષાઢી શ્રાવકે શંખેશ્વર

પાર્શ્વનાથની મૂર્તિ ભરાવીને પોતાનાં ગૃહ જિનાલયમાં રાખી. પ્રતિદિન પૂજા - વૈરાગ્ય-દીક્ષા પ્રથમ દેવલોકમાં અવધિજ્ઞાનથી જાણીને મૂર્તિને દેવલોકમાં મંગાવીને પૂજાવા લાગી.

- **શંખેશ્વર દાદાની પ્રતિમાની પૂજા ક્યાં ક્યાં થઈ ?**
- પ્રથમ દેવલોકમાં અસંખ્યાત વર્ષ
- ભવનપતિનાં આવાસમાં સંખ્યાતવર્ષ
- વ્યંતર દેવનાં નગરમાં સંખ્યાતાવર્ષ
- પુનઃ પ્રથમ દેવલોકમાં અસંખ્યાત વર્ષ
- ઈશાન દેવલોકમાં અસંખ્યાત વર્ષ
- ગિરનાર પર્વતનાં કંચન બલાહક ટુંકમાં સંખ્યાતા વર્ષ
- પુનઃ પ્રથમ દેવલોકમાં અસંખ્યાત વર્ષ
- પુનઃ પ્રથમ દેવલોકમાં અસંખ્યાત વર્ષ
- નાગકુમાર દેવલોકમાં ધરણેન્દ્ર-પદ્માવતી દ્વારા સંખ્યાતા વર્ષ
- નમિ-વિનમિ દ્વારા સંખ્યાતા વર્ષ
- દશમા દેવલોકમાં અસંખ્યાતા વર્ષ
- પુનઃ પ્રથમ દેવલોકમાં ૫૪ લાખ વર્ષ
- સૂર્ય વિમાનમાં ૫૪ લાખ વર્ષ.
- ચન્દ્ર વિમાનમાં ૫૪ લાખ વર્ષ
- ગંગાનદીમાં દેવો દ્વારા સંખ્યાત વર્ષ
- યમુના નદીમાં દેવો દ્વારા સંખ્યાતા વર્ષ

- લવણ સમુદ્રમાં દેવો દ્વારા સંખ્યાત વર્ષ.
- રામચંદ્રજી દ્વારા સંખ્યાતા વર્ષ.
- પુનઃ ગિરનારજીની ટુંકમાં સંખ્યાતા વર્ષ
- અચ્યુત (૧૨વાં) દેવલોકમાં અસંખ્યાતા વર્ષ
- કુલ ૧૮ કોડાકોડી સાગરોપમ થી વધારે સમય સુધી આ મૂર્તિ પૂજાણી.

- નેમિનાથ પરમાત્માનાં શાસનમાં જ્યારે કૃષ્ણ અને જરાસંઘનું યુદ્ધ થયું. ત્યારે જરાકુમારે જરાવિદ્યા નાંખી જેનાં કારણે કૃષ્ણનું સમસ્ત સૈન્ય મૂર્છિત બની ગયું. ત્યારે નેમિનાથ પ્રભુનાં આદેશથી કૃષ્ણ મહારાજાએ અટ્ઠમતપ દ્વારા મૂર્તિ પ્રાપ્ત કરીને સ્નાત્રજલ સૈન્યને છાંટવાથી સૈન્ય જીવીત બન્યું. વિજય પ્રાપ્ત કરીને શંખનાદ દ્વારા શંખપુર વસાવે છે. ત્યાં આગળ આ શંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ સ્થાપે છે. ૮૬,૫૦૦ વર્ષ પછી સિદ્ધરાજજયસિંહનો સજ્જનમંત્રી દેવચંદ્રસૂરિનો ઉપદેશથી વિ.સં. ૧૧૫૫માં પ્રતિષ્ઠા કરાવે છે. ૧૩વી શતાબ્દિમાં વર્ધમાનસૂરિની નિશ્રામાં વસ્તુપાલ તેજપાલ પ્રતિષ્ઠા કરાવે છે. દુર્જનશલ્ય રાજા પરમદેવસૂરિની પ્રેરણાથી દેવવિમાન સમ જિનમંદિર બનાવી પ્રતિષ્ઠા કરાવે છે. ત્યારપછી મુસલમાનનાં આક્રમણો દ્વારા જિનાલય નાશ પામે છે. વિ.સં. ૧૭૬૦માં વિજય સેનસૂરિ દ્વારા પ્રતિષ્ઠા હાલ-જીવણદાસ ગોડીદાસ પેઢી સંચાલન કરે છે. લાખો ભક્તોની ભીડ લાગે છે. લાખો મણમાં પરમાત્માની પૂજામાં ચડાવા જાય છે. શંખેશ્વર દાદાનાં દર્શન-પૂજા વિ. જો માત્ર મોક્ષનાં લક્ષથી થાય તો મોક્ષ માર્ગ અવશ્ય નજીક આવી જાય.

## ૫૭. પૂજ્ય વીરવિજયજીનું જીવન ચરિત્ર અને રચના

- જન્મ - ૧૮૨૯ આસો સુદ -૧૦ શાંતિદાસ પાડાની પોળ, અમદાવાદ
- પિતા - જજ્ઞેશ્વર ઔદિત્ય બ્રાહ્મણ
- માતા - વીજકોર બાઈ, પુત્ર નામ - કેશવરામ
- ૧૮ વર્ષની ઉંમરે લગ્ન પત્ની નામ - રળિયાત
- પિતાનાં અવસાન પછી ઘર છોડી ભીમનાથ ગયેલા પાછા ઘેર આવેલ ત્યારે માતાએ ઠપકો આપવાથી ઘેરથી ભાગીને પાછા મામાને ત્યાં ગયા. ત્યાં શુભવિજયજીનો ભેટો થયો. માતાને આઘાત થવાથી સ્વર્ગવાસ. પોતે શુભવિજયજી સાથે પાલીતાણામાં દાદાને ભેટી ખંભાતની પાસે પાનસર ગામમાં વિ.સં. ૧૮૪૮ દીક્ષા સં. ૧૮૬૭માં પંન્યાસપદ સં. ૧૮૯૩માં મોતીશા શેઠની પ્રતિષ્ઠામાં હાજરી **વિ.સં. ૧૮૬૫માં** લાલભાઈ કીકુ, ભવાનચંદ, ગમાનચંદ, હરખ ચંદ, ગુલાબ ચંદ, જેચંદ શ્રાવકો દ્વારા વીર વિજયજી નામના ઉપાશ્રયનું નિર્માણ હાલ ભટ્ટીની બારીમાં છે. સં. ૧૯૦૮ ભા.વ.૩ અમદાવાદમાં કાલ ધર્મ.

## ૫૮. પૂજ્યવીર વિજયજી દ્વારા પૂજાની રચના

- વિ.સં. ૧૮૫૮ - અષ્ટપ્રકારી પૂજા
- વિ.સં. ૧૮૭૪ - ચોસઠ પ્રકારી પૂજા
- વિ.સં. ૧૮૮૪ - નવાણુપ્રકારી પૂજા
- વિ.સં. ૧૮૮૫ - પિસ્તાલીસ આગમ પૂજા

- વિ.સં. ૧૮૮૭ - બારવ્રતની પૂજા
- વિ.સં. ૧૮૮૯ - પાંચ કલ્યાણક પૂજા
- વિ.સં. ૧૮૫૩ - ગોડી પાર્શ્વનાથનાં ઢાળીયા
- વિ.સં. ૧૮૮૯ - કુંતાસર ખાડીનું વર્ણન
- વિ.સં. ૧૮૬૫ - ચાતુર્માસિક દેવવંદન
- વિ.સં. ૧૮૯૩ - મોતીશા શેઠનાં ઢાળીયા
- વિ.સં. ૧૯૦૩ - શેઠ હઠીસીંગનાં ઢાળીયા
- વિ.સં. ૧૯૦૧ - મહાવીર સ્વામીનાં ૨૭ ભવની ઢાળ

(વીર વિજયજી જીવન ચરિત્ર)

## ૫૯. ધનજી શૂરા - પનજી શૂરા - રતનજી સૂરા

- પનજી શૂરાએ અમદાવાદ (રાજનગર) થી સમેતશિખર મહાતીર્થનો છ'રિપાલિત સંઘ કાઢેલ. જે સંઘમાં ૧,૮૦,૦૦૦ સુવર્ણ મુદ્રાનો ખર્ચ કરેલ. ધનજી સૂરા ઉપાધ્યાય, યશોવિજયીને કાશી ભણવા માટે તમામ ખર્ચનો ભાર ઉપાડેલ. એ વખતે ભટ્ટાચાર્યને દરરોજ એક ચાંદીનો સિક્કો આપતા હતા. ઉપાધ્યાય મ.સા. ત્રણ વર્ષમાં ષડ્દર્શનનાં વિજેતા બનેલાં. કાશીનાં પંડિતોએ ન્યાયાચાર્ય - નાયાયવિશારદનું બિરુદ ઉપાધ્યાય મ.સા. ને આપેલ.
- રાજનગરનાં ઓસવાલ રતનજીસૂરાએ વિ.સં. ૧૬૮૭માં દુષ્કાળમાં દાનશાળા ખોલેલ. અને શત્રુંજય મહાતીર્થનાં ૧૮ સંઘ કાઢેલ.

ધનજી સૂરાએ વિજયપ્રભસૂરિનાં ગણિઅનુજ્ઞા નંદિ મહોત્સવ વખતે વિ.સં. ૧૭૧૧ અમદાવાદમાં ૮૯૦૦ મહમુદિક ખર્ચ કરેલ.

(યશોવિજયજી ઉપાધ્યાય જીવન ચરિત્ર)

## ૬૦. તામલી તાપસ

- ઘણાં જ સુખી પરિવારનો ઘેર ધન ધાન્યનાં ઢગલાં હતા તો ફણ તામલી તાપસ ઝોપડીમાં રહીને ૬૦,૦૦૦ વર્ષ સુધી છઠનાં પારણા કરેલા. પારણે પણ માત્ર ઓદન અંત-પ્રાંત સૂકી ગૌચરી લાવીને ૨૧ વાર પાણીથી ધોઈને પછી પારણું કરતાં. એકવખત તામલી તાપસ નદીમાંથી સ્નાન કરીને બહાર નીકળે છે તે વખતે સામે ચાલતા સાધુ ભગવંતોને જોયા. એમની ઈર્યાસમિતિ જોઈને આશ્ચર્ય પામ્યો, "અહો શોભનોશ્ચયં શ્રમણધર્મ" આ પ્રમાણે એમની અનુમોદના કરતાં કાળ પામીને બીજા દેવલોકમાં ઈશાનેન્દ્ર બન્યો. સાધુનો માત્ર આચાર સમ્યક્ત્વ પમાડી શકે છે.

## ૬૧. તીર્થંકર પરમાત્માનું વર્ષીદાન

- તીર્થંકરનો જ્યારે જન્મ થાય ત્યારે તેમના ત્રણ જ્ઞાન હોય અને દીક્ષા લેવાનાં એક વર્ષ પહેલાં વર્ષીદાન આપવાનું ચાલુ કરે એ વખતે એમનાં પિતા ચાર દ્વાર વાળી દાનશાળા ખોલે છે. પ્રથમ દ્વારે ભોજન, દ્વિતિય દ્વારે વસ્ત્ર, તૃતીય દ્વારે આભૂષણ, ચતુર્થ દ્વારે રોકડ નાણાં.
- દરરોજ - ૧ ક્રોડને ૮ લાખ જેટલું દાન આપે.
- ઈન્દ્રથી આજ્ઞાથી ધનદ લોકપાલ દેવ માત્ર ૮ ક્ષણમાં ૧૬ માષા પ્રમાણ

જિનેશ્વર નામનાં સિક્કા તૈયાર કરે છે. (આત્મપ્રબોધ ગ્રંથ)

- દરેક સિક્કાની ઉપર માતા-પિતા અને પોતાનાં નામ હોય છે.
- ૮૦ રતિ જેટલું પ્રમાણ એક સોનામહોરનું હોય છે.
- ૪૦ મણનાં માપનું એક ગાડું ભરાય એવાં ૨૨૫ ગાડા રોજ દાન દેવાય.
- દરરોજ ૯,૦૦૦ મણ સોનું દાન દેવામાં આવે છે.
- આવી રીતે એક વર્ષમાં ૩૨,૪૦,૦૦૦ મણ સુવર્ણ દાન દેવાય.
- એક વર્ષમાં કુલ ૩ અબજ ૮૮ કરોડ ૮૦ લાખ સોનૈયા દાન દેવાય.

(ઉપદેશ પ્રાસાદ / વૈરાગ્ય મંજરી)

- **વર્ષીદાનનાં સિક્કાનું પ્રમાણ બે રીતે :**

| પ્રથમ રીત | દ્વિતીય રીત |
|---|---|
| ૮૦ રતિ - ૧ સોનૈયો | ૧૦૦ રતિ - ૧ રૂપિયો |
| ૯૬ રતિ - ૧ તોલો | ૨૪ રૂપિયા - ૧ શેર |
| ૬ સોનૈયા - ૫ તોલા | ૩૦ સોનૈયા - ૧ શેર |
| ૪૮ સોનૈયા - ૧ રતલ | ૧૨૦ સોનૈયા - ૧ મણ |
| ૧,૯૨૦ સોનૈયા - ૧ મણ | ૯૦૦ મણ - ૧૦,૮૦,૦૦૦ સોનૈયા |
| ૧૦,૮૦,૦૦૦ સોનૈયા - ૫,૬૨૫ મણ | ૪૦ મણ - ૧ ગાડુ |
| ૨૫ મણ - ૧ ગાડું | ૪૦ મણ - ૪૮,૦૦૦ સોનૈયા |
| ૪૮,૦૦૦ સોનૈયા - ૨૫ મણ | રોજનાં - ૨૨૫ ગાડા દાન કહેવાય |

## ૬૨. તીર્થંકર વર્ષીદાનમાં 'છ' અતિશય

(૧) **પ્રથમ અતિશય :** જ્યારે પરમાત્મા દાન આપે ત્યારે સૌધર્મેન્દ્ર પરમાત્માનાં હાથમાં સિક્કા ભરે. પરમાત્માને આપવામાં શ્રમ ન થાય માટે.

(૨) **દ્વિતીય અતિશય :** જ્યારે પરમાત્મા દાન આપે ત્યારે ઈશાનેન્દ્ર સુવર્ણની લાકડી લઈને ઉભા રહે. ૬૪ ઈન્દ્રો ને છોડીને બાકીના બધા દેવોને દૂર કરે.

(૩) **તૃતીય અતિશય :** પરમાત્મા દાન આપે ત્યારે ચમરેન્દ્ર અને બલીન્દ્ર ભાગ્ય અનુસાર સોનૈયાને ન્યૂનાધિક કરે. (એટલે ઓછા વત્તા કરે)

(૪) **ચતુર્થ અતિશય :** ભવનપતિ દેવો ભરતક્ષેત્રનાં મનુષ્યોને દાનહેતુ ખેંચીને ભેગા કરે.

(૫) **છઠ્ઠુ અતિશય :** જ્યોતિષ દેવો પરમાત્માનાં વર્ષીદાનની સમયની ઘોષણાં કરે.

## ૬૩. વર્ષીદાનનો પ્રભાવ

- પરમાત્માનાં વર્ષીદાનને ગ્રહણ કર્યા પછી ૬૪ ઈન્દ્રોને પરસ્પર ક્લેશ થતો નથી. સુવર્ણ દાન પ્રભાવથી ૧૨ વર્ષ ભંડાર અક્ષય રહે છે.
- આ જ દાન ગ્રહણ કરવાવાળાને ૧૨ વર્ષ સુધી નવો રોગ થતો નથી.
- જે વર્ષીદાનને ગ્રહણ કરે છે તે ભવ્ય જીવ બનીને અવશ્ય મોક્ષે જાય.

(ઉપદેશ પ્રાસાદ)

## ૬૪. વર્ષીદાન કયું દાન ? કોણ લઈ શકે ?

**अनुकंपादानंपिय, अनुकंपा गोचरेसु सत्तेसु ।**

**जायइ धम्मोवग्गहहेउ, करुणा पहाणस्स ॥१७॥**

ता एवि पसत्थं, तित्थयरेणावि भयवया गिहिणा ।
सयमाईन्नं दिय देवदूस दाढेण गिहिणोवि ॥१८॥

**ભાવાર્થ :** અનુકંપા વાળાજીવને કરૂણાપ્રધાન જીવનું અનુકંપા દાન ધર્મની પુષ્ટિ કરવા વાળો હોય છે. પરમાત્માએ દીક્ષા લીધા પછી બ્રાહ્મણને દેવદૂષ્ય વસ્ત્ર આપેલ તે અનુકંપા દાન કહેવાય. માટે શ્રાવક-શ્રાવિકાઓ દાન ને ગ્રહણ કરી શકે નહિ. એમાં પણ દાન લેવાનો અધિકાર પુરુષને છે. સ્ત્રીને નહિ. કારણ કે જ્યારે પરમાત્માએ વર્ષીદાન આપેલ ત્યારે બ્રાહ્મણ બહાર ગાંવ ગયેલ અને બ્રાહ્મણી ઘેર હોવા છતાં દાન લેવા ગઈ નહિ. બ્રાહ્મણને ઘેર આવ્યા પછી લેવા મોકલેલ.

**(હરિભદ્રસૂરિકૃત દાનવિંશીકા)**

## ૬૫. પરમાત્માનાં સમવસરણમાં ૩૬૩ પાખંડી

| | | |
|---|---|---|
| ૧૮૦ | - | ક્રિયાવાદી |
| ૮૪ | - | અક્રિયાવાદી |
| ૬૭ | - | અજ્ઞાનવાદી |
| ૩૨ | - | વિનયવાદી |
| ૩૬૩ | - | પાખંડીઓ |

## ૬૬. ૧૦ પ્રકારનાં તિર્યગ્જૃંભકદેવ

૧. અન્નજૃંભકદેવ
૨. પાનજૃંભકદેવ
૪. લેણજૃંભકદેવ
૫. પુષ્પજૃંભકદેવ
૭. પુષ્પફળજૃંભકદેવ
૮. શયનજૃંભકદેવ

૩. વસ્ત્રજૃંભકદેવ ૬. ફળજૃંભકદેવ ૯. વિદ્યુજૃંભકદેવ

૧૦. અવિયતજૃંભકદેવ

- આ બધા દેવો વૈતાઢ્ય પર્વતમાં રહે. જમીનમાંથી ધન લાવવાનો આચાર છે.

## ૬૭. સાધુધર્મની દસ સામાચારી

(૧) **ઈચ્છાકાર :** દીક્ષા પર્યાયમાં નાના સાધુ પાસે પણ એની ઈચ્છાપૂર્વક કાર્ય કરાવવું. શિષ્યે પણ વડીલની ઈચ્છા પ્રમાણે કાર્ય કરવું.

(૨) **મિથ્યાકાર :** પ્રમાદનાં કારણે દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં વિરાધના થઈ જાય તો મિચ્છામિ દુક્કડ્મ માંગવું.

(૩) **તથાકાર :** ગુરુની આજ્ઞાને શ્રદ્ધા સાથે સ્વીકારીને 'તહત્તિ' કહેવું.

(૪) **આવશ્યિકી :** આવશ્યકક્રિયા માટે ઉપાશ્રય - જિનાલયથી બહાર નિકળતા 'આવસ્સહિ' શબ્દ સંયમધર્મનાં પોષણ માટે બોલાય છે.

(૫) **નૈષેધિકી :** આરાધના માર્ગને કેન્દ્રમાં રાખીને, તમામ અશુભયોગોનાં ત્યાગ માટે ઉપાશ્રય-જિનાલયમાં પ્રવેશ કરતા 'નિસિહિ' શબ્દ અવશ્ય બોલવું.

(૬) **આપૃચ્છના :** દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં દેવ-ગુરુ-વડીલની આજ્ઞાનો ઉપયોગ અવશ્ય કરવો.

(૭) **પ્રતિપૃચ્છના :** આજ્ઞા લીધા પછી પણ કાર્ય તો પ્રારંભ કરતા પહેલા ફરીથી પણ દેવ-ગુરુ-વડીલની આજ્ઞા અવશ્ય લેવી.

(૮) **છંદના :** પોતાના માટે લાવેલા આહાર-પાણી માંથી ભક્તિહેતુ શ્રમણોને પ્રાર્થના કરવી.

(૯) **નિમંત્રણા :** પોતાના આત્માને કૃતાર્થ કરવા માટે સમસ્ત શ્રમણ વર્ગને થોડો થોડો આહાર પાણી આપવું.

(૧૦) **ઉપસંપદા :** દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ હેતુ સ્વગચ્છ છોડીને બીજા ગચ્છને વિધી પૂર્વક સ્વીકારવો તે.

સાધુ-સાધ્વીજી જો પોતાની શ્રમણધર્મની સામાચારી પ્રમાણે વર્તે તો સંયમજીવનમાં ક્યારે પણ ક્લેશનું વાતાવરણ ઉભુ ન થાય

(સામાચારી પ્રકરણ)

## ૬૮. પડિલેહનની વિધી

- યથાજાત મુદ્રામાં બેસીને વસ્ત્રનાં ત્રણ ભાગ કરવાં. આદિ, મધ્ય, અંત આવી રીતે નવભાગમાં દ્રષ્ટિ કરીને હાથ ઉપર ખંખેરતી વખતે **૨૫** બોલ બોલવાં. વસ્ત્ર અને શરીરનો સ્પર્શ ન થવો જોઈએ.

  પડિલેહન કરેલા એક બાજુ અને ન કરેલા અલગ રાખવા જોઈએ.

- **પડિલેહનનાં ૧૬ દોષ :**

(૧) **નર્તન :** શરીર અથવા વસ્ત્રને નચાવવું.

(૨) **વલન :** શરીર અથવા વસ્ત્રને વધારે ફેરવવું.

(૩) **અનુબંધ :** અકખોડા-પકખોડા પ્રમાણથી વધારે કરવાં.

(૪) **મોસલી :** ખાંડણીમાં સાંબેલાની જેમ વસ્ત્રને કૂટવા.

(૫) **અરભટ :** મર્યાદાથી વિપરીત તથા જલ્દીથી પડિલેહન કરવું.

(૬) **સંમર્દ :** વસ્ત્રને ખોલ્યા સિવાય પડિલેહન કરવું.

(૭) **પ્રસ્ફોટન :** વસ્ત્રને જોરથી ઝાટકવું.

(૮) **વિક્ષેપ :** વસ્ત્રને ફેંકવું અથવા અદ્ધર રાખવું.

(૯) **વેદિકા : (પાંચ પ્રકારની) ૧. ઉર્ધ્વવેદિકા :** ઢીંચણની ઉપર હાથ રાખવા. **૨. અધોવેદિકા :** ઢીંચણની નીચે હાથ રાખવા. **૩. દ્વિઘાતવેદિકા :** બે હાથની વચ્ચે એક પગ રાખવો. **૪. તિર્યંચવેદિકા :** બંને હાથ આડા રાખવા. **૫. અંગતવેદિકા :** એક હાથ અંદર એક હાથ બહાર રાખવો.

(૧૦) **પ્રશિથીલ :** વસ્ત્રને ઢીલા પકડવા.

(૧૧) **પ્રલંબ :** વસ્ત્રને લટકતા રાખવા.

(૧૨) **લોલ :** વસ્ત્રને જમીન ઉપર અડાડવા

(૧૩) **એકામર્શ :** વસ્ત્રને એકબાજુથી પકડીને હલાવવા.

(૧૪) **અનેકરૂપ ધૂનન :** એક સાથે બધા કપડાને પકડીને ખંખેરવા

(૧૫) **શંકિતગણના :** અકખોડા-પકખોડાને આંગલી ઉપર ગણવાથી

(૧૬) **વિતથકરણ :** કથા સ્વાધ્યાય પચ્ચક્ખાણ વિ. આપવા.

(ઓઘનિર્યુક્તિ)

**पडिलेहणं कुणंतो, मिहोकहं कुणइ जावय कहं वा ।**
**देइ व पच्चक्खाणं, वाएइ सचं पडिच्छईवा ॥**
**पुढवी आउक्काए, तेउवाउ वणस्सइ तसाणं ।**
**पडिलेहणापमत्तो, छण्हंपि विराहणो होइ ॥२७३॥**

**ભાવાર્થ :** પડિલેહણ કરતી વખતે મૈથુનસંબંધી જનપદ સંબંધી, કથા કરે, અથવા પચ્ચક્ખાણ આપે. સાધુને પાઠ આપે, અથવા પોતે બોલે તો

પૃથ્વીકાય્, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય (છકાય) જીવની વિરાધના વાળો કહેવાય છે. અને માત્ર પડિલેહણમાં જ મનવાળો. ઉપયોગવાળો હોય તો છકાય રક્ષાકારક (આરાધક) બતાવેલ છે.

(ઓઘનિર્યુક્તિ-૨૭૩-૨૭૫)

## ૬૯. સાધુનાં ઉપકરણનું પ્રમાણ

| | | |
|---|---|---|
| ૧. કાંબલી | ૮. પાત્રબંધક | ૧૫. ઉતરપટો |
| ૨. કપડા (બે) | ૯. ચરવળી | ૧૬. નૈષેધિક |
| ૩. રજોહરણ | ૧૦. પડલા | ૧૭. ઓઘારિયા |
| ૪. મુહપત્તિ | ૧૧. રજસ્ત્રાણ | ૧૮. દોરી |
| ૫. માત્રક | ૧૨. ગુચ્છા | ૧૯. દાંડો |
| ૬. પાત્રક | ૧૩. પાત્રસ્થાપન | ૨૦. દંડાસણ |
| ૭. ચોલપટ્ટા | ૧૪. સંથારો | ૨૧. આસન |

(ઓઘનિર્યુક્તિ)

એ સિવાય દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપયોગી ઉપકરણો પ્રમાણથી રખાય.

## ૭૦. દરેક ઉપકરણનું માપ

**उवगरणं मि धरिज्जा, जेण न रागस्स होइ उप्पत्ति ।**
**लोगम्मि अ परिवाओ, विहिणाय पमाण जुत्तं ॥७६१॥**

જે સામગ્રી ઉપર રાગ ઉત્પન્ન ન થાય, જેની લોકમાં નિંદા ન થાય. વિધિ પ્રમાણથી જે યુક્ત હોય તેવા ઉપકરણને ધારણ કરવાના.

**बत्तीसंगुलदीहं, चउवीसं अंगुलाइ दंडो से ।**
**सेसदसापडिपुण्णं, रयहरणं होइ माणेणं ॥८१५॥**

રજોહરણનું પ્રમાણ ૩૨ અંગુલનું છે. એમાં ડાંડી ૨૪ અંગુલની અને દશી આઠ અંગુલની હોય છે.

**आयाणे निक्खेवे ठाण निसीअण तुअट्ट संकोए ।**
**पुव्विं पमज्जणट्ठा, लिंगट्ठा चेव रयहरणं ॥८१६॥**

લેવામાં, મુકવામાં, ઉભા થવામાં, બેસવામાં, શરીર પસારવામાં, શરીર સંકોચવામાં, તે પૂર્વે પ્રમાર્જવા માટે રજોહરણ છે.

**चउरंगुल विहत्थी, एअ मुहणंतगस्स पमाणं ।**
**बीआवि आएसो, मुहपमाणओ निप्फणं ॥८१७॥**

એક વેત ૪ અંગુલ મુહપત્તિનું પ્રમાણ છે. બીજી પોતાનું મુખ બરાબર ઢંકાઈ શકે તેવી મુહપત્તિ પ્રમાણથી રાખવાની. **(પંચવસ્તુ ગ્રંથ)**

- **ઝોળી (પાત્ર બંધક) :** ગાંઠ લગાયા પછી ચારે બાજુ ચાર અંગુલ ભાગ વધવો જોઈએ.
- **ગુચ્છા-ચરવળી :** ૧૬ અંગુલનું પ્રમાણ છે. વર્તમાનમાં જે પ્રમાણ હોય તે પ્રમાણથી લેવા.
- **પડલા :** ચોમાસામાં - ૫, શીયાળામાં - ૪, ઉનાળામાં - ૩ હોય પડલા ભેગા કર્યા પછી સૂર્ય પ્રકાશ તેમાં જવો ન જોઈએ.
  પ્રમાણ - અઢી હાથ લાંબા અને ૩૬ અંગુલ વિસ્તારવાળા.
- **રજોહરણ :** કુલ ૩૨ અંગુલ, એમાં ડાંડી-૨૪ અંગુલ અને દશી ૮ અંગુલ પ્રમાણની. દશી વ ઓઘારિયા ગરમ જોઈએ. નિષેધીયા - ઓઘારિયાનાં

૩ આંટા લગાવવા. ઓઘ્છો બાંધ્યા પછી અંગુઠાના પ્રથમ પર્વ ઉપર તર્જની આંગલી રહે તેટલો જાડો જોઈએ.

- **ચોલપટ્ટા :** સ્થવિર હેતુ પતલા. યુવાન સાધુને ચાર ગુણા જાડાઈ વાળા જોઈએ. જાનુપ્રમાણ જાણવા.
- **કપડા :** સાધુ-સાધ્વીજીને બે કપડા અવશ્ય રાખવા. એક કપડું ઓઢવા માટે એક કપડું ગરમ કાંબળીમાં નાંખવા માટે. કપડા વિના કાંબલી ઓઢી શકાય નહિ.
- **સંથારો - ઉત્તરપટટો :** પોતાના અંગુલનાં પ્રમાણથી અઢી હાથ લાંબો અને એક હાથ ૪ અંગુલ વિસ્તારવાળો જોઈએ.
- **દાંડો :** કાન અથવા નાસિકાનાં અગ્રભાગ જેટલો કામ આવે.
- **આસન :** પોતાના કાયા પ્રમાણ (પોતે બરાબર બેસી શકે) જોઈએ.
- **મુહપત્તિ :** ૧ વેંતને ૪ અંગુલ જાડી સુતરાઉ, દોરા વિનાની એક બાજુ કિનારીવાળી, ત્રણ બાજુ ખુલ્લી જોઈએ.

## ૭૧. અધિકરણ એટલે શું ?

**जं वट्टइ उवगारे, उवकरणं तं सि होइ उवगरणं ।**
**अइरेगं अहिगरणं, अजओ अजयं परिहरंतो ॥१८४॥**

જે ઉપકરણ જ્ઞાનાદિ ઉપકારમાં સાધુને વર્તે છે તે ઉપકરણ કહેવાય અને તેના થી જે અધિક રાખે તે **અધિકરણ** છે. કારણ કે તેમ કરવાથી મૂર્ચ્છાભાવ વધે છે. અયતનાવાળો અયતના વડે જે ધારણ કરતો તે ઉપકરણ પણ અધિકરણ બને છે. **(વ્યવહારભાષ્ય ઠાણાંગ સૂત્ર ભા.૧)**

## ૭૨. પ્રતિક્રમણમાં અવગ્રહનું પ્રમાણ

- ત્રીજા આવશ્યકની મુહપત્તિ પડિલેહન કર્યા પછી બે વાંદણા આપ્યા પછી **તસ્સધમ્મસ્સ** શબ્દ (વંદિતા) આવે ત્યારે અવગ્રહથી બહાર નીકળવું... બીજીવાર વાંદણાં આવે ત્યારે અવગ્રહમાં અબ્ભુટ્ઠિઓ ખામી વાંદણા લઈ 'આયરિયઉવજ્ઝાય' સૂત્ર આવે ત્યારે અવગ્રહની બહાર નીકળવું.

## ૭૩. 'છ' આવશ્યકનું પ્રમાણ

(૧) **સામાયિક** - પ્રતિક્રમણમાં પંચાચારની આઠગાથા આવે ત્યાં સુધી

(૨) **ચઉવીસત્થો** - પંચાચારની આઠ ગાથા પછી લોગસ્સ બોલાય ત્યાં સુધી

(૩) **વાંદણા** - ત્રીજા આવશ્યકની મુહપત્તિ પછી વાંદણા આવે તે.

(૪) **પડિક્કમણું :** આપરિયઉવજ્ઝાય સૂત્ર બોલાય ત્યાં સુધી.

(૫) **કાઉસગ્ગ :** આયરિય ઉપજ્ઝાય પછી જેજે કાઉસગ્ગ આવે તે.

(૬) **પચ્ચક્ખાણ :** નમોઽસ્તુ વર્ધમાનાય પહેલા જે પચ્ચક્ખાણ લેવાય તે.

## ૭૪. શ્રાવકની સાત ધોતી

- કુમારપાલ રાજાનાં સમયમાં તથા તેમના પછી ઘણાં સમય સુધી શ્રાવકને સાત પ્રકારની ધોતી પહેરવાની ચાલતી.

  (૧) સામાયિક માટે (૨) પરમાત્માની પૂજા માટે (૩) સ્નાન કરવા માટે (૪) ભોજન કરવા માટે (૫) વડીનીતિ જવા માટે (૬) શયન કરવા માટે (૭) પરદેશ જવા માટે. આ રીતે સાત પ્રકારની ધોતીની પરંપરા હતી. **(ઉપદેશ કલ્પવલ્લી)**

## ૭૫. ગરણાનું પ્રમાણ

**षट्त्रिशदंगुलायामं, विंशत्यंगुल विस्तृतम् ।**

**दृढं गलनकं कार्य, भूयो जीवान् शोधयत ॥ सांख्यमत**

**ભાવાર્થ :** છત્રીસ અંગુલલાંબુ અને વીશ અંગુલ ચૌડુ એવા ગરણાથી વારંવાર જીવોને શોધવા યા પાણી ગલવું. **(ઉપદેશ પ્રાસાદ)**

**શ્રાવકનાં ઘરે સાત ગરણાં હોય :**

**शुद्धे सावय गेहे हवई, गलणाइ सत्त सविसेसं ।**

**जलमिट्ठ खार आछण, तक्कं घी-तिल्ल चुण्णयं ॥ ( आत्मप्रबोध )**

ભાવાર્થ :

(૧) મીઠું પાણી ગાળવા માટે (૨) ખારું પાણી ગાળવા માટે (૩) દૂધ ગાળવા માટે (૪) છાસ ગાળવા માટે (૫) ઘી ગાળવા માટે (૬) તેલ ગાળવા માટે (૭) લોટ છાલવા માટે **(આત્મપ્રબોધ)**

## ૭૬. શ્રાવકનાં ઘેર ૭ ઠેકાણે ચંદરવા બાંધવા

(૧) ચૈત્યશાળા (જિનાલયમાં) (૨) પૌષધશાળા (પોતાનાં ઘેર સામાયિક-પૌષધ કરે ત્યાં) (૩) ચૂલાની ઉપર (૪) જમવાના સ્થાન ઉપર (૫) પાણીયારાની ઉપર (૬) વલોણાનાં સ્થાન ઉપર (૭) ખાંડવાના સ્થાન ઉપર

એક ચંદરવો બાંધવાથી **પાંચતીર્થ** યાત્રાનો લાભ મળે. **(ઉપદેશ કલ્પવલ્લી)**

## ૭૭. સ્વાધ્યાયનાં પાંચ પ્રકાર

(૧) **વાચના :** ગુરુની પાસે વિનયપૂર્વક સૂત્ર - અર્થની વાચના લેવી તે.

(૨) **પૃચ્છના :** સૂત્ર-અર્થ-ગ્રંથનાં વાચના પછી એમાં થતાં સંદેહનું નિવારણ કરવું તે.

(૩) **પરાવર્તના :** સૂત્ર-અર્થનું પુનરાવર્તન કરવું તે.

(૪) **અનુપ્રેક્ષા :** જે અર્થ-વાંચન કર્યું હોય તેનાં ઉપર ચિંતન કરવું તે.

(૫) **ધર્મકથા :** જન્મથી માંડી મોક્ષ સુધીનાં મહાપુરુષોનાં જીવનચરિત્ર વાંચવા સાંભળવા તે.

## ૭૮. અંતિમઆચાર્ય દુષ્પ્રભસૂરિ અને સંઘ

- આ પંચમકાળમાં ૨૦૦૪ યુગપ્રધાન આચાર્ય થશે જેમાં પાંચવા આરાનાં છેડે દુષ્પ્રભસૂરિ નામનાં છેલ્લા આચાર્ય થશે. જેઓનું શરીર માત્ર બે હાથનું, અટ્ઠમનો તપ, ૧૨ વર્ષ ગૃહસ્થાવસ્થામાં, ૪ વર્ષ મુનિપણામાં, ૪ વર્ષ સૂરિપણામાં, દશવૈકાલિક આગમનું અધ્યયન, સમુદ્ર શારદાચાર્યનું પદ. એમની નિશ્રા **ફલ્ગુશ્રી** નામનાં સાધ્વીજી, **નાગિલ** નામનો શ્રાવક **સત્યકિ** નામની શ્રાવિકા થશે. અંતિમ સમયમાં અટ્ઠમનો તપ કરી અનશન કરી પહેલા દેવલોકે જશે. ૧ સાગરોપમનું આયુષ્ય ભોગવી ભરતક્ષેત્રમાં જન્મ પામી મોક્ષ જશે. **(ઉપદેશ કલ્પવલ્લી)**

## ૭૯. દેશનાં નામ (કુમારપાલ મહારાજાના)

| | | | |
|---|---|---|---|
| ૧. | કર્ણાટ દેશ | ૧૦. | સિંધુ દેશ |
| ૨. | ગુર્જર દેશ | ૧૧. | સપાદ લક્ષ દેશ |
| ૩. | લાટ દેશ | ૧૨. | ઉચ્ચદેશ |
| ૪. | સૌરાષ્ટ્ર દેશ | ૧૩. | દીવ દેશ |
| ૫. | રાષ્ટ્ર દેશ | ૧૪. | કાશીતટ દેશ |
| ૬. | માલવ દેશ | ૧૫. | કોંકણ દેશ |
| ૭. | મારવદેશ | ૧૬. | મેદપાટ દેશ |
| ૮. | કચ્છ દેશ | ૧૭. | કેર દેશ |
| ૯. | ભંભેર્ય દેશ | ૧૮. | જાલંધર દેશ |

**(ઉપદેશ કલ્પવલ્લી)**

કુમારપાલ માહારાજાએ ૧૮ દેશમાં પાણી ગાળીને પીવડાવવાની વ્યવસ્થા કરી હતી.

## ૮૦. ધર્મદૂતનું દ્રષ્ટાંત

- સોમચંદ્ર રાજર્ષિની પટરાણી ધારિણી એક વખત રાજર્ષિનાં વાળને સમારતી હતી એ વખતે રાણીનાં હાથમાં ધોળો વાળ આવ્યો ત્યારે રાણીએ કહ્યું દૂત આવ્યો દૂત ! રાજાએ પૂછ્યું ક્યાં છે દૂત દેખાતો નથી. ત્યારે રાણીએ રાજાનાં હાથમાં ધોળો વાળ આપ્યો લ્યો રાજર્ષિ આ **ધર્મદૂત** આવી ગયો છે. ત્યારે રાજાએ વિચાર કર્યો કે આ રાજસિંહાસન ઉપર ધોળા વાળવાળા આજ સુધી કોઈ બેઠા નથી. આવી ભાવના ભાવતા રાજર્ષિ એજ વખતે

રાજપાટ છોડીને નિકળ્યા તો રાણી પણ સાથે ગઈ બંને રાજપાટ છોડીને જંગલ તરફ પ્રયાણ કર્યું. (પ્રસન્નચંદ્રરાજર્ષિનાં પિતા સોમચંદ રાજર્ષિ હતાં.)

## ૮૧. પરમાત્માની ભક્તિ અલંકારો દ્વારા

- ભરતચક્રીએ શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢ્યો. દાદાનાં દરબારમાં સ્નાત્ર મહોત્સવ કર્યા પછી રત્ન, માહેત, મોતી દ્વારા અગ્રપૂજા કરી. ત્યારપછી ચક્રીની રાણીઓએ કિંમતી માણેક દ્વારા પરમાત્માની નવાંગી પૂજા કરી. કોઈ રાણીએ રત્નોથી યુક્ત મુગુટ ચડાવેલ. તો કોઈક રાણીએ માણેક નો તિલક ચડાવેલ. સુગ્રીવની પત્નીએ કંઠાભરણ, વત્સરાજાની રાણીએ શ્રીવત્સ. તો કોઈએ દિવ્યહાર - દિવ્ય મુગુટ ચડાવેલ.

  આ વાત સાંભળ્યા પછી વસ્તુપાલની પત્ની લલિતાદેવીએ પોતાનાં ગળામાં ૩૬ લાખનો જે અલંકારો પહેરેલા હતાં તે બધા પરમાત્માને પહેરાવી દીધા. ત્યાર પછી તેજપાલની પત્ની અનુપમા દેવીએ પણ ૩૬ લાખનાં મૂલ્યવાળા અલંકારો પરમાત્માને સમર્પિત કર્યા. આ જોઈએ તેમની દાસી **ભૂપલા** એ પોતાની પાસે જે લાખ મૂલ્યવાળા અલંકાર હતા તે પણ પરમાત્માને પહેરાવી દીધા. આવી ભક્તિ પણ થયેલ છે.

**(વસ્તુપાલ ચરિત્ર)**

## ૮૨. પદ - સંપદાની ઓલખાણ

(૧) **પદ :** સૂત્ર બોલતી વખતે થોડું અટકીને બોલવું તે.

(૨) **સંપદા :** સૂત્ર બોલતી વખતે થોડું વધારે અટકીને બોલાય તે.

(૩) **આદાન નામ :** સૂત્રનાં પ્રથમ અક્ષરથી નામ પ્રસિદ્ધ થાય તે.

(૪) **ગૌણ નામ :** સૂત્રનાં ગુણ તથા વિષયથી નામ પ્રસિદ્ધ થાય તે.

(૫) **ગુરુ અક્ષર :** થોડા પરિશ્રમ સાથે જે અક્ષર બોલાય તે. જેની બે માત્રા હોય - જેમ 'व्व' - 'प्प'

(૬) **લઘુઅક્ષર :** અલ્પ પ્રયત્નથી બોલાય તે જેને એક માત્રા હોય.

(૭) **સર્વાક્ષર :** હ્રસ્વ - દીર્ઘ અક્ષર સાથે ગણાય તે.

**જેમ નવકારમંત્ર**

| | | | |
|---|---|---|---|
| **આદન નામ** | - નવકાર મંત્ર | **ગુરુઅક્ષર** | - ૭ |
| **ગૌણ નામ** | - શ્રી પંચમંગલ મહાશ્રુત સંઘધ | **હ્રસ્વ અક્ષર** | - ૬૧ |
| **પદ** | - ૯ | **સર્વાક્ષર** | - ૬૮ |
| **સંપદા** | - ૮ | **(આવશ્યક ક્રિયા સાધના)** | |

## ૮૩. જાપનાં ત્રણ પ્રકાર

(૧) **માનસ જાપ :** સહજ ભાવથી હોઠ બંધ રાખીને, એક-બીજા દાંતનો સ્પર્શ કર્યા વિના. માત્ર પોતે જાણી શકે તેવી રીતે માનસ જાપ થાય. ઉત્તમ કાર્ય તેમજ શાંતિ હેતુ આ જાપ છે.

(૨) **ઉપાંશુ જાપ :** માત્ર હોઠોનું કંપન સીમીત હોય, બીજાને ન સંભળાવવું જોઈએ. મૌન પૂર્વક જાપ કરવો તે મધ્યમકક્ષાનો આ જાપ છે.

(૩) **ભાષ્ય જાપ :** તાલબુદ્ધ, શુદ્ધ ઉચ્ચારણની સાથે, બીજા સાંભળી શકે, એ

રીતે ભાષ્ય જાપ કરાય. આ જાપ મનનાં વિચારોને રોકવા માટે અને પોતાના કાર્ય માટે અતિ ઉપયોગી છે.

## ૮૪. બીજી રીતે જાપનાં ત્રણ પ્રકાર

(૧) **ધારણા જાપ :** હાથ અને માળાની સહાયતા વિના માનસિક સંકલ્પ અનુસાર કરવા વાળો જાપ. માત્ર ધ્યાનસ્થ મુદ્રામાં બેસીને કોઈપણ દ્રવ્યની સહાયતા વિના પરમાત્માનું ધ્યાન ધરવું તે.

(૨) **કરજાપ :** અંગુલી ના પર્વ ઉપર અલગ અલગ આવર્તો દ્વારા જાપ કરવો તે. નંદાવર્ત, શંખાવર્ત, ઉંકારાવર્ત, હ્રીંકારાવર્ત, નવપદાવર્ત અનેક પ્રકારનાં આવર્તો બતાવેલા છે. એક નિશ્ચિત આવર્ત દ્વારા જાપ કરવાથી શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે. ડાબા હાથમાં ૧૨, જમણા હાથમાં ૯ની સંખ્યા ગણવાથી ૧૦૮ નો જાપ થાય છે. કરજાપમાં અંગુઠો અખંડિત ફરવો જોઈએ. વચ્ચે ન ઉઠાવવો જોઈએ.

(૩) **માલાજાપ :** નવકારવાળી સૂતરની રાખવાની. સૂતરની માળા સર્વથા યોગ્ય છે. શાંતિ અને શુભકાર્ય માટે સફેદ રંગની માળા ઉત્તમ કહેવાય. માળાને ગુરુ ભગવંત પાસે મંત્રાવી જોઈએ. માળા ગણતી વખતે સફેદ રંગનું આસન હોવું જોઈએ. નખનો સ્પર્શ પારાને ન થવો જોઈએ. શરીરનાં કોઈપણ ભાગ, વસ્ત્રને અડવીન જોઈએ. મેરૂ નું ઉલ્લંઘન ન કરવું. નવકારમંત્ર જાપ અથવા તીર્થંકર જાપની માળા અલગ રાખવી. દેવ દેવીની માળા અલગ રાખવી જોઈએ.

**(આવશ્યક ક્રિયા સાધના)**

## ૮૫. પંચાચારનાં ૩૬ ભેદનું વિવરણ

**➻ જ્ઞાનાચારનાં આઠ ભેદ :**

(૧) કાળાચાર - કાળવેળાને છોડીને જે સમય બતાવે છે તેમાં સૂત્ર ગોખાય તે

(૨) વિનયાચાર - જ્ઞાન અને જ્ઞાનીનો વિનય કર્યા પછી ભણવું.

(૩) બહુમાનચાર - અંતરનાં ભાવથી જ્ઞાન-જ્ઞાની પ્રત્યે બહુમાન ભાવ રાખવો.

(૪) ઉપધાનાચાર - શાસ્ત્ર પ્રમાણે દેશવિરતિધારીને તપ ક્રિયા સાથે ગુરુ પાસે વાચના લેવી તે.

(૫) અનિહનવાચાર - ભણાવવવાવાળા ગુરુનો અપલાપ ક્યારેય ન કરવો.

(૬) વંજણાચાર - સૂત્રનાં વ્યંજન-માત્રા હ્રસ્વ-દીર્ઘનું બરાબર ધ્યાન આપવું.

(૭) અત્થાચાર - ગુરુ પાસે સૂત્રનાં અર્થને શીખવા તે.

(૮) તદુભયાચાર - સૂત્ર બોલતી વખતે અર્થની વિચારણા સાથે કરવી તે.

**➻ દર્શનાચારનાં આઠ (૮) ભેદ**

(૧) નિસ્સંકિઅ - વીતરાગનાં વચન ઉપર શંકા ન કરવી.

(૨) નિક્કંખિઅ - જિનેશ્વરનાં મત સિવાય બીજા મતની ઇચ્છા પણ ન રાખવી.

(૩) નિવ્વિતિગિચ્છા - મહાત્માઓનાં મલિન વસ્ત્ર-શરીર દેખીને દુર્ગંચ્છા ન કરવી.

(૪) **અમૂઢદ્રષ્ટિ** - મિથ્યાદ્રષ્ટિઓનાં ઠાઠમાઠ દેખી સત્યમાર્ગથી વિચલિત ન થવું.

(૫) **ઉપબૃંહણા** - સમક્તિધારીનાં થોડાપણ ગુણની પ્રશંસા અવશ્ય કરવી.

(૬) **થિરિકરણે** - જે ધર્મ ન કરતા હોય અથવા ધર્મથી પતિત હોય તેને સ્થિર કરતા.

(૭) **વાત્સલ્ય** - સાધર્મિક ભાઈનું અનેક પ્રકારે હિતનું ચિંતવન કરવું.

(૮) **પ્રભાવના** - બીજા ધર્મવાળા આપણા ધર્મની પ્રશંસા કરે તેવા કાર્યો કરવા.

**ચારિત્રાચારનાં આઠ ભેદ :**

(૧) **ઈર્યાસમિતિ** - સાડા ત્રણ હાથ નીચે દ્રષ્ટિ રાખીએ ચાલવું તે.

(૨) **ભાષાસમિતિ** - હિતકારી, મિતકારી, પ્રિયકારી વચન બોલવું તે.

(૩) **એષણાસમિતિ** - શુદ્ધ, દોષરહિત ભાત-પાણી ગ્રહણ કરવા તે.

(૪) **આહાનભંડમત્ત નિકખેવણા સમિતિ** - વસ્ત્ર-પાત્ર આદિ પ્રથમ દ્રષ્ટિથી દેખીને પછી ઉપકરણ પૂંજીને લેવા-મૂકવા તે.

(૫) **પારિષ્ઠાપનિકા સમિતિ** - મલ-મૂત્ર-શ્લેષ્મ આદિ પદાર્થોને નિર્જીવભૂમિ પર પરઠવવા તે.

(૬) **મનગુપ્તિ** - મનમાં આર્ત-રૌદ્ર ધ્યાન ન કરવું.

(૭) **વચનગુપ્તિ** - નિરવદ્ય વચન પણ વગર કારણે ન બોલવા. (મૌન રહેવું)

(૮) **કાયગુપ્તિ** - શરીર દ્વારાજે પણ ક્રિયા થાય તે પૂંજી-પ્રમાર્જીને કરવી.

➻ **તપાચારનાં બાર ભેદ (છ બાહ્યતપ)**

(૧) **અનશનતપ** - ઉપવાસ-આંબિલ-એકાસણા આદિ તપ કરવા તે.

(૨) **ઉણોદરી તપ** - જે આપણે દરરોજ જમીએ તેમાં કંઈક ઓછું ખાવું તે.

(૩) **વૃત્તિસંક્ષેપ તપ** - દ્રવ્ય ઓછા કરવા અને સંતોષ રાખવો તે.

(૪) **રસત્યાગ તપ** - ઘી, દૂધ, દહી, તેલ જયુસ આદિ રસોનો ત્યાગ કરવો તે.

(૫) **કાયક્લેશ તપ** - લોચ-ક્રિયા-વિહાર આદિ દ્વારા કાયાનું શોષણ કરવું તે.

(૬) **સંલીનતા તપ** - અંગ-ઉપાંગને સંકોચીને વિષયવાસના રોકવી તે.

➻ **'છ'અભ્યન્તર તપ :**

(૧) **પ્રાયશ્ચિત તપ** - લાગેલ દોષોની ગુરુ પાસે શુદ્ધિ કરીને આલોચના લેવી તે.

(૨) **વિનય તપ** - દેવ ગુરુ, ધર્મ-સંઘ-સાધર્મિક પ્રત્યે વિનયપૂર્વક ભક્તિ કરવી તે.

(૩) **વૈયાવચ્ચ તપ** - દેવ અને ગુરુની વૈયાવચ્ચ (સેવા) કરવી તે.

(૪) **સજ્ઝાય તપ** - વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા પાંચમાંથી કોઈપણ પ્રકારનો સ્વાધ્યાય કરવો તે.

(૫) **ધ્યાન તપ** - આર્તધ્યાન-રૌદ્રધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન શુક્લ ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી તે.

(૬) **કાયોત્સર્ગ તપ** - કર્મક્ષયનિમિત્તે કાયોત્સર્ગ કરવો તે. કાઉસગ્ગમાં કાયાને વોસિરાવાની છે.

**(પંચવસ્તુ ગ્રંથ - ગા.નં.. ૮૪૬/૮૪૭)**

- **વીર્યાચાર :** મન-વચન-કાયાની સંપૂર્ણ શક્તિથી શાસ્ત્રાનુસાર પ્રવૃત્તિ કરવી તે વીર્યાચાર. બલ અને વીર્યને છુપાવ્યા વિના પરાક્રમ કરવો તે વીર્યાચાર.

**नाणे दंसणे चरणे, तवे अ अवीरीए अ भावमायारो ।**
**अट्ठट्ठट्ठ दुवालास-वीरीअमहाणी उ जो तेसिं ॥७॥**

**( निशीथ भाष्य )**

જ્ઞાન-દર્શન-ચારિત્રનાં આઠ ભેદ છે અને તપનાં ૧૨ ભેદ છે. આ ૩૬ આચારોની હાની (નુકશાન) ન દેવા માટે વીર્યાચાર ચાર બતાવેલ છે.

## ૮૯. શ્રાવકજીવનને સુશોભિત કરવાવાળા ૩૬ કર્તવ્યો

| | | | | |
|---|---|---|---|---|
| ∞ આદાન નામ | - શ્રી મન્નહજિણાણં | • ગુરુ અક્ષર | - | ૨૮ |
| ∞ ગૌણ નામ | - શ્રાવક કર્તવ્યસૂત્ર | • લઘુ અક્ષર | - | ૧૬૨ |
| ∞ પદ | - ૨૦ (વીસ) | • સર્વાક્ષર | - | ૧૯૦ |
| ∞ સંપદા | - ૨૦ (વીસ) | • ઉપયોગ | - | પૌષધમાં |

(૧) **મન્નહજિણાણમાણં** - પરમાત્માની આજ્ઞાને માનો

| | | |
|---|---|---|
| (૨) | **મિચ્છં પરિહરહ** | - મિથ્યાત્વનો ત્યાગ કરો. |
| (૩) | **ધરહ સમ્મત્તં** | - સમ્યકત્વને ધારણ કરો. |
| (૪) | **છવ્વિહઆવસ્સયંમિ-સામાયિક** | - સમતાપૂર્વક સામાયિક કરવી. |
| (૫) | **ચઉવીસત્થો** | - લોગસ્સમાં ૨૪ તીર્થંકરને નમસ્કાર કરવા |
| (૬) | **વાંદણા** | - દ્વાદશાવર્ત વંદન કરવું. |
| (૭) | **પ્રતિક્રમણ** | - પાપોથી પાછા હઠવા માટે પ્રતિક્રમણ કરવું. |
| (૮) | **કાઉસગ્ગ** | - કર્મક્ષય માટે કાઉસગ્ગ કરવો. |
| (૯) | **પચ્ચક્ખાણ** | - ચીકણાં કર્મ ને તોડવા માટે તપક્રિયા સાથે કરવી તે. |
| (૧૦) | **પવ્વેસુ પોસહવયં** | - પર્વ દિવસે પૌષધની આરાધના કરવી. |
| (૧૧) | **દાણં** | - દાન ભાવપૂર્વક આપવું. |
| (૧૨) | **શીલં** | - શીલનું પાલન પણ ભાવપૂર્વક કરવું. |
| (૧૩) | **તવોઅ** | - વિધીપૂર્વક તપની આરાધના કરવી. |
| (૧૪) | **ભાવોઅ** | - ઉત્તમ ભાવના ભાવવી. |
| (૧૫) | **સજ્ઝાય** | - ઘોષપૂર્વક સ્વાધ્યાય કરવો. |
| (૧૬) | **નમુક્કારો** | - નવકાર મહામંત્રનો જાપ કરવો. |
| (૧૭) | **પરોવયારો** | - બીજાનો ઉપકાર કરવો. |

| | | |
|---|---|---|
| (૧૮) જયણાઅ | - | જયણાનું પાલન કરવું. |
| (૧૯) જિણપૂઆ | - | વિધીપૂર્વક જિનેશ્વરની પૂજા કરવી. |
| (૨૦) જિણથુણણં | - | હાથ જોડી મસ્તક નમાવી જિનેશ્વરની પૂજા કરવી. |
| (૨૧) ગુરુથુઅ | - | ગુરુ ભગવંતની સ્તુતિ (ગુણગાવા) |
| (૨૨) સાહમ્મિઆણવચ્છલ્લ | - | સાધાર્મિકો પ્રતિ વાત્સલ્ય ભાવ રાખવો. |
| (૨૩) વવહારસ્સ ય શુદ્ધિ | - | વ્યવહારમાં શુદ્ધિ રાખવી (ઔચિત્યપૂર્વક વર્તવું) |
| (૨૪) રહજત્તા | - | પરમાત્માને રથમાં બિરાજ માન કરી પ્રદક્ષિણા આપવી. |
| (૨૫) તિત્થજત્તાય | - | વિધીપૂર્વક તીર્થયાત્રા કરવી. |
| (૨૬) ઉવસમ | - | ઉપશાંત ભાવ રાખવો. |
| (૨૭) વિવેગ | - | વિવેકપૂર્ણ કાર્ય કરવું. |
| (૨૮) સંવર | - | કર્મો ન બંધાય તેવી પ્રવૃત્તિ કરવી. |
| (૨૯) ભાષા સમિઈ | - | હિત-મિત-પ્રિય ભાષા બોલવી. |
| (૩૦) છ જીવકરૂણાય | - | 'છ'કાય ઉપર કરૂણા ભાવ રાખવો. |
| (૩૧) ધમ્મિઅજણસંસગ્ગો | - | ધર્મીજનોનો પરિચય કરવો. |
| (૩૨) કરણદમો | - | ઈન્દ્રિયોનું દમન કરવું. |
| (૩૩) ચરણ પરિણામો | - | ચારિત્ર લેવાની ભાવના રાખવી. |

(૩૪) **સંઘોવરિ બહુમાણો** - સંઘ ઉપર બહુમાન ભાવ રાખવો.

(૩૫) **પુત્થયલિહણં** - પુસ્તક છપાવવા, આગમ લખાવવા.

(૩૬) **પભાવણાતિત્થે** - તીર્થ પ્રભાવના કરવી.

**(સંબોધ પ્રકરણ ગાથા - ૯૮૦ થી ૯૮૪)**

## ૮૭. ભરદેસરની સજ્ઝાયમાં આવતાં (ત્રેપન) મહાપુરુષોનાં નામો

(૧) **ભરતચક્રી** - અનિત્ય ભાવના ભાવતા કેવલજ્ઞાન થયેલ.

(૨) **બાહુબલી** - ૧૨ મહિના સુધી કાઉસગ્ગ ધ્યાનમાં રહેલા.

(૩) **અભયકુમાર** - ભગવાન મહાવીરની પાસે દીક્ષા ગ્રહણ કરેલ.

(૪) **ઢંઢણ કુમાર** - અભિગ્રહનાં કારણે 'છ' મહિના સુધી ગૌચરી ન વાપરી.

(૫) **શ્રીયક** - યક્ષા સાધ્વીજીની પ્રેરણાથી ભૂખ સહન ન થવા છતાં પણ ઉપવાસ કર્યો.

(૬) **અર્ણિકાપુત્ર** - ગંગા નદી ઉતરતા અપ્‌કાયજીવોની વિરાધનાનો પશ્ચાતાપ કરતા કેવળી બન્યા.

(૭) **અઈમુત્તા મુનિ** - છ વર્ષની ઉમ્રમાં દીક્ષા લઈ નવમે વર્ષે કેવલજ્ઞાન પામ્યા.

(૮) **નાગદત્ત** - ચોરીનો માલ ગ્રહણ ન કર્યો. દીક્ષા લઈ કેવલ પામી મોક્ષે ગયા.

(૯) **મેતારજ મુનિ** - મસ્તક ઉપર ચામડું વીંટાતા આંખો બહાર નીકળી. વેદનાને સહન કરતા કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.

(૧૦) **સ્થૂલભદ્ર મુનિ** - કોશાવેશ્યાને ત્યાં ચોમાસુ કરી કામને જીતી ૮૪ ચોવીશી સુધી નામ અમર કર્યું.

(૧૧) **વ્રજસ્વામી** - છ મહિનાની ઉંમ્રમાં સાધુ પાસે આવી ૧૧ અંગ કંઠસ્થ કરી દસપૂર્વધર બન્યા.

(૧૨) **નંદિષણ મુનિ** - વેશ્યાનાં ઘેર રહી ૧૨ વર્ષ સુધી દરરોજ ૧૦ વ્યક્તિને દીક્ષા અપાવતા.

(૧૩) **સિંહગિરિ મુનિ** - ભ. મહાવીરની ૧૨મી પાટે આવેલા. વ્રજસ્વામીનાં ગુરુ હતાં.

(૧૪) **કયવન્ના સેઠ** - પૂર્વભવમાં ત્રણ વાર ખંડિત દાન અપવાથી. ત્રણ વાર ખંડિત સામગ્રી મળી. ભ. મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરી સ્વર્ગવાસી બન્યા.

(૧૫) **સુકોશલમુનિ** - અયોધ્યા નગરીનાં દીક્ષા પછી જંગલમાં ધ્યાન ધરતા. વાઘણ દ્વારા ચીરાતા અંતકૃત કેવળી બની મોક્ષે સીધાવ્યા.

(૧૬) **પુંડરિક મુનિ** - કુંડરિક ઘેર આવતાં પોતે દીક્ષા લે છે. જ્યાં સુધી ગુરુ ન મળે ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ.

(૧૭) **કેશી મુનિ** - પાર્શ્વનાથ પરંપરાનાં હોવા છતાં ગૌતમસ્વામી પાસે ધર્મચર્ચા કરી પ્રભુવીરનું શાસન પામ્યા.

(૧૮) **કરકુંડરાજર્ષિ** - બલવાન સાંઢની વૃદ્ધાવસ્થા દેખી વૈરાગ્ય પામી દીક્ષા લઈ મોક્ષે ગયા.

(૧૯/૨૦) **હલ્લ/વિહલ્લ**- સેચનક હાથી ખાઈમાં પડવાથી વૈરાગ્ય પામી દીક્ષા લઈ સર્વાર્થસિદ્ધ વિમાનમાં

(૨૧) **સુદર્શન શેઠ** - ૧૨ વ્રતધારી શ્રાવક, પત્નીનાં કાઉસગ્ગ ધ્યાનથી શૂળીનું સિંહાસન બનેલ.

(૨૨/૨૩)**સાલ-મહાસાલ**-બંને ભાઈએ દીક્ષા ગ્રહણ કરી માર્ગમાં ઉત્તમ ભાવના ભાવતાં કેવલજ્ઞાન પામ્યા.

(૨૪) **શાલિભદ્ર** - ૩૨ પત્ની ૯૯ પેટી રોજની આવવા છતાં સંયમ લઈ અનશન કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં

(૨૫) **ભદ્રબાહુસ્વામી** - અંતિમ ૧૪ પૂર્વી શ્રુતકેવળી, નિર્યુક્તિ રચયિતા, ઉવસગ્ગહરં સ્તોત્ર ના કર્તા.

(૨૬) **દશાર્ણ ભદ્ર** - દરરોજ ત્રિકાલપૂજાનો નિયમ, ઈન્દ્ર દ્વારા સમૃદ્ધિનો ભંગ થવાથી. વૈરાગ્ય પામીને દીક્ષા ગ્રહણ કરી આરાધના કરી મોક્ષે ગયા.

(૨૭) **પ્રસન્નચંદ્ર રાજા** - ચારિત્રગ્રહણ કરી કાઉસગ્ગ ધ્યાનમાં મનથી યુદ્ધનાં વિચારમાં, મસ્તકે હાથ લગાડતા સાધુ પણાંનો ખ્યાલ આવતાં પશ્ચાતાપ કરી કેવળી બન્યા.

(૨૮) **યશોભદ્રસૂરિ** - ભદ્રબાહુસ્વામીનાં ગુરુ, પૂર્વોની વાચના આપવાવાળા હતા.

(૨૯) **જંબુસ્વામી** - સંસારીપણામાં લગ્નની પહેલી રાતે ૫૨૬ વ્યક્તિને

વિવિધ દ્રષ્ટાંતો દ્વારા બોધ આપી ૫૨૭ વ્યક્તિ સાથે દીક્ષા ગ્રહણ કરી.

(૩૦) **વંકચૂલ** - ચોરનો માલિક, જ્ઞાનતુંગસૂરિ પાસેથી ચાર નિયમ ગ્રહણ કરી દ્રઢ નિયમ પાળી સ્વર્ગે ગયા.

(૩૧) ગજસુકુમાલ - દીક્ષાનાં દિવસે સોમીલ સસરા દ્વારા ઉપસર્ગ સહન કરી કેવલ પામી મોક્ષે સીધાવ્યા.

(૩૨) **અવંતિસુકુમાલ** - ૩૨ પત્નીઓનો સ્વામી હોવા છતાં દીક્ષાનાં દિવસે સ્મશાનમાં કાઉસગ્ગધ્યાને રહ્યા. શીયાલીએ શરીર ખાધુ છતાં સહન કરી નલિની ગુલ્મવિમાનમાં ગયા.

(૩૩) ધન્યકુમાર - સુભદ્રાપત્નીનાં વચનો 'બોલવું સહેલું કરવું કઠિન' શબ્દો સાંભળી વૈરાગ્ય પામી દીક્ષા લઈ અનશન કર્યું.

(૩૪) **ઈલાચીપુત્ર** - નિર્વિકાર ભાવથી ગોચરી વહોરતા સાધુને દેખી નાચતા નાચતા વૈરાગ્ય પામી કેવલજ્ઞાન પામ્યા.

(૩૫) **ચિલાતીપુત્ર** - ઉપશમ-વિવેક-સંવર ત્રણ શબ્દો ઉપર વિચાર કરતાં અઢી દિવસ સુધી કીડીનાં ઉપદ્રવને સહન કરતા સ્વર્ગવાસી બન્યા.

(૩૬) **બાહુમુનિ** - જ્ઞાનપંચમીની આરાધના કરી ચારિત્ર લઈ કેવલજ્ઞાન પામ્યા.

(૩૭) **આર્યમહાગિરિ** - જિનકલ્પી તુલનાનું કડક ચારિત્ર પાળી અંતે ગજપદતીર્થમાં અનસન કર્યું.

(૩૮) **આર્યરક્ષિતસૂરિ** - જૈન આગમને ચાર ભાગમાં વિભાજિત કર્યા. દ્રવ્યાનું યોગ, ગણિતાનુયોગ, ચરણાનું યોગ, ધર્મકથાનુંયોગ, સાડાનવપૂર્વનો અભ્યાસ કરેલ.

(૩૯) **આર્યસુહસ્તિસૂરિ**- દસપૂર્વનાં અભ્યાસવાળા. ભિક્ષુકને દીક્ષા આપી. ચારિત્રની અનુમોદના દ્વારા સંપ્રતિરાજા બન્યા. લાખો ચૈત્યો કરોડો પ્રતિમાઓ ભરાવી.

(૪૦) **ઉદાયન રાજર્ષિ** - અંતિમરાજર્ષિ, પ્રભુવીર પાસે દીક્ષા લઈ પોતાની નગરીમાં આવ્યા.

(૪૧) **મનકમુનિ** - શય્યંભવસૂરિનાં સંસારીપુત્ર, દીક્ષા લઈ દશવૈકાલિક કંઠસ્થ કર્યું છ મહિનાની દીક્ષા પાળી દેવલોકે ગયાં.

(૪૨) **કાલકાચાર્ય** - ચોથની સંવચ્છરી કરવાવાળા, સીમંધર સ્વામી જેવું નિગોદનું યથાર્થ સ્વરૂપ કહેવા વાળાં.

(૪૩-૪૪) **શાંબ-પ્રદ્યુમ્ન**- કૃષ્ણનાં પુત્ર બંને દીક્ષા લઈ ફા.સુ. ૧૩નાં દિવસે શત્રુંજય ગિરિ ઉપર સાડીઆઠ કરોડ મુનિવરો સાથે મોક્ષે ગયેલ.

(૪૫) **મૂલદેવ** - મોટા જુગારી હોવા છતાં દીક્ષા લઈ શુદ્ધ ચારિત્ર પાળી મોક્ષે ગયા.

(૪૬) **પ્રભવસ્વામી** - જંબુસ્વામીથી પ્રતિબોધ પામી ૫૦૦ ચોરોની સાથે દીક્ષા લઈ ચૌદપૂર્વી-શ્રુતકેવળી બન્યા.

(૪૭) **વિષ્ણુકુમાર** - મહાપદ્મચક્રીના ભાઈ દીક્ષા લઈ ઘોર તપ કરી અનેક લબ્ધિઓનાં સ્વામી બન્યા.

**(૪૮) આર્દ્રકુમાર** - અનાર્યદેશમાં જન્મ હોવા છતાં, પ્રભુ દર્શનથી સમકિત પામી આર્ય દેશમાં આવી દીક્ષા લઈ અનેકોને પ્રતિબોધ કર્યા.

**(૪૯) દ્રઢપ્રહારી** - ગાય, બ્રાહ્મણ, સ્ત્રી, બાળક ચારની હત્યાં કર્યા પછી દીક્ષા લઈ જ્યાં સુધી પાપ યાદ આવ્યું ત્યાં સુધી કાઉસગ્ગ ધ્યાનમાં ઉપસર્ગો સહન કરી છ મહિને કેવલજ્ઞાન પામ્યા.

**(૫૦) શ્રેયાંસકુમાર** - બાહુબળીનો પૌત્ર આદિનાથ પરમાત્માને પ્રથમ પારણું કરાવનાર.

**(૫૧) કુરગડુ મુનિ** - ધર્મઘોષ સૂરિ પાસે દીક્ષા લઈ. ભૂખ સહન ન થવાથી સંવચ્છરીનાં દિવસે ઘડાભરી પુડી વાપરવા છતાં ક્ષમા ગુણનાં કારણે કેવલજ્ઞાન પામ્યા.

**(૫૨) શય્યંભવસૂરિ** - 'અહોકષ્ટં તત્ત્વં ન જ્ઞાયતે' આ શબ્દ દ્વારા પ્રતિબોધ પામી મહાવીરની ચોથી પાટે આવી દશવૈકાલિક આગમની રચના કરી.

**(૫૩) મેઘકુમાર** - આઠ રાજકુમારીઓ સાથે લગ્ન હોવા છતાં વીરપ્રભુની દેશનાથી વૈરાગ્ય પામી માત્ર આંખ છોડી શરીરનાં કોઈ અંગની સેવા ન કરવી તેવો અભિગ્રહ ધારણ કરેલ.

## ૮૮. ભરહેસરમાં આવતી ૪૭ મહાસતીઓનાં નામો

(૧) **સુલસા :** પ્રભુવીરની સમક્તિધારી પરમ શ્રાવિકા, લક્ષપાક તેલની ૩ બોટલ ફુટવા છતાં. કોઈ પશ્ચાતાપ નહિ. જેમનાથી અંબડ સમક્તિ પામ્યો. આવતી ચોવીશીમાં ૧૫માં તીર્થંકર થશે.

(૨) **ચંદનબાળા :** ૩૬,૦૦૦ સાધ્વીજીમાં પ્રમુખ, પ્રભુવીરનાં શાસનમાં પ્રથણ સાધ્વીજી. પ્રભુવીરનાં અભિગ્રહને પૂર્ણ કરવા વાળી. કેવળજ્ઞાન પામી મોક્ષે ગઈ.

(૩) **મનોરમા :** સુદર્શન શેઠની શ્રાવિકા, કાઉસગ્ગ ધ્યાનનાં પ્રભાવે પતિનાં શૂળીનું સિંહાસન બનેલ.

(૪) **મદનરેખા :** યુગબાહુની શીલવતી પત્ની. પતિને અંત સમય સમાધિ આપીને જંગલમાં જઈ પુત્ર જન્મ આપ્યો. જે નમિરાજર્ષિ બન્યો. પોતે દીક્ષા ગ્રહણ કરી.

(૫) **દમયંતિ :** નલરાજાની ધર્મપત્ની, અષ્ટાપદ ઉપર ચોવીસ તીર્થંકરોના લલાટ ઉપર તિલક ચઢાવેલ. ૧૨ વર્ષ વનવાસ ભોગવી. ચારિત્ર સ્વીકારી દેવલોકે ગઈ.

(૬) **નમયાસુંદરી :** પિતા-સહદેવ પતિ-મહેશ્વરદક્ષ, બુદ્ધિ દ્વારા શીલની રક્ષા કરી. અંતે દીક્ષા લઈ અવધિજ્ઞાની થઈ.

(૭) **સીતા :** જનકની પુત્રી, રામની પત્ની. શીલની પરીક્ષા માટે આગની ખાઈમાં પડી તો પણ શીલનાં પ્રભાવે સિંહાસન બન્યું. બારમાં દેવલોકે ઇન્દ્ર મહારાજ બનેલ.

(૮) **નંદા :** શ્રેણિકરાજાની પત્ની, અભયકુમારની માતા, અખંડ શીયલનું પાલન કરીને આત્માનું કલ્યાણ કરેલ.

(૯) **ભદ્રા :** શાલીભદ્રની માતા, ગોભદ્ર શેઠની પત્ની, પતિ, પુત્ર વિયોગમાં શીલધર્મનું પાલન કરીને આત્મ કલ્યાણ કર્યું.

(૧૦) **સુભદ્રાસતી :** જિનદાસ પિતા, તત્ત્વમાલિની માતા, સસુરાલવાળા બૌદ્ધ ધર્મી હોવા છતાં પોતે ધર્મથી ચલાયમાન ન થઈ. ચંપાપુરીનાં દ્વાર કુઆમાં કાચા સુતર દ્વારા પાણી કાઢીને છાંટી દરવાજા ખોલેલ. શીલધર્મનો જયજયકાર કરેલ.

(૧૧) **રાજીમતી :** ઉગ્રસેનરાજાની પુત્રી, નેમિનાથ પરમાત્મા પાસે ચારિત્ર ગ્રહણ કરી રહનેમિ સંયમથી ચલિત બન્યા તો હિત શિક્ષા આપી સ્થિર કર્યા તે શીલનો પ્રભાવ.

(૧૨) **રિષિદત્તા :** કનકરથ રાજાની રાણી, હરિષેણ તાપસની પુત્રી, કર્મનાં કારણે કલંક લાગ્યું છતાં શીલનાં પ્રભાવે પાર પામી દીક્ષા લઈ સિદ્ધપદ પામ્યા.

(૧૩) **પદ્માવતી :** ચેડારાજાની પુત્રી, દધિવાહન રાજાની પત્ની, પિતા પુત્રનાં થતાં યુદ્ધને રોકી. નિર્મલ ચારિત્ર પાળી આત્મકલ્યાણ કર્યું.

(૧૪) **અંજના સતી :** મહેન્દ્રરાજાની પુત્રી, પવનંજયની પત્ની, બાવીસ વર્ષ સુધી પતિનો વિયોગ. હનુમાન પુત્રને જન્મ આપી ચારિત્ર લઈ મોક્ષે ગયા.

(૧૫) **શ્રીદેવી :** શ્રીધર રાજાની શીલવતી રાણી દેવતાએ અપહરણ કરી શીલથી પતિત કરવા કોશીશ કરી છતાં પર્વત સમાન નિશ્ચલ બની દીક્ષા લઈ પાંચમાં દેવલોકે ગઈ.

(૧૬) **જયેષ્ઠા :** ચેડારાજાની પુત્રી, નંદિવર્ધન રાજાની ધર્મપત્ની, બારવ્રતધારી શ્રાવિકા, ઇંદ્રે પ્રશંસા કરી, દેવે પરીક્ષા કરી. પાર ઉતરી દીક્ષા લઈ કર્મ ખપાવી મોક્ષે ગઈ.

(૧૭) **સુજ્યેષ્ઠા :** ચેડારાજાની પુત્રી, ચંદનબાલા સાધ્વીજી પાસે દીક્ષા લઈ. તીવ્ર તપસ્યા કરી કર્મ ખપાવી મોક્ષે ગઈ.

(૧૮) **મૃગાવતી :** ચેડા રાજાની પુત્રી, કૌશામ્બીનાં રાજા શતાનીકની ધર્મ પત્ની, પ્રભુવીરની દેશના સાંભળી દીક્ષા ગ્રહણ કરી ચંદનબાળા શ્રીજી નો ઠપકો સાંભળતા પશ્ચાતાપ કરતાં કેવળી બન્યા.

(૧૯) **પ્રભાવતી :** ચેડા રાજાની પુત્રી, ઉદાયન રાજાની ધર્મપત્ની, જીવીત સ્વામીને જિનાલયમાં સ્થાપન કરી રોજ નૃત્યભક્તિ કરતી થી. વીરપ્રભુ પાસે દીક્ષા લઈ દેવલોકે ગઈ.

(૨૦) **ચેલ્લણા :** ચેડા રાજાની પુત્રી, શ્રેણીક રાજાની ધર્મપત્ની, પ્રભુવીરની પરમ શ્રાવિકા પ્રભુવીરનાં વચનથી અખંડ શીલવતીરૂપે પ્રસિદ્ધિ પામેલ.

(૨૧/૨૨) **બ્રાહ્મી-સુંદરી :** ઋષભદેવ ભગવાનની બંને પુત્રી, એક લીપીમાં, બીજી ગણિતમાં હોશિયાર, સુંદરીએ ૬૦,૦૦૦ વર્ષ સુધી આંબીલ કરી શરીરનું શોષણ કર્યું. બંને દીક્ષા લઈ મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

(૨૩) **રૂક્ષ્મણિ :** એક વિશુદ્ધ શીલવતી નારી હતી.

(૨૪) **રેવતી :** પ્રભુવીરની પરમશ્રાવિકા, તેજોલેશ્યાની વેદના સમયે કુષ્માંડ પાક વહોરાવનાર, આવતી ચોવીશીમાં **સમાધિ** નામનાં ૧૭વાં તીર્થંકર થશે.

(૨૫) **કુંતી :** પાંચે પાંડવોની માતા, વનવાસ સમયે પણ ધર્મ શ્રદ્ધા, કાયોત્સર્ગ કરેલ. પુત્ર-પુત્રવધુ સાથે દીક્ષા લઈ શત્રુંજયે મોક્ષે ગઈ.

(૨૬) **શિવાદેવી :** ચેડા રાજાની પુત્રી, ચંડપ્રદ્યોત રાજાની પટરાણી, દેવકૃત ઉપસર્ગમાં અચલ, ઉજ્જયિની નગરીમાં લાગેલી આગ એના દ્વારા પાણી છાંટતા શાંત, અંત મે ચારિત્ર લઈ **મોક્ષપદને** પ્રાપ્ત થયેલ.

(૨૭) **જયંતિ :** કૌશાંબી નગરીની શતાનિકરાજાની રાણી, પ્રભુવીરની પ્રથમ શય્યાતરી અનેક તત્ત્વનાં પ્રશ્નો પૂછી સમાધાન મેળવી દીક્ષા લઈ મોક્ષે ગઈ.

(૨૮) **દેવકી :** વસુદેવની પત્ની, કૃષ્ણની માતા, એના છ પુત્ર એક સાથે શત્રુંજયે મોક્ષે ગયા. પોતે દીક્ષા લઈ ચારિત્ર પાળી દેવલોકે ગઈ.

(૨૯) **દ્રૌપદી :** પાંચ પાંડવોની પત્ની, પતિની સાથે દીક્ષા ગ્રહણ કરી, શીલને અખંડિત રાખી અંતે શત્રુંજય ઉપર દેવલોકે ગઈ.

(૩૦) **ધારણી :** ચંદનબાળાની માતા, જંગલમાં શીલરક્ષા માટે જીભ કચડીને પ્રાણ ત્યાગ કરેલ.

(૩૧) **કલાવતી :** શંખરાજાની ધર્મપત્ની, રાજાને શંકા થતાં જંગલમાં મોકળી હાથને કડા સાથે કાપીને રાજાને આપ્યા. શીલ પ્રભાવે હાથ પાછા આવ્યા. અંતે દીક્ષા લઈ દેવલોકે ગઈ.

(૩૨) **પુષ્પચૂલા :** પુષ્પચૂલ-પુષ્પચૂલા બંને ભાઈ બહેન, પરસ્પર લગ્ન થયા. સ્વર્ગ નરક દેખી પ્રતિબોધ પામી અર્ણિકાપુત્રાચાર્ય પાસે દીક્ષા લઈ કેવળી બન્યા.

૩૩ થી ૪૦. **પદ્માવતી-ગૌરી-ગાંધારી-લક્ષ્મણા-સુસીમા-જાંબાવતી-સત્યભામા-રૂક્મિણી :** આ આઠે કૃષ્ણની પટરાણીઓ છે. બધી પટરાણીઓ શીલ રક્ષામાં પાર પામેલી. બધાએ અંતે નેમિનાથ પરમાત્મા પાસે દીક્ષા લઈ આત્મ કલ્યાણ સાધ્યું. આમાં શાંબની માતા જાંબવતી અને પ્રદ્યુમ્નની માતા રૂક્ષ્મણી છે.

૪૧ થી ૪૭. **યક્ષા-યક્ષદિન્ના-ભૂતા-ભૂતદિન્ના-સેણા-વેણા-રેણા** = આ સાતે સ્થૂલભદ્ર સ્વામીની બહેન છે. એક એકવાર બીજીને બે વાર એમ સાતમી ને સાતવાર બોલવાથી સાંભળવાથી યાદ થઈ જાય. સાતે બેનો એ દીક્ષા ગ્રહણ કરી નિર્મલ સંયમ જીવન પાળી આત્મકલ્યાણ કર્યું.

## ૮૯. પંચવસ્તુ ગ્રંથની પાંચવસ્તુ

- (૧) પ્રવજ્યા વિધાન (૨) પ્રતિદિન ક્રિયા (૩) વ્રતસ્થાપના (૪) અનુયોગગણાનુજ્ઞા (૫) સંલેખના

## ૯૦. સ્વાધ્યાયનો લાભ

**शतेन पुस्तके विद्या, सहस्त्रेण मुखोद्‌गता ।**
**लक्षेण जन्म पर्यन्त कोट्‌या जन्मान्तरे खलु ॥**

કોઈ શબ્દ-વાક્ય સો વાર ગોખે તો પુસ્તકમાં રહે અને ૧૦૦૦ વાર ગોખે

તો મુખમાં રહે, લાખવાર ગોખે તો જીવનભર યાદ રહે અને ૧ કરોડ વાર ગોખે તો પરભવમાં પણ સાથ આપે.

## ૯૧. સ્વાધ્યાયથી સાત ગુણોની પ્રાપ્તિ

**आयहिअ परिण्णा, भवसंवरो नव नवोअ संवेगो**

**निक्कंपया तवो निज्जराय, परदेसिअतं च ॥५५५॥**

(૧) **आयहिय परिण्णा :** આત્માનાહિતની પરિજ્ઞા એટલે સ્વાધ્યાય કરવાથી આત્માનાં હિતનો યથાર્થ બોધ થાય છે. જેમ જેમ સ્વાધ્યાય વધે તેમ તેમ આત્મહિત માટે સૂક્ષ્મત્તર બોધ પ્રાપ્ત થાય છે.

(૨) **भाव संवरो :** આત્માના આંતરિક સ્વભાવમાં સંવૃત્ત બનીને રહેવું તે ભાવ સંવર છે. સ્વાધ્યાયનાં કારણે શ્રુતજ્ઞાનમાં ઉપયોગ થવાથી કષાય રહિત બને છે. જેમ જેમ સ્વાધ્યાય વધે તેમ તેમ સંવરભાવમાં વૃદ્ધિ થાય છે.

(૩) **नवनवोसंवेग :** સંવેગ એટલે મોક્ષની ઇચ્છા. નવા નવા શાસ્ત્રો ગ્રંથો-ચરિત્રનો અભ્યાસ - વાંચન થવાથી મોક્ષની અભિલાષા વૃદ્ધિ પામે છે. એટલે સ્વાધ્યાયને નવ નવો સંવેગ કહેવાય.

(૪) **निक्कंपया :** જેમ જેમ શાસ્ત્રોનું અધ્યયન થાય તેમ તેમ ઉપશમ ભાવના સુખનો અનુભવ થાય. ઉપશમ ભાવનાં કારણે ઉપસર્ગો-પરિષહમાં નિષ્કંપન પણું (એટલે સહનશીલતા) ઉત્પન્ન થાય. તેનાથી દર્શનજ્ઞાન-ચારિત્રની ઉજ્જવલતા વૃદ્ધિ પામે

(૫) **तवो :** સ્વાધ્યાય એક 'પર' તપ અને 'પ્રધાન' તપ કહેવાય. અભ્યંતર તપ જે બતાયા છે તેમાં પ્રધાનતાં 'સ્વાધ્યાય' તપની છે.

(૬) **निज्जरा :** જેમ જેમ સ્વાધ્યાય-વાંચનમાં વધારે ઉંડી ઉતરે છે. તેમ તેમ ચોટેલા કર્મો નાશ પામે છે. તેજ કર્મનિર્જરા કરાવે છે.

(૭) **परदेसिऽपभत्ते :** પોતે ગીતાર્થ બની બીજાને બોધ આપવો તે પરદેસિ અભય જેટલો સ્વાધ્યાય વધારે તેટલી ગીતાર્થની યોગ્યતા વધારે. શાસ્ત્રપાઠ વાંચવાવાળો જ બીજાને સારી રીતે બોધ પમાડી શકે છે.

**( पंचवस्तु - ५५५ )**

## ૯૨. સ્વાધ્યાયની મહત્તા

**बारसविहंमिवि तवे, सब्भितर बाहिरे कुसल दिट्ढठे ।**
**न वि अत्थि, न वि हो ही, सज्झाय समं तवो कम्मं ॥५६२॥**

કુશલ તીર્થંકરોએ છ બાહ્ય છ અભ્યંતર એમ ૧૨ પ્રકારનાં જે તપ કહ્યા છે એમાં સ્વાધ્યાય જેવો તપ છે પણ નહિ અને થશે પણ નહિ.

**( पंचवस्तु - ५६२ )**

**ते अन्नाणी कम्मं खवेइ, बहुआहिं वासकोडिहिं ।**
**तं नाणी तिहिं गुत्तो, खवेइ उसास मित्ते णं ॥५६३॥**

અજ્ઞાની વ્યક્તિ કરોડો વર્ષમાં જે કર્મ ખપાવે એનાં કરતાં ત્રણ ગુપ્તિ થી યુક્ત સ્વાધ્યાય કરવાવાળો વ્યક્તિ શ્વાસ માત્રમાં કર્મ ખપાવે છે.

**एसो तित्थयरत्तं सव्वन्नतुं च जायइ कमेणं ।**
**इअ परमं मोक्खंगं, सज्झाओ होइ पायव्वो ॥५६६॥**

સ્વાધ્યાય કરવા દ્વારા જે ગુણો પ્રગટ થાય છે તેનાથી તીર્થંકરપણા યા સર્વજ્ઞપણાની પદવી પ્રાપ્ત થાય છે. કારણ સ્વાધ્યાય આ એક મોક્ષાંગ તત્ત્વ છે. **( पंचवस्तु )**

## ૯૩. બહુવેલ સંદિસાહું કેમ ?

સાધુ-સાધ્વીજી તથા વિરતિધર શ્રાવક-શ્રાવિકા પૌષધમાં આ દેશ માંગે છે.

(૧) બહુવેલ સંદિસાહુ - શ્વાસોશ્વાસની ક્રિયા ગુરુને પૂછી શકાતી નથી.

(૨) બહુવેલ કરશું - આંખના નિમેષ-ઉન્મેષ પણ ગુરુને પૂછી શકાતા નથી માટે **(પંચવસ્તુ-૫૫૩)**

## ૯૪. તીર્થંકર તુલ્ય આચાર્ય ભગવંત

**तित्थयर समोसूरि ( महानिशीथग्रंथ )**

હરિભદ્રસૂરિએ સંબોધપ્રકરણ ગ્રંથમાં આચાર્ય તે તીર્થંકરની તુલના નવ પ્રકારે કરી છે.

(૧) જેમ તીર્થંકર પરમાત્મા બીજા દર્શનોથી ડરતા નથી અને એમની લઘુતા પણ નથી હોતી તેમ આચાર્ય ભગવંત પણ અન્ય ધર્મથી ડરીને લઘુતા પામતા નથી.

(૨) જેમ તીર્થંકર તીર્થની સ્થાપના પછી ગોચરી જતા નથી તેમ આચાર્ય ભગવંત પણ ગોચરી જતા નથી.

(૩) જેમ તીર્થંકર અર્થની દેશના આપે તેમ આચાર્ય ભગવંત પણ પંચાચાર આદિના અર્થ વિસ્તારથી સમજાવે.

(૪) જેમ તીર્થંકર પર્ષદામાં મધ્ય બેસીને દેશના આપે તેમ આચાર્ય પણ પાટ

ઉપર સિંહાસનમાં બેસીને દેશના આપે.

(૫) જેમ તીર્થંકરની આજ્ઞાનું ઉલ્લંઘન ન થાય તેમ આચાર્ય ભગવંતની આજ્ઞા શાસનને તે હિતકારી હોવાથી ઉલ્લંઘન થતું નથી.

(૬) જેમ તીર્થંકર માંડલીની વચ્ચે બેસીને ગોચરી ન વાપરે તેમ આચાર્ય ભગવંત પણ અલગ પાટ ઉપર બેસીને ગોચરી વાપરે.

(૭) જેમ તીર્થંકર દરેક ગામે નગરે પૂજનીય બને છે તેમ આચાર્ય પણ જ્યાં વિચરે ત્યાં પૂજનીય બને છે.

(૮) જેમ તીર્થંકર પરમાત્મા પરિસહો ઉપસર્ગોને સહન કરે તેમ આચાર્ય ભગવંત પણ અનેક કષ્ટોને સહન કરીને શાસન પ્રભાવના કરે.

(૯) જેમ તીર્થંકર લોક કાર્યની ચિંતા ન કરે. પોતાની પ્રશંસા ન કરે, નિષ્કારણ બોલે નહિ તેમ આચાર્ય ભગવંત પણ પોતોની પ્રશંસા કર્યા વિના પોતાનાં આચારપાલન દ્વારા દુનિયામાં પ્રભાવ પાડે.

**(સંબોધપ્રકરણ ગુરુઅધિકાર ગા. ૧૪૮ થી ૧૫૨)**

## ૯૫. નયચક્રગ્રંથની દુર્લભતા

- મલ્લવાદી સૂરિ દ્વારા રચિત નયચક્ર ગ્રંથની એક પોથી કોઈક બ્રાહ્મણ પંડિત પાસે હતી. પરંતુ તે પંડિત આપતા ન હતા. એક વખત પંડિતજી કથા કરવા માટે બહાર ગયેલા ત્યારે બ્રાહ્મણીને ખુશ કરીને થોડા દિવસ માટે લાવેલ અને પંડિતજી આવતા પહેલાં પાછી આપી દેવાની વિ.સં. ૧૭૧૦ પોષ માસમાં, પાટણ નગરમાં, ૭ મુનિવરોએ રાત દિન દેખ્યા વિના ૧૮,૦૦૦ શ્લોક શુદ્ધભાષામાં લખેલ. ભિન્ન ભિન્ન અક્ષરવાળો ગ્રંથ **નયચક્ર** આજે પણ પ્રાપ્ત થાય છે.

## ૯૬. કોડાયનું જ્ઞાનમંદિર

- કચ્છપ્રદેશમાં ૭૨ જિનાલયની પાસે કોડાય ગામ છે. મનસુખલાલે ત્યાં જ્ઞાન ઉપાર્જન હેતુ મંડળી તૈયાર કરેલ. ત્યાં જ્ઞાનમંદિરનું નિર્માણ, ઘુમ્મટ, શિખર, ગર્ભગૃહ વિ. બધુ બનાવેલ જેમાં સાપડા ઉપર ગણિપિટક (આગમ) રાખેલ. દરરોજ ત્યાં પંડિત લાલન પંડિત શિવજીભાઈ વિ. અભ્યાસ કરાવતા. આગમને પણ પ્રદક્ષિણા-ખમાસમણા, કાઉસગ્ગ, ચૈત્યવંદન વિ. ક્રિયા થતી હતી. (જ્ઞાનપદ ભજીયે રે પુસ્તકમાંથી)

## ૯૭. શ્રાવક દ્વારા શ્રુત લેખન

- સુરતમાં ૧૬વી શતાબ્દિમાં એક શ્રાવકે એવો અભિગ્રહ કરેલ કે જયારે પૌષધશાળામાં પ્રવેશ કરૂં ત્યારે ૫૦૦ શ્લોક લખવા અને ઘેર રહુ ત્યાં ૧૦૦ શ્લોક લખવા. આમ કરતાં આવશ્યક અવચૂર્ણી ગ્રંથ સંપૂર્ણ પણે લખેલ જે આજે પણ સુરતનાં જ્ઞાન ભંડારમાં હાજર છે.

(જ્ઞાનપદ ભજીયે રે પુસ્તકમાંથી)

## ૯૮. પેથડમંત્રીની શ્રુતભક્તિ

- માંડવગઢના મંત્રી હોવા છતાં જયારે પ્રતિક્રમણનો સમય થાય ત્યારે ૨ યોજન સુધી પણ સાધુનો સંયોગ મળે તો ત્યાં જઈને પ્રતિક્રમણ કરવું. અને જયારે ચૌદસ આવે ત્યારે ૪ યોજન પણ જઈને સાધુ પાસે પક્ખીસૂત્ર સાંભળીને પ્રતિક્રમણ કરવું.

આજ મંત્રી એ પ્રથમણીદેવીનો પ્રેરણાથી પાલખીમાં બેસીને રાજમંદિર જતા ઉપદેશમાળા ગ્રંથ કંઠસ્થ કરતાં અને પાછા આવતા પુનરાવર્તન

કરતાં. આમ કરતાં ઉપદેશ માળાની **૫૪૪** ગાથા કંઠસ્થ કરેલી. ૩૬,૦૦૦ સુવર્ણમુદ્રા દ્વારા ભગવતી સૂત્રની પૂજા કરેલ. **(સુકૃતસાગર)**

## ૯૯. કુમારપાલ રાજાની બારવ્રતની ઝાંખી

(૧) **પ્રાણાતિપાત વિરમણ વ્રત :** અઢારે દેશમાં અમારી પડહ વગડાવેલ અને બાકીનાં ૧૪ દેશોમાં દ્રવ્ય દ્વારા પણ જીવરક્ષા કરાવેલ. પોતાને ત્યાં ૧૧ લાખ ઘોડા, ૮૦,૦૦૦ ગાયો. ૮૦,૦૦૦ હાથી વિ. બધાને પાણી ગાળીને વપરાવતા હતા. ૧૮ દેશમાં પાણી ગાળીને વપરાવવાની વ્યવસ્થા કરેલ. 'મારી' શબ્દ સાંભળતા જ દંડ આપવામાં આવતો.

(૨) **મૃષાવાદ વિસ્મરણ વ્રત :** પોતાના મુખથી અસત્યનું આચરણ થઈ જાય તો આંબિલતપ કરવું.

(૩) **અદત્તાદાન વિસ્મણવ્રત :** જેને પુત્ર ન હોય, પતિ ન હોય, તે સ્ત્રીનું ધનગ્રહણ ન કરવું. તે પ્રથા બંધ કરી. દર વર્ષે ૧ કરોડ રૂપિયા સાધર્મિકમાં વાપરવા. આવી રીતે ૧૪ કરોડ દ્રવ્યનો વ્યય સાધર્મિક પાછળ થયો.

(૪) **મૈથુન વિરમણ વ્રત :** પોતાની આઠ રાણી સિવાય બીજા રાણીનો ત્યાગ ચાતુર્માસમાં મન-વચન-કાયા દ્વારા બ્રહ્મચર્યનું પાલન, મનમાં પણ કુવિચાર આવે તો ઉપવાસ કરવો. રાણીનો સ્વર્ગવાસ થયા પછી જીવનભર શુદ્ધબ્રહ્મચર્યનું પાલન.

(૫) **પરિગ્રહ પરિમાણ વ્રત :** '૭' કરોડ સોનું, ૧૦ તોલા રત્નમણી, ૩૨,૦૦૦ મણ ઘી, તેલ, ત્રણ લાખ મુઢા ધાન્ય, ૧૧ લાખ ઘોડા, ૮૦ હજાર ગાય,

૮૦,૦૦૦ હાથી. ૫૦૦ નાવડીઓ, ૫૦ હજાર રથ, ૧૮ કરોડ પાયદલ આનાથી વધારે કાંઈ ન રાખવાનું.

(૬) **દિગ્પરિમાણ વ્રત :** ચાતુર્માસ માં ગમે તેવું કારણ બને તો પણ નગર છોડીને બહાર ન જવું. ચારે દિશાનો ત્યાગ.

(૭) **ભોગોપભોગ વિરમણ વ્રત :** માંસ, મદિરા, મધ, માખણ ચાર મહાવિગઈનો સંપૂર્ણ ત્યાગ અને બીજા દેશમાં પણ ત્યાગ માટે અથાગ પ્રયત્ન.

(૮) **સામાયિક વ્રત :** બંને સમયનું પ્રતિક્રમણ પોતાના સામંતો સાથે પૌષધશાળામાં સામાયિક, સામાયિકમાં ગુરુ સિવાય કોઈ સાથે ન બોલવું દરરોજ વીતરાગ સ્તોત્રનાં વીસપ્રકાશ, યોગશાસ્ત્રનાં ૧૨ પ્રકાશ ગોખવા.

(૯) **દેશાવગાસિક વ્રત :** ચાતુર્માસમાં સામાયિક પ્રતિક્રમણ ખાસ કરવા લડાઈનો ત્યાગ સુલતાન લડવા આવેલ તો પણ ગુરુએ ચમત્કાર બતાવેલ.

(૧૦)**પૌષધવ્રત :** અષ્ટમી-ચૌદસનાં દિવસે પૌષધ કરવા. કાઉસગ્ગમાં મંકોડાનો ઉપદ્રવ થયો. કાયાની ચામડી આપી પણ ચલાયમાન ન થયા. પૌષધનાં દિવસે અનેક જિનાલયો ને જુહારવા નો કાર્યક્રમ કરતા.

(૧૨) **અતિથિસંવિભાગ વ્રત :** જે રાજાની સાથે પૌષધ કરવા જાય સવારે પારણાં નાં દિવસે બધાને પારણું કરાયા પછી અલંકારની પહેરામણી કરી પછી પોતે પારણું કરતાં. અને પૌષધશાળા તથા ઉપકરણોનું પડિલેહણ કરવા વાળા વ્યક્તિને ૫૦૦ ઘોડા તથા સાત ગામનાં કરવેરાની આવક આપેલ. **(ઉપદેશ કલ્પવલ્લી)**

## ૧૦૦. સમ્યગ્દર્શન નિર્મલહેતુ ૧૦ પ્રકારની રૂચિ

(૧) **નિસર્ગ રૂચિ** - પોતાની બુદ્ધિથી તત્ત્વો ઉપર શ્રદ્ધા કરવી તે.

(૨) **ઉપદેશરૂચિ** - નવતત્ત્વનો ઉપદેશ સાંભળીને શ્રદ્ધા કરવી તે.

(૩) **આજ્ઞારૂચિ** - સર્વજ્ઞનાં વચન વડે તત્ત્વની રૂચિ થાય તે.

(૪) **સૂત્ર રૂચિ** - ગણધર પ્રણીત સૂત્રો ઉપર રૂચિ રાખવી તે.

(૫) **બીજ રૂચિ** - જેમ બીજ અનેકને ઉત્પન્ન કરે તેમ એક શબ્દ દ્વારા અનેક અર્થ સાંભળીને રૂચિ થાય તે.

(૬) **અધિગમ રૂચિ** - ચૌદપૂર્વનાં રહસ્યને જાણીને શ્રદ્ધા કરવી તે.

(૭) **વિસ્તાર રૂચિ** - દ્રવ્ય-નય-પ્રમાણ આદિનો વિસ્તાર સાંભળીને શ્રદ્ધા કરવી તે.

(૮) **ક્રિયા રૂચિ** - પાંચ પ્રકારનાં આચારોનું સુંદર પાલન કરવા દ્વારા રૂચિ થાય તે.

(૯) **સંક્ષેપરૂચિ** - ત્રિપદી સાંભળી દ્વાદશાંગીનાં વિસ્તાર ઉપર શ્રદ્ધા કરવી તે.

(૧૦) **ધર્મરૂચિ** - શ્રુતધર્મ વડે શ્રુતધર્મમાં રૂચિ થાય તે. **(સમ્યક્ત્વપ્રકરણ)**

## ૧૦૧. વસ્તુપાલ મંત્રીના બિરૂદો

| | |
|---|---|
| (૧) પ્રાગ્વાટ જાતિ અલંકરણ | (૧૧) જ્ઞાતિવરાહ |
| (૨) સરસ્વતી કંઠાભરણ | (૧૨) જ્ઞાતિગોવાલ |
| (૩) સચિવ ચૂડામણી | (૧૩) સૈયદ વંશ |
| (૪) કૂર્ચાલ સરસ્વતી | (૧૪) સાંખલારાય માનમર્દન |

(૫) ધર્મપુત્ર
(૬) દાતાર ચક્રી
(૭) અતીજાયબુદ્ધિતુલ્ય
(૮) લઘુભોજ રાજા
(૯) રૂચિ કંદર્પ
(૧૦) ચતુર ચાણાક્ય
(૧૫) સર્વજનશ્લાઘનીય
(૧૬) પરનારી સહોદર
(૧૭) ઋષિપુત્ર
(૧૮) ઉત્તમજન માનનીય
(૧૯) નિર્વિકારપુરુષ
(૨૦) ધીરગંભીર

(વસ્તુપાલ બિરૂદાવલી)

## ૧૦૨. વાંદણાનાં ૨૫ આવશ્યક

**दोवणय महाजायं, आवत्ता चउसिर तिगुतं ।**
**दुपवेसिग निक्खमणं, पणवीसावसय किइकम्मे ॥१८॥**

| | |
|---|---|
| ૨ - બે અવનત | - બે વખત ઉભા રહીને મસ્તક નમાવવું તે. |
| ૧ - એક યથાજાતમુદ્રા | - ઉભડપગે બેસવું તે |
| ૧૨- બાર આવર્ત | - બંને વાંદણામાં ૧૨ વખત મુહપત્તિ અને મસ્તકે સ્પર્શ. |
| ૪ - ચાર શિરોનમન | - બંને વાંદણામાં બેઠા બેઠા ચાર વખત મસ્તક નમાવવું તે. |
| ૩ - ત્રણ ગુપ્તિ | - મન-વચન-કાયાની ગુપ્તિથી ગુપ્ત બનવું તે. |
| ૨ - બે પ્રવેશ | - બે વખત અવગ્રહમાં પ્રવેશ કરવો તે |
| ૧ - નિષ્ક્રમણ | - એક વખત પ્રવેશ પછી બહાર નીકળવું તે. |

(ગુરુ વંદન ભાષ્ય)

## ૧૦૩. નગરશેઠની પોળમાં ગોડીજી પાર્શ્વનાથ...

- સુરતનાં શેઠ ડાહ્યાલાલભાઈ લાલભાઈ નવલખા પરિવારે સુરતથી મોરવાડાનાં ગોડી પાર્શ્વનાથનાં દર્શનાર્થ સંઘ કાઢેલ. એ વખતે શેઠાણીને ગર્ભકાળ પૂર્ણ થવાની તૈયારીનાં કારણે શેઠાણી સંઘમાં જઈ ન શક્યા. સંઘનો વિદાય થયા પછી શેઠાણી પોતાની આત્માને નિંદવા લાગ્યા. અરે રે ! કેવા મારા કર્મોનો ઉદય જાગ્યો. સંઘમાં જવા ન મળ્યું. પરમાત્માની પૂજા સાધુ-સાધ્વીજીની ભક્તિ નો મને લાભ ન મળ્યો. પશ્ચાતાપનાં કારણે આંસુ પડવા લાગ્યા. શેઠાણીનાં તીવ્ર પશ્ચાતાપનાં કારણે ભાગ્યનો ઉદય જાગ્યો અને સંઘમાં રહેલા પ્રતિમાજીએ શેઠાણીને દર્શન આપ્યા. શેઠાણીએ હર્ષ વિભોર થઈને પોતાની પાસે રહેલો સુવર્ણ હાર પરમાત્માને પહેરાવી દીધો. પ્રતિમાજી હાર સાથે મોરવારમાં પ્રગટ થયાં. શેઠ આશ્ચર્ય પામ્યા. સુરત જઈને ઘટના જાણ્યા પછી સુરત નગર શેઠની પોળમાં વિ.સં. ૧૮૮૨માં ગોડીજી પાર્શ્વનાથ જિનાલયનું નિર્માણ કરેલ. જે આજે પણ મૌજૂદ છે. આજ જિનાલયમાં પિત્તલનું સમવસરણ **અજારી** થી લાવેલ છે.

**(જૈન પરંપરાનો ઈતિહાસ ભાગ-૪)**

## ૧૦૪. નવસારીમાં ચિંતામણી પાર્શ્વનાથ

- ૭૦૦ વર્ષ પહેલાં નવસારીની જોરદાર જાહોજહાલી હતી. તેજપાલમંત્રી સોપારક તીર્થની યાત્રા કરીને પાછા ફરતા નવસારી આવતાં બાવન જિનાલયનું નિર્માણ કરેલ. તેમાં ચિંતામણી પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવેલ.

મુસ્લિમોનાં આક્રમણમાં મંદિર મસ્જીદ બની ગયા. હાલ જે મૂર્તિ છે તે સ્વપ્નાનુંસાર ભૂર્ગભમાંથી પ્રાપ્ત થયેલ.

(તીર્થ દર્શન - પ્રબંધ પંચશતી)

## ૧૦૫. આજ્ઞામાં ધર્મની પ્રધાનતા

**आणाए तवो आणाए संयमो, तध्य दाण माणा ए ।**

**आणारहिओ धम्मो, मुणिणं भणिओ तहा असारो ॥१५५॥**

**जह तुस खंडण मय मंडणाणि, रुइयाणि सुण्णरणंमि ।**

**विहलाइ तहा जाणसु, आणारहिअं अणुट्ठाणं ॥१५६॥**

- આજ્ઞાનું સાર તપ છે આજ્ઞામાં જ સંયમ છે. આજ્ઞામાં જ દાન છે. આજ્ઞા વિનાનાં ધર્મને મુનિઓએ અસાર કહેલ છે.
- જેવી રીતે ફોતરાને ખાંડવા, મૃતકને સજાવવું, જંગલમાં જઈને રોવું નિષ્ફળ છે તેવી રીતે આજ્ઞા વિનાનું અનુષ્ઠાન નિષ્ફળ છે.

(સંબોધ પ્રકરણ)

## ૧૦૬. ઉણોદરી તપનું વર્ણન

**अप्पाहार अवड्ढा-दुभाग पत्ता तहेव किं चूणा ।**

**अट्ठदुवालस सोलस, चउवीस तहेक्क तीसाय ॥**

( दश.नि.गा.४७ टीका )

- ૧ થી ૮ કવળને અલ્પાહાર કહેવાય.
- ૯ થી ૧૨ કવળને અપાર્દ્ધ કહેવાય.

- ૧૩ થી ૧૬ કવળને દ્વિભાગ કહેવાય.
- ૧૭ થી ૨૪ કવળને પ્રાપ્ત કહેવાય.
- ૨૫ થી ૩૧ કવળને કિંચિત્ન્યૂન કહેવાય. ત્યાં સુધી ઉણોદરી તપ કહેવાય.
- કુકડીનાં ઈંડા પ્રમાણવાળા પુરુષને નિશ્ચેથી ૩૨ કવળ અને સ્ત્રીને નિશ્ચેથી ૨૮ કવળનો આહાર કહેવાય.

## ૧૦૭. 'છ' પ્રકારની અપ્રશસ્ત ભાષા

(૧) **હિલીતા :** અનાદરપૂર્વક બોલાવવું તે હે સાધુ ?

(૨) **ખીંસીતા :** સામેનાં વ્યક્તિનું અયોગ્ય વર્તન દેખીને નિંદાપૂર્વક બોલાવવા તે હે ચોર !

(૩) **પુરુષ :** અપશબ્દ દ્વારા બોલાવવા તે હે દુષ્ટ ! હે બદમાશ !

(૪) **અલીકા :** ઝૂઠો આરોપ આપીને બોલાવવું તે. દિવસે કેમ ઉંઘે છે ?

(૫) **ગાર્હસ્થી :** ગૃહસ્થની ભાષા બોલવી. કાકા, મામા, પિતા, અંકલ આદિ.

(૬) **ઉપશમકલહ પ્રવર્તિની :** ઝઘડો શાંત થયા પછી ફરીથી કોઈ નિમિત્ત દ્વારા ઝઘડો કરાવવો તે.

## ૧૦૮. છ પ્રકારના શબ્દોનો અવાજ

(૧) **તત** - મૃદંગાદિથી ઉત્પન્ન થતો અવાજ.

(૨) **વિતત** - વીણા આદિથી ઉત્પન્ન થતો અવાજ.

(૩) **ધન** - કાંસાની થાળી ઉપર ડંકાથી ઉત્પન્ન થતો અવાજ.

(૪) **શુષિર** - વાંસળી - પાવા વિગેરેથી ઉત્પન્ન થતો અવાજ.

(૫) **સંઘર્ષ** - લાકડા ઉપર કરવત ઘસવાથી ઉત્પન્ન થતો અવાજ.

(૬) **ભાષા** - પ્રાણી પોતે પોતાના મુખથી ઉત્પન્ન થતાં શબ્દોનો અવાજ.

**(તત્ત્વાર્થ સૂત્ર સભાષ્ય ભાષાંતર)**

## ૧૦૯. પાંચ પ્રકારની નિદ્રા

(૧) **નિદ્રા** - સુખેથી જાગી શકાય અથવા ઈશારા માત્રથી જાગી શકાય.

(૨) **નિદ્રા-નિદ્રા** - થોડા મુશ્કેલીથી જાગી શકાય તે.

(૩) **પ્રચલા** - બેઠા-બેઠા ત્યાં ઉભા ઉભા ઝોકા આવે તે.

(૪) **પ્રચલા-પ્રચલા** - ચાલતાં ચાલતાં ઝોકા આવે તે.

(૫) **થીણદ્ધિ** - દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઉંઘમા કરે તે આ નિદ્રામાં વાસુદેવ થી અડધું બલ હોય મરીને નરકગતિમાં જાય. **(કર્મગ્રન્થ)**

## ૧૧૦. ધર્મકથાનાં ચાર પ્રકાર

(૧) **આક્ષેપણી** - સાધુયા શ્રાવક આવી ધર્મ કથા કરે જેનાં કારણે શ્રોતાનાં કાન અને મન બંને પ્રસન્ન થઈ ધર્મ સન્મુખ આગળ વધે તે.

(૨) **વિક્ષેપણી** - બીજા દર્શન (બીજા ધર્મ) થી વિમુખ બની મિથ્યાત્વનો ત્યાગ કરે તે.

(૩) **સંવેદની** - નરકાદિ દુઃખોનું વર્ણન, પાપકર્મ શામાં બંધાય આ બધુ જાણ્યા પછી સંસારનાં સુખ ઓછા કરવાની ઈચ્છા જાગે તે.

(૪) **નિર્વેદની** - મહાપુરુષોનાં એવાં જીવન ચરિત્ર સાંભળે જેનાં કારણે સંસાર પ્રત્યે નિર્વેદ ભાવ જાગી મોક્ષમાર્ગની સંયમ લેવાની તાલાવેલી લાગે તે.

## ૧૧૧. તીર્થ કોને કહેવાય ?

तित्थं भंते ! तित्थं ? तित्थयरे तित्थं ? गोयमा ! अरिहा ताव नियमा तित्थयरे, तित्थं पुण चाउव्वण्णे समणसंघे पढमगणहरे वा ॥

• **ભાવાર્થ :** ગૌતમસ્વામીએ પરમાત્માને પ્રશ્ન પૂછ્યો કે પરમાત્મા ! તીર્થ કોને કહેવાય. ત્યારે પરમાત્માએ કહ્યું, તીર્થનાં સ્થાપક **તીર્થંકર પરમાત્મા !** તીર્થંકરે સ્થાપેલો **ચતુર્વિધ સંઘ** અને **પ્રથમ ગણધર** આ ત્રણને તીર્થની ઉપમા પરમાત્માએ આપેલ છે. (ભગવતી સૂત્ર-૬૮૩)

## ૧૧૨. સાચુ સમ્યક્ત્વ

**मन्नइ तमेव सच्चं, निसंकं जं जिणेहिं पन्नतं ।**
**सुहपरिणामा सम्मं, कंखाइ विसुत्ति आराहिओ ॥१॥**

• **ભાવાર્થ :** પરમાત્માએ જે કહ્યું તેજ સાચું છે એ પ્રમાણે શંકા વગર માનવું. અન્ય ધર્મની ઈચ્છા પણ રાખ્યા વિના સાચુ માનવું એજ આત્માનો શુભ પરિણામ છે. (છઠીવીંશીકા ગા. ૧૪)

## ૧૧૩. કઈ તિથીએ કઈ આરાધના

(૧) અજવાળી બીજ - જ્ઞાન આરાધના
(૨) અજવાળી પાંચમ - જ્ઞાનની આરાધના
(૩) અજવાળી અષ્ટમી - ચારિત્રની આરાધના
(૪) અજવાળી અગ્યારસ - જ્ઞાનની આરાધના
(૫) અજવાળી ચૌદસ - ચારિત્રની આરાધના

આ પાંચે તિથિઓમાં પૌષધની આરાધના કરવી. એમાં જ્ઞાનની તિથી હોય તો જ્ઞાનની આરાધના કરવી. ચારિત્રની તિથિ નાં દિવસે પૌષધ વિ. કરી ચારિત્ર **ધર્મનીસુંદર** આરાધના કરવી. **(સંબોધ પ્રકરણ)**

## ૧૧૪. પાંચ સમિતિનું સ્વરૂપ

इर्याभाषैषणाऽऽदान निक्षेपोत्सर्गाः समितयः ॥९-५॥

(1) **भाष्यम्** - तत्रावश्यकायैव संयमार्थ सर्वतो युगमात्र निरीक्षणा युक्तस्थ शनैर्न्यस्तपदा गतिरीर्यासमिति ॥१॥

- **ભાવાર્થ :** આવશ્યક કાર્ય માટે જ ચારે બાજુ યુગ પ્રમાણ નિરીક્ષણ થી યુક્ત ધીમે ધીમે મુકાયેલા પગલા વાળી ગતિ તે ઈર્યા સમિતિ.

(2) **भाष्यम्** - हितमित्तासंदिग्धानवद्यार्थनियतभाषणं - भाषासमिति ॥२॥

- **ભાવાર્થ :** હિત-મિત-અશંક્તિ-નિરવદ્ય (છજીવનિકાયને પીડા ન કરનાર) અર્થરૂપ બોલવું તે ભાષા સમિતિ।

(3) **भाष्यम्** - अन्न - पान - रजोहरण - पात्र - चीवरादिनां - धर्मसाधनानामाश्रयस्य - चौद्गमोत्पादनैषणादोष वर्जनमेषणासमितिः ॥३॥

- **ભાવાર્થ :** આહાર, પાણી, રજોહરણ, પાત્રા, વસ્ત્ર આદિ ધર્મ સાધનો અને વસતિનાં ઉદગમદોષ - (૧૬) ઉત્પાદનદોષ (૧૬) એષણાદોષ (૧૦) આ પ્રમાણે ૪૨ દોષોનું વર્જન યાનિ ૪૨ દોષ રહિત આહારઆદિની ગવેષણા કરવી તે એષણા સમિતિ।

(1) **भाष्यम्** - रजोहरण पात्र चीवरादिनां पीठफलकादीनां चावश्यकार्थं निरीक्ष्य प्रमूल्य चादान निक्षेपौ आदान निक्षेपणासमितिः ॥४॥

**ભાવાર્થ :** રજોહરણ-પાત્ર-વસ્ત્ર-પાટ-પાટલા આદિ આવશ્યક કાર્ય માટે જોઈને પ્રમાર્જીને લેવા-મૂકવા તે આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ।

(2) **भाष्यम्** - स्थण्डिले - स्थावर जंगम जन्तु वर्जिते निरीक्ष्य प्रमुख्य च मूत्र पुरीषा दीनामुत्सर्ग उत्सर्ग समितिरिति ॥५॥

**ભાવાર્થ :** સ્થાવર તેમજ ત્રસજન્તુ જીવોથી રહિત ભૂમિ જોઈ-તપાસી વડી નીતિ લઘુનીતિ પરઠવવી તે ઉત્સર્ગ સમિતિ। (યાનિ પારિષ્ઠાપનિકાસમિતિ)

**(તત્ત્વાર્થસભાષ્ય ભાષાંતર)**

## ૧૧૫. ત્રણ ગુપ્તિનું સ્વરૂપ

सम्यग् यौगनिग्रहोगुप्ति - સારીરીતે યોગોનો નિગ્રહ કરવો તે ગુપ્તિ

(1) **भाष्यम्** - सावद्य संकल्प निरोधः कुशलासंकल्पः कुशलाकुशल संकल्प निरोध एव वा मनोगुप्तिरिति ।

**ભાવાર્થ :** સાવદ્ય (પાપમય) વિચારને રોકવા, કુશલ સંકલ્પ, અથવા કુશલ-અકુશલસંકલ્પો રોકાવે તે મનોગુપ્તિ

(2) **भाष्यम्** - याचन पृच्छन् प्रश्न व्याकरणेषु वाङ्ग्नियमो मौनमेववा वाग्गुप्तिः

**ભાવાર્થ :** માંગવું-પૂછવું, પ્રશ્નોનાં જવાબ આપવામાં વાણીનું નિયમન રાખવું અથવા મૌન રહેવું તે **વચનગુપ્તિ.**

(3) **भाष्यम्** - तत्र शयनाऽसनाऽऽदाननिक्षेप स्थान चंक्रमणेषु कायचेष्टा नियम कायगुप्ति ।

- **ભાવાર્થ :** શયન, આસન, લેવું, મુકવું, ઉભા રહેવું, ગમન કરવું. તેમાં કાયગુપ્તિનો નિયમ રાખવો તે કાયગુપ્તિ. **(તત્ત્વાર્થસભાષ્ય ભાષાંતર)**

प्रवचनस्य द्वादशांगस्थ तदाधारस्य वा संघस्य मातर इव-जनन्य इव प्रवचनमातरः इर्यासमित्यादयो

- દ્વાદશાંગીનાં આધારે આ સમિતિઓનું નિર્માણ થયેલ તે સંઘમાતા કહેવાય છે. **(સમવાયાંગ-ટીકા)**

## ૧૧૬. સિદ્ધચક યંત્ર કોણે કાઢ્યું ?

- વીસમાં તીર્થંકર મુનિસુવ્રતસ્વામીનાં શાસનમાં જ્યારે મયણાનાં લગ્ન ઉંબર રાણાં સાથે થાય ત્યારે લગ્નનાં દિવસે પ્રથમ જિનાલયમાં જઈ પછી ગુરુ પાસે જાય છે. મયણા ગુરુ ને કહે આપ એવો ઉપાય બતાવો જેનાં કારણે શાસનની હીલના ન થાય. તે વખતે મુનિસુંદરસૂરિ પૂર્વનાં જ્ઞાનવાળા હતાં. વિદ્યાપ્રવાદ પૂર્વમાંથી શુદ્ધ આરાધના હેતુ સિદ્ધચક્ર યંત્રની વિધી નીકાળી. મધ્યબિંદુમાં અરિહંત પદ ઉપર સિદ્ધપદ પછી બાકીનાં પદોની ગોઠવણી કરીને આ શાશ્વત પદોની આરાધના શાશ્વતા દિવસોમાં થવી જોઈએ આવું વિચારીને જ્યારે આસો માસનાં શાશ્વતા દિવસો આવ્યા ત્યારે નવે દિવસ આંબિલની આરાધના કરી. પોતાનું ઘર ન હોવાથી બીજાને ઘેર જઈ નવ દિવસ આરાધના કરી. નૌ દિવસમાં શરીર સુવર્ણ જેવું થયું. **(શ્રીપાલ-મયણાનાં રહસ્યો)**

## ૧૧૭. કાઉસગ્ગનો પ્રભાવ

મયણા ઉંબર રાણા સાથે લગ્ન કરીને બીજા દિવસે બંને સાથે જિનાલયમાં દર્શન-પૂજા કરવા જાય છે. ચૈત્યવંદન વિધીપૂર્ણ થયા પછી **મયણા** કાઉસગ્ગ ધ્યાનમાં ઉભી રહે છે. ઉંબર રાણા હાથ જોડીને ઉભા છે. એ વખતે કાઉસગ્ગ નાં પ્રભાવે પરમાત્માનાં ગળામાં રહેલી પુષ્પમાલા અને હથેલીમાં રહેલું બીજોરું બંને ઉડીને ઉંબર રાણાનાં હાથમાં આવે છે.

- **કાઉસગ્ગનો પ્રભાવ :**

પાંચ પાંડવ, દ્રૌપદી અને કુંતામાતા ૧૨ વર્ષ સુધી જંગલમાં ફરતા ફરતા થાકી ને એક સ્થાને બેઠા છે એ વખતે વિદ્યાધર મુનિ ત્યાં આવે છે. ત્યાં તેઓને પૂછે છે અમારા દુઃખનો અંત ક્યારે આવશે. મુનિએ કહ્યું માત્ર આઠ દિવસ પછી તમારો અંત આવશે. પરંતુ આઠે દિવસ ઘણાં જ ભારી છે. પાર ઉતરી જાય તો સારું ? આટલું કહીને મુનિ ચાલ્યા ગયા. પાંચ પાંડવ, દ્રોપદી, કુંતી સાતે જણ ઉપવાસ ધારણ કરીને કાઉસગ્ગને ઉભા રહ્યા. જ્યાં સુધી ઉપદ્રવ ન થાય ત્યાં સુધી. આ બાજુ દુર્યોધને પાંચે પાંડવો ને મારવા માટે રાક્ષસી સાધના કરી અને રાક્ષસી મારવા પણ ગઈ પરંતુ કાઉસગ્ગ ધ્યાનમાં કારણે કાંઈ ન કરી શકી. આઠ દિવસ પૂર્ણ નવમાં દિવસે પારણું કરવા બેસે મુનિરાજ પધાર્યા. વહોરાવ્યું. પંચદિવ્ય પ્રગટ થયા. બધુ દુઃખ દૂર. (પાંડવ ચરિત્ર)

## ૧૧૮. શ્રીપાલ રાજાનું ઉજમણું

(૧) અરિહંત પરમાત્માનાં ૩૪ અતિશય હેતુ = ૩૪ હીરા (સફેદ રંગના)

(૨) સિદ્ધ પરમાત્માનાં ૩૧ ગુણ હેતુ - ૩૧ કર્કતન રત્ન (લાલ રંગના)
(૩) આચાર્ય ભગવંતનાં ૩૬ ગુણ હેતુ - ૩૬ પુખરાજ (પીળા રંગના)
(૪) ઉપાધ્યાય ભગવંતનાં ૨૫ ગુણ હેતુ - ૨૫ નીકલ પન્ના (લીલા રંગના)
(૫) સાધુ ભગવંતનાં ૨૭ ગુણ હેતુ - ૨૭ રિષ્ટ રત્ન (કાલારંગના)
(૬) દર્શન પદનાં ૬૭ ગુણ હેતુ - ૬૭ મોતી (સફેદ રંગનાં)
(૭) જ્ઞાનપદનાં ૫૧ ગુણ હેતુ - ૫૧ મોતી (સફેદ રંગના)
(૮) ચારિત્રપદનાં ૭૦ ગુણ હેતુ - ૭૦ મોતી (સફેદ રંગના)
(૯) તપ પદનાં ૫૦ ગુણ હેતુ - ૫૦ મોતી (સફેદ રંગના)

## ૧૧૯. શત્રુંજય મહાતીર્થે મોક્ષ પામ્યાનાં નામો

| કોણ મોક્ષે ગયા | કેટલા મોક્ષે ગયા | વિશિષ્ટતા |
|---|---|---|
| દ્રાવિડ-વારિખિલ્લ | ૧૦ કરોડ મુનિઓ સાથે | કાર્તિકસુદ પૂર્ણિમાંનાં દિવસે |
| નમિ-વિનમિ | બે કરોડ મુનિઓ સાથે | ફાગણ સુદ-૧૦નાં દિવસે |
| શાંબ-પ્રદ્યુમ્ન | સાડા આઠ કરોડ મુનિઓ સાથે | ફાગણસુદ-૧૩ નાં દિવસે |
| પુંડરીક ગણધર | પાંચ કરોડ મુનિઓ સાથે | ચૈત્રસુદ પૂર્ણિમાંનાં દિવસે |
| અજીતનાથનાં સાધુ | ૧૦,૦૦૦ સાધુઓ | ચૈત્રસુદ પૂર્ણિમાંના દિવસે |
| નમિવિદ્યાધરની ૬૪ પુત્રીઓ | ૬૪ પુત્રીઓ | ચૈત્ર વદ-૧૪નાં દિવસે |
| પાંચ પાંડવ | વીસ કરોડ મુનિઓ સાથે | આસો સુદ પૂર્ણિમાનાં દિવસે |
| નારદમુનિ | ૯૧ લાખ મુનિઓ સાથે | |
| રામ-ભરત | ૩ કરોડ મુનિઓ સાથે | |
| સોમયશા રાજા | ૧૩ કરોડ મુનિવર સાથે | |
| ભરતમુનિ | ૧૦૦૦ મુનિ સાથે | |

| કોણ મોક્ષે ગયા | કેટલા મોક્ષે ગયા | વિશિષ્ટતા |
|---|---|---|
| વાસુદેવની પત્ની | ૩૫,૦૦૦ પત્નીઓ એક સાથે | |
| શાંતિનાથનાં ચોમાસામાં | ૧,૫૨,૫૫,૭૭૭ મુનિઓ | |
| સાગરમુનિ | ૧ ક્રોડ મુનિ સાથે | |
| ભરત મુનિ | ૫ ક્રોડ મુનિ સાથે | |
| અજીતસેન મુનિ | ૧૭ ક્રોડ મુનિઓ સાથે | |
| શાંતિનાથજીનાં સાધુ | ૧૦,૦૦૦ સાધુઓ સાથે | |
| પ્રદ્યુમ્નની પ્રિયા વૈદર્ભી | ૪,૪૦૦ સાધ્વી સાથે | |
| આદિત્યયશા | ૧ લાખ મુનિ સાથે | |
| બાહુબળીનાં પુત્રો | ૧૦૦૮ મુનિ સાથે | |
| દમિ તારી મુનિ | ૧૪,૦૦૦ મુનિ સાથે | |
| થાવચ્ચા ગણધર | ૧,૦૦૦ મુનિ સાથે | |
| શુક્રાચાર્ય | ૧,૦૦૦ મુનિ સાથે | |
| કાલિકમુનિ | ૧,૦૦૦ મુનિ સાથે | |
| કદંબગણધર | ૧ કરોડ મુનિ સાથે | |
| સુભદ્ર મુનિ | ૭૦૦ મુનિ સાથે | |
| શૈલક મુનિ | ૫૦૦ મુનિ સાથે | |
| સુર રાજા | ૩,૦૦૦ સાધુઓ સાથે | |
| વીરસેન રાજા | ઘણાં સાધુઓ સાથે મોક્ષ પામ્યા | |
| શુક્ર રાજા | એક કરોડ મુનિ સાથે | અભિનંદન સ્વામિનાં શાસનમાં ૨,૦૦૦ રાજા સાથે દીક્ષા લીધેલ |
| દંડવીર્ય રાજા | સાત કરોડ સ્ત્રી-પુરુષો | આ બધા છરિ પાલિત સંઘમાં હતાં. |

| કોણ મોક્ષે ગયા | કેટલા મોક્ષે ગયા | વિશિષ્ટતા |
|---|---|---|
| ધર્મઘોષ મુનિ | ૨ કરોડ સાધુઓ સાથે | તીર્થનું નામ સિદ્ધશિખર રાખેલ |
| બાહુબળી પુત્ર | ૧ કરોડ મુનિઓ સાથે | તીર્થનું નામ બાહુબલી રાખેલ |
| મરૂદેવયતીશ્વર | ૫૦૦ સાધુઓ સાથે | પછી ૫૦૦ને કેવલજ્ઞાન થયું. |
| ભગીરથ યાત્રા કરવા આવ્યા ત્યારે | કોટાકોટિ સાધુન સાથે | તીર્થનામ કોટાકોટિ |
| સોમદેવ રાજા | ૧ લાખ મુનિઓ સાથે | ૮,૦૦૦ સેવક ૫૦ રાજા સાથે દીક્ષા લીધેલ |
| વીર રાજા | ૩ લાખ મુનિવરોની સાથે | |
| સ્વયંપ્રભદેવે પ્રથમ દિવસે | ૧ લાખ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| સ્વયંપ્રભદેવે બીજા દિવસે | ૧ કરોડ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| સ્વયંબ્રભદેવે ત્રીજા દિવસે | ૫૦૦૦ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| સ્વયંપ્રભદેવે ચોથા દિવસે | ૧૦૫ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| સ્વયંપ્રભદેવે પાંચમા દિવસે | ૧૦ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| સ્વયંપ્રભદેવે છઠ્ઠા દિવસે | ૮૦૦ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| સ્વયંપ્રભદેવ સાતમા દિવસે | ૬૩૮ સાધુને મોક્ષ પામતાં જોયાં | |
| રણવીર રાજા | ૩ લાખ સાધુ સાથે મોક્ષે ગયાં | |
| ધરાપાલરાજાનાં સંઘમાં | ૧ લાખ સાધુઓ મોક્ષે ગયાં | |
| કદંબસૂરિ | ૧ લાખ સાધુઓ સાથે | |
| ઋષભસેન જિનેશ્વર | ઘણાં સાધુઓ સાથે | |
| ચંદ્રઘન જિનેશ્વર | ઘણાં સાધુઓ સાથે | |
| આદીશ્વર પ્રભુની હાજરીમાં | ૧ લાખ સાધુઓ સાથે | |
| આદીશ્વર બીજીવાર પધાર્યા તે | ૫૦ હજાર સાધુઓ સાથે | |
| અજીતનાથની દેશના વખતે | ૩ લાખ સાધુઓ સાથે | |
| સુમતિનાથ પધાર્યા ત્યારે | બે લાખ સાધુઓ સાથે | |

| કોણ મોક્ષે ગયા | કેટલા મોક્ષે ગયા |
|---|---|
| ધર્મકેવળી | ૧,૦૦૦ સાધુઓ સાથે |
| કાલ વણિક | ૧,૦૦૦ સાધુઓ સાથે |
| વિમલનાથ પ્રભુ પધાર્યા ત્યારે | ૧ લાખ સાધુઓ સાથે |
| કુંભકાર કેવળી | અનેક સાધુઓ મોક્ષે ગયાં. |
| ધનમંત્રી | ૫૦૦ ભટો સાથે મોક્ષે ગયાં. |
| મલ્લીનાથ ભગવાનનાં | ૮,૦૦૦ સાધુઓ મોક્ષે ગયાં. |
| મુનિસુવ્રત સ્વામીનાં | ત્રણ લાખ સાધુઓ મોક્ષે ગયાં. |
| પાર્શ્વનાથ પરમાત્માનાં | ૩૦૦ સાધુઓ મોક્ષે ગયાં. |
| ચંદ્રવેગ જિનેશ્વર | બે ક્રોડ સાધુઓ સાથે મોક્ષે ગયાં. |
| પુણ્યપાલ મુનિ | ઘણાં સાધુઓ સાથે |
| શ્રેયાંસકુમારનાં | પાંચપુત્રો દીક્ષા લઈ મોક્ષે ગયાં. |
| શ્રેયાંસકુમારનાં | દશ પુત્રો અહીં મોક્ષે ગયાં. |
| વજ્ર શ્રીવિદ્યાધર | સંયમ લઈ ત્રણ લાખ સાધુઓ સાથે. |
| વીર્યસાર રાજા | ૧ કરોડ મુનિઓ સાથે |
| નંદિષેણ મુનિ | ૭,૦૦૦ સાધુઓ સાથે |
| પાંડવપુત્રો પછી | ૫૫૦ રાજપુત્રો મોક્ષે ગયા. |
| નિષ્પુણ્યકયતિ | ૧ લાખ સાધુઓ સાથે. |

## ૧૨૦. નવપદનો પ્રભાવ

- શ્રીપાલ અને મયણાંનાં રોમ રોમમાં નવપદ વસ્યા હતા. જયારે શ્રીપાલ પરદેશ જાય ત્યારે મયણા અભિગ્રહ કરે છે કે જયાં સુધી મારાસ્વામી ઘેર ન આવે ત્યાં સુધી એકાસણાનો વ્રત, સચિત્તનો ત્યાગ, ભૂમિ સંથારો, શણગાર બંધ માત્ર પરમાત્મા ભક્તિ છોડીને સ્નાન પણ બંધ. નવપદનો જાપ.

આ બાજુ જ્યારે શ્રીપાલ પરદેશ જાય છે. અને ધવલશેઠ લોભનાં કારણે વૈશાખસુદ-૯નાં દિવસે સમુદ્રમાં નાંખે છે ત્યારે શ્રીપાલ માત્ર નમોઅરિહંતાણં બોલે છે સમુદ્રમાં પડવા છતાં નવપદનો જાપ ચાલુ છે. તેથી બીજા જ દિવસે ગામ મળી જાય છે. વૈશાખ સુદ-૧૦નાં દિવસે થાણા નગરમાં હાથી ઉપર બેસીને પ્રવેશ કરે છે. મદન મંજરી કન્યા અને અઢળક સંપત્તિનો સ્વામી બને છે. **(શ્રીપાલ મયણાંનાં રહસ્યમાંથી)**

## ૧૨૧. શ્રાવકની અગ્યાર પ્રતિમા

**दंसण वय सामाइय पोसइ, पडिमा कायोत्सर्ग अबंभ सचित्ते ।**
**आरंभ पेस उद्दिट्‌ठवज्जए समण भूएय ॥१०९३॥ (संबोधप्रकरण)**

(૧) **સમ્યગ્દર્શનપ્રતિમા :** શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય આ પાંચ ગુણોથી વિશુદ્ધ, શંકા-કાંક્ષા દોષોથી રહિત, શુશ્રુષા, ધર્મરાગ, સમાધિ ભાવ તથા દેવગુરુની સેવા કરવાનો નિયમ - આ પ્રતિમા ૧ મહીનાની હોય.

(૨) **વ્રતપ્રતિમા :** શ્રાવક-શ્રાવિકાનાં જે બાર વ્રતો બતાવ્યા છે તે ૧૨ વ્રતોને ધારણ કરવાવાળો - આ પ્રતિમા બે મહિનાની હોય.

(૩) **સામાયિક પ્રતિમા :** દરરોજ એક સામાયિક સ્વાધ્યાય સાથે અવશ્ય કરવી. (આ પ્રતિમા ૩ મહિના ની હોય)

(૪) **પૌષધપ્રતિમા :** પાંચ તિથિ અવશ્ય પૌષધ કરવા આ પ્રતિમા ચાર મહિનાની હોય.

(૫) **કાયોત્સર્ગ પ્રતિમા :** સંપૂર્ણ રાત્રિ કાયોત્સર્ગ કરે. સાથે પૌષધ કરે. આ પ્રતિમા પાંચ મહિનાની હોય.

(૬) **અબ્રહ્મ પ્રતિમા :** સ્નાનનો ત્યાગ, પ્રકાશમાં ભોજન, ધોતીની કછોટીનો ત્યાગ, દિવસમાં સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન, રાત્રે પણ પરિમાણ, શૃંગાર

કથા, સ્ત્રી કથા, શરીર વિભૂષાનો ત્યાગ. આ પ્રતિમા છ મહિનાની હોય છે.

(૭) **સચિત્ત ત્યાગ પ્રતિમા :** સાત મહિના સુધી સચિત્તનો સર્વથા ત્યાગ.

(૮) **આરંભ વર્જન પ્રતિમા :** આઠ મહિના સુધી પોતાના દ્વારા આરંભનો ત્યાગ ગરમ પાણીથી સ્નાન કરી પરમાત્માની પૂજા કરી શકે.

(૯) **પ્રેષ્ય વર્જન પ્રતિમા :** નવ મહિના સુધી બીજાની પાસે કોઈપણ કાર્ય ન કરાવવું. બધું કામ જાતે જયણાપૂર્વક કરવું.

(૧૦) **ઉદ્દિષ્ટ વર્જન પ્રતિમા :** દશ મહિના સુધી મસ્તકનું મુંડન કરાવવું. પોતાના માટે બનાવેલ આહારનો ત્યાગ. સ્વાધ્યાય-ધ્યાનમાં મસ્ત રહેવું.

(૧૧) **શ્રમણભૂત પ્રતિમા :** લોચ કરાવવો, સાધુનાં ઉપકરણો પાસે રાખવા. ઘરઘરથી ભિક્ષા પ્રાપ્ત કરીને વાપરવી. प्रतिमा प्रतिपन्नाय श्राद्धाय भिक्षां देहि પ્રતિમાધારીને ભિક્ષા આપો આમ બોલવું. મુનીની વસતિથી દૂર રહેવું. પ્રમાદનો ત્યાગ કરીને અલગ-અલગ સ્થાને વિચારવું.

આ શ્રાવકધર્મની ઉત્કૃષ્ટ આરાધના છે. ૧ થી ૧૧ મહિના સુધીની આરાધના છે. જે પ્રથમપ્રતિમામાં આરાધના છે તે બીજી પ્રતિમામાં ધારણામાં સાથે હોવી જોઈએ. ભાવદ્વારા સર્વ વિરતિના પરિણામ લાવવાના છે. (ઉપાસગદશાંગ સૂત્ર)

'ભગવાન મહાવીરનાં દસે શ્રાવકો આ પ્રતિમા ધારણ કરે છે.

## ૧૨૨. સાધુની ૧૨ પ્રતિમા

**मासाई सत्तंता पढमा बि तइअ सत्तराइदिणा ।**

**अहराइ एगराइ भिक्खू पडिमाणं बारसंग ॥१३९॥** आ.भा. पञ्चाशक

आवश्यक सूत्रस्य चतुर्थेऽध्ययने बारसहिं भिक्खू पडिमहिं इत्यस्य हरिभद्रयां वृत्तौ

**પ્રતિમા કોણ સ્વીકારી શકે ?**

વ્રજ ઋષભ નારાચ સંઘયણવાળો, ધૈર્યવાન, મહાસત્ત્વવાન્ ભાવિતાત્મા તપ અને પંચભાવના વડે યુક્ત જેમ આગમમાં કહેલ તેમ ગુરુ આજ્ઞાથી સ્વીકારે ગચ્છમાં રહેતો હોય. આહારાદિ વિષયમાં અભ્યાસવાળો હોય. ઉત્કૃષ્ટથી ન્યૂનદશપૂર્વ અને જઘન્ય થી નવમા પૂર્વની ત્રીજી આચાર વસ્તુનું જ્ઞાન હોય છે.

- **પ્રથમ પ્રતિમા :** ૧ માસની ૧ દત્તિભોજન ૧ દત્તિપાણીની
- **બીજી પ્રતિમા :** ૨ માસની ૨ દત્તિ ભોજન ૨ દત્તિ પાણીની
- **ત્રીજી પ્રતિમા :** ૩ માસની ૩ દત્તિભોજન ૩ દત્તિ પાણીની
- **ચોથી પ્રતિમા :** ૪ માસની ૪ દત્તિ ભોજન ૪ દત્તિ પાણીની
- **પાંચમી પ્રતિમા :** ૫ માસની ૫ દત્તિ ભોજન ૫ દત્તિ પાણીની
- **છઠ્ઠી પ્રતિમા :** ૬ માસની ૬ દત્તિ ભોજન ૬ દત્તિ પાણીની
- **સાતવી પ્રતિમા :** ૭ માસની ૭ દત્તિ ભોજન ૭ દત્તિ પાણીની
- **આઠવી પ્રતિમા :** પ્રથમનાં સાત રાત્રિ દીન ચોવિહારા એકાંતરા ઉપવાસ કરવા અને ગામની બહાર રહેવું. પારણે દત્તિ નિયમનથી આંબિલ કરવું. મુખ ઉંચુ રાખીને સુવું. ગામની બહાર રહીને ઉપસર્ગો ને સહન કરવા.
- **નવમી પ્રતિમા :** સાત અહોરાત્રિની, ચોવિહારા એકાંતરા ઉપવાસ. પારણે દત્તિ વાળું આંબિલ, ઉભડક આસને બેસવું, પગનીપાની માત્ર ભૂમિને અડકે પરન્તુ વચ્ચેનો ભાગ ન અડે. રાત્રે દંડની જેમ લાંબા સૂઈ રહે. ઉપસર્ગ સહન કરે.
- **દશમી પ્રતિમા :** સાત અહોરાત્રીની એજ પ્રમાણે જાણવી. પરન્તુ ગોદોહિકા આસને બેસવું. કુર્સી ઉપર બેસીને કુર્સી લઈ લેવી. એ રીતે પણ બેસવું. ડાબા પગને જમણાં સાથલ ઉપર, જમણા પગને ડાબા સાથલ ઉપર રાખી

બંને હથેલી પણ એ રીતે ગોઠવી નાભિને સ્પર્શી કરી ધ્યાન ધરવું.

- **અગ્યારવી પ્રતિમા :** માત્ર એક રાત્રિ દિવસની ચોવિહારો છઠ કરવો. ગામની બહાર લાંબા હાથ રાખી ઉભા રહી ધ્યાન ધરવું. આમ ત્રણ દિવસે પૂર્ણ થાય. પ્રતિમા પછી પાછો છઠ કરવાનો હોય.
- **બારવી પ્રતિમા :** આ પ્રતિમા એક અહોરાત્રીની, છેડે અટ્ઠમ તપ કરવાનો. તે પણ ચોવિહાર. ગામની બહાર કાઉસગ્ગધ્યાનમાં રહે. કાંઈક શરીરને નીચું નમાવી એક પુદ્‌ગલ ઉપર નિશ્ચલ દ્રષ્ટિ રાખીને ધ્યાન ધરે. આ પ્રતિમાં બંને પગ વચ્ચે ૪ અંગુલ અંતર રાખવું જરૂરી લાંબા હાથ રાખીને કાઉસગ્ગ કરે. **(પઞ્ચાશક ગ્રંથ - ૧૮/૨૦)**

## ૧૨૩. સપ્તસ્વર એટલે શું ?

**अक्खरसमं पयसमं तालसमं लयसमं गहसमं च ।**
**नीससिउससियसमं सञ्चारसमं सरासत्त ॥५॥**

અક્ષરસમ, પદસમ, તાલસમ, લયસમ, ગ્રહસમ, નિશ્વસિત્તોચ્છ્‌વસિત સમ, સંચાર સમ આ સાત સ્વર છે.

(૧) **અક્ષર સમ :** જેમાં દીર્ઘ સ્વરમાં દીર્ઘ કરાય, હ્રસ્વમાં હ્રસ્વ કરાય, શ્રુત અને અનુનાસિકનું ધ્યાન રાખવું તે આહારસમ.

(૨) **પદ સમ :** જે ગેયપદ નામિક વિ. અભ્યંતર બંધ વડે બાંધેલ જે સ્વરમાં પડે ત્યાં જે જે ગાનમાં ગવાય તે પદસમ.

(૩) **તાલ સમ :** પરસ્પર હણાયેલ હસ્તતાલ સ્વરનું અનુકરણ કરનાર હોય તે તે તાલ સમ.

(૪) **લય સમ :** શૃંગ-લાકડા વાંસ વિ. માંથી કોઈ એક અંગુલિ કોશિક વડે હણાયેલ જે તંગીના સ્વરનો પ્રકાર તે લય તેને અનુસરતો ગાવાવાળાની જે ગેય તે લયસમ.

(૫) **ગ્રહ સમ :** પ્રથમથી વંશતંત્રી વિગેરેથી જે સ્વર ગ્રહેલ છે તે સમાન ગાતો થકો ગ્રહ સમ.

(૬) **નિશ્વાસ ઉચ્છવાસ સમ :** લીધેલ નિશ્વાસ અને ઉચ્છવાસનો માનને ઉલ્લંઘન નહિ કરતો જે ગેય તે નિશ્વાસ ઉચ્છવાસ સમ.

(૭) **સંચાર સમ :** જે વંશ તંત્રી વિ. વડે અંગુલીનાં સંચાર થી સમ ગણાય તે સંચાર સમ. બધા એક સાથે જોડવાથી સપ્ત સ્વર થાય. (ઠાણાંગ સૂત્ર)

**અનુયોગ દ્વાર સૂત્ર ૨૬૦ / ૧૦ ત્તિ**

- જ્યારે અષ્ટાપદતીર્થ પર રાવણ અને મંદોદરીએ પ્રભુની ભક્તિ કરેલ ત્યારે મંદોદરી **સપ્તસ્વર**માં ગાતી અને રાવણવીણા વગાડતો... બંને પ્રભુ ભક્તિમાં એકતાન બની ગયેલ. (પઉમચરિયમ્)

## ૧૨૪. કામની દશ દશાઓ ?

(૧) **પ્રથમ દશા :** સામેનાં વ્યક્તિવિષે ચિંતા ઉત્પન્ન થાય.

(૨) **બીજી દશા :** તે વ્યક્તિને જોવાની ઈચ્છા થાય.

(૩) **ત્રીજી દશા :** લાંબા નીસાસા મૂકે.

(૪) **ચોથી દશા :** તાવ-ખાંસી આદિ રોગનાં ચિહ્નો ઉત્પન્ન થાય.

(૫) **પાંચમી દશા :** કામદાહથી દાજવા માંડે.

(૬) **છઠ્ઠી દશા :** જમવાનું મન થાય જમે તો ઝેર જેવું લાગે.

(૭) **સાતવી દશા :** બોલબોલ કરે એટલે એનાં વિષે પ્રલાપ કરે.

(૮) **આઠમી દશા :** પાગલ વ્યક્તિની જેમ ગોથા ખાય.

(૯) **નવમી દશા :** અતિશય ચિંતિત બની મુર્ચ્છા ખાય. મુંઝાઈ જાય.

(૧૦) **દશમી દશા :** મનોરથપૂર્ણ ન થાય તો મરવાનું પણ મન થાય.

**(પઉમચરિયમ્)**

## ૧૨૫. રાણકપુરતીર્થની વિશિષ્ટતા

- ધરણાશા પોરવાલે ગિરિરાજની ઉપર ગંધારીયા ચૌમુખજીનું નિર્માણ કરાવેલ.
- ૩૦ વર્ષની ઉંમ્રમાં બ્રહ્મચર્ય વ્રત (ચતુર્થવ્રત)નો સ્વીકાર કરેલ.
- સોમસુંદરસૂરિની પ્રેરણા પામીને ૫૦ શિલ્પીઓ પાસે આ જિનાલયના નકસા બનાવેલ. પરંતુ કોઈ નકસા પસંદ ન આવેલ તેથી અંતિમ નકસો દેપાલ સલાટે બનાવેલ.
- દેપાલ સલાટનાં નકસાનો નિશ્ચય કરીને જિનાલય નિર્માણ કરાવેલ.
- ૫૦ (પચાસ) વર્ષ સુધી આ જિનાલયનું કાર્ય ચાલેલ.
- દરરોજ ૨,૫૦૦ કારીગરો, ૧,૪૪૪ થાંભલાઓનો નિર્માણ કરેલ.
- દરેક થાંભલા ઉપર અલગ અલગ કોરણી જોવા મળશે.
- ૮૪ દેવકુલિકાઓ, ચાર મોટા મેઘનાદ મંડપ, નીચે વિશાળ ભોયરૂં.
- વિ.સં. ૧૪૯૬માં આ સોમસુંદરસૂરિ આદિ ૫૦૦ સાધુની નિશ્રામાં પ્રતિષ્ઠા
- જંગલમાં હોવાનાં કારણે જંગલી પશુ-ચામાચીડીયાએ ઘર બનાવેલ.
- આણંદજી કલ્યાણજી પેઢીએ ૧૧ વર્ષ સુધી જીર્ણોદ્ધાર કરાવેલ.
- પ્રથમથી પુજારીને થાળી રાખવાની પરંપરા હાલ પણ એજ પરંપરા ચાલુ છે.
- એ વખતે ૯૯ લાખ દ્રવ્યનો ખર્ચ માત્ર જિનાલયમાં થયેલ.
- પુજારી, સોમપુરા, તથા ધરણાશા અને ચોકીદાર આ ચારેયની પરંપરા (૧૮મી પેઢી) હજી પણ ચાલે છે.

**ગઢ આબુ ફરસીયો નહિં, ન સુણ્યો હીર રાસ**
**રાણકપુરનવિ ગયો, ત્રણે રહ્યાગરભાવાસ**

## ૧૨૬. અનુપમા દેવી દ્વારા ઉજમણું

- વિ.સં. ૧૨૯૨માં તેજપાલની પત્ની અનુપમા દેવીએ જ્ઞાનપંચમીની આરાધના નિમિત્તે ઉજમણું રાખેલ જેમાં - શત્રુંજયની તલેટીમાં વામદેવ સલાટ દ્વારા નંદિશ્વર દ્વીપ જિનાલયનું નિર્માણ ૨૫ સમવસરણની રચના બત્રીસવાડીનું નિર્માણ. ગિરનાર તીર્થમાં ૧૬વાડીનું નિર્માણ. તેજલપુરમાં જિનાલયનું નિર્માણ. સાધુના ઉપકરણનાં નામ પ્રમાણે ગામ વસાવેલ.

## ૧૨૭. રોહિણૈયચોરની પરંપરા

- રોહિણૈયચોર વૈભારગિરિપર્વત ઉપર ૧૦૮ દરવાજાવાળી ગુફામાં નિવાસ કરેલ. પાંચ પેઢીથી ચોરી કરવાનું ભયંકર વ્યસન.

(૧) રત્નખુરચોર - રત્નની મોજડી પહેરતા માટે
(૨) સુવર્ણખુર ચોર - સોનાની મોજડી પહેરતા માટે
(૩) રૂપખુર ચોર - ચાંદીની મોજડી પહેરતા માટે
(૪) લોહખુર ચોર - લોઢાની મોજડી પહેરતા માટે
(૫) રોહિણૈય ચોર - મોજડી વિનાનો ચોર

પિતાએ અંતિમ શિખામણ આપેલી કે ભગવાનનાં વચનો ક્યારેય પણ સાંભળવા નહિ. નહિ તો આ પરંપરાનો વ્યાપાર બંધ થઈ જશે. એક વખત ભગવાનનાં સમવસરણની આગલ ચાલતાં કાંટો વાંગતા એક અંગુલી કાનમાં અને એક હાથ પગ તરફ કરતા નીચેનો શ્લોક સાંભળ્યો.

**अणिमिसनयणा, माणकज्झसाहणा, पुप्फदामअमिलाणा ।**
**चउरंगुलेन भूमिं न च्छिबिंत, सुरा जिणा बिंति ॥**

- **ભાવાર્થ :** જેઓનાં આંખમાં પલકારા હોતા નથી. જેમનની ઇચ્છા પ્રમાણે કાર્ય કરી શકે, જેઓની પુષ્પમાળા કરમાય નહિં, જમીનથી ચાર અંગુલ ઉંચા ફરે તેઓ દેવતા કહેવાય છે.

**અભયકુમારમંત્રી દ્વારા દેવલોકનું સ્વરૂપ બતાવતા બોધ પામી ભગવાન મહાવીર પાસે દીક્ષા લઈ ચોરીની પરંપરા બંધ કરે છે.** (રોહિણેયરાસ)

## ૧૨૮. લવ અને કુશના 'છ' ભવ

રામચંદ્રજીનાં પુત્ર **અનંગલવણ** અને **મદનાંકુશ** આ પ્રમાણે નામ હતા.

- **પ્રથમભવ :** વામદેવબ્રાહ્મણ પિતા, શામલા માતા, વસુનંદ-સુનંદ નામનાં પુત્રો કાંકદી નગરીમાં માસખમણનાં તપસ્વી પધાર્યા. એમના તપ-સંયમની અનુમોદના કરી બોધિબીજની પ્રાપ્તિ કરી.
- **દ્વિતીય ભવ :** બંને ભાઈ કાળકરી યુગલિક મનુષ્ય બન્યા.
- **તૃતીય ભવ :** બંને ભાઈ દેવલોકમાં મિત્ર બન્યા.
- **ચતુર્થ ભવ :** કાકંદીનગરીમાં વાસુદેવ રાજાનાં પ્રિયંકર હિતંકર પુત્ર બન્યા. રાજય પામીને વૈરાગ્ય થતા સંયમ ગ્રહણ કર્યો.
- **પંચમ ભવ :** બંને ભાઈ કાલ કરીને નવગૈવેયકમાં ઉત્પન્ન થયા.
- **છઠ્ઠા ભવ :** દશરથનાં પુત્રે રામચંદ્રજીના બંને પુત્ર રૂપે ઉત્પન્ન થયા. જેમની માતા સીતાસતી. જન્મ બીજા સ્થાને, પિતા સાથે યુદ્ધ કરતાં ઓલખાણ રાજય પામ્યા - વૈરાગ્ય પામી બંને ભાઈએ દીક્ષા પાલન કરી મોક્ષે ગયા. અમૃતરસ નામના અણગાર પાસે **સંયમ** ગ્રહણ કર્યો હતો.

**(પઉમચરિયમ)**

## ૧૨૯. સીતાનો પૂર્વ ભવ

• મૃણાલકુંડ નગર, શ્રીભૂતિ પુરોહિત, સરસ્વતી પત્ની, વેગવતી પુત્રી, એક વખત પ્રતિમાધારી મુનિ ગામની બહાર કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા. નગરવાસીઓએ તે મુનિવરનો સત્કાર-પ્રસંશા કરી. એ વખતે વેગવતીને ઈર્ષ્યા જાગી તેનાં કારણે બ્રાહ્મણધર્મનો જય જયકાર કરવા માટે મુનિની ઉપર આળ ચડાવ્યું. આ મુનિને મેં વેશ્યા સાથે જોયેલા છે. આ રીતે પૂરા નગરમાં વેગવતીએ વાત ફેલાવી દીધી. એ વખતે મુનિવરે અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી આ કલંક દૂર ન થાય ત્યાં સુધી કાઉસગ્ગ ધ્યાનમાં રહેવું કાઉસગ્ગ ધ્યાનથી દેવીએ વેગવતીની વાચા બંધ કરી દીધી અને શરીરમાં કલતર થવાથી વેગવતી ને ખબર પડી કે મારા કરેલા કર્મોનું ફળ છે. પછી મુનિ પાસે જઈને ક્ષમા માંગી. જૈન ધર્મનો સ્વીકાર કરી પ્રથમ દેવલોકમાં જઈ જનકરાજાની પુત્રી સીતા બની. પૂર્વભવનાં કારણે સીતાને પણ કલંક આવ્યું પરંતુ સતી હોવાથી જયજયકાર થઈ ગયો. સીતા રામચંદ્રની પત્ની હતી. સીતાની દિવ્ય પરીક્ષા થયા પછી દીક્ષા લીધી. ૬૦ વર્ષ સુધી ચારિત્ર પાળીને છેલ્લે ૩૩ દિવસનું અનશન કરીને બારમાં દેવલોકમાં ઇન્દ્ર મહારાજા બન્યા. હાલ અચ્યુતેન્દ્ર રૂપે છે. - "ઉપદેશપ્રાસાદ"

## ૧૩૦. ગિરનારજીનાં નેમિનાથ પરમાત્માની પ્રાચીનતા

• ગઈ ઉત્સર્પિણીનાં પ્રથમ આરાનાં, ૨૧,૦૦૦ વર્ષ, બીજા આરાનાં ૨૧,૦૦૦ વર્ષ અને ત્રીજા આરાનાં ૮૪,૨૫૦ વર્ષ પછી **સાગર** નામનાં તીર્થંકર થયા. એટલે ૧,૨૬,૨૫૦ વર્ષ પછી બ્રહ્મેન્દ્રે દેવે આ નેમિનાથનાં

પ્રતિમાજી ભરાવેલા.

ગઈ ઉત્સર્પિણીનાં ૧૦ કોડાકોડી સાગરોપમમાંથી ૧,૨૬,૨૫૦ વર્ષ ન્યૂન અવસર્પિણી કાળનાં ૧૦ કોડાકોડી સાગરોપમમાંથી ૨૧,૦૦૦ વર્ષ છઠા આરાના ૧૮,૪૮૪ પાંચમાં આરાનાં ઓછા કરવાથી

૧,૨૬,૨૫૦ વર્ષ ન્યૂન કોડાકોડી સાગરોપમ

૩૯,૪૮૫ વર્ષ ન્યૂન કોડાકોડી સાગરોપમ

એટલે ,૬૫,૭૩૫ વર્ષ ન્યૂન ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રાચીન મૂર્તિ છે. વર્તમાનકાળમાં નેમિનાથ પરમાત્માનાં નિર્વાણથી ૨,૦૦૦ વર્ષ પછી આ પ્રતિમાની પ્રતિષ્ઠા થયેલ. એનાં પછી એમનાં શાસનમાં ૮૨,૦૦૦ વર્ષ પાર્શ્વનાથનાં ૨૫૦ વર્ષ, મહાવીર સ્વામીનાં ૨૫૩૮ વર્ષ એમ ૮૪૭૮૮ વર્ષ પ્રાચીન પ્રતિમા આ સ્થાન ઉપર છે. છઠ્ઠા આરામાં અંબિકાદેવી આ પ્રતિમાને પાતાલ લોકમાં પૂજશે.

## ૧૩૧. અનુપમાદેવીનું સુપાત્ર દાન

એક વખત સાધુ ભગવંત એમના ઘેર વહોરવા આવેલ અનુપમા દેવીએ ઘી થી આખુ પાત્ર ભરી દીધું. મુનિવર પાત્ર હાથમાં લેતા થોડું ચુકી ગયા અને સાડી બગડી ગયી. એ વખતે તેજપાલને ગુસ્સો આવેલ અરે ! આ શું કર્યુ ? ત્યારે અનુપમાએ કહ્યું કે હે નાથ ગુસ્સો ના કરો ! જો ઘાંચીનાં ઘેર જન્મ્યા હોત તો કેવી હાલત થાય. આ તો પંચમહાવ્રતધારીનાં હાથે થી પડ્યું છે. સંયમરૂપી ધૃતનો અભિષેક ક્યારેક થાય. આપણાં ભવો સુધરી જશે.

**(પ્રબંધ ચિંતામણી)**

## ૧૩૨. બાલાશાની ટુંક પાલીતાણા

ઉજ્જૈની નગરીની પાસે નાનકડાં ગામમાં માતા અને દીકરો બાલો બંને નિધન અવસ્થામાં રહે છે. માં દરરોજ બાજુના નગરમાંથી નમક-ચમક લાવીને વેચીને ગુજરાન ચલાવે છે. એક વખત માતા અસ્વસ્થ હોવાથી પુત્રને મોકળે છે પુત્ર વિચાર કર્યો કે શું લેવું ? ત્યારે વિચાર આવ્યો કે માતા અસ્વસ્થ છે માટે ખાટલો લઈ લઉ તો માતાને શાતા મળશે. આવું વિચારીને ૨ રૂપિયાનો ખાટ લઈને ઘેર ગયો. પરંતુ ઘર નાનું હોવાથી ખોટ અંદર આવે નહિ તેથી ખાટને ખોલવા જાય તો અંદરથી રત્ન નીકળ્યા ચારે પાયામાંથી ચાર થેલીઓ ભરાઈ ગઈ બાંધીને એક બાજુ મૂકી દીધા. એ વખતે સમરાશા ઓસવાલ સંઘ લઈને પાલીતાણા જતા હતા. મા-દીકરો બંને સંઘમાં જોડાઈ ગયા. રત્નની ચારે થેલીઓ સાથે લઈ લીધી. પાલીતાણા પહોંચી પ્રથમ ૯ રત્નો દ્વારા દાદાની પૂજા કરી. બીજા દિવસે ૧૮ રત્નો દ્વારા અને ત્રીજા દિવસે ૩૬ રત્નો દ્વારા દાદાની પૂજા કરી. સંઘવીને ૩ દિવસ પ્રથમ પૂજા ન થવાથી ઉપવાસ કર્યા. ચોથા દિવસે બાલો બાકીનાં રત્નો સંઘવીને આપીને ચાલ્યા ગયા. સંઘવીએ તે રત્નોમાંથી નવટુંકમાંથી એક ટુંક બનાવી **બાલાશા**ની ટુંક નામ રાખ્યું. જે જિનાલયમાં ૨૭૦ પાષાણ પ્રતિમા ૪૫૮ ધાતુપ્રતિમા છે.

## ૧૩૩. ગચ્છનાં નામો

(૧) **નિર્ગ્રન્થગચ્છ :** સુધર્માસ્વામીથી આર્ય મહાગિરિની પરંપરા સુધી

(૨) **કોટિગચ્છ :** સુસ્થિતસૂરિ તથા સુપ્રતિબદ્ધ સૂરિએ કાકંદીનગરીમાં એક

કરોડ વખત સૂરિમંત્રનો જાપ જપવાથી કોટિગચ્છ નામ પડ્યું.

(૩) **ચંદ્રગચ્છ** : વજ્રસેનસૂરિનાં શિષ્ય ચંદ્રસૂરિના નામથી ચંદ્રગચ્છ થયો.

(૪) **વનવાસીગચ્છ** : ૧૬વી પાટ પર સામંતભદ્ર સૂરિ વનમાં રહ્યા તેથી વનવાસી ગચ્છ.

(૫) **વડગચ્છ** : ૩૫વી પાટ પર આવેલા ઉદ્યોતનસૂરિએ સર્વદેવને આબુ પાસે વડ નીચે ૮ શિષ્યને સૂરિપદ આપવાથી - વડગચ્છ

(૬) **તપાગચ્છ** : ૪૪મી પાટ પર આવેલા જગચ્ચંદ્રસૂરિએ આંબિલ તપ કરી આતાપના લેવા દ્વારા ઉદયપુરના જૈનસિંહરાણાએ તપાનું બિરુદ આપવાથી તપાગચ્છ. **(ઉપા. યશોવિ.કૃત ૩૫૦ ગાથા સ્તવન)**

## ૧૩૪. સારણા-વારણા એટલે શું ?

(૧) **સારણા** - ગુરુશિષ્યને કોમલ શબ્દો દ્વારા કર્તવ્ય યાદ કરાવે તે.

(૨) **વારણા** - ગુરુ શિષ્યને અકર્તવ્યથી દૂર હટાવે તે.

(૩) **ચોયણા** - કઠોર શબ્દો દ્વારા શિષ્યને સમજાવે તે.

(૪) **પડિચોયણા** - તર્જન-તાડન-મારણ દ્વારા શિષ્યને મનાવે તે.

## ૧૩૫. પુષ્પપૂજાનો પ્રભાવ

- પાર્શ્વનાથ પરમાત્માએ સ્વમુખથી વર્ણન કરેલું કે પુણ્યપૂજાનાં નિર્મલ અધ્યવસાયનાં પ્રભાવે વારંવાર માનવભવ પ્રાપ્ત થયો. હેલ્લુર નામનો માલી એક વખત ગૃહ જિનાલયમાં પ્રવેશ કર્યો. પરમાત્માને જોતા તેની ભક્તિ વધી ગઈ. ફુલ વેચ્યા પછી જેટલાં પણ ફુલ વધે તે બધાને પરમાત્માને ચઢાવતો.

- **પ્રથમ ભવ :** હેલ્લુર ગામનો માલી
- **બીજો ભવ :** એલપુરનગરમાં ૯ લાખદ્રમનો સ્વામી
- **ત્રીજો ભવ :** એલપુર નગરમાં ૯ કરોડ દ્રવ્યનો સ્વામી
- **ચોથો ભવ :** સ્વર્ણ પથ નગરમાં ૯ લાખ સુવર્ણનો સ્વામી
- **પાંચમો ભવ :** સ્વર્ણ પથ નગરમાં ૯ કરોડ સુવર્ણનો સ્વામી
- **છઠ્ઠો ભવ :** રત્નપુર નગરમાં ૯ કરોડ સુવર્ણનો સ્વામી
- **સાતમો ભવ :** રત્નપુર નગરમાં ૯ લાખ રત્નનો સ્વામી
- **આઠમો ભવ :** વાટિકાપુરીમાં ૯ લાખનો સ્વામી
- **નવમો ભવ :** નવનિધીનો સ્વામી
- **દશમો ભવ :** અનુત્તર વિમાનમાં (ત્રિષષ્ઠિપર્વ-૯)

## ૧૩૬. મુંબઈથી પ્રથમ સાધુ કોણ ?

- વિક્રમ સંવત ૧૯૪૭ ચૈત્રસુદ-૬નાં દિવસે મોહનલાલજી મહારાજ એ સહુપ્રથમ મુંબઈમાં પ્રવેશ કરેલ. ભૂલેશ્વર અને લાલબાગમાં ઐતિહાસિક ચાતુર્માસ ઉપાશ્રય-જિનાલયનાં પ્રેરણાદાતા આ જ મુનિ. **(મોહનશતાબ્દિ)**

## ૧૩૭. પૌષધ પારતી વખતે 'છ' મહાપુરુષોનાં જીવન

(૧) **સાગરચંદ્રરાજા :** કૃષ્ણનાં ભાઈ બળદેવ એમના પુત્ર નિષધ. એમના પુત્ર સાગરચંદ્ર રાજા ધનસેનની પુત્રી કમલામેલારાણી સાથે લગ્ન થયેલા. પરંતુ તે રાણી પ્રથમ નભસેનને આપી હતી. જ્યારે નભસેન લગ્નની તૈયારી કરતા હતા ત્યારે કમલામેલાને શાંબે લાવીને ગુપ્ત રીતે સાગરચંદ્ર સાથે લગ્ન કરાવેલ. નભસેનના મનમાં વૈર ભરાઈ ગયો. આ બાજુ પરમાત્મા

નેમિનાથની દેશના સાંભળી સાગરચંદ્રરાજા ને વૈરાગ્ય થયો અને ૧૨ વ્રત સ્વીકાર કર્યા. એક વખત પૌષધ લઈ કાયોત્સર્ગ પ્રતિમાનાં ધ્યાનમાં રહ્યા. પૂર્વનાં વેરી નભસેનને ખબર પડી એટલે માટલાનાં કાંડામાં અંગારા ભરી સાગરચંદ્રનાં મસ્તક ઉપર મૂકી દીધા. મસ્તકની નસ ફૂટવા માંડી પરંતુ કાયોત્સર્ગ પાર્યો ન પૌષધ પાર્યો સ્વર્ગ પામીને દેવલોકમાં ગયા. (ઉપદેશમાળા)

(૨) **ચંદ્રાવતંસકરાજા :** એક વખત રાજાનાં પોતાનાં અંતપુરમાં જાય છે. રાણીવાસ ખાલી હોવાથી વિચારે છે આજે કાયોત્સર્ગ કરી લઉં આમ વિચારી પોતાના મહેલમાં જ કાયોત્સર્ગ પ્રતિમામાં ઉભા રહે છે. સાથે અભિગ્રહ કરે છે સામે દીવો બળે છે ત્યાં સુધી કાઉસગ્ગ ધ્યાનમાં રહીશ આમ વિચારી કાઉસગ્ગમાં સ્થિર બન્યા... આ બાજુ દાસીએ વિચાર્યું રાજા એકલા છે જો દીવો ન હોય તો અંધારામાં પડી જશે માટે પ્રહરે-પ્રહરે આવીને તેલ પૂરી જાય છે. ચોથા પ્રહરમાં એવા પગ જકડાઈ ગયા કે કાઉસગ્ગ પારતા જ પડી જાય છે એજ વખતે મૃત્યુ થઈ જાય અને દેવલોકમાં જાય. છતાં અભિગ્રહ ન તોડ્યો આવા દૃઢ પ્રતિજ્ઞાવાળા ચંદ્રાવતંસક રાજા હતા. (ઉપદેશ માળા)

(૩) **સુદર્શન શેઠ :** મનોરમા પત્ની. બંને વ્રતધારી અને ધર્મી એક વખત મિત્રની પત્ની કપિલાએ સુદર્શન પાસે ભોગની માંગણી કરી નપુંસક છું એવો જવાબ આપ્યો. એને ગુસ્સામાં આવી અભયારાણીને ચડાવી. એ વખતે સુદર્શનશેઠ પૌષધ લઈ કાયોત્સર્ગ પ્રતિમામાં ઉભા હતા. અભયારાણીએ દુષ્ટ પુરુષો દ્વારા રાજમહેલમાં ઉપાડી લાવ્યા અને અભયા રાણીએ કૂડો કલંક લગાવ્યો.

રાજાએ શૂલી આરોપણ નો આદેશ કર્યો. એ વખતે મનોરમા પત્નીએ નિશ્ચય કર્યો જ્યાં સુધી પતિનું કલંક દૂર ન થાય ત્યાં સુધી ઘર દેરાસરમાં કાયોત્સર્ગમાં રહીશ. કાયોત્સર્ગનાં પ્રભાવે શૂલીનું સિંહાસન બની ગયું. સુદર્શન પોતાની પ્રતિમામાં દઢ રહ્યા. અંતે દીક્ષા લઈ પાટલીપુત્રમાં કેવલજ્ઞાન પામી મોક્ષે પામ્યા. (ઉપદેશ પ્રાસાદ)

(૪) **સુલસા સતી :** ભગવાન મહાવીરની હાજરી પરમાત્માની પરમ શ્રાવિકા હતી. એક વખત હરિણૈગમેષી દેવે સાધુનો વેષ ધારણ કરી પરીક્ષા માટે સુલસા પાસે જઈ લક્ષપાક તેલની માંગણી કરી સાત વખત સહસ્ર પાક તેલનો સીસા ફૂટવા છતાં મનમાં કોઈપણ જાતનો પશ્ચાતાપ નહિ મહાવ્રત ધારીની ભક્તિ ન થઈ એનું જ દુઃખ. અંબડપણ આ જ સુલસાને જોતા જ સમક્તિ પામ્યો. ભરહેસરની સજ્ઝાયમાં પ્રથમ નામ, આવતી ચોવીશીમાં **નિર્મમ** નામનાં ૧૫વાં તીર્થંકર બનશે. (ઉપદેશ પ્રાસાદ)

(૫) **આનંદ શ્રાવક :** ભગવાન મહાવીરનાં પ્રથમ શ્રાવક પતિપત્ની બંને ૧૨ વ્રતધારી. ૧૪ વર્ષ શ્રાવકપણું પાળી એક વખત પુત્રને ભાર સોંપી. પૌષધશાળામાં જઈ પ્રતિમા સ્વીકાર કરી વૃદ્ધાવસ્થા થતાં સંલેખના સ્વીકાર કરી. ગૌતમસ્વામીને ખબર પડતા પોતે તે પોષધશાળામાં આનંદ શ્રાવક પાસે ગયા. આનંદ શ્રાવકે વંદન કરી પોતાના ૫૦૦ યોજન પ્રમાણ અવધિજ્ઞાનની જાણ કરી. ત્યારે ગણધરે કહ્યું આટલું લાંબુ અવધિજ્ઞાન શ્રાવક ને ન થાય. આનંદે કહ્યું મને થયું છે - તો હું ભગવાનને પૂછીને આવીશ. પાછા પરમાત્માને પૂછવા ગયા. પરમાત્માએ કહ્યું થઈ શકે. માટે ગૌતમગણધર આનંદ શ્રાવકને મિચ્છામિદુક્કડ્મ આપે છે. ચૌદપૂર્વી,

શ્રુતકેવળી, ૫૦,૦૦૦ કેવળીનાં ગુરુ જો આવી ક્રિયા કરે તો આપણે શું ?

(ઉપાસકદશાંગસૂત્ર)

(૬) **કામદેવ શ્રાવક :** ભગવાન મહાવીરનાં બીજા શ્રાવક પરમાત્મા પાસે ૧૨ વ્રત સ્વીકાર કર્યા પછી. પુત્રને જવાબદારી સોંપી પૌષધશાળા માં જઈ સંપૂર્ણ રાત્રી કાયોત્સર્ગ પ્રતિમાં માં રહ્યા. એ વખતે દેવે પરીક્ષા માટે રાક્ષસ-સર્પ-હાથી આમ ત્રણ રૂપ દ્વારા ઘોર ઉપસર્ગો કર્યા. તો પણ ચલાયમાન ન થયા. સવારે પૌષધ પારીને પરમાત્માને વંદન કરવા જાય છે ત્યારે પરમાત્મા મહાવીર પોતાનાં શ્રમણોને કહે છે ઓ શ્રમણો સાંભળો આ શ્રાવક થઈને કેવા ઘોર ઉપસર્ગો સહન કર્યા. તમે બધા સાધુ છો માટે જરા વિચાર કરજો. આવી રીતે પ્રભુએ કામદેવનાં દ્રઢવ્રતની પ્રશંસા કરી.

(ઉપાસક દશાંગ)

## ૧૩૮. દૃષ્ટિવાદ અને એના ભેદ

- દૃષ્ટિવાદ એ ગણધર ભગવંતે રચેલું બારમું અંગ છે. એનાં પાંચ ભેદ છે. હાલ બધું વિચ્છેદ પામેલું છે.

(૧) **પ્રથમ ભેદ (પરિકર્મ) :** સિદ્ધશ્રેણી આદિ પ્રકારની શ્રેણીઓ એમાં બતાવેલી છે. પ્રથમશ્રેણીનાં ૧૪ પ્રકાર, બીજી શ્રેણીનાં ૧૪ પ્રકાર, ત્રીજી પુષ્ટ આદિનાં ૧૧ પ્રકાર બતાવેલ છે. આ શ્રેણીઓમાં નય-નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ૠજુસૂત્ર આદિનો વિચાર હોય છે.

(૨) **દ્વિતીયભેદ (સૂત્ર) :** પૂર્વગત સૂત્રાર્થનું સૂચનમાં બધા પ્રકારનાં દ્રવ્ય-પર્યાય-નયભંગ આદિ ૮૮ પ્રકાર બતાવેલા છે.

(૩) **તૃતીયભેદ (પૂર્વગત) :** જેમાં ૧૪ પૂર્વનાં નામ આવે તે પૂર્વગત તેનાં ૧૪ પ્રકાર બતાવેલા છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | **ઉત્પાદપૂર્વ** | : | દરેક પ્રકારની દ્રવ્ય-પર્યાય ઉત્પત્તિનું કારણ. |
| (૨) | **અગ્રાયણીપૂર્વ** | : | દરેક પ્રકારનાં દ્રવ્ય-પર્યાયનાં પરિમાણ. (પ્રમાણ) |
| (૩) | **વીર્યપ્રવાદપૂર્વ** | : | જીવ-અજીવ સકર્મ-અકર્મ આદિનાં વીર્યનું સ્વરૂપ. |
| (૪) | **અસ્તિનાસ્તિપૂર્વ** | : | ધર્માસ્તિકાય આદિનું સવિસ્તૃત વિવરણ. |
| (૫) | **જ્ઞાનપ્રવાદપૂર્વ** | : | પાંચ પ્રકારનાં જ્ઞાનનું સવિસ્તૃત વિવરણ. |
| (૬) | **સત્યપ્રવાદપૂર્વ** | : | સત્ય અને સંયમ વચન (ભાંષા)નું વિસ્તૃત વિવરણ. |
| (૭) | **આત્મપ્રવાદપૂર્વ** | : | આત્મા-જીવનાં સંબંધનું વિસ્તૃત વિવરણ. |
| (૮) | **કર્મપ્રવાદપૂર્વ** | : | આઠકર્મ તથા કર્મથીયરીનું સંપૂર્ણ વર્ણન. |
| (૯) | **પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ** | : | પચ્ચક્ખાણ-આગારનું સંપૂર્ણ વિવરણ. |
| (૧૦) | **વિદ્યાપ્રવાદપૂર્વ** | : | અનેક પ્રકારની વિદ્યા મંત્ર-તંત્ર-રૂપ પરિવર્તન આદિનો ભંડાર |
| (૧૧) | **કલ્યાણપ્રવાદપૂર્વ** | : | જ્ઞાન-તપ-ક્રિયા આદિનાં શુભ-અશુભ ફળનું વિવરણ |

(૧૨) **પ્રાણવાયપૂર્વ** : દસ પ્રકારનાં પ્રાણોનાં ભેદ-પ્રભેદનું વિસ્તૃત વિવરણ

(૧૩) **ક્રિયાવાપ્રવાદપૂર્વ** : કરણસિત્તરી, ચરણસિત્તરી, ૨૫ ક્રિયા આદિનું વિસ્તૃત વિવરણ.

(૧૪) **બિંદુસારપૂર્વ** : શ્રુતજ્ઞાનમાં બિંદુનું મહત્ત્વ, સર્વજ્ઞ-લબ્ધિ આદિનું વર્ણન.

(૪) **ચતુર્થભેદ (અનુયોગ) :** મૂલઅનુયોગ - તીર્થંકર પરમાત્માને સમકિત પ્રાપ્તિ થયા પછી મોક્ષ સુધીનું સંપૂર્ણ સ્વરૂપ. તથા દરેકનાં પૂર્વભવોનું વર્ણન. **ગંડિકાનુયોગ :** એકાર્થ અર્થથી યુક્ત ગ્રંથને ગંડિકા કહેવાય છે. બંને અનુયોગનો આર્યકાલકસૂરિએ ઉદ્ધાર કરેલ. કુલકર, ચક્રી, દશાર્હ, બળદેવ-વાસુદેવ-ગણધર-હરિવંસ-ઉત્સર્પિણી-અવસર્પિણી ચારે ગતિનું સંપૂર્ણ સ્વરૂપ.

(૫) **ચૂલિકા :** પૂર્વનાં અનુયોગમાં નહિ કહેલા અર્થ તે સંગ્રહ કરવાની પદ્ધતિ તે ચૂલિકા. ચૂલા યાનિ શિખર. દરેક પૂર્વની ચૂલિકાઓ હોય છે એમ ૧૪ પૂર્વમાં પ્રથમ ચારપૂર્વની ચૂલિકા છે. બાકી ને નથી.

પ્રથમની - ૪-૧૨-૮-૧૦ એમ ચારપૂર્વની ૩૪ ચૂલિકા હોય છે.

પૂર્વ બધાં સંસ્કૃતમાં હોય છે. આગમપ્રાકૃત ભાષામાં હોય છે.

**દૃષ્ટિવાદનાં ૧૦ નામો :**

(૧) દૃષ્ટિવાદ (૨) હેતુવાદ (૩) ભૂતવાદ (૪) તથ્યવાદ (૫) સમ્યગ્વાદ (૬) ધર્મવાદ (૭) ભાષાવિચય (૮) પૂર્વગત (૯) અનુયોગગત (૧૦) સર્વ પ્રાણભૂત જીવ સત્ત્વ સુખકારી. **(ઠાણાંગસૂત્ર)**

## ૧૩૯. દૃષ્ટિવાદનાં પદનું પ્રમાણ

**एगवन्न कोडि लक्खा, अट्ठेव सहस चुलसीय ।**

**सय छक्कंनायत्वं, सट्ढाइ इगवीस समयम्मि ॥**

- **ભાવાર્થ :** ૫૧ કરોડ, ૮ લાખ, ૮૪ હજાર ૬ સોને સાડી એકવીસ શ્લોક બતાવેલ છે. **(રત્નસંચય પ્રકરણમ્)**

  પ્રથમ અંગનાં ૧૮,૦૦૦ પદ છે આવી રીતે અગ્યાર અંગનાં ૩,૬૮,૪૬,૦૦૦ પદો થાય છે. આ પદોનો સંક્ષેપ દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણે કરેલ છે.
- ૩૨ અક્ષરનો એક શ્લોક થાય છે.
- વિવક્ષિત અધિકારથી માંડીને અંત સુધીનાં આલાવાનો એક પદ થાય છે. **(પ્રવચનકિરણાવલી)**

## ૧૪૦. સૂરિમંત્ર પીઠિકાનાં નામ અને જાપનું પ્રમાણ

| નામ | દેવી | જાપ | દિવસ | ઉપ. | આંબિલ | નીવી |
|---|---|---|---|---|---|---|
| ૧ વિદ્યાપીઠ | વાણીદેવી | ૧૨,૦૦૦ | ૨૧ | ૨ | ૩ | ૧૬ |
| ૨ મહાવિદ્યાપીઠ | ત્રિભુવનસ્વામિની | ૧૬,૦૦૦ | ૧૪ | ૨ | ૫ | ૭ |
| ૩ લક્ષ્મીપીઠ | શ્રીદેવી | ૧૨,૦૦૦ | ૮ | ૨ | ૧ | ૫ |
| ૪ મન્ત્રપીઠ | ગણિપિટકયક્ષ | ૧૨,૦૦૦ | ૨૫ | ૨ | ૬ | ૧૭ |
| ૫ મન્ત્રરાજપીઠ | ગ્રહદિક્પાલ | ૧ લાખ | ૧૬ | - | ૧૬ | - |

- સૂરિભગવંત સૂરિમંત્રની સાધના યોગ્યસ્થલે કરવાથી શાસન પ્રભાવક બને છે.

## ૧૪૧. ગુણાનુરાગનાં સાત લક્ષણ

(૧) જ્ઞાનાદિ ગુણોને મલિન કરવાવાળી દુષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ.
(૨) બીજાનાં મોટા દોષોની ઉપેક્ષા કરી નાના ગુણની પ્રશંસા.
(૩) પોતાનાં ગુણોની ઉપેક્ષા કરીને પોતાનાં દોષોની નિંદા કરવી.
(૪) જે જ્ઞાનાદિ ગુણો આપણને પ્રાપ્ત થયેલાં છે તેની રક્ષા કરવી.
(૫) ગુણવાનોની સોબત દ્વારા જીવનમાં આનંદ પ્રગટ કરવો.
(૬) વધારે ગુણોને પ્રાપ્ત કરવા માટે ભાવપૂર્વક પ્રયત્ન કરવો.
(૭) જેમાં જે ગુણ હોય તેમનાં પ્રતિ રાગ કરે દુર્ગુણી પ્રત્યે ઉપેક્ષાભાવ.

**(સંબોધ પ્રકરણ)**

## ૧૪૨. ભાવશ્રાવકનાં સાત લક્ષણ

(૧) **માર્ગાનુસારી ક્રિયા :** આગમનીતિ અને ગીતાર્થ પરમ્પરા અનુસાર જે ક્રિયા કરે તે ઉત્સર્ગ-અપવાદ જે બતાવેલ છે તેનો ઉપયોગ ગુરુ પરઅરા અનુસાર કરવો.

(૨) **ધર્મમાં ઉત્કૃષ્ટ શ્રદ્ધા :** ચાર લક્ષણ (૧) વિધિ સેવા - ક્રિયા વિધી વિધાન પ્રતિ સંપૂર્ણ રાગ હો ક્યારેક અવિધી થઈ જાય તો દુઃખ (૨) અતૃપ્તિ - દર્શન-જ્ઞાન-ચારિત્રની આરાધનામાં ક્યારેય તૃપ્ત ન થવું. સદ્દભાવની સાથે પ્રયત્ન ચાલુ રાખવો. (૩) શુદ્ધ દેશના - આગમનાં રહસ્ય સાંભળીને યોગ્યતાનુસાર આગમ સામાચારીની શુદ્ધ પ્રરૂપણા કરે. (૪) સ્ખલિત પરિશુદ્ધિ - વ્રત આદિમાં જે અતિચાર લાગે તેની આલોચના લઈને શુદ્ધ થવું.

(૩) **પ્રજ્ઞાનીયતા :** ભૂલનો સ્વીકાર કરીને ભૂલ સુધારવાનો પ્રયત્ન કરવો. કોઈભી વડીલ આપણી ભૂલ બતાવે તો સુધારવા માટે પ્રયત્ન કરવો.

(૪) **ક્રિયામાં અપ્રમાદ :** મધ-વિષય-કષાય-નિદ્રા-વિકથા આદિ પાંચ પ્રમાદનો ત્યાગ કરીને શુદ્ધ ક્રિયા કરવાનો આગ્રહ રાખો.

(૫) **શક્યાનુષ્ઠાન આરંભ :** પરમાત્માની આજ્ઞાનુસાર ઓછા આરંભ સમારંભ વાળા મોક્ષ લક્ષ હેતુ અનુષ્ઠાન કરે. જેમાં દોષ વધારે હોય. આડંબર વધારે હોય એવા અનુષ્ઠાનનો ત્યાગ કરે.

(૬) **ગુણાનુરાગ :** આત્મામાં જયારે ગુણાનું રાગ પ્રગટ થાય ત્યારે મોક્ષ લક્ષ પ્રાપ્ત થાય. એટલે ગુણોપ્રતિ અનુરાગ પ્રગટ કરવો. ગુણાનુરાગ આ ભવમાં તો શું આવતા ભવમાં પણ નવા ગુણોની પ્રાપ્તિ કરાવે છે.

(૭) **ગુર્વાજ્ઞારાધના :** ગુરુ આજ્ઞા બધા ગુણોમાં શ્રેષ્ઠ આરાધના છે. ગુરુ આજ્ઞામાં તીર્થંકર-ગણધર-કેવળી ભગવંત આજ્ઞાની આરાધનાનું ફળ પ્રાપ્ત થાય છે. **(સંબોધપ્રકરણ ગા. ૧૦૮૪)**

## ૧૪૩. જ્ઞાતા ધર્મકથા આગમનું પ્રમાણ

- વર્તમાનમાં ૪૫ આગમમાં છઠ્ઠું અંગ જ્ઞાતાધર્મકથાંગ છે. ગણધર ભગવંતોએ આ આગમની રચના કરેલ. જે વખતે રચના કરેલ તે વખતે ૫,૭૬,૦૦૦ (પાંચ લાખ છોત્તેર હજાર) પદ હતા. જેમાં સૂર્યચંદ્ર આદિ ૫૬ ઈન્દ્રોની ૨૦૬ પટરાણીનાં પૂર્વભવો આવે છે.
- હાલમાં આ આગમનાં ૧૯ અધ્યયનો છે. ૧૦ વર્ગ છે. સૂત્ર પ્રમાણે

૫૫૦૦ શ્લોક છે. ટીકા ૩,૮૦૦ શ્લોક પ્રમાણે છે. આ સૂત્રની ટીકા નવાંગી ટીકાકાર અભયદેવસૂરિએ વિ.સં. ૧૧૨૦માં વિજયાદશમીનાં દિવસે પાટણમાં રચેલ.

(૧) **પ્રથમશ્રુત સ્કંધ :** ૯ અધ્યયન બતાવેલ છે. દરેક અધ્યયનની ૫૦૦ આખ્યાયિકા (કથાઓ) એની ૫૦૦ અખિકા અને ૫૦૦ ઉપઆખ્યાયિકા એટલે ૯ને ૫૦૦ × ૫૦૦ × ૫૦૦ ગુણતાં - ૧ અબજ ૨૧ કરોડ ૫૦ લાખ કથા થાય.

(૨) **દ્વિતીયશ્રુત સ્કંધ :** ૫૦૦ આખ્યાયિકા તેની ૫૦૦ ઉપઆખ્યાયિકા તેની ૫૦૦ આખ્યા-ઉપઆખ્યાયિકા ૧૦ અધ્યનની જાણવી. આમ ગુણતાં ૧ અબજ ૨૫ કરોડ કથા બીજા શ્રુતસ્કંધની થાય.

હાલ વર્તમાનમાં ૧૯ અધ્યયન અને ૫૪૬૦ શ્લોક આ આગમના મળે છે. આ આગમની ટીકા અભયદેવસૂરિએ ૩૮૦૦ શ્લોક પ્રમાણ વિ.સં. ૧૧૨૦માં વિજયાદશમીનાં દિવસે પાટણમાં રચી હતી. એકએક કથાનો ઉપનય અતિ ગંભીર અને સરલ છે.

વર્તમાનકાળમાં જ્ઞાતાધર્મકથાંગમાં આવતા ૧૯ અધ્યયનનાં નામો.

(૧) ઉત્ક્ષિપ્ત અધ્યયન
(૨) સંઘાડ અધ્યયન
(૩) અંડ અધ્યયન
(૪) કુર્મ અધ્યયન
(૫) શૈલક અધ્યયન
(૬) તુંબક અધ્યયન
(૧૦) ચંદ્રાખ્ય અધ્યયન
(૧૧) દાવદ્રવ અધ્યયન
(૧૨) ઉદકજ્ઞાત અધ્યયન
(૧૩) દર્દુરજ્ઞાત અધ્યયન
(૧૪) તેતલિપુત્ર અધ્યયન
(૧૫) નંદીફળ અધ્યયન

(૭) રોહિણીજ્ઞાત અધ્યયન
(૮) મલ્લી અધ્યયન
(૯) માકંદીય અધ્યયન
(૧૯) પુંડરીક અધ્યયન
(૧૬) દ્રૌપદી અધ્યયન
(૧૭) અશ્વજ્ઞાત અધ્યયન
(૧૮) સુષમાજ્ઞાત અધ્યયન

(જ્ઞાતાધર્મકથાંગ)

## ૧૪૪. ચૌદસ્થાનોમાં સમૂર્ચ્છિમજીવોની ઉત્પત્તિ

(૧) મળમાં
(૨) કફમાં
(૩) વમનમાં
(૪) પરૂમાં
(૫) વીર્યમાં
(૬) મૃતક્લેવરમાં
(૭) નગરની ગટરોમાં
(૮) મૂત્રમાં
(૯) લીંટમાં
(૧૦) પિત્તમાં
(૧૧) લોહીમાં
(૧૨) સ્ત્રી-પુરુષોનાં સંયોગોમાં
(૧૩) એંઠા આહાર-પાણીમાં
(૧૪) સર્વ પ્રકારનાં અશુચિસ્થાનોમાં

(જીવાજીવાભિગમસૂત્ર)

## ૧૪૫. મૂરખનાં ૮ લક્ષણો

(૧) ટેન્સન વિનાનું જીવન
(૨) વધારે પ્રમાણમાં ભોજન કરે.
(૩) જેને લજ્જા (શરમ) ન હોય.
(૪) રાત-દિવસ વધારે નીંદ કરે.
(૫) સારા-ખોટાનો વિચાર ન કરે
(૬) માન-અપમાનમાં સમાન હોય.
(૭) જેની કાયામાં રોગના હોય.
(૮) શરીર જાડું-મોટું મજબૂત હોય.

(જ્ઞાનપંચમી કથા)

## ૧૪૯. ઉપધાન આચારમાં તપનું પ્રમાણ

पढम दुई उवहाणे, दुवालसं अंबिलट्ठ अट्ठमगं ।
उववासतिगं आंबिल, बत्तीसा तइय उवहाणे ॥२८॥
तुरिए चउत्थमंबिलतिगं, तहा पंचमे चउत्थतिगं ।
पणवीसामंबिलाणीय, चउत्थ पंचांबिल छठं ॥२९॥

| નામ | તપ | દિવસ |
|---|---|---|
| (૧) શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધ | ૫ ઉપવાસ, ૮ આંબિલ ૩ ઉપવાસ | ૧૬ દિવસ |
| (૨) શ્રી પ્રતિક્રમણશ્રુત સ્કંધ | ૫ ઉપવાસ, ૮ આંબિલ ૩ ઉપવાસ | ૧૬ દિવસ |
| (૩) શ્રી શક્રસ્તવાધ્યયન | ૩ ઉપવાસ, ૩૨ આંબિલ | ૩૫ દિવસ |
| (૪) શ્રી ચૈત્યસ્તવાધ્યયન | ૧ ચોથભક્ત, ૩ આંબિલ | ૪ દિવસ |
| (૫) શ્રી નામસ્તવાધ્યયન | ૩ ઉપવાસ, ૨૫ આંબિલ | ૨૮ દિવસ |
| (૬) શ્રી શ્રુતસ્તવ-સિદ્ધસ્તવ | ૧ ચોથભક્ત, ૫ આંબિલ | ૬ દિવસ |

(ધર્મવિધીપ્રકરણ)

વીરસંવત-૧૩૫૦માં ભગવાન મહાવીરની તેત્રીસમી પાટે આવેલા માનદેવ સૂરિએ ઉપધાનવિધી નું સ્તોત્ર બનાવીને વિધી બહાર પ્રગટ વિ.સં. ૧૨૫૩માં શ્રી પ્રભસૂરિએ ધર્મ વિધિ પ્રકરણ રચેલ. હે ગૌતમ ! જેટલો જેટલો તપ થાય તેટલાં સૂત્રનો અભ્યાસ ગુરુ પાસે કરવો. જ્યારે સંપૂર્ણ નવકારમંત્ર પૂર્ણ થાય પછી સ્વાધ્યાય કરવો. ઉપધાનવિધી સ્તોત્ર નમસ્કાર સ્વાધ્યાય ગ્રંથમાં છે. (મહાનિશીથ સૂત્ર)

## ૧૪૭. માંડલા શા માટે કરવાના ?

- માંડલા કરતા પૂર્વે સૂર્યાસ્ત થતા પારિષ્ઠાપનિકાભૂમિ-સ્થંડિલભૂમિનું નિરીક્ષણ દરરોજ અવશ્ય કરવું. નિરીક્ષણ કર્યા પછી ઈરિયાવહિયા કરીને. ઈચ્છાકારેણ સંદિસહ ભગવન ! સ્થંડિલ પડિલેહું આ પ્રમાણે આ દેશ માંગીને.

| | | |
|---|---|---|
| પ્રથમ માંડલા | - | સંથારાના સ્થાન પર કરે. |
| બીજા માંડલા | - | ઉપાશ્રયનાં દરવાજા પાસે કરે. |
| ત્રીજા માંડલા | - | ઉપાશ્રયનાં દરવાજાની બહાર કરે. |
| ચોથા માંડલા | - | ૧૦૦ ડગલા સુધી નિર્દોષભૂમિ જાણીને કરે. |
| | | **(વર્તમાનમાં ચારે દિશામાં કરવાની પ્રણાલિકા છે)** |
| આગાઢે | - | સ્થંડિલ જવાનું આગાઢ કારણ હોય. |
| આસન્ને | - | એકદમ નજીકનાં સ્થાનમાં જવું હોય. |
| ઉચ્ચારે | - | વડીનીતિ જવા માટે જવું હોય. |
| પાસવણે | - | લઘુનીતિ જવા માટે જવું હોય. |
| અણહિયાસે | - | સહન ન થઈ તેમ હોય. |
| અહિયાસે | - | સહન થઈ શકે તેમ હોય. |
| અણાગાઢે | - | આગાઢ કારણ ન હોય. |

**बारस बारस तिन्निय, काइय उच्चार काल भूमिउरो ।**
**अंतो बहिं च अहियासी, अणहियासे न पडिलेहे ॥३७५॥**

**( उपदेशमाला )**

લઘુનીતિ પરઠવા માટેની ૧૨ નિર્દોષભૂમિઓ, વડીનીતિ પરઠવા માટેની ૧૨ નિર્દોષભૂમિઓ, કાલગ્રહણ લેવાની ત્રણ ભૂમિઓ આમ ૨૭ ભૂમિનું પડિલેહનની બતાવેલ છે. જો સમર્થ હોય તો દૂર જવું જોઈએ. અસમર્થ હોય તો નજદીક જાય તો ચાલે. આવા પ્રકારની ભૂમિને જે ઉપયોગપૂર્વક દેખતો નથી. પડિલેહતો નથી તે પાસત્થા જાણવા. આ બધી ભૂમિ જઘન્યથી હાથ પ્રમાણ ઉત્કૃષ્ટથી ચાર અંગુલ પ્રમાણ અચિત્ત જાણવી. એટલે જ્યારે પરઠવવું હોય ત્યારે જમીનથી ચારઅંગુલ ઉંચી કુંડી રાખીને પરઠવવું. સાંજે આવા પ્રકારની ભૂમિનું નિરીક્ષણ કર્યા પછી જ ચાંડલા કરવા. (ઉપદેશમાળા)

## ૧૪૮. અજિતશાંતિ સ્તવનની રચના ક્યારે થઈ ?

**नेमि वयणेण जत्तां गएण, जहिं नंदिषेण जइ वयणा ।**
**विहिओ अजिअसंतियओ, जयउ तयं पुंडरीअ तित्थं ॥२१॥**

**ભાવાર્થ :** નેમિનાથ પરમાત્માની આજ્ઞા લઈને નંદિષેણ મુનિ શત્રુંજયયાત્રા વખતે અજિતશાંતિની રચના કરી તે પુંડરીક ગિરિ જય પામો.

(શત્રુંજય કલ્પવૃક્ષ)

નંદિષેણ નામનો રાજા. નેમિનાથપ્રભુની દેશના સાંભળી વૈરાગ્ય પામી. પુત્રને રાજ્ય સોંપી અષ્ટાન્હિકા મહોત્સવ કરીને દીક્ષા ગ્રહણ કરી. જ્ઞાન યોગ્ય બની સૂરિ બન્યા. નંદિષેણ સૂરિએ પ્રભુને પૂછ્યું મારો મોક્ષ ક્યારે થશે ? પરમાત્માએ ગિરિરાજ ઉપર ભાવપૂજાનો મહત્ત્વ બતાવ્યો. યાત્રા કરવા જતાં ચંદનતલાવડી પહોંચ્યા ત્યાં આગળ અજિતનાથ-શાંતિનાથની દેવકુલિકા સામ સામે હોવાથી એકને દર્શન કરે તો એકને પુંઠ પડે આવી

રીતે આશાતના થવાનાં ભયથી ભાવોલ્લાસની સાથે અનેક છંદમય અજિતનાથ-શાંતિનાથ સ્તોત્રની રચના કરી. તે સ્તોત્રનો પ્રભાવથી બંને દેરીઓ આજુબાજુ ગોઠવાઈ ગઈ. સ્તોત્રપૂજાનો કેવો જોરદાર પ્રભાવ પડ્યો !

- એ વખતે ચંદ્રસેન રાજા સુંગધી ફૂલો દ્વારા પૂજા કરતા કેવળી બન્યા.
- ત્યારપછી કલાપુર નગરનો ભીમરાજા પણ આ દેરી આગળ કેવળી બન્યા.
- મેઘવાહન રાજા પણ અજિત-શાંતિનું ધ્યાન ધરતા કેવળી બન્યા.
- ત્યાર પછી નંદિષેણસૂરિ પણ ૭૦૦ મુનિઓ સાથે અનશન કરી મોક્ષપદ પામ્યા.
- ત્યારપછી બીજા પણ ૭૦૦ મુનિઓ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

**(પં.શુભશીલગણિકૃત શત્રુંજય કલ્પવૃત્તિ)**

## ૧૪૯. આત્મઅંગુલ આદિનું પ્રમાણ

- ૮ યવ - ૧ ઉત્સેધાંગુલ
- ૪૦૦ ઉત્સેધાંગુલ - ૧ પ્રમાણાંગુલ (પહોળાઈ અઢી ઉત્સેધાંગુલ જેટલી)
- પોતાનાં અંગુલનું પ્રમાણ - આત્માંગુલ
- ઉત્સેધાંગુલ - માત્ર શરીરની અવગાહના તથા શાશ્વતી પ્રતિમા માપવા માટે
- પ્રમાણાંગુલ - માત્ર શાશ્વતાક્ષેત્રોને માપવા માટે.
- આત્માંગુલ - તેતેક્ષેત્રનાં માપને નિશ્ચિત કરવા માટે

**(બૃહત્સંગ્રહણી)**

## ૧૫૦. તમસ્કાયનું સ્વરૂપ

- જંબુદ્વીપનાં અસંખ્યાંત દ્વીપ-સમુદ્ર ગયા પછી અરૂણવર નામનો દ્વીપ આવે તે દ્વીપની વેદિકાથી ૪૨,૦૦૦ યોજન સમુદ્રની ગહરાઈમાં ગયા પછી અરૂણવરસમુદ્રમાં જઈએ ત્યારે પાણીનાં ઉપરનાં તળીયાંથી ઉંચો અપ્‌કાયમય અંધકારમય તમસ્કાય (કાળા પાણીનું સ્વરૂપ) આવે છે. તે પાણી સમુદ્રમાંથી ૧,૭૨૧ યોજન ઉપર ગયા પંજરાનાં આકારે બનીને તિર્ચ્છો વિસ્તાર કરે છે. તે પાણી પાંચવા દેવલોકનાં રિષ્ટ વિમાન સુધી પહોંચીને પાંજરાનાં આકારનું બને છે. આ તમસ્કાયનો વિસ્તાર ૩,૧૬,૨૨૭ યોજન (૩ કોષ ૧૨૮ ધનુષ્ સાઢેત્તેર અંગુલ) થી વધારે હોય છે. આ વિસ્તારનો પાર પામવો હોય તો દેવ ચંડાગતિ એટલે એક ચપટી વગાડતા ૨૧ વખત જંબુદ્વીપની પ્રદક્ષિણા આપે આવી રીતે છ મહિના સુધી પ્રદક્ષિણા આપે ત્યારે આતમસ્કાયનો અંત આવે. તમસ્કાયનો વર્ણ ભયંકર કાળો હોય. તમસ્કાયનાં ૧૩ નામ ભગવતી સૂત્રમાં આપેલા છે.

**(આજ તમસ્કાયનું પાણી અહીં આવવાથી કાળવેલામાં કાંબલીઓ ઓઢિએ છીએ. જ્યારે સૂર્ય આડો આવે ત્યારે તે જીવો નાશ પામે છે. માટે સૂર્યોદય પૂર્વે પછી-સૂર્યાસ્ત પહેલાં જે સમય બતાવેલ તે સમય કાંબળી ઓઢીને તમસ્કાયનાં જીવોની રક્ષા કરવી જોઈએ.)** (બૃહત્સંગ્રહણી)

## ૧૫૧. કૃષ્ણરાજી કયાં આવેલ

- પાંચમા બ્રહ્મલોક નામના દેવલોકમાં અરિષ્ટ વિમાનનાં પાથડા નીચે આઠ કૃષ્ણરાજી આવેલા છે. જેઓ ષટ્‌કોણ-ચતુષ્કોણ-ત્રિકોણ આકારની છે. આ બધી કૃષ્ણરાજીઓ ભયંકર કાળાવર્ણની ઘોર અંધકાર મય છે. આમાં

દેવ ચંડાગતિથી ૧૫ દિવસ સુધી જંબુદ્વીપની પ્રદક્ષિણા કરે ત્યારે આ રાજીઓનો અંત આવે. આ પૃથ્વીકાયમય આઠ કૃષ્ણરાજીઓ છે. (૧) કૃષ્ણરાજી (૨) મેઘરાજી (૩) મઘા (૪) માઘવતી (૫) વાતપરિઘા (૬) વાતકપરિક્ષોભા (૭) દેવપરિઘા (૮) દેવપરિક્ષોભા.

## ૧૫૨. નવલોકાંતિક દેવનું સ્વરૂપ

- ભયંકર કાલાવર્ણની કૃષ્ણ રાજીઓ વચ્ચે ૯ વિમાનો ૯ લોકાંતિક દેવનાં છે. એમાંથી ૯ દેવો જ્યારે પરમાત્માનાં દીક્ષા લેવાને ૧ વર્ષની વાર હોય ત્યારે પરમાત્માને વિનંતી કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રાર્થના કરે છે.
- **નવલોકાંતિક દેવોનો પરિવાર**

| | વિમાન નામ | દેવનામ | સ્વામી | દેવપરિવાર |
|---|---|---|---|---|
| ૧ | અર્ચી | સારસ્વત | ૭ | ૭૦૦ |
| ૨ | અર્ચીમાલી | આદિત્ય | ૭ | ૭૦૦ |
| ૩ | વૈરોચન | વહ્નિ | ૧૪ | ૧૪,૦૦૦ |
| ૪ | પ્રભંકર | વરૂણ | ૧૪ | ૧૪,૦૦૦ |
| ૫ | ચન્દ્રાભ | ગર્દતોય | ૭ | ૭,૦૦૦ |
| ૬ | સૂર્યાભ | તુષિત | ૭ | ૭,૦૦૦ |
| ૭ | શુક્રાભ | આગ્નેય | ૯ | ૯૦૦ |
| ૮ | સુપ્રતિષ્ઠાભ | અવ્યાબાધ | ૯ | ૯૦૦ |
| ૯ | શિષ્ટ | રિષ્ટ | ૯ | ૯૦૦ |

દેવોનો સમસ્ત પરિવાર ૨,૨૬,૩૭૭ દેવોનો છે. વિનંતી કરવાવાળા દેવો એકાવતારી હોય છે. ત્રસનાડીનાં અંતે રહેવાથી લોકાંતિક કહેવાય એમની સ્થિતિ ૮ સાગરોપમની બતાવેલી છે. **(ભગવતી સૂત્ર)**

## ૧૫૩. વજ્રલેપ એટલે શું ?

- વજ્રલેપ એક એવો લેપ હોય છે જેને લગાડવાથી ક્રોડો સાલ પસાર થાય પરન્તુ તે લેપ જાય નહિ પ્રતિમાજી-મંદિર ચલાયમાન થાય નહિ. એ વજ્રલેપમાં નીચેની સામગ્રી આવે છે. કચ્ચાટીંખરૂ, કચ્ચાકોઢા, શાલ્મલીનો પુષ્પ, શલ્કલીનાં બીજ, ધામણવૃક્ષની છાલ, ઘોડાવજ આ બધું મલાવીને ૧૦૨૪ તોલા પાણીમાં નાંખીને બરાબર ગરમ કરીને જ્યારે આઠવો ભાગ બાકી રહે ત્યારે ઉતારવું. પછી તેમાં સરૂવૃક્ષનો ગુંદર, હીરાબોલ, ગુગલ, ભિલામાં, દેવદારગુંદ, રાલ, અલસી, બિલ્વલનું ચૂર્ણ નાંખીને વજ્રલેપ તૈયાર થાય છે. વાસ્તુસારગ્રંથમાં આનું પ્રમાણ છે. **(બૃહત્સંહિતા ગ્રંથ)**

## ૧૫૪. રાજીયા-વાજીયા ખંભાત બંદરે ગાજીયા

| | | |
|---|---|---|
| મૂળવતન | - | ગંધાર પારેખ પરિવારના શ્રીમાળી શેઠ કહેવાતા |
| વ્યવસાય | - | ખંભાત, ગંધાર અને ગોવા |
| સન્માન | - | દિલ્હીનાં બાદશાહ અને ગોવાના કાલયશાહે આ બંને ભાઈઓને સારૂં માન આપેલ. |
| સંઘ | - | આબુજી, રાણકપુર, ગોડી પાર્શ્વનાથનાં છ'રિ પાલિત સંઘ કાઢી સંઘપતિ બનેલા |

| | | |
|---|---|---|
| પ્રતિષ્ઠા | - | ૧૬૪૫માં જેઠ સુદ-૧૨નાં દિવસે ખંભાતમાં ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયની ભવ્યપ્રતિષ્ઠા. |
| ભોયરૂં | - | એમને ચિંતામણી જિનાલયમાં ભોયરૂં બનાવેલ જેની ઉતરવાની ૧૪ સીડી, છ દરવાજા, વીશ દ્વારપાલ, પાંચ પ્રતિહાર, ૧૨ થાંભલા, ૭ દેરી, ૨૫ જિનપ્રતિમા |
| ગંધાર તીર્થ | - | સં. ૧૬૪૫માં વિજયસેનસૂરિને ગંધાર લઈ જઈ પલ્લવીયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવેલ. અને એ વખતનું ચોમાસું પણ ત્યાં કરાવેલ. |
| દુષ્કાળ | - | ૧૬૬૧માં ભયંકર દુષ્કાળ પડવાથી ૪૦૦૦ મણ અનાજનું વિતરણ રોકડ નાણું આપેલુ. |
| પદારોહણ | - | સં. ૧૭૦૬ અ.વ. ૧૩ વિજયરાજસૂરિને આચાર્યપદ તથા ભટ્ટારકપદવી આપી બધાને પરવાળાની માળા જાપ માટે અર્પણ કરેલ. |

**નિયમ તથા પ્રાયશ્ચિત :** ગુરુનાં પ્રવચનમાં સાંભળેલ લોઢાનો વ્યાપાર શ્રાવકથી ન કરાય. કારણ કે આમાં શસ્ત્રો અધિકરણ બને માટે ભયંકર પાપ બંધનું કરણ હોવાથી વહાણમાં જે લોઢું આવેલ તે બધુ સમુદ્રમાં નંખાવી દીધું. ઉભા થઈને ગુરુ પાસે આજ સુધી કરેલા વેપારનું પ્રાયશ્ચિત ગ્રહણ કર્યું અને પાપોની શુદ્ધિ કરવા માટે જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી જે શ્રાવક-શ્રાવિકા નવકારનો જાપ કરશે તેઓને પરવાળાની માળા આપીશ અને પોતે ૧૨ વ્રત સ્વીકાર્યા. **(વીરવેશાવાળી પટ્ટાવલી સમુચ્ચય)**

## ૧૫૫. ચાર પ્રકારનાં દોષ ક્રિયાનાં

(૧) **દગ્ધ દોષ :** માયા, નિયાણ મિથ્યાત્વ શલ્ય થી યુક્ત ક્રિયા કરવી તે.

(૨) **શૂન્ય દોષ :** ઉપયોગ વિના ક્રિયા કરવી તે.

(૩) **અવિધિ દોષ :** જિનાજ્ઞા ઉલ્લંઘન વિપરીત ક્રમથી ક્રિયા કરવી તે.

(૪) **અતિ પ્રવૃત્તિ દોષ :** શક્તિ-પરિણામ-ભાવ વિના ક્રિયા કરવી તે.

ચાર દોષ કિરિયાછંડાણી, યોગાવંચક પ્રાણી રે એ તીરથ તારૂં...

**(પં.વીર વિજયજી કૃત ૯૯ પ્રકારની પૂજા)**

## ૧૫૬. પ્રાયશ્ચિત્ત તીર્થ ભરૂચ

- "ભરૂઅચ્છહિંમુણિસુવ્વય" ભરૂચમાં મુનિસુવ્રતસ્વામી જ્યારે ઘોડીને પ્રતિબોધવા આવેલ ત્યારે બ્રાહ્મણોને પ્રાયશ્ચિત આપવા શાસ્ત્ર વાંચ્યા હતા. વીર પરમાત્માએ પણ પોતાનાં સાધુને પ્રાયશ્ચિત લેવા ભરૂચ મોકળેલા. ત્યાં જઈને પરમાત્માની મૂર્તિ સામે તપ કરીને પોતાનું પાપ પ્રગટ કરે ત્યારે અધિષ્ઠાયક દેવ આવીને આલોચના આપે. ભદ્રબાહુ શ્રુતકેવળી પણ પાટલીપુત્ર સંઘની આજ્ઞા ન માની તેનું પ્રાયશ્ચિત લેવા ભરૂચ ગયેલા. સામુહિક શાસ્ત્રમાં આનો ઉલ્લેખ પણ મળે છે.

**(મુનિસુવ્રતકથા - ભીમસિંહ માણેક)**

## ૧૫૭. રોવાનું ક્યારે ચાલું થયું ?

शक्रः महता आक्रन्देन कृत्वा स्वयं रोदिति स्म । तत्पृष्टतः सर्व देवा अवि रुरुदुः । तत दृष्ट्वा भरतेशोऽपि रोदनकर्मणि अभिज्ञोऽभूत ।

- **ભાવાર્થ :** ઋષભદેવ પ્રભુનાં નિર્વાણ પછી ભરતજી મૂર્છિત પામ્યા ત્યારે ઈન્દ્ર આવી ને જોરથી બૂમ પાડી. ત્યારે બધા દેવો રોવા લાગ્યા. ભરતજી પણ રોવા લાગ્યા. પછી શાંત થયા... મરૂદેવી માતા પણ પુત્ર વિયોગે ઝરઝર ઝરઝર રોતી... આંખે છારી બાજી ચોધાર હર્ષાશ્રુથી **પટલદૂર થયા...** કેવલ પામ્યા... **(શત્રુંજય મહાત્મ્ય)**

## ૧૫૮. પુંઠ પાડીને જવામાં નુકસાન થયું.

- બ્રિટીશ સરકારનાં સમયમાં ઈંગ્લેન્ડથી વાઈસરૉય ભારમાં આવ્યા. એ વખતે એવો નિયમ હતો એ જ્યારે આવે ત્યારે રજવાડી ઠાઠ થી તેમનું સ્વાગત કરવું. અને પાછા જાય ત્યારે પાછા મુકવા જવું અને પુઠ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું. વડોદરાનાં ગાયકવાડે આવું સ્વાગત ન કર્યું ત્યારે રાજ્યમાં તેમનો ત્રીજો નંબર લાગ્યો. પહેલો નંબર નિઝામ રાજ્યનો, બીજો મૈસૂર, ત્રીજો ગાયકવાડનો લાગ્યો. નહિ તો બીજો નંબર લાગત. **(શ્રાદ્ધ દિનકૃત્ય પુસ્તક)**

## ૧૫૯. ગૌશાળાનાં ભવો

- ભગવાન મહાવીરનાં શિષ્ય ગૌશાળાએ પરમાત્મા મહાવીર ઉપર તેજોલેશ્યા નાંખીને પોતાનાં ઉપર તેજો લેશ્યા લાગી. સાત દિવસમાં મૃત્યુ પામીને
- ૧૨માં દેવલોકે દેવ બન્યા.
- ત્યાંથી ચવીને વિમલવાહન રાજા બનશે.
- તે રાજા સાધુઓની ઉપર રથ ચલાવશે.
- વિમલવાહન રાજા તેજોલેશ્યા દ્વારા મરશે.
- રાજા મરીને સાતમી નરકે જશે.

- ત્યાં માછળું બનીને શસ્ત્ર દ્વારા મરશે.
- ત્યાંથી પાછા સાતમી નરકે જશે.
- ત્યાંથી માછલા બનીને શસ્ત્ર દ્વારા મરશે.
- ત્યાંથી છઠી નરકે જશે.
- ત્યાંથી સ્ત્રીપણે ઉત્પન્ન થશે.
- ત્યાંથી પાંચમી નરકે જશે.
- ત્યાંથી મોટા સર્પપણે ઉત્પન્ન થશે.
- ત્યાંથી ચોથી નરકમાં જશે.
- ત્યાંથી ફરી મોટા સાપ બનશે.
- ત્યાંથી ફરીથી ચોથી નરકમાં જશે.
- ત્યાંથી વિકરાલ સિંહ બનશે.
- ત્યાંથી ફરી ચોથી નરકમાં જશે.
- ત્યાંથી પાણીમાં વિશાળ કાચબો બનશે.
- ત્યાંથી બીજી નરકમાં જશે.
- ત્યાંથી સંજ્ઞી જીવ બનશે.
- ત્યાંથી પ્રથમ નરકમાં જશે.
- ત્યાંથી પક્ષીનાં લાખભવ કરી શસ્ત્રથી મૃત્યુ પામશે.
- ત્યાંથી ભુજ પરિસર્પનાં લાખ ભવ કરી શસ્ત્રથી મૃત્યુ પામશે.
- ત્યાંથી પશુંનાં લાખ ભવ કરશે.
- ત્યાંથી કાચબા-માછલાનાં લાખ ભવ કરશે.
- ત્યાંથી ચઉરિન્દ્રિયનાં લાખ ભવ કરશે.

- ત્યાંથી તેઇન્દ્રિયનાં લાખ ભવ કરશે.
- ત્યાંથી બે ઇન્દ્રિયનાં લાખ ભવ કરશે.
- ત્યાંથી વેશ્યા બનશે.
- ત્યાંથી કન્યાનો ભવ કરશે.
- ત્યાંથી દેવલોમાં દેવ થશે.
- ત્યાંથી માનવ બની દીક્ષા લેશે.
- દશ વાર દીક્ષા લઈ વિરાધના કરશે.
- અસુરકુમાર આદિનાં ૧૦ ભવ કરશે.
- ત્યાં ફરીથી દીક્ષાનું પાલન કરશે.
- ૧૨ વખત દીક્ષા લઈ શુદ્ધ ચારિત્ર પાળશે.
- અનુક્રમે ૧ થી ૧૨ દેવલોક સુધી જશે.
- પછી મનુષ્ય બનીને દીક્ષા લેશે.
- દીક્ષા લઈ અણિ શુદ્ધ ચારિત્રનું પાલન કરશે.
- ચારિત્ર પાળી અનુત્તર વિમાનમાં જશે.
- ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જશે.
- મહાવિદેહ ક્ષેત્રમાં દિક્ષા લેશે.
- દીક્ષા લઈ **દૃઢ પ્રતિજ્ઞ** નામે કેવળી થશે.
- કેવળી બની દેશના આપશે.
- દેશનામાં ગુરુ આશાતના ન કરવી નહિ તો મારા જેવા હાલ થશે આવી દેશના આપશે.
- એક વખત ગુરુ ઉપર તેજોલેશ્યાનાં કારણે લાખોભવો કરવા પડ્યા. એમાં પણ શસ્ત્રઘાત થી મરણ થયું. **(ભગવતીસૂત્ર શતક-૧૫)**

## ૧૬૦. વાણીયા શબ્દની પ્રસિદ્ધિ

- નગરશેઠ જગતશેઠની મુખ્ય પેઢી મુર્શીદાબાદમાંથી એ નગરમાં જગતશેઠનાં ૬૪ સદાવ્રત ચાલતા હતા. દરરોજ એમાં પાંચ પકવાન બનતા. નાત-જાતનાં ભેદ વગર બધાને ભોજન કરાવતા. એમનો દેશ-વિદેશમાં વહાણથી વ્યાપાર ચાલતો હતો. માટે તે વહાણીયા શેઠ કહેવાતા-અપભ્રંશ થતાં **વાણીયા** શબ્દ પ્રસિદ્ધ થયો.

## ૧૬૧. શિબિકાને પ્રદક્ષિણા

**यत्र चन्द्रप्रभा शिबिका तत्रागच्छति, ततस्तां प्रदक्षिणी कृत्य समारो हन्ति ।**

- **ભાવાર્થ :** પ્રભુવીર પ્રથમ ચન્દ્રપ્રભા નામની શિબીકાને પ્રદક્ષિણા આપે છે. પછી અંદર બિરાજમાન થઈ દીક્ષા માટે જાય છે. (નિ.ગા.)

## ૧૬૨. વિધિ બહુમાનનાં પાંચ લક્ષણ

(૧) **જિજ્ઞાસા :** સાચી વિધીને જાણવાની ઈચ્છા થવી તે.

(૨) **હર્ષઃ :** સાચી વિધિ જાણ્યા પછી મનમાં હર્ષ ઉત્પન્ન થવો તે.

(૩) **પુરુષાર્થ :** સાચી વિધી કરવા માટે પુરુષાર્થ કરવો તે.

(૪) **પશ્ચાતાપ :** અવિધિ કરતા મનમાં દુઃખ પશ્ચાતાપ થશે તે.

(૫) **બહુમાન :** જે સાચી વિધી કરે છે તેના પ્રતિ બહુમાન ભાવ જગાવવો તે.

**(શ્રાદ્ધ દિનકૃત્ય)**

## ૧૬૩. પૂનમિયા ગચ્છ

- વિ.સં. ૧૧૪૯ પાટણમાં એક શ્રાવકે આચાર્ય મુનિચંદ્રસૂરિનાં કર કમળો દ્વારા પ્રતિષ્ઠા કરાવેલ એના કારણે ત્યાં બિરાજમાન ચંદ્રપ્રભસૂરિએ વિરોધ કરેલ. કારણ કે પૂર્ણિમાંના દિવસે સાધુ પ્રતિષ્ઠા ન કરાવી શકે. એ દિવસે પાખી પાલવાની હોય. એ દિવસથી પૂનમિયા ગચ્છ પ્રસિદ્ધ થયો. તે વખતે મુનિચંદ્રસૂરિએ "આવસ્સસત્તરી" નામનો ગ્રંથ બનાવીને સંઘને સન્માર્ગ બતાવેલ. **(અનેકાન્ત જય પતાકા પ્રસ્તાવના)**

## ૧૬૪. સુપાત્રદાનનો પ્રભાવ

(૧) **ધન્નાસાર્થવાહ :** ઘીનું દાન કરવાથી ભગવાન આદિનાથ બન્યા.

(૨) **શ્રેયાંસકુમાર :** ઈક્ષુરસ વહોરવાનાં કારણે દાનધર્મ પ્રગટ થયો.

(૩) **શંખરાજા :** દ્રાક્ષનું ધોવણ વહોરાવીને નેમિનાથ બન્યા.

(૪) **નયસાર :** જંગલમાં સાધુને વહોરાવીને મહાવીર બન્યા.

(૫) **રૈવતી :** ઔષધ વહોરાવીને તીર્થંકર નામકર્મ બાંધ્યું.

(૬) **દેવકી :** સિંહકેશરીયા લાડુ વહોરાવીને પુત્ર સૌભાગ્યશાળી બન્યા.

(૭) **શ્રીકૃષ્ણ :** સાધુને વસ્ત્ર-પાત્ર વહોરાવીને તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

(૮) **સંગમભરવાડ :** ખીરનાં દાનથી શાલીભદ્ર શેઠ બની સંયમી બન્યા.

(૯) **જીરણશેઠ :** સુપાત્ર દાનનાં ભાવાથી ૧૨ વાં દેવલોકમાં ગયા.

(૧૦) **ચંદન બાળા :** અડદનાં બાકુલા વહોરાવાથી પ્રભુવીરની પ્રથમ સાધ્વી બન્યા.

## ૧૬૫. ચારપ્રકારનાં કર્મબંધ

(૧) **સ્પૃષ્ટબંધ :** જેમ બે સુઈ સાથે પડી હોય હાથ લગાવતા જ દૂર થઈ જાય તેમ અમુકકર્મ એવા હોય પશ્ચાતાપ કરતા જ કર્મનાશ પામી જાય. તે સ્પૃષ્ટબંધ.

(૨) **બદ્ધબંધ :** સુઈમાં દોરો નાંખેલો હોય તેને કાઢતા થોડીવાર લાગે તેમ થોડી ધર્મ આરાધના કરવાથી કર્મનાશ પામે તે બદ્ધબંધ.

(૩) **નિધત્તબંધ :** દોરાની સાથે સુઈને દબાવી દેવામાં આવે તો દોરો નીકળતાં ઘણીવાર લાગે તેમ ઉત્કૃષ્ટ ધર્મ આરાધના કરવાથી કર્મનાશ પામે તે નિધત્તબંધ.

(૪) **નિકાચિતબંધ :** દોરાની સાથે સુઈને ઘણની કૂટ્યા પછી છૂટી પાડવી ઘણી જ મુશ્કેલી પડે તે નિકાચિત કર્મને તોડવા માટે ક્રિયા સાથેનો તપ બતાવેલ છે તેનાથી જે કર્મ તૂટે તે નિકાચિત બંધ.

## ૧૬૬. દશવૈકાલિક સૂત્ર ક્યાંથી ?

- ભગવાન મહાવીરની ચોથી પાટ પરંપરામાં આવેલા શય્યંભવ સ્વામીએ ચંપાપુરી પાસે આવેલા મંદારગિરિ પર્વતની ગુફામાં બેસીને મનકમુનિના કલ્યાણ માટે આત્મપ્રવાદ પૂર્વમાંથી ચોથું અધ્યયન, કર્મ પ્રવાદપૂર્વમાંથી પાંચમું અધ્યયન, સત્યપ્રવાદપૂર્વ માંથી સાતવું અધ્યયન અને બાકીનાં અધ્યયનો પ્રત્યાખ્યાનપૂર્વ માંથી રચેલા. વિકાલવેળાએ દશે અધ્યયનો રચ્યા માટે દશવૈકાલિક નામ પડ્યું. મનકમુનિ સ્વર્ગ ગયા પછી આ સૂત્રને સંહરણ કરવાનું હતું. પરંતુ સંઘના આગ્રહથી સાધુ-સાધ્વીનાં કલ્યાણ માટે

રાખ્યું. પાંચવા આરાના છેડા સુધી આ સૂત્ર રહેશે. દશવૈકાલિક સૂત્રમાં સંયમી જીવોનાં આચારનું વર્ણન છે આ સૂત્રની પાછળ રતિવક્ર અને વિવકિતચર્યા નામની બે ચૂલિકા મૂકેલી છે તે સીમંધર સ્વામી પાસેથી આવેલી છે. આ દશવૈકાલિક સૂત્રની મૂળ ગાથા ૭૦૦ છે.

- ૭૦૦ (ગાથા) શ્લોકની ઉપર તિલકાચાર્યે ૭૦૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ બનાવેલ.
- ૭૦૦ શ્લોકની ઉપર હરિભદ્રસૂરિએ ૬૮૧૦ શ્લોક પ્રમાણ વૃત્તિ રચેલ.
- ૭૦૦ શ્લોકની ઉપર મલયગિરિજીએ ૭૭૦૦ શ્લોક પ્રમાણ વૃત્તિ રચેલ. આજ સૂત્રની ચૂર્ણી-૭૫૦૦ શ્લોક, લઘુવૃત્તિ ૩૭૦૦ શ્લોક પ્રમાણ નિર્યુક્તિગાથા ૪૫૦ શ્લોક, લઘુટીકા સોમસુંદરસૂરિની ૪૨૦૦ શ્લોક પ્રમાણ. સમયસુંદરસૂરિની ૨૬૦૦ શ્લોક પ્રમાણ. અગસ્ત્યસિંહ સૂરિએ પણ ચૂર્ણી રચેલ છે. સાધુ-સાધ્વીજી માટે અગત્યનો આ ગ્રંથ છે.

## ૧૬૭. ઉપદેશમાળા ગ્રંથના ટીકાકારો

| નંબર | કર્તા | ટીકા-શ્લોક | ટીકાનામ | સંવત |
|---|---|---|---|---|
| ૧ | હરિભદ્રસૂરિ | - | - | - |
| ૨ | કૃષ્ણર્ષિ | - | પ્રાકૃતમાં | ૯૧૩ |
| ૩ | સિદ્ધર્ષિ | ૯૫૦૦ | હેયોપાદેય | - |
| ૪ | ઉદયપ્રભાચાર્ય | ૧૨૨૭૪ | કર્ણિકા | ૧૨૯૯ વસ્તુપાલ તેજપાલની વસતિમાં |
| ૫ | રત્નપ્રભાચાર્ય | ૧૧૧૫૦ | દોઘટ્ટી | ૧૨૩૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | પરમાનંદમુનિ | - | - | - |
| ૭ | સુમતિ વિજયજી | - | - | ૧૬૩૩ |
| ૮ | રામવિજયજી | ૭૬૦૦ | - | ૧૭૮૧ |
| ૯ | સોમધર્મગણિ | - | - | - |
| ૧૦ | સિદ્ધર્ષિ | ૪૧૭૦ | લઘુવૃત્તિ | - |
| ૧૧ | સર્વાનંદમુનિ | ૧૨૪ | - | ૧૫૧૮ |
| ૧૨ | અમરચંદગણિ | - | અવચૂરિ | ૧૫૧૮ |
| ૧૩ | ધર્મનંદનગણિ | - | અવચૂરિ | ૧૫૯૯ |
| ૧૪ | અમરપ્રભસૂરિ | - | - | - |
| ૧૫ | જયશેખરમુનિ | ૧૫૦૦ | અવચૂરિ | ૧૫૨૯ |
| ૧૬ | સોમસુંદરસૂરિ | - | બાલાવબોધઃ | ૧૪૮૫ |
| ૧૭ | નન્નસૂરિ | - | બાલાવબોધઃ | ૧૫૪૨ |
| ૧૮ | બુદ્ધિવિજયજી | - | બાલાવબોધઃ | ૧૭૧૩ |
| ૧૯ | - | ૫. ૧૫૦૫ | બાલાવબોધઃ | ૧૬૬૪ |
| ૨૦ | - | - | બાલાવબોધઃ | ૧૪૯૯ |
| ૨૧ | વર્ધમાનસૂરિ | - | કથાનકાનિ | ૧૨૮૪ |
| ૨૨ | - | - | કથા | - |
| ૨૩ | કુંજરવિમલ | - | કથા | - |
| ૨૪ | - | - | કતા | - |
| ૨૫ | જિનભદ્રમુનયઃ | - | કથાસમાસઃ | ૧૨૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | - | - | કથાનકાનિ | ૧૮૨૧ |
| ૨૭ | - | - | વેલનકરકોષે | - |
| ૨૮ | - | - | અવચૂરીટીકા | - |
| ૨૯ | મેરૂસુંદરવિજયજી | - | કથારૂપાન્તરમ્ | - |
| ૩૦ | - | - | યન્ત્રમ્ | - |
| ૩૧ | - | - | શકુનાવાર્ત્તઃ | - |
| ૩૨ | - | ૫.૨૭ | ગાથાશતાર્થવૃત્તિં | - |

(ઉપદેશમાળા દોઘટ્ટીપ્રસ્તાવના)

## ૧૬૮ ઉપદેશમાલા ગ્રંથના આધારે ૧૨૫ ગાથાનું સ્તવન

| ક્રમ | ઢાળ | ગાથા | પ્રથમકડી | શ્લોક નં. | ઉપદેશમાળા શ્લોક |
|---|---|---|---|---|---|
| ૧ | ૪ | ૧૧ | જેહરાખે પર... | ૪૩૪ | જઇઆણેણચત્તં |
| ૨ | ૬ | ૯ | નાણરહિતહિત પરીહરી | ૩૫૧ | ગુણહીણો |
| ૩ | ૬ | ૧૧ | સૂત્ર વિરુદ્ધ જે આચરે | ૫૭૪ | જો જહવાયેણ |
| ૪ | ૬ | ૧૨ | પામરજન પણ | ૫૦૮ | લોએડવિજો |
| ૫ | ૬ | ૧૩ | નિર્દયહૃદય | ૪૩૦ | છજ્જીવણિકાય |
| ૬ | ૬ | ૧૪ | સાધુભગતિ | ૫૦૨ | અરિહંતચેઇઆણં |
| ૭ | ૭ | ૧ | જે મુનિવેષ | ૫૦૧ | જઇએતરસિ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૧ | તેપણ મારગ માંહે | ૫૧૪ | સંવિગ્ગપક્ખી |
| ૯ | ૬ | ૧ | મૃષાવાદભવકારણ | ૫૧૫ | સુદ્ધંસાહુધમ્મં |
| ૧૦ | ૭ | ૧ | વંદેનવિ વંદવિ | ૫૧૪૬ | વંદઈણય |
| ૧૧ | ૭ | ૨ | આપહીનતા જે | ૫૨૪ | આયરતરસંમાણં |
| ૧૨ | ૭ | ૩ | પ્રથમ સાધુ બીજો | ૫૧૯ | સાવજ્જ જોગ |
| ૧૩ | ૭ | ૩ | શેષ ત્રણ ભવ મારગ | ૫૨૦ | સેસામિચ્છાદિટ્ઠિ. |

(ઉપદેશમાળા દોઘટ્ટી પ્રસ્તાવના)

## ૧૬૯. ઉપદેશમાળા ગ્રંથમાંથી ચોવીશ ગ્રંથમાળાઓનું સર્જન

(૧) આત્મોપદેશ માળા - ૫.૧૦
(૨) ઉપદેશ માળા - ગા. ૫૪૨
(૩) ઉપદેશ માળા - ગા. ૩૦
(૪) ઉપદેશમણિમાળા.
(૫) ઉપદેશરત્નમાળા
(૬) દાનોપદેશમાળા
(૭) દાનોપદેશમાળા - પં.૭૧
(૮) ધર્મોપદેશમાળા - ગા. ૧૦૨
(૯) ઉપદેશમાળા - ૧૨૦૦ શ્લોક
(૧૦) ઉપદેશમાળા - ગા. ૧૦૪
(૧૧) ધર્મોપદેશમાળા - ગા. ૧૦૨

(૧૨) પુષ્પમાળા - ગા. ૬૨૫

(૧૩) પુષ્પમાળા - ૨૦૦૦ શ્લોક

(૧૪) પુષ્પમાળા - સ્વોપજ્ઞ

(૧૫) પુષ્પમાળા - લઘુવૃત્તિ - ૨૩૩૦

(૧૬) પુષ્પમાળા - અવચૂરી

(૧૭) શીલોપદેશમાળા

(૧૮) શીલોપદેશ માળા - વૃત્તિ

(૧૯) શીલોપદેશ માળા - પુણ્યકીર્તિ

(૨૦) શીલોપદેશ માળા - સોમતિલક

(૨૧) હિતોપદેશ માળા - પ્રભાનંદ

(૨૨) હિતોપદેશમાળા વૃત્તિ - ૧૫૦૦

(૨૩) ઉપદેશમણિ માળા - કુલક

(૨૪) ઉપદેશમાળા - જિનદાસ ગણી

(ઉપદેશમાળા દોઘટ્ટી પ્રસ્તાવના)

## ૧૭૦. ઉપદેશમાળા ગ્રંથના આધારે ૩૫૦ ગાથાનું સ્તવન

| ક્રમ | ઢાળ | ગાથા | પ્રથમકડી | શ્લોક નં. | ઉપદેશમાળા શ્લોક |
|---|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧૧ | અજ્ઞાની ન વિ. | ૩૯૮ | જંજયઇ અગીયત્થો |
| ૨ | ૧ | ૧૪ | જિમજિમ બહુશ્રુત | ૩૨૩ | જહજહ બહુસ્સુઓ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૨૩ | પામી બોધ ન મળે | ૨૯૩ | લદ્ધિલ્લિતયંચ |
| ૪ | ૨ | ૧૦ | જે નિર્ગુણ ગુણરત્નાકર | ૩૫૧ | ગુણ હીણો ગુણ |
| ૫ | ૨ | ૧૫ | પાયચ્છિતાદિક | ૧૧૭ | જોચયઈઉત્તરગુણો |
| ૬ | ૬ | ૫ | ભાવદ્વિટ્ઠ ગિલાણં | ૪૦૩ | ભાવે દિટ્ઠગિલાણં |
| ૭ | ૬ | ૭ | નયણ રહિત જિમ | ૪૦૫ | જહનામ કોઈ |
| ૮ | ૬ | ૮ | અગીતાર્થ તિમભણે | ૪૦૭ | એવમગીયત્થે |
| ૯ | ૬ | ૨ | દ્રવ્ય ક્ષેત્રને કાળ | ૪૦૦ | દવ્વં ખિત્તંકાલં |
| ૧૦ | ૬ | ૩ | સચિત અચિત મિશ્ર | ૪૦૧ | ભૃઠિય દવ્વં |
| ૧૧ | ૬ | ૪ | ક્ષેત્ર ન જાણે તેહ | ૪૦૨ | જહઠિય ખિત્તં |
| ૧૨ | ૬ | ૯ | પચ્છિત્તે અતિમાત્ર | ૪૦૯ | સુત્તેયઈમંભણિયં |
| ૧૩ | ૬ | ૧૦ | તવસીઅ બહુશ્રુત | ૪૧૨ | અબહુસ્સુઓતવસ્સી |
| ૧૪ | ૬ | ૧૧ | માર્ગ માત્ર જાણે | ૪૧૫ | જાટ્ટાઈયંમિ |
| ૧૫ | ૬ | ૧૯ | સર્વ ઉદ્યમે પણ | ૪૧૫ | અપરિચ્છિય |
| ૧૬ | ૬ | ૨૩ | આણારૂચિ વિણ | ૪૦૫ | આણાએચ્છિય |
| ૧૭ | ૭ | ૭ | એકાકીને સ્ત્રી | ૧૭૫ | કતોસુત્તાથાગમ |
| ૧૮ | ૭ | ૮ | સમિતિગુપ્તિ | ૧૫૮ | પિલ્લિજજે સણમિ |
| ૧૯ | ૧૫ | ૧૦ | દુષ્કરકારથકી | ૪૨૩ | ણણહિઓ |
| ૨૦ | ૧૫ | ૧૩ | નવિમાર્યો ધર્મ. | ૩૯૩ | ધમ્મમ્મિણત્થિમાયા |

**(ઉપદેશમાળા દોઘટ્ટી પ્રસ્તાવના)**

## ૧૭૧. રાજારણસિંહની ઢાળ

- ઉપદેશમાળાના નાયક ધર્મદાસગણિનાં સંસારી પુત્ર રણસિંહને પ્રતિબોધ આપવા માટે ઉપદેશ માળા રચાણી તે રણસિંહરાજાની ૩૮ ઢાળ જ્ઞાનવિમલસૂરિએ વિ.સં. ૧૮૦૨ કા.સુ. ૧૩ નાં દિવસે સુરત શહેરમાં રચેલ. કુલ ગાથા - ૧૧૨૨ (જૈનગુર્જર કવિઓ)

"रंग सौभाग्येन लिपीकृतं सूर्यपुरमध्ये"

## ૧૭૨. શ્રાવકોને ઉપદેશમાળાગ્રંથ વાંચવાનું પ્રમાણ

***यदियमुपदेशमाला श्लोक लोकस्य मूल सिद्धान्तः । प्रायेण पठति चायं तदिहास्माभिः कृतो यत्नः ॥***

**श्रावकाणां हि पाक्षिकाद्यतिचारालोचना सूत्रे च चानाचारातिचारास्य दावेन व्यावर्णन प्रसंग कालाचारलोचनायां श्री उपदेशमाला प्रमुख सिद्धान्तेत्याद्यक्षरै रेतत्प्रकरणस्थानकाळे पठनादेरतिचारास्पदत्वेन निरुपति मस्ति ॥**

- **ભાવાર્થ :** આ ઉપદેશમાળા શ્રાવક-શ્રાવિકાનું મૂલસિદ્ધાન્ત છે. પ્રાયઃ કરીને એને ભણવા-વાંચવા માટે પ્રયત્ન કરવો જોઈએ. શ્રાવકોને પાક્ષિક અતિચારમાં આલોચનાસૂત્રમાં વર્ણન આવે છે. જો ઉપદેશ માળા ગ્રંથ (સિદ્ધાંત) કાળવેળામાં વાંચે તો કાળાચાર નામનો અતિચાર લાગે અને એની આલોચના લેવી પડે. આનો મતલબ એ થયો કે કાળવેળાને છોડીને આ ગ્રંથને અવશ્ય વાંચવો. **(ઉપદેશમાળા દોઘટ્ટી)**

## ૧૭૩. આખા દિવસ-રાત્રિ દરમ્યાન કાળવેળા ક્યારે આવે ?

**अणुविए सूरिए मज्झण्हे, अत्थमणे अद्ढरते एयासु चउसु सज्सायं न करेंति ॥**

- **ભાવાર્થ :** સૂર્યોદય પૂર્વે બે ઘડી, સૂર્યાસ્ત પછી બે ઘડી, પુરિમટ્ઢનાં પચ્ચક્ખાણનાં પૂર્વે ૧ ઘડી પશ્ચાત્ ૧ ઘડી અને મધ્યરાત્રિએ (૧૨ વાગે) બે ઘડી આમ રાતદિવસમાં ૪ વખત કાળવેળા કહી છે તે વખતે કોઈપણ સ્વાધ્યાય ન કરવો કરે તો કાળાચાર-અતિચાર લાગે.

(નિશીથચૂર્ણી - ૧૬ અ.)

## ૧૭૪. સુરત નામ કેવી રીતે પડ્યું ?

- ફિરંગીઓએ સં. ૧૫૦૦માં સુરતનો કિલ્લો બંધાવેલ શાહજાદા જહાંગીર સં. ૧૬૨૪માં **રાનેર** ગામમાં આવેલ. ત્યારે રાનેરમાં નાખુદો કરોડપતિ રહેતો હતો. એને શાહજાદા જહાંગીરને ૨ કોષ દૂર પોતાનાં ઘેર લઈ ગયો હતો. તેમના સમ્માનમાં વરીયાવથી પોતાનાં ઘર સુધી કપડું પાથર્યું તેથી જહાંગીર ખુશ થઈને ત્યાં જહાંગીરપુર વસાવ્યું અને જહાંગીરે પોતાના ઘેર સૂરજ નામની વેશ્યા રાખેલ **સં. ૧૬૧૫**માં શાહજાદાની રજા મેળવી **સુરત** નામે નગર વસાવ્યું. સુરતમાં એક સમયે ચોરાશી બંદરનો વાવટો ફરકતો હતો. ભારતમાં એની કારીગરીની હોડમાં કોઈ ઉતરતું ન હતું. શિવાજી રાજાએ અહીંની સંપત્તિ લૂંટીને મહત્વાકાંક્ષા પૂર્ણ કરેલ. અંગ્રેજો સુરતનાં સૌંદર્યથી લલચાયા હતા. પોતાનું પ્રથમ થાણું અહીં નાંખેલ. ગોપીદાસ ઉપરથી ગોપીપુરા પ્રસિદ્ધ થયેલ

संवतसोल विक्रमराज, सुरतनाम गणिकासाज, तापरबादशाहकी महेर ताने वस्यो सुरत शहेर, फिरक गांवीसा साहुकार, गोपीपुइड वास्यासार, गोपीनाम, सरवरवाव, पत्थर केलबंधीसार. सुरज मंड़णा श्री पास, थापणकीया गोपीदास, तापी छपरांसि पतसाह, किल्ला किन वड उच्छाद (सुरज गज्जल - दीपविजय)

(જૈન પરંપરાનો ઈતિહાસ સભા.૪)

## ૧૭૫. ઉપાધ્યાયશ્રી ઉદયરત્નજી દ્વારા રચિત રાસોની વિગત

| નં. | વિ.સંવત | તિથિ | ગામનું નામ | રાસ-સજ્ઝાયનું નામ |
|---|---|---|---|---|
| ૧ | ૧૭૬૩ | શ્રાવ.વ.૧૦ | ખંભાત | બ્રહ્મચર્યની નવવાડની સજ્ઝાય |
| ૨ | ૧૭૪૯ | ભા.સુ. ૧૩ | હરિયાલા ખેડા | જંબુસ્વામી રાસ |
| ૩ | ૧૭૫૫ | પો.સુ. ૧૦ | પાટણ | અષ્ટપ્રકારી પૂજા |
| ૪ | ૧૭૫૯ | મા.સુ.૧૧ | ઉનાબંદર | સ્થૂલભદ્ર નવરસરાસ |
| ૫ | ૧૭૫૦ | વૈ.વ.૬ | શંખેશ્વર | પુજારી આડોખોલ |
| ૬ | ૧૭૫૯ | વૈ.વ.૬ | શંખેશ્વર | શંખેશ્વરનાં શ્લોકો |
| ૭ | ૧૭૬૧ | ફા.વ.૧૧ | પાટણ | રાજસિંહ રાસ |
| ૮ | ૧૭૬૫ | શ્રા.વ.૧૦ | - | બારવ્રતનો રાસ |
| ૯ | ૧૭૬૬ | મા.વ.૮ | હરિયાલાખેડા | મલયાસુંદરી રાસ |
| ૧૦ | ૧૭૬૭ | પો.સુ.૫ | ઉનાવા | યશોધર રાસ ઢાળ-૬૧ |
| ૧૧ | ૧૭૬૭ | આ.વ.૬ | ઉનાવા | લીલાવતી સુમતિ વિલાસ રાસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | ૧૭૬૮ | મા.સુ.૬ | પાટણ | ધર્મબુદ્ધિ-પાપબુદ્ધિ રાસ |
| ૧૩ | ૧૭૬૯ | પો.સુ.૧૩ | ઉનાવા | ભુવનભાનુકેવળી રાસ |
| ૧૪ | ૧૭૬૯ | શ્રા.સુ.૭ | - | સુવિધીનાથસ્તવન |
| ૧૫ | ૧૭૭૦ | મા.સુ.૧૩ | આદરજ | નેમિનાથ સલોકો |
| ૧૬ | ૧૭૭૦ | મા.સુ.૧૩ | આદરજ | ભરતબાહુબલી સલોકો |
| ૧૭ | ૧૭૭૦ | - | પાલીતાણા | ઋષભદેવની ઢાળ-૧૦ |
| ૧૮ | ૧૭૭૦ | - | ખેડા | ભાવરત્નસૂરિપરંપરા રાસ |
| ૧૯ | ૧૭૭૨ | ભા.સુ.૧૩ | અમદાવાદ | સ્તવનચોવીશી |
| ૨૦ | ૧૭૭૨ | ભા.સુ. ૧૩ | અમદાવાદ | ઢંઢણમુનિ સજ્ઝાય |
| ૨૧ | ૧૭૭૯ | ભા.સુ.૧૫ | પાટણ | ભાભાં પાર્શ્વનાથ સ્તવન |
| ૨૨ | ૧૭૮૨ | - | અમદાવાદ | રાજાસૂર્યયશા રાસ |
| ૨૩ | ૧૭૮૨ | મા.સુ.૧૫ | અમદાવાદ | વરદત્ત ગુણમંજરી રાસ |
| ૨૪ | ૧૭૮૨ | આ.સુ. ૧૫ | અમદાવાદ | દામન્નક રાસ |
| ૨૫ | ૧૭૮૫ | ભા.વ.૫ | ભાલેજ | સુદર્શન શેઠ રાસ |
| ૨૬ | ૧૭૯૦ | - | - | ગંધારમંડન મહાવીર સ્તવન |
| ૨૭ | ૧૭૯૫ | જે.સુ.૬ | હરિયાળા ખેડા | વિમલમહેતાનાં શ્લોકો |
| ૨૮ | ૧૭૯૫ | શ્રા.સુ.૧૫ | ઉનાવા | નેમિનાથ-રાજીમતી રાસ |
| ૨૯ | ૧૭૯૯ | ચૈ.સુ. ૯ | ઉમરેઠ | હરિવંશ રાસ |
| ૩૦ | ૧૭૯૯ | ચૈ.સુ.૧૦ | મિયાગામ | હર્ષરત્નગણી સજ્ઝાય |

**(જૈનપરંપરાઈતિહાસ ભા.૪)**

## ૧૭૯. સુરતમાં ગોપીપુરા કોણે વસાવ્યું ?

- સં. ૧૬૧૫માં સુરત વસ્યા પછી **ગોપી** શાહ નામે જૈન ઓસવાલ ત્યાં રહેવા આવેલ. તે ઓસવાલે સુરતમાં **ગોપીપરૂં,** ગોપી તલાવ તથા ચૌમુખી વાવ બંધાવેલ. અકબર બાદશાહે સુરતને જીતીને ગોપીને જ સુરતનો મંત્રી બનાવેલ. મંત્રી ગોપી નાગરે ૧૬૮૭નાં મોટા દુષ્કાળમાં જનતાને ભારે મદદ કરી હતી. મંત્રી ગોપીએ સહુ પ્રથમ ગોપીપુરામાં સુરજનમંડણ પાર્શ્વનાથ જિનાલય બંધાવેલ. વિ.સં. ૧૬૭૮ કા.વ. ૫ વિજયસેનસૂરિની આજ્ઞાથી ગીતાર્થ મુનિવરનાં હાથે તે જિનાલયની પ્રતિષ્ઠા થયેલ.

કહેવાય છે સુરતનાં નાગર વાણીયા જૈન હતાં શેઠ સુંદરજી નાગેર વિ.સં. ૧૭૩૬માં વીશસ્થાનક તપ ચાલુ કરેલ. જ્ઞાનવિમલસૂરિએ ૧૭૬૬માં પો.વ. ૮ના દિવસે સુંદરજીની આરાધના માટે વીશસ્થાનક તપનું સ્તવન રચેલ.

સુંદરજીનાગરની ભાર્યા અમૃતભાઈએ સં. ૧૭૬૬માં મહાસુદ-૧૧નાં દિવસે શાંતિનાથ પ્રતિમાની પ્રતિષ્ઠા જ્ઞાનવિમલસૂરિનાં હાથે કરાવેલ. તે દિવસે આચાર્ય શ્રી એ શાંતિનાથનું સ્તવન રચેલ. સં. ૧૯૬૪માં સુરતમાં રેલવે આવી પછી મુંબઈ-સુરત વચ્ચે વ્યવહાર બંધાયેલ.

**(જૈન પરંપરાનો ઈતિહાસ)**

## ૧૭૭. સુરતથી નીકળેલા ૧૩ સંઘો

### પ્રથમ સંઘ : પ્રેમજી પારેખનો

- સહુપ્રથમ સંઘપતિ પ્રેમજી પારેખે વિ.સં. ૧૭૭૦માં આચાર્ય જ્ઞાનવિમલસૂરિની પ્રેરણાથી સુરતથી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢેલ.
- **નિશ્રાદાતા :** આચાર્યશ્રી જ્ઞાનવિમલસૂરિજી, આચાર્યશ્રી લક્ષ્મીસાગરસૂરિજી, આચાર્યશ્રી ઋદ્ધિસાગરસૂરિજી, પં.શ્રી અમરવિજયજીગણિ, શીઘ્રકવિ ઉદયરત્નગણિ.
- **સંઘપ્રયાણ :** વિ.સં. ૧૭૭૦, ચૈત્રસુદ-૧૦નાં દિવસે
- **પ્રથમ સંઘ :** કપૂરચંદભણશાળીનો અમદાવાદથી સંઘ
- **દ્વિતીય સંઘ :** ખંભાતથી જૈનોની ટોળી,
- **તૃતીય સંઘ :** પાટણથી જૈનોની ટોળી
- **સંઘરક્ષા :** કપૂરચંદ ભણશાળીએ સંઘની રક્ષા માટે ૪૦૦ ઘોડેસ્વાર બંદૂકધારી, ૫૦૦ પગપાળા સૈનિકો હતા.
- **સંઘમાં આવેલા મુખ્ય ગામો :** ભરૂચ, સોજીત્રા, ધોળકા, ગાંગડ, ધંધુકા, લોલીમાણા, ધારૂકુ, સણોસરા, બંદરગામ, પાલીતાણા.
- **સ્વાગત :** પાલીતાણાનાં ઠાકોર પૃથ્વીરાજજી ઢોલ વાજા સાથે બંદરગામ સુધી સામે ગયા હતા.
- **સામગ્રી :** આ સંઘમાં ૩૬૦ ગામોનાં ૩૫,૦૦૦ જૈનો, ૩૦૦ મુનિવરો, ૪૦૦ ભોજકો (ગાવાવાળા) ૧૭૦૦ ગાડાઓ, ૪ જૈનાચાર્યો
- **તીર્થયાત્રા :** વૈશાખવદ-૬નાં દિવસે તીર્થયાત્રા કરી ઉદયરત્નજીએ શત્રુંજય

ભેટ્યો રે સ્તવન બનાવ્યું.

- **તીર્થમાળા.:** જેઠ સુદ-૧૦નાં રોજ સંઘવી તથા તેમની બે પત્નીઓએ આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિનાં હાથે સંઘમાળા પરિધાન કરેલ.

(જૈન પરંપરાનો ઈતિહાસ ભા-૪)

## બીજો સંઘ : કચરાકીકાનો

- સંઘવી કચરાકીકા પટણીએ ઉપાધ્યાય શ્રી દેવચંદ્રની પ્રેરણાથી સં. ૧૭૯૪માં સુરતથી સમેત શિખરતીર્થનો વહાણમાં સંઘ કાઢેલ. કલકત્તા સુધી વહાણમાં પછી ચાલતા ગયેલ. સાધુસાધ્વીજી સાથે ન હતા. લાલચંદના પુત્ર પુંજાશાહ દીક્ષાર્થી સાથે રહીને બધી ક્રિયા કરાવતા હતા. પાલગંજનાં રાજાએ સંઘને યાત્રા કરવાની મનાઈ કરી ત્યાં પુંજાશાહે ભોમીયાજીને પ્રાર્થના કરી તો શિખરજીની યાત્રા ખુલ્લી કરાવેલ. આ સંઘ શિખરજી રાજગૃહી, ચંપાપુરી, ક્ષત્રિકુંડ, પાવાપુરી, મથુરા, આગરા પાટણ થઈ સુરત પાછો આવેલ.

પુંજાભાઈ દીક્ષાર્થીએ ૧૭૯૬ વૈ.સુ. ૬નાં દિવસે સત્યવિજયજીગણિ પાસે દીક્ષા સ્વીકારી અને ઉત્તમ વિજય નામ રાખેલ. **(જૈન પરંપરાનો ઈતિહાસ)**

## ત્રીજા સંઘ : કચરાકીકા અને રૂપચંદ કચરાનો

- વિ.સં. ૧૮૦૪ કારતક સુદ-૧૫નાં દિવસે વહાણ દ્વારા ડુમ્મસ થઈ ભાવનગર આવેલ ત્યાંથી કા.વ. ૧૩ નાં દિવસે વરતેજ, કનાડ, ગારીયાધાર થઈ પાલીતાણા પહોંચેલ. બંને સંઘવીએ મહાસુદ-૩નાં દિવસે શત્રુંજય

તીર્થમાં તીર્થમાળા પહેરેલ. આ સંઘમાં તપાગચ્છનાં અચલગચ્છનાં ઘણાં પદધારીઓ તથા સાધુભગવંતો હતા. સંઘ જ્યારે પાલીતાણા પહોંચ્યો ત્યારે ખંભાત, ઘોઘા, ભાવનગર, પાટણ, વેરાવળ ઘણાં યાત્રા સંઘો ભેગા થયા હતા. કચરાકીકાએ પં. દેવચંદ્રજીનાં ઉપદેશથી ૬૦૦૦ રૂપિયા ખર્ચી સુમતિનાથ ભગવાની પ્રતિષ્ઠા કરાવેલ.

## ચોથો સંઘ : તારાચંદ સંઘવીનો

- કચરાકીકાનાં પુત્ર તારાચંદે **સુરતથી મોરવાડા** ગોડી પાર્શ્વનાથનો સંઘ કાઢેલ. વિ.સં. ૧૮૨૧ માગસરસુદ-૭ નાં દિવસે સમસ્ત સુરત જૈન સંઘને ભેગા કરી મોરવાડા સુધી સંઘ લઈ જવા માટે આજ્ઞા માંગી અને સમસ્ત જૈનોને સાથે પધારવા માટે આમંત્રણ આપ્યું. રજા મળ્યા પછી સંઘવી તારાચંદે સુરતનાં તમામ જિનાલયમાં અઠ્ઠાઈ મહોત્સવ શરૂ કરાવી વિ.સં. ૧૮૨૧ માગસર વદ-૨નાં દિવસે સુરતથી મોરવાડા સંઘનું પ્રયાણ કરેલ.
- **નિશ્રાદાતા :** અમલગચ્છનાં ઉદયસાગરસૂરિ, ઉપાધ્યાય જ્ઞાનસાગરગણિ, તપાગચ્છનાં પુણ્યસાગરગણી, ખુશાલવિજયગણી, આગમિક ગચ્છનાં શ્રી રત્નસૂરિ, પં. હેમચંદ્રગણિ સાથે હતા.
  પં. ઉત્તમવિજયજીગણિ રાધનપુરથી ભેગા થયા હતા.
  આ સંઘમાં ઘણાં ગામોના ભાવિકો જોડાયા હતા. સહુ પ્રથમ કતારગામ, કઠોર, અંકલેશ્વર, ભરૂચ, છાણી, ખેડા, રાજનગર, પેથાપુર, વીસનગર, તારંગા, ખેરાલુ, વડગામ, મગરવાડી થઈ ફાગણશુદ-૧૫નાં દિવસે

આબુતીર્થી પહોંચેલા. ત્યાંથી ભટાણા પાલનપુર શંખેશ્વર, ભીલોટા કોરડા, સુઈગામ, બેણપ, ઉચોસણ થઈ મોરવાડા (વરખડી) પહોંચેલ મોરવાડામાં સંઘયાત્રા કર્યા પછી સંઘવી તારાચંદ, પત્ની રત્નકુમારી, પુત્ર ધરમચંદ, પુત્રવધુ-કુરડીબેન ફુલબાઈ, સંઘપતિનાં ભાણેજ ગોડીદાસ એમ ૭ જણને સંઘમાળા પહેરાવેલ.

ઉપાધ્યાય જ્ઞાનસાગરગણિએ ૧૮૨૧માં સુરતમાં તીર્થમાળાની ૧૨ ઢાળ રચેલ. (જૈન પરંપરાનો ઈતિહાસ ભા.૪)

## પાંચમો સંઘ : શત્રુંજય મહાતીર્થનો

- સંઘવી તારાચંદ જે કચરાકીકાનાં પુત્ર છે તેમને વિ.સં. ૧૮૨૬માં સુરતથી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢેલ.

આ સંઘમાં ભટ્ટારક પંન્યાસ શ્રી તિલકચંદજી ગણી તપાગચ્છનાં જિનવિજયજી ગણી, પં. ઉત્તમ વિજયજી ગણિ હતા. આ સંઘ અમદાવાદ થઈ પાલીતાણા ગયેલ.

પં. ઉત્તમવિજયજીએ ૧૮૨૭માં શંત્રુજય સ્તવન ચરેલ તેમાં આ સંઘનું વર્ણન કરેલ

## છઠ્ઠો સંઘ : મોદી પ્રેમજી લવજીનો

- અમદાવાદનાં કાશ્યપગોત્રીય પરમાર વંશનાં દશાશ્રીમાળી લવજીમોદીને ત્રણ પુત્ર હતા. (૧) પ્રેમચંદ (૨) હેમચંદ (૩) જયચંદ (૪) પુત્રી તેજકુંવરી

- ત્રણે ભાઈઓ સુરતમાં આવીને વસ્યા. એમાં મોટાભાઈ પ્રેમચંદ મોદીએ વિ.સં. ૧૮૩૬માં તપાગચ્છનાં ભટ્ટારક વિજયધર્મ સૂરિની નિશ્રામાં સુરતથી શત્રુંજય મહાતીર્થનો સંઘ કાઢેલ.

  વિ.સં. ૧૮૩૬માં ચૈત્ર સુદ-૧૩નાં દિવસે ધર્મસૂરિનાં ઉપદેશથી ખોડીયારકુંડ પાસે (નવકુંડ) વિશાળ જિનાલયનું નિર્માણ કરેલ જે **પ્રેમચંદ મોદી**ની ટુંક કહેવાય.

## સાતમો સંઘ : પ્રેમચંદ મોદી અને શેઠ બોઘાશાહનો

- પાલીતાણામાં પ્રેમચંદ મોદીએ નવટુંકમાં જે જિનાલયનું નિર્માણ કરેલ તેની પ્રતિષ્ઠાનું મુહુર્ત વિ.સં. ૧૮૪૩ મહાસુદ-૧૧નો દિવસ નક્કી થયેલ. પ્રતિષ્ઠા માટે સંઘવી મોદીએ સુરતનાં સમસ્ત સંઘોને ભેગા કરી આમંત્રણ આપેલ એ વખતે સુરતમાં વસતા શેઠ બોઘાશાહે શત્રુંજયનાં છ'રિ પાલિતસંઘની ભાવના બતાવી જો સંઘ રજા આપે અને મોદી સંઘમાં ભાગીદારી બને તો મારી ભાવના છે એ વખતે મોદી એ હાં ભરી અને સુરત સંઘે રજા આપી.

  વિ.સં. માગસર સુદ-૩ વિ.સં. ૧૮૪૩માં પ્રેમચંદ મોદી-શેઠ બોઘા શાહે સંઘ તિલક કરી પ્રયાણ કર્યું.

  આ સંઘમાં અચલગચ્છનાં ઉદયસાગરસૂરિ, ઉપાધ્યાય ખુશાલવિજયજી ગણિ, ઉત્તમવિજયજી ગણિ સાથે હતા.

  સંઘ પાલીતાણા પહોંચી લલિત સરોવર કિનારે પડાવ નાંખ્યો. જિનાલયમાં

પ્રતિષ્ઠા માટે નવી પ્રતિમાઓ ત્યાં તૈયાર કરાવેલ. શ્રી સંઘે દર્શન કરેલ પ્રતિષ્ઠા માટે જિનાલયનાં પ્રેરક ધર્મસૂરિકાલધર્મ પામવાથી તે ઓનીપાટે આવેલ જિનેન્દ્રસૂરિજી સિરોહીમાં ચાતુર્માસ હતા ત્યાંથી ઉગ્રવિહાર કરી મહાસુદ-૧૦નાં પાલીતાણા આવી. મહાસુદ-૧૧નાં દિવસે પ્રેમચંદ મોદીએ ત્રણેયભાઈઓ સાથે શેઠ બાઘાશાહ પણ પરિવાર સાથે બધા ઈન્દ્રો બનીને પરમાત્માની પ્રતિષ્ઠા કરી. **સર્વતોભદ્રપ્રાસાદ** જિનાલયનું નામ રાખેલ. મૂલનાયક આદિનાથની ગાદીમાં આ પ્રમાણે ઉલ્લેખ છે.

**સં. ૧૮૪૩ મહાસુદ-૧૧ સોમવારે કાશ્યપ ગોત્ર પરમાર વંશે, દશાશ્રીમાળી રાજનગર વતની (હા.સુરત) વિજયજિનેન્દ્રસૂરિએ આદિનાથ જિનેશ્વરની પ્રતિષ્ઠા કરાવેલ.** (જૈન પરંપરાનો ઈતિહાસ ભા.૪)

**મોદીની પ્રતિષ્ઠા પછી પાછા સુરત :**

પ્રેમચંદ મોદીએ આચાર્યા જિનેન્દ્રસૂરિની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવ્યા પછી સુરત ચાતુર્માસ માટે વિનંતી કરેલ અને આચાર્ય ભગવંતે પણ વિનંતી સ્વીકારેલ. પ્રતિષ્ઠા પછી ઘણાં યાત્રાળુઓ સાથે સાથે આચાર્ય ભગવંત પણ વરતેજ પીપળી થઈ ફા.સુ. ૧૩નાં ખંભાત પહોંચ્યા. ત્યાંથી પેટલાદ ગંધાર, ભરૂચ અંકલેશ્વર થઈ સુરત સંઘ સાથે આચાર્ય ભગવંત પધારેલ. આચાર્ય જિનેન્દ્રસૂરિ, ઉપાધ્યાય ખુશાલવિજયજી વિ.સં. ૧૮૪૩માં ચાતુર્માસ રહ્યા અને મોદીપ્રેમચંદ શત્રુંજય સંઘનો રાસ રચેલ. સં. ૧૯૯૨માં અમદાવાદના નાગજી ભૂધરની પોળમાં રહેતા પુંજાભાઈ નગીનદાસની શ્રાવિકા ભૂરીબાઈએ આ ટુંકનો જીર્ણોદ્ધાર કરાવેલ.

## આઠમો સંઘ : સુરતથી મોરવાડાનો

- સંઘવી પ્રેમચંદ મોદી, ગોવિંદજી મસાલીયા, ઉદયરામજી દીવાન આ ત્રણે ભેગા મળીને વિ.સં. ૧૮૫૨માં તપાગચ્છનાં ભટ્ટારક જિનેન્દ્રસૂરિની નિશ્રામાં સુરતથી મોરવાડાનો સંઘ કાઢી ચૈત્ર વં-૨નાં દિવસે યાત્રા કરેલ. આ સંઘમાં પં. પદ્મવિજયજી, મુનિરંગ વિજયજી સાથે હતા. તેમણે તેજ દિવસે ગોડી પાર્શ્વનાથનું સ્તવન રચેલ. **(શેઠ શાંતિદાસનો રાસ, જૈન સત્યપ્રકાશ)**

## દશમો સંઘ : શેઠ ડાહ્યાભાઈનો

- સુરતનાં સંઘપતિ શેઠ ડાહ્યાભાઈએ વિ.સં. ૧૮૬૨માં સુરતથી મોરવાડા-ગોડી પાર્શ્વનાથનો છ'રિ પાલિત સંઘ કાઢેલ. સંઘમાંથી પાછા સુરત આવીને નગરશેઠની પોળમાં ગોડી પાર્શ્વનાથનું જિનાલય બનાવેલ. મૂલનાયકની ઉપર ૧૮૮૨નો લેખ, ૧૯૭૨માં પુનઃ પ્રતિષ્ઠા.

## અગિયારમો સંઘ : શેઠ ધરમચંદ ઉદયચંદનો

- સુરતનાં સંઘપતિ શેઠ ધરમચંદે સં. ૧૯૪૫માં મોહનાલાલજી મ.સા.ના ઉપદેશથી કેસરીયાજી તીર્થનો છ'રિ પાલિત સંઘ કાઢેલ. તેમાં લગભગ ૧૫૦ સાધુ સાધ્વીજી ત્યાં ૧૪૪૦ શ્રાવિકા શ્રાવિકાઓ હતાં.
આ જ સંઘવીએ બીજો સંઘ સુરતથી શત્રુંજય મહાતીર્થનો કાઢેલ.

## બારમો : શેઠ અભયચંદ સ્વરૂપચંદનો

- આગમ દિવાકર આચાર્યદેવશ્રી આનંદ સાગરસૂરિજીના ઉપદેશથી સુરતથી અંતરીક્ષ મહાતીર્થનો છ'રિ પાલિત યાત્રા સંઘ શેઠ અભયચંદ સ્વરૂપચંદે ઉદારતાપૂર્વક કાઢ્યો હતો. એ વખતે દિગંબરો વચ્ચે મતભેદ થવાથી

કોર્ટમાં કેસ થયેલ અન્તે આનંદસાગર સૂરિ નિર્દોષ રૂપે જાહેર થવાથી આ તીર્થ શ્વેતામ્બરોનું છે પ્રતિમા પણ શ્વેતામ્બરની છે.

**તેરમો સંઘ : જીવણચંદ નવલચંદ ઝવેરીનો**

- આગમ વાચના દાતા આચાર્ય દેવશ્રી આનંદ સાગરસૂરિનાં ઉપદેશથી વિ.સં. ૧૯૭૬માં સુરતથી શત્રુંજય મહાતીર્થનો છ'રિ પાલિત સંઘ કાઢેલ. તે સંઘ સુરતથી ખંભાત ધોલેરા બંદર જઈને પાલીતાણા ગયેલ.
આ સંઘમાં સાગરાનંદસૂરિજી, પં. વિજયસાગરગણિ, પં. માણેકસાગર ગણિ, પં. મણિવિજયજી ગણી મુનિ કુમુદવિજયજી, મુનિ સુમતિવિજયજી વિ. સાધુઓ સાથે હતા. એ વખતે દર્શન-જ્ઞાન-ન્યાય વિજય ધોલેરાબંદરમાં હતા. વીરચંદ ભગત સંઘના પડાવની વ્યવસ્થા કરતા. ત્યારપછી સાગરાનંદ સૂરિએ પાલીતાણાં ચાતુર્માસ કરી આગમ વાચના રાખેલ. સંઘપતિનાં પુત્ર તથા તેમની ધર્મપત્નીએ દીક્ષા અંગીકાર કરેલ. નામ મુનિ જિતેન્દ્ર વિજયજી સાધ્વી જયપ્રભાશ્રીજી નામ રાખેલ. જિતેન્દ્ર વિજયજીએ પૂનામાં 'જૈન તત્ત્વજ્ઞાનીવિદ્યાપીઠ' ની સ્થાપના કરેલ. (જૈન પરંપરાનો ઈતિહાસ ભા. ૪)

## ૧૭૮. પાંચ પ્રકારનાં આચારથી પાંચ વૈભવની પ્રાપ્તિ

(૧) **જ્ઞાનાચાર** - પ્રજ્ઞા વૈભવ
(૨) **દર્શનાચાર** - પ્રેમ વૈભવ
(૩) **ચારિત્રાચાર** - પવિત્રતા વૈભવ
(૪) **તપાચાર** - પુણ્ય વૈભવ
(૫) **વીર્યાચાર** - પરાક્રમ વૈભવ

આચાર પાલનથી અનાચારનો નાશ થાય છે.

## ૧૭૯. સુરતમાં થયેલ ઢાળો રાસોની રચના

| અ. નં. | વિક્રમ સંવત | ગ્રંથ રચનાકારનું નામ | ગ્રંથનું નામ |
|---|---|---|---|
| ૧. | ૧૬૦૯ | પં. કમલેશ શેખરજી | નવતત્ત્વ ચોપાઈ |
| ૨. | ૧૬૩૨ | વિજયસેન સૂરિજી | વિદ્વાનો વચ્ચે દિગંબર ભટ્ટારક ભૂષણને હરાવેલ |
| ૩. | ૧૬૭૩ | ઉપા. રનચંદ્રજી ગણિ | નિઝામપરામાં હીરવિહારની પ્રતિષ્ઠા |
| ૪. | ૧૬૭૪ | મુનિસુંદરસૂરિ | અધ્યત્મકલ્પદ્રુમ ઉપર કલ્પલતાની ટીકા |
| ૫. | ૧૬૭૬ | - | સમ્યક્ત્વ સિત્તરીનો બાલાવબોધ |
| ૬. | ૧૬૭૮ | કારતક વં.-૫ | સુરજનમંડન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા |
| ૭. | ૧૬૭૮ | પો.સુ.-૨ | સંગ્રામસૂરકથા |
| ૮. | ૧૬૮૯ | ઉપા.વિનયવિજયજી | સૂર્યપુર ચૈત્યપરિપાટી |
| ૯. | ૧૭૦૬ | મુ.દયાવિજયજી | ચંપકશ્રેષ્ઠિકથા |
| ૧૦. | ૧૭૧૮ | વિનયવિજયજી | 'ઇન્દ્રદૂત' નામે વિજ્ઞપ્તિયત્ર શ્લોક ૧૩૧ |
| ૧૧. | ૧૭૨૮ | વિનયવિજયગણી | નેમિનાથ બારમાસો |
| ૧૨. | ૧૭૩૨ | પં.જયહારગણી | અનિરૂદ્ધાહરણ રાસ |

| | | | |
|---|---|---|---|
| ૧૩. | ૧૭૩૮ | ઉપા.વિનયવિજયજી | ભગવતીસૂત્રની સજ્ઝાય |
| ૧૪. | ૧૭૫૧ | પં. જિનવિજયગણી | કલ્યાણક સ્તવન |
| ૧૫. | ૧૭૭૩ | પં.રામવિજયજી ગણિ | કલ્યાણક સ્તવન |
| ૧૬. | ૧૭૭૪ | આ.જ્ઞાનવિમલ સૂરિ | અશોકચંદ્ર રોહિણીનો રાસ |
| ૧૭. | ૧૭૮૧ | પં.સત્યસાગરગણિ | વચ્છરાજ રાસ |
| ૧૮. | ૧૭૮૧ | ઉપા. નિત્યલાભવિજયજી | સ્તવનચોવીસી |
| ૧૯. | ૧૭૮૮ | ઉપા. રામવિજયજી | લક્ષ્મીસાગરસૂરિ રાસ |
| ૨૦. | ૧૭૯૭ | ઉપા.જ્ઞાનસાગરગણિ | ગુણ-પર્યાયનો રાસ |
| ૨૧. | ૧૭૯૯ | શ્રા.સુ.૧૦ | ધન્ના-શાલીભદ્રનો રાસ |
| ૨૨. | ૧૮૭૧ | શ્રી વીરવિજયજીગણિ | અક્ષયનિધી સ્તવન (ઢાળ-૫) |
| ૨૩. | ૧૮૭૭ | સુરતસંઘે | જિનેન્દ્રસૂરિને સચિત્ર વિજ્ઞપ્તિ પત્ર લખેલ |
| ૨૪. | ૧૮૭૭ | પં.દીપવિજયજી કવિ | સુરતની ગઝલ, સોહમકુલ |
| | | | પટ્ટાવલી રાસ |
| ૨૫. | ૧૮૮૯ | પં.દીપ વિજયજી કવિ | નંદીશ્વર દ્વીપની પૂજા |
| ૨૬. | ૧૮૯૨ | પં.દીપ વિજયજી કવિ | પ્રતિમા પૂજાનો રાસ |
| ૨૭. | ૧૯૧૯ | મુ.નિત્યવિજયજી | શ્રી વિહરમાન જિનપૂજા |

(જૈન પરંપરાનો ઈતિહાસ ભા.૪)

## ૧૮૦. સુરતમાં થયેલ ચાતુર્માસ અને પ્રતિષ્ઠાઓ

| અ. નં. | વિક્રમ સંવત | નિશ્રાદાતા | વિશિષ્ટતાઓ |
|---|---|---|---|
| ૧. | ૧૬૧૩ | - | આચાર્યવિજયસેનસૂરિની દીક્ષા |
| ૨. | ૧૬૧૪ | વિજયદાનસૂરિજી | ચાતુર્માસ |
| ૩. | ૧૬૭૬ | ઉપા.રત્નચંદ્રગણિ | પો.સુ. ૧૫ હીરવિહારની પ્રતિષ્ઠા |
| ૪. | ૧૬૭૮ | - | કા.વ.૫-સુરજમંડણ-પાર્શ્વનાથ પ્રતિષ્ઠા |
| ૫. | ૧૬૮૯ | ઉપા. વિનયવિજયજી | ચાતુર્માસ |
| ૬. | ૧૭૧૦ | વિજયદેવસૂરિ વિજયપ્રભસૂરિ | ચાતુર્માસ |
| ૭. | ૧૭૧૬ | ઉપા.વિનયવિજયજી | ચાતુર્માસ |
| ૮. | ૧૭૬૧ | પં. રાજસુંદરગણી | ચાતુર્માસ (ખરતરગચ્છ) |
| ૯. | ૧૭૭૧ | મુનિદયાવિજયજી | ચાતુર્માસ (ખરતરગચ્છ) |
| ૧૦. | ૧૭૮૦ | મુનિવજયાવિજયજી | ચાતુર્માસ |
| ૧૧. | ૧૭૮૨ | જ્ઞાનવિમલસૂરિ | અ.વ.૪ સૌભાગ્યવિમલસૂરિ નાં ચરણોની પ્રતિષ્ઠા |
| ૧૨. | ૧૭૮૪ | પં. દેવવિજયજી | ચાતુર્માસ |
| ૧૩. | ૧૭૮૭ | પં.ક્ષમાવિજય/પં.જિનવિજયજી | ચાતુર્માસ |
| ૧૪. | ૧૭૯૯ | વિજયદયાસૂરિજી | નવચાતુર્માસ |
| ૧૫. | ૧૮૧૩ | પં. ઉત્તમવિજયજી | ઉપધાન્ કરાવેલ |

| | | | |
|---|---|---|---|
| ૧૬. | ૧૮૨૭ | જિનલાભસૂરિ | વૈ.વ.૧૨ શીતલનાથ, અજીતનાથ આદિ ૨૦૦ પ્રતિમાઓની પ્રતિષ્ઠા |
| ૧૭. | ૧૮૩૭ | વિજયચંદ્રસૂરિ ઉપા.ક્ષમાકલ્યાણગણિ | ૩૫ ઠાણા સાથે ચાતુર્માસ |
| ૧૮. | ૧૯૪૯ | - | વડાચૌટામાં સીમંધરસ્વામીની પ્રતિષ્ઠા |
| ૧૯. | ૧૯૫૦ | - | અષ્ટાપદ દેરાસરની પ્રતિષ્ઠા |
| ૨૦. | ૧૯૫૧ | - | ઉમરવાડી દેરાસની પ્રતિષ્ઠા |
| ૨૧. | ૧૯૫૪ | - | સમેતશિખર રચનાની પ્રતિષ્ઠા |
| ૨૨. | ૧૯૫૪ | - | કુંથુનાથનાં દેરાસરની પ્રતિષ્ઠા |
| ૨૩. | ૧૯૫૭ | મુનિસિદ્ધિવિજયજી | નગીનદાર ઝવેરચંદે ૧ લાખ રૂપિયા ખર્ચી પંન્યાસ પદવી અપાવેલ |
| ૨૪. | ૧૯૬૧ | નીતિવિજયજી | પંન્યાસ પદ થયેલ |
| ૨૫. | ૧૯૬૨ | મોહનમુનિ | આદીશ્વર ભગવાનની પ્રતિષ્ઠા મોહનલાલજી જ્ઞાનભંડાર પાઠશાળા ની સ્થાપના |
| ૨૬. | ૧૯૭૩ | - | મોહનલાલજી કાલધર્મ પામ્યા |
| ૨૭. | ૧૯૭૪ | આ.કમલસૂરિજી | આનંદસાગરજીને આચાર્ય પદ વૈ.સુ.૧૦ |
| ૨૮. | ૨૦૦૬ | આનંદસાગરસૂરિ | વૈ.વ. સુરતમાં કાલધર્મ |

**(જૈન પરંપરાનો ઈતિહાસ)**

## ૧૮૧. વિનયગુણની પ્રધાનતા

**विणओ सासणे मूलं, विणीओ संजओ भवे ।**

**विणयाओ विप्पमुक्कस्स, कओ धम्मो कओ तवो ॥**

- **ભાવાર્થ :** વિનય જિનશાસન ભાષિત દ્વાદશાંગીનું મૂળ છે. સંયમપણ વિનયમાં સમાયેલો છે. જે વિનય થી મુકાયેલો છે તેને તપ શું ? ધર્મ શું ?
- વિનયલક્ષ્મી લાવી આપે છે. યશ અને કીર્તિ ફેલાવે છે. દુવિનીત ક્યારેય પણ સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતો નથી.
- જેમ પાણીથી વેલડી વૃદ્ધિ પામે તેમ વિનયથી વિદ્યાવૃદ્ધિ પામે છે.
- કલ્યાણકારી કર્મજેનાથી દૂર થાય એવા વિશિષ્ટ વિનયવાળા પ્રથમ ગણધર બધા પદાર્થોને જાણવા છતાં પણ પરમાત્માની વાણીને હાથ જોડી વિનયપૂર્વકગ્રહણ કરતા.
- જેમ રાજાની આજ્ઞાને પ્રજા હાથ જોડીને મસ્તક ઉપર ચડાવે છે તેમ ગુરુ પણ જ્યારે જિનવાણી પ્રકાશે ત્યારે હાથ જોડી મસ્તક નમાવી બહુમાનપૂર્વક સાંભળવી જોઈએ. (ઉપદેશમાળા)

## ૧૮૨. વિનયનાં ૧૦ ભેદ

(૧) સત્કાર - જ્ઞાન અને જ્ઞાનીનો સત્કાર. પધારો, ગુણાગાવા તે.

(૨) અભ્યુત્થાન - જ્ઞાની ભગવંત પધારે ત્યારે ઉભા થવું તે.

(૩) સન્માન - વસ્ત્ર-પાત્ર-વાસક્ષેપ આદિ દ્વારા બહુમાન કરવું તે.

(૪) આસન - આસન લઈને પૂંજીને પાથરવું તે.

(૫) આસનાનુપ્રદાન - આસન ઉપર પધારવા માટે વિનંતી કરી બિરાજમાન કરવા તે.

(૬) કૃતિકર્મ - પંચાંગ પ્રણિપાત દ્વારા વંદન કરવું તે.
(૭) અંજલિ - જ્યાં સુધી વ્યાખ્યાન - વાચના ચાલે ત્યાં સુધી હાથ જોડવા તે.
(૮) અનુસરણ - ચેષ્ટા દ્વારા અભિપ્રાય જાણવો તે.
(૯) પર્યુપાસના - જિનવાણીની-ગુરુની ઉપાસના કરવી તે.
(૧૦) પશ્ચાત્ - ગુરુની આગળ પણ નહિ. સાથે પણ નહિ પરંતુ પાછળ ચાલવું તે. (દશવૈકાલિક વૃત્તિ)

## ૧૮૩. બહુમાન આચાર એટલે શું ? તેનાં લક્ષણ

बहुमान अभ्यन्तर प्रीति प्रतिबन्धः इति बहुमान - સામેના વ્યક્તિ પ્રત્યે અભ્યંતર (એટલે હૈયાનાં ભાવથી) પ્રીતિ બાંધવી તે **બહુમાન આચાર** કહેવાય. વિનય બહારથી દેખી શકાય છે પરંતુ બહુમાન દેખી શકાતુ નથી. જ્ઞાન અને જ્ઞાની પ્રત્યે અંતરથી બહુમાન પ્રગટ કરવો તે. તેના પાંચ લક્ષણો

(૧) **ઉપકાર :** આમારા ઉપકારી છે મને જ્ઞાન તથા સંસ્કાર આપ્યા છે. એમની ઈચ્છા મારે પૂર્ણ કરવી જોઈએ. ગમે તેમ થાય તો પણ એમની ઈચ્છાવિરુદ્ધ કાંઈ કામ ન કરવું. એમની ઈચ્છાને સંતોષવી તે પ્રથમ લક્ષણ.
(૨) **અદોષ :** જે મારા ઉપકારી છે એમના દોષ દેખવાનું મન ન થાય. દોષ સાંભળવાનું મન ન થાય કદાચ દેખાઈ જાય તો દોષોને ઢાંકી દેવાનું કાર્ય કરવું. માત્ર ગુણ દેખીને ગુણોની પ્રશંસા કરવી. પરંતુ દોષ ન દેખવા. કદાચ ઘણાં જ દોષો દેખાઈ જાય તો ઉપેક્ષા કરી દૂર જતા રહેવું.
(૩) **અભ્યુદય :** મારા ઉપકારી છે માટે એમનો અભુદય એટલે એમનું સારું કેવી રીતે થાય તેના માટે પ્રયત્ન કરવો. એમનાં ગુણોની અભિવૃદ્ધિ દેખી પોતે ખુશ થાય તે.

(૪) **વેદના :** મારા ઉપકારી છે અને કદાચ એમનો પાપોદયનાં કારણે દુર્દશા આવી જાય તો તેમના પ્રતિ વેદના (મનમા દુઃખ) થવી જોઈએ વારંવાર એમની પાસે આશ્વાસન આપી દૂર કરવાનો પ્રયત્ન કરે. આશ્વાસનથી અડધુ દર્દ દૂર થઈ જાય છે.

(૫) **હર્ષ :** જેમ પાપોદય દ્વારા દુર્દશા દેખી દુઃખ થાય તેમ અભ્યુદય દેખી ખુશ થાય. સારું થયું કે મારા ઉપકારીનો આજે અભ્યુદય દિવસે દિવસે વધી રહ્યો છે. પરંતુ ઈર્ષ્યા ક્યારેય ન કરવી. આવી નિઃસ્વાર્થ પ્રીતિભાવ રાખવો તે બહુમાન આચાર. (ભગવતીસૂત્રનાં વ્યાખ્યાનો)

## ૧૮૪. બહુમાન આચારની ચતુર્ભંગી

(૧) **વિનય છે પરંતુ બહુમાન નથી** - જેમ કૃષ્ણનો પુત્ર પાલક.

(૨) **બહુમાન છે પરંતુ વિનય નથી** - જેમ કૃષ્ણનો પુત્ર શાંબ

(૩) **વિનય પણ નથી બહુમાન પણ નથી** - કપિલાદાસી

(૪) **વિનયપણ છે બહુમાન પણ છે** - ગૌતમસ્વામી (આચારપ્રદીપ)

## ૧૮૫. વસ્તુપાલમંત્રીની પરમાત્મા પ્રતિ સાત માંગણી

**शास्त्राभ्यासो जिनपति नतिः संगति सर्वदार्यैः ।**
**सत्वृत्तानां गुणगण कथा, दोषावादे च मौनम् ।**
**सर्वस्यापि प्रियहितवचो, भावना चात्म तत्वे ।**
**सम्पद्यतां मम भवभवे, यावदाप्तोपवर्गः ॥१॥**

(૧) **શાસ્ત્રાભ્યાસ** - અજ્ઞાનતાને નાશ કરવા માટે.

(૨) **જિનેશ્વરની ભક્તિ** - પરમાત્મા પદની પ્રાપ્તિ માટે.

(૩) **સંતોનો સમાગમ** - ભવનો અંતલાવવા માટે.

(૪) **ગુણોની પ્રશંસા** - ગુણાનુરાગી બનવા માટે.

(૫) **દોષમાં મૌન** - દુર્ગુણોથી દૂર હટવા માટે.

(૬) **પ્રિયહિતવચન** - પોતાનો-બીજાને શાંતિ આપવા માટે.

(૭) **આત્મચિંતન** - આત્મરમણતા પ્રાપ્ત કરવા માટે.

## ૧૮૬. પ્રતિક્રમણ કરવાનો શાસ્ત્રીય સમય

➠ અરધ નિબુડ્ડરવિ ગુરુ, સૂત્ર કહે કાલપૂરો રે.

દિવસનો રાતિનો જાણીયો, દસ પડિલેહણથી સૂરોરે શ્રુતિ .......૭

➠ **ભાવાર્થ :** અર્ધ ડુબેલો સૂર્ય દિવસનાં પ્રકિર્પમણનો સમય બતાવેલ છે. અને સવારની દસ પડિલેહણાપૂર્ણ થાય ત્યારે સૂર્યોદય થવો એ સવારનો સમય બતાવેલ છે. અને અપવાદે અર્ધરાત્રિથી મધ્યાન્હ સુધી રાઈપ્રતિક્રમણ અને મધ્યાન્હથી અર્ધરાત્રિ સુધી દેવસી પ્રતિક્રમણનો સમય યોગવૃત્તિનાં નાંદથી જણાય છે. **- ઉપા. યશોવજયકૃત પ્રતિક્રમણ હેતુગર્ભિત સજ્ઝાય**

## ૧૮૭. આલોચકનાં ૧૧ ગુણ

➠ આલોચના જેમને લેવી છે તેમને આ ગુણો મેળવવા જરૂરી છે.

(૧) **સંવેગી :** એટલે સંસારથી ભય પામેલો હોય તે જ યથાર્થ આલોચના લઈ શકે. નહિ તો પોતાના દોષો સ્વમુખે વર્ણવા અતિદુષ્કર છે.

(૨) **માયારહિત :** જે માયા વગરનો હોય તેજ આલોચના લઈ શકે.

(૩) **બુદ્ધિમાન :** પોતાની ભૂલો ને જે બરાબર બુદ્ધિથી સમજે તેજ યોગ્ય છે.

(૪) **કલ્પસ્થિત :** પોતાનાં દોષો પ્રત્યે જુગુપ્સાવાળો હોય તે જ યોગ્ય છે.

(૫) **અનાશસી :** આલોક અને પરલોકમાં ઈચ્છાવિના નો હોય.

(૬) **પ્રજ્ઞાપનીય :** હઠાગ્રહ વિનાનો સત્ય વાતને સત્યરૂપે કહેવાવાળો હોય.

(૭) **શ્રદ્ધાળુ :** જિનેશ્વરનાં વાચન તથા ગુરુ પ્રત્યે શ્રદ્ધાવાળો હોય.

(૮) **આજ્ઞા :** વડિલો-પૂજ્યોની આજ્ઞા માનીને આલોચના પૂર્ણ કરવાવાળો હોય.

(૯) **પશ્ચાતાપ :** પોતાનાં દુષ્કૃતોને દેખી પશ્ચાતાપ કરવાવાળો હોય.

(૧૦) **આદરવાન :** આલોચનાની વિધીમાં લેવામાં આદર-વિનયવાળો હોય.

(૧૧) **અનુમોદના :** વિવિધ સુકૃતો, તપો, અભિગ્રહો વિગેરેની વારંવાર અનુમોદના કરવા વાળો હોય.

➡ આ અગ્યાર ગુણોથી મુક્ત હોય તેજ તત્ત્વથી સાચી આલોચના લઈ શકે.

**(શ્રાદ્ધજિત કલ્પ)**

## ૧૮૮. ભગવાન મહાવીરનો ગર્ભમાં અભિગ્રહ

**तएणं समणे भगवं महावीरे गब्भत्थेचेव इमेआरुवं अभिग्गहं अभिगिण्हेइ नो खले मे कप्पइ अम्मा जीवंतेहिं मुंडे भवित्ता अगारीओ अणगारिअं पव्वइत्तए ॥**

- **ભાવાર્થ :** જે વખતે શ્રમણ ભગવાન મહાવીર ગર્ભમાં હતા તે વખતે સાડા છ માસ પસાર થયા પછી એવા પ્રકારનો અભિગ્રહ કરે છે કે જ્યાં સુધી માતાપિતા જીવીત છે ત્યાં સુધી મારે **મુંડ થઈને ઘરથી** નીકળીને દીક્ષા લઈશ નહિ. (કલ્પસૂત્ર પ્રવચન)

## ૧૮૯. પોરિસીનું પ્રમાણ

पुरुषः प्रमाणम् अस्याः स पौरुषी -

- પુરુષ પ્રમાણ છાયા થાય ત્યારે પોરસી આવે. પૂર્વ ઘડીથી નહિ પરન્તુ પડછાયાથી પોરિસીનો નિર્ણય થતો હતો. દરેક દેશમાં જે રીતે દિવસ-રાત્રિનું પ્રમાણ હોય તે રીતે છાયા પ્રમાણ પોરિસી ગણાતી. (ધર્મસંગ્રહઃ)

## ૧૯૦. સંથારા પોરિસીમાં આવતા ભારી શબ્દોનો અર્થ

अणुजाणह जिट्ठिज्जा – હે જ્યેષ્ઠ આર્ય અનુજ્ઞા આપો.

अर्यते अभिगम्यते इति आर्यः – જેમની પાસે જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તે આર્ય !

आरान् पापेभ्यः कर्मेभ्यः स आर्य – પાપકર્મથી જે દૂર થઈ ગયા તે આર્ય !

વૃદ્ધ-વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, ગુણવાન, આ બધા આર્ય કહેવાય.

**"कुक्कुडिपायपसारण"** – **कुक्कुडिपायपसारणंति कुक्कुटिपादावकाशे प्रथमं प्रसारयति एव साधुनाऽत्याकाशे पादौ प्रथमं अशुक्नुवता प्रसारणीयौ**

➺ **ભાવાર્થ :** જેવી રીતે કુકડી પ્રથમ પગ આકાશ બાજુ રાખે એવી રીતે સાધુ પ્રથમ આકાશ બાજુ પગ રાખે પછી જો અશક્ય-અસમર્થ હોય તો પ્રમાર્જન કરીને વિધીપૂર્વક સંથારા ઉપર મૂકે.

अंतरंत पमज्जए भूमिं – બરાબર બંને પગનાં આંતરાને પ્રમાર્જીને પછી મૂકે.

संकोइअ – यदा पुनः संकोचयति पादौ तदा संदेशमुरुसन्धिं प्रमृज्य संकोचयति उद्वर्तयंच कायं प्रमार्जयति अयं स्वफ्तो विधीः – પગને લાંબા કર્યા પછી જો ફરીથી ભેગા કરવાના હોય તો પ્રમાર્જીને ભેગા કરવાના અને કાયાને જો પલટવી હોય તો પણ પ્રમાર્જીને પલટવી આ સુવાની વિધી છે.

संडासा – उरुसन्धिः – ઢીંચણનાં નીચેના ભાગને ખાસ પ્રમાર્જવો.

उवट्टंते – उद्वर्तनमेकपार्श्वदन्यपार्श्वभवनम् उवट्टंते – એકબાજુથી બીજી બાજુ જો કરવટ બદલવી હોય તો પણ પ્રમાર્જીને બદલવી.

(ઓઘનિર્યુક્તિઃ)

## ૧૯૧. કાયાની પડિલેહણમાં દૃષ્ટાંત

કચ્છ વાગડ દેશમાં મનફરાની પાસે ચોબારી ગામમાં આચાર્ય સોમસુંદરસૂરિ બિરાજમાન હતા તે વખતે દ્રવ્યલિંગીઓ ભેગા થઈ એક દુર્જનને ૫૦૦ ટકા આપી રાત્રે આચાર્ય ભગવંતને મારવા માટે મોકલેલા. તે હત્યારો હથિયાર લઈ ચોબારી ગામમાં રાત્રે આચાર્ય ભગવંતને ત્યાં પહોંચ્યો. ચંદ્રના પ્રકાશમાં તમામ સાધુઓ તથા આચાર્ય ભગવંત બધા નિદ્રાધિન

હતા. એ વખતે હત્યારો પ્રથમ શાંતિથી જોવા લાગ્યો કોઈ જાગ્રત નથી ને એ વખતે આચાર્ય ભગવંત પોતાની કરવટ બદલતી વખતે રજોહરણથી પૂંજીને બદલે છે. પગ પણ પૂંજીને ઉંચા નીચા કરે છે ત્યારે તે દેખી હત્યારો વિચારમાં પડ્યો સૂક્ષ્મજીવોની જયણા પાલવા વાળાને કેવી રીતે મારી શકાય. દ્રવ્યલિંગીઓ આ બધુ ગલત કરે છે. આવાં કરૂણાસાગરની હત્યા કરીને મારે ભયંકર પાપ બાંધવું નથી. તરત જ આચાર્ય ભગવંત પાસે જઈ ક્ષમા માંગી - આચાર્ય મહારાજે ઉપદેશ આપી ખુનીમાંથી મુનિ બનાવેલ.

**(હીરસોભાગ્યકાવ્ય)**

## ૧૯૨. ચોવીશ તીર્થંકરનાં નામ પાડવાનાં કારણો !

(૧) **ઋષભદેવ :** આ પ્રભુનાં સાથલમાં વૃષભનું લાંછન હતું. અને મરુદેવા માતાએ સ્વપ્નમાં પ્રથમ વૃષભને જોયો માટે

(૨) **અજિતનાથ :** ગર્ભના પ્રભાવે માતા પાસા ખેલવામાં પતિથી જીત્યા નહિ માટે

(૩) **સંભવનાથ :** ગર્ભના પ્રભાવે દેશમાં ઘણાં ધાન્યનો સંભવ થયો માટે

(૪) **અભિનંદન સ્વામી :** ઇન્દ્રે વારંવાર આવીને માતાનું અભિનંદન કર્યું માટે.

(૫) **સુમતિનાથ :** પ્રભુ ગર્ભમાં આવ્યા ત્યારે શ્રેષ્ઠ નિશ્ચય લેવાની બુદ્ધિ સૂઝી માટે.

(૬) **પદ્મપ્રભ સ્વામી :** માતાને કમળોની શય્યામાં સુવાનો દોહદ દેવતાએ પૂરો કર્યો માટે.

(૭) **સુપાર્શ્વનાથ :** ગર્ભનાં પ્રભાવે માતા દ્વારા પિતાનાં પડખાનો રોગ દૂર થયો હતો.

(૮) **ચન્દ્રપ્રભસ્વામી :** માતાને ગર્ભના યોગે ચંદ્રના પાન કરવાનો દોહદ જાગ્યો માટે.

(૯) **સુવિધીનાથ :** ગર્ભનાં પ્રભાવે સુંદરવિધી પૂર્વક માતાએ આરાધના કરી માટે.

(૧૦)**શીતલનાથ :** ગર્ભનાં પ્રભાવે માતાનાં સ્પર્શથી પિતાને પિત્તનો દાહ શમી ગયો માટે.

(૧૧)**શ્રેયાંસનાથ :** દેવાધિષ્ઠિત શય્યાનો ઉપયોગ માતાએ કરવાથી કલ્યાણ થયુ માટે.

(૧૨)**વાસુપૂજ્યસ્વામી :** સુવર્ણ દ્વારા ઈન્દ્રે રાજકુળની પૂજા કરી અને પિતા વસુપૂજ્ય છે માટે.

(૧૩)**વિમલનાથ :** ગર્ભનાં પ્રભાવે માતાની વિમલબુદ્ધિ પ્રગટી માટે

(૧૪)**અનંતનાથ :** ગર્ભનાં પ્રભાવે માતાએ આકાશમાં અંત વિનાનું ચક્ર દેખ્યું માટે.

(૧૫)**ધર્મનાથ :** ગર્ભના પ્રભાવે માતા દાનાદિધર્મમાં ઉદ્યમ થયા માટે.

(૧૬)**શાંતિનાથ :** ગર્ભનાં પ્રભાવે મરકીનો રાગનાશ પામીને શાંતિ થઈ માટે.

(૧૭)**કુંથુનાથ :** ગર્ભનાં પ્રભાવે માતાએ કુંથુ રત્નોની રાશિ દેખી માટે.

(૧૮)**અરનાથ :** માતાએ સ્વપ્નમાં રત્નોનો અર(આરો) દેખ્યો માટે.

(૧૯)**મલ્લિનાથ :** માતાને સુગંધી છએ ઋતુનાં ફુલોની શય્યામાં સુવાનો દોહદ થયો માટે.

(૨૦)**મુનિસુવ્રતસ્વામી :** માતાને મુનિ જેવાં સુંદર વ્રત પાળવાનું મન થયું માટે.

(૨૧) **નમિનાથ :** ગર્ભનાં પ્રભાવે નગર ઉપર આવેલા શત્રુઓ નમી પડ્યા માટે.

(૨૨)**નેમિનાથ :** ગર્ભનાં પ્રભાવે રિષ્ટ રત્નોનો વરસાદ થયો માટે અરિષ્ટનેમિ.

(૨૩)**પાર્શ્વનાથ :** અંધારામાં પણ કાળા સર્પને પાસેથી જતો જોયો માટે.

(૨૪)**વર્ધમાન :** ગર્ભનાં પ્રભાવે પ્રભુનાં ઘેર ધન-ધાન્યની વૃદ્ધિ થઈ માટે.

**(આવશ્યક નિ. દીપીકા ૧૦૮૭ થી ૧૦૯૮)**

## ૧૯૩. સુધર્માસ્વામીનાં સમુદાયનું પ્રમાણ

**जो इमे अज्जत्ताए समणा निग्गंथा विहरंति एएणं सव्वे अज्जसुहुमस्स अणगारस्स आवच्चिज्जा ॥**

**ભાવાર્થ :** હાલ જે શ્રમણ નિર્ગ્રન્થો વિચરે છે તે બધા આર્ય સુધર્મા સ્વામીના અણગાર (સંતાન) છે. **(કલ્પસૂત્ર પ્રવચન-૮)**

## ૧૯૪. સંભૂતિવિજયનો પરિવાર

(૧) નંદનભદ્રમુનિ (૨) ઉપનંદ મુનિ (૩) તિષ્યભદ્ર મુનિ (૪) યશોભદ્ર મુનિ (૫) સુમનભદ્ર મુનિ (૬) મણિભદ્ર મુનિ (૭) પૂર્ણભદ્ર મુનિ (૮) સ્થૂલભદ્ર મુનિ (૯) ઋજુમતિ મુનિ (૧૦) જંબુમુનિ (૧૧) દીર્ઘભદ્ર મુનિ (૧૨) પાંડુભદ્ર મુનિ

**આર્યા પરિવાર :** (૧) યક્ષાઆર્યા (૨) યક્ષદિન્નાઆર્યા (૩) ભૂતાઆર્યા (૪) ભૂતદિન્નાઆર્યા (૫) સેણાઆર્યા (૬) વેણાઆર્યા (૭) રેણાઆર્યા

**(કલ્પસૂત્ર)**

## ૧૯૫. પરસ્પર ક્ષમાપનાનાં 'છ'લક્ષણો

(૧) **સ્વયંઅપરાધી :** પોતાને અપરાધી માનવું પરંતુ બીજાને નહિં.

(૨) **ભૂલનો સ્વીકાર :** મનથી પોતાની ભૂલનો એની સામે સ્વીકાર કરવો.

(૩) **ફરી ભૂલ ન કરવાનો સંકલ્પ :** ફરી આવી ભૂલ ન થાય તેવું વચન તેને આપવું.

(૪) **સામેનાં વ્યક્તિની પ્રશંસા :** જેને ભૂલ સહન કરી હોય તેની પ્રશંસા કરવી.

(૫) **પોતે શાંત બનવું :** સામે વાળો આપણને તિરસ્કારે-ધિક્કારે તો પણ સહન કરવું.

(૬) **ક્ષમામયજીવન :** બંને એક થઈ પરસ્પર ક્ષમામય જીવન જીવવું.

## ૧૯૬. 'છ'કાય વિરાધનાથી ડરેલા મહાપુરુષોનાં દ્રષ્ટાંતો

(૧) **પૃથ્વીકાયની રક્ષા :** વજ્રઆર્યસૂરિ પોતાનાં ઉન્માર્ગી શિષ્યોને ઠેકાણે લાવવા માટે એમની પાછળ પાછળ ગયા પરંતુ શિષ્યો સચિત્તમાટી આવવા છતાં પણ તેનાં ઉપર પગ માંડી દોડવા લાગ્યા. આચાર્ય દેખી દેખીને અચિત્તભૂમિ પર પગ માંડીને ચાલતા હતા સામેથી ભયંકર સિંહ આવતો હતો. જો સચિત ભૂમિપર ચાલે તો બચી શકે એમ હતા પરન્તુ પૃથ્વીકાયની વિરાધનાનાં ડરથી અચિત્તભૂમિ પર સ્થિર બની અનશન કર્યું. સિંહે તરાહ પાડીને પાડી નાંખ્યા શુભભાવના ભાવતા કેવળી બન્યા અંતે મોક્ષે ગયા. **(મહાનિશીથસૂત્ર)**

(૨) **અપકાયની રક્ષા :** વિહાર કરતા બાલમુનિને ભયંકર તૃષા લાગી ક્યાંય અચિત્ત પાણી ન મળ્યું. સચિત પાણી માટે વાત કરી તો મારે સંયમજીવનમાં

અપકાયનાં જીવોની રક્ષા કરવાનો નિયમ છે. પ્રાણાંતે પણ છોડી શકાય તેમ નથી. અંતે પ્રાણ ગયા પરંતુ વિરાધના ન કરી.

(૩) **તેઉકાયની રક્ષા :** આચાર્ય પ્રેમસૂરિજીનાં શિષ્ય ભુવનભાનુસૂરિજી હરણીયાનાં ઓપરેશન પછી ડૉક્ટરે ગરમ ચા પીવાનું કહ્યું ત્યારે આચાર્ય ભગવંતે કહ્યું મારે તેઉકાયનાં જીવોની વિરાધના નથી કરવી એમ કહીને ચાયનો ત્યાગ કરેલ.

(૪) **વાયુકાયની રક્ષા :** આચાર્ય પ્રેમસૂરિજી મહારાજની અંતિમ અવસ્થા વખતે ખંભાતનાં ઉપાશ્રયમાં સાધુઓ કપડાંથી હવા નાંખવા લાગ્યા ત્યારે તેમને ઈશારાથી ના પાડવા લાગ્યા વાયુકાયની વિરાધના મારા માટે ન કરો. હવા નાંખવાથી હું કાંઈ બચવાનો નથી.

(૫) **વનસ્પતિકાયની રક્ષા :** આચાર્ય સોમસુંદરસૂરિજીને વિહારમાં સાપ દંશ્યો વૈદ્યે આવીને લીલાપાન વાટીને પાટો બાંધ્યો ઝેર ઉતરી ગયું. પરંતુ વનસ્પતિકાય વિરાધનાનો ડંખ મનમાં રહી ગયો. દિલ કંપવા લાગ્યું. આ જીવન લીલોતરીનો ત્યાગ કરેલ.

(૬) **બે ઈન્દ્રિયજીવોની રક્ષા :** એક મહાત્મા સ્થંડિલ ભૂમિ ગયા પછી પેટમાં કરમીયા થયેલા તે જીવોને બચાવવા માટે સ્થંડિલ જઈને તેઓને બચાવવા માટે ત્યાં ઉભા રહ્યા પ્રાયશ્ચિતરૂપે અશન-પાન-ખાદિમ-સ્વાદિમ ચારે આહારનો ત્યાગ કરી અનશન કરી સ્વર્ગે ગયા.

(૭) **તેઈન્દ્રિય જીવોની રક્ષા :** ધર્મઘોષ સૂરિનાં શિષ્ય ધર્મરૂચિ અણગાર નાગિલાને ત્યાંથી કડવી તુંબડી વહોર્યા પછી પરઠવતા ભયંકર તેઈન્દ્રિય જીવોની વિરાધના થવાથી પોતે જ તે તુંબડીને વાપરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. (ઉપદેશ પદ)

(૮) **ચઉરિન્દ્રિય જીવોની રક્ષા :** એક મુનિવર કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા હતા અને પૂરી રાત કાઉસગ્ગ કર્યો એ વખતે ભયંકર મચ્છરોનો ઉપદ્રવ થયો. તે જીવોને બચાવવા કાઉસગ્ગ ન પાર્યો સવારે ઉઠતા 'નમો અરિહંતાણં' બોલતા પડી ગયા અને સ્વર્ગે ગયા. **(ઉત્તરાધ્યાયન સૂત્ર)**

વર્તમાનકાળમાં હિમ્મતભાઈ બેડાવાળા રાજસ્થાનનાં પ્રાચીન તીર્થોમાં જઈ પૌષધ લઈ આખી રાત ૧૦૦૦-લોગસ્સનો કાઉસગ્ગ કરતા જુનાસ્થાનોમાં મચ્છરોનાં ઉપદ્રવને પોતે સમતાપૂર્વક સહન કરતા.

(૯) **પંચેન્દ્રિય જીવની રક્ષા :** મેતારજ મુનિ વહોરવા ગયા ક્રૌંચપક્ષીએ સોનાનાં જવલા લઈ ગયો તેને બચાવવા માટે પોતે મસ્તક ઉપર ચામડાના પટ્ટાની વેદના સહન કરી પરંતુ પક્ષીનું નામ ન આપ્યું.

## ૧૯૭. ઈરિયાવહિયા સૂત્રનો જાપ

- એક સાધુભગવંતને દીક્ષા પછી જાતજાતની બિમારીઓએ ઘેરી લીધા. પુષ્કળ હેરાન થવા લાગ્યા. ત્યારે સાધુ ભગવંત વિચાર કરવા લાગ્યા મેં પૂર્વભવે એકેન્દ્રિય આદિની ભયંકર વિરાધના કરી હશે માટે કોઈ પણ હિસાબે તે પાપને ધોવું જોઈએ એમ વિચારી દરરોજ ઇરિયાવહિયા સૂત્રની ૫૦ બાંધી નવકારવાળી ગણવાનો નિશ્ચય કર્યો એટલે દરરોજ ૫૦૦૦ વખત ઇરિયાવહિયા સૂત્ર બોલી ભાવપૂર્વક પાપને ખપાવતા. એક ઇરિયાવહિમાં અભિહયા આદિ ૧૦ પ્રકારની વિરાધનાથી ૫૬૩ જીવભેદ સાથે ગુણતા કુલ ૧૮,૨૪,૧૨૦ પ્રકારે મિચ્છામિ દુક્કડમ્ અપાય છે.

**(વિશ્વની અધ્યાત્મિક અજાયબી)**

- એક આચાર્ય ભગવંતે થોડો વહેલો વિહાર કરેલો ત્યારે ઉપાશ્રયમાં સાથે ઉતરેલા બીજા સાધુઓ એમને મુકવા ગયા ત્યારે એમને કહ્યું અમારેના છૂટકે વ્હેલો વિહાર કરવો પડે પરંતુ તમો અમારા માટે ઈર્યાસમિતિની જયણા ન પલાય માટે મુકવા આવવાનું રહેવા દો.

## ૧૯૮. ઉપદેશમાળા ગ્રંથનાં આધારે પાંચ સમિતિનું વર્ણન

**जुगमित्तंतर दिट्ठी, पयं पयं चक्खुणा विसोहिओ ।**
**अविक्खताउत्तो, इरियासमिओ मुणी होई ॥२९६॥**

- **ભાવાર્થ :** યુગપ્રમાણ દષ્ટિવાળો, ડગલે ડગલે ભૂમિને જોવાવાળો. શબ્દાદિવિષયમાં ઉપયોગ વિનાનો. રાગ-દ્વેષ રહિત બનીને જે ચાલે તે ઈર્યાસમિતિનાં પાલનવાળો કહેવાય.

**कज्जे भासई भासं, अणवज्जमकारेण न भासई च ।**
**विगह विसुत्तिय, परिवज्जिओ अ जइ भासणसमिओ ॥२९७॥**

- **ભાવાર્થ :** શબ્દાદિ વિષયમાં પણ જ્યારે જરૂર પડે ત્યારે સાવદ્યભાષા છોડીને બોલે. પ્રયોજનવિના બોલે નહિ. ચાર વિકથા અને વિષયકથાનો ત્યાગ કરીને નિષ્પાપ વચન બોલે તે **ભાષાસમિતિ**નાં પાલન વાળો કહેવાય.

**बायालमेषणाओ, भोयण दोसे च पंच सोहेइ ।**
**सो एषणाइ समिओ, आजीवी अन्नहा होई ॥२९८॥**

- **ભાવાર્થ :** મુનિ જ્યારે પણ વહોરવા જાય ત્યારે ઉદ્‌ગમનાં ૧૬ દોષ, ઉત્પાદનનાં ૧૬ દોષ, એષણાનાં ૧૦ દોષ આમ ૪૨ દોષ વર્જીને અને

માંડલીનાં ૫ દોષ કુલ ૪૭ દોષ વર્જીને શુદ્ધ આહાર કરે તે એષણા સમિતિ કહેવાય.

**पुव्विं चक्खू परिक्खिय, पमज्जिउं जो ठवेइ गिण्हईवा ।**

**आयाणभंड निक्खेवणाई, समिओ मुणी होई ॥२९९॥**

**ભાવાર્થ :** કોઈપણ પદાર્થને ગ્રહણ કરવા હોય અથવા મુકવા હોય તો આંખથી પ્રથમ જોયા પછી રજોહરણથી પૂંજી પ્રમાર્જીને લેવા-મુકવા તે **આદાનભંડ મત્ત નિક્ષેપણાસમિતિ** કહેવાય.

**उच्चार पासवण खेल जल्ल सिंघाण ए य पाणविहि ।**

**सुविवेइय पएसे, निसिरंतो होई तस्स मिओ ॥३००॥**

**ભાવાર્થ :** વડીનીતિ, લઘુનિતી, કફ, શ્લેષ્મ, શરીરમેલ, નાસિકામેલ, ભોંજન, પાણી, આદિને જીવરહિત શુદ્ધભૂમિમાં પરઠવવાવાળો પારિષ્ઠાપનિકા સમિતિવાળો જાણવો. (ઉપદેશમાળા)

## ૧૯૯. પુષ્પમાળા ગ્રંથના આધારે ત્રણ ગુપ્તિનું સ્વરૂપ

**अकुसलमणोनिरोहो, कुसलस्स अईरणं तहेगत्तं ।**

**इए निट्ठिअमपसरा, मणगुत्तिं बिंति महारिसिणो ॥१९१॥**

**ભાવાર્થ :** અકુશલમનનો નિરોધ, કુશલ મનની ઉદીરણા, અને મનનું એકત્વ આ ત્રણ પ્રકારની ગુપ્તિ એટલે જેઓને મનમાં અશુભ વિચારો પૂર્ણ થયા છે. તેને તીર્થંકરો મનોગુપ્તિ કહે છે. અકુશલમન-આર્ત-રૌદ્ર ધ્યાનવાળુ મન. કુશલમન-સૂત્રાર્થનાં ચિંતન દ્વારા મનને ભરવું તે. એકત્વ-કોઈપણ સારા એક વિષયમાં એકાગ્ર બનવું તે.

**अकुशलवयण निरोहो, कुसलस्स अईरणं तहेगतं ।**
**भासाविसारएहिं, वयगुत्ति वन्निया एसा ॥१९५॥**

➡ **ભાવાર્થ :** અકુશલ વચનનો નિરોધ, કુશલવચનની ઉદીરણા અને વચનનું એકત્વ આ ત્રણે વચનગુપ્તિ કહેલ છે. અકુશલવચન-પાપકારી વચનનો ત્યાગ કુશલવચન - સૂત્રાર્થનો ઘોષપૂર્વક પાઠ એકત્વ - એટલે મૌન.

**जो दुट्ठगइंदोइव, देहो असमंजेसु वट्टंतो ।**
**नाणं कुसेण रुंभई, सो भण्णइ कायगुत्तोत्ति ॥१९८॥**

➡ **ભાવાર્થ :** દુષ્ટ હાથીની જેમ અયોગ્ય પ્રવૃત્તિવાળી કાયાને જ્ઞાનરૂપી અંકુશ દ્વારા રોકે તે કાયગુપ્તિ. એટલે કાયા દ્વારા અવિધિનો ત્યાગ કરીને જિનાજ્ઞા અનુસાર **શુદ્ધવિધિ**માં કાયાને જોડવી. **(પુષ્પમાળા)**

## ૨૦૦. એષણાસમિતિમાં પાંચ આચારનું પાલન

(૧) **જ્ઞાનાચાર :** આહાર માટે એષણાનું સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરવું તે.
(૨) **દર્શનાચાર :** આહાર માટે નિર્દોષતાની મહત્તા સ્વીકારવી તે.
(૩) **ચારિત્રાચાર :** નિર્દોષતા સ્વીકાર્યા પછી અનાસક્ત ભાવે લેવું તે.
(૪) **તપાચાર :** આહારની પ્રાપ્તિ ન થાય એટલે તપનો લાભ માનવો તે.
(૫) **વીર્યાચાર :** ચારે આચારમાં વીર્ય (શક્તિ)નો ઉપયોગ કરવો તે.

**(આચારાંગ સૂત્ર ભા-૨)**

## ૨૦૧. શુદ્ધ મૌનની વિધી

➡ જ્યારે કલાક બે કલાક મૌનનો અભિગ્રહ લઈએ અથવા મૌન અગ્યારસનાં દિવસે મૌનધારીએ તો નીચેના કાર્યોનો ત્યાગ કરવો જોઈએ.

| | |
|---|---|
| ૧. મુખનાં વિકારો (ઈશારા) | ૨. ટચાકા પાડવા |
| ૩. આંખના વિકારો (ઈશારા) | ૪. કાંકરા નાંખવા |
| ૫. ભ્રૂનાં વિકારો (ઈશારા) | ૬. ઓડકાર ખાવા |
| ૭. મસ્તકનાં વિકારો (ઈશારા) | ૮. ખાંસી ખાવી |
| ૯. ચપટી વગાડવી | ૧૦. હુંકારો ખાવો |
| ૧૧. થૂત્કાર ખાવા | ૧૨. ઉંચા-નીચા શ્વાસ લેવા. |

૧૩. લખીને આપવું આદિ સંકેતોનો ત્યાગ (આચારપ્રદીપ)

## ૨૦૨. સાધુ-સાધ્વીજીનું હાસ્ય કેવું હોય ?

**अट्टट्टहास केली किलत्ताणं, हास खिड्ड जमगरुई ।**
**कंदप्पं उवहराणं-परस्स न करंति अणगारा ॥३१६॥**

➻ **ભાવાર્થ :** પોતાનું મુખ પહોળું કરીને હસાય નહિ. ખડખડ હાસ્ય પણ કરી શકાય નહિ. માત્ર કપોલ ભાગ ચલાયમાન થાય. દાંત દેખાય નહિ આવી રીતે મૌનહાસ્ય કરી શકાય. બીજાને હાસ્યઉત્પન્ન થાય તેવી વાતો પણ કરી ન શકાય. (ઉપદેશમાળા)

## ૨૦૩. શ્રાવક-શ્રાવિકાનાં દૈનિક 'છ' કર્તવ્ય

**देवपूजा गुरुपास्तिः स्वाध्याय संयम तपः ।**
**दानं च गृहस्थानां, षट् कर्तव्यानि दिने दिने ॥१॥**
**जिनस्य पूजनं हन्ति, प्रातः पापं निशाभवनम् ।**
**आजन्म विहितं मध्ये, सप्ताजन्म कृतं निशि ॥**

(૧) **દેવપૂજા :** તીર્થંકરની પૂજાથી તીર્થંકર બનાય છે. માટે શ્રાવકે દિવસમાં ત્રિકાલપૂજા અવશ્ય કરવી જોઈએ.

૧. **વાસક્ષેપ પૂજા :** સૂર્યોદય પછી સામાયિકનાં શુદ્ધ વસ્ત્રોમાં મુખકોશ બાંધી, પરમાત્માને સ્પર્શ કર્યા વિના શુદ્ધ વાસક્ષેપ દ્વારા પૂજા કરવી. તેનાંથી રાત્રિનાં પાપોનો નાશ થાય છે.

૨. **અષ્ટપ્રકારી પૂજા :** મધ્યાહને સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા કરવી. એટલે ક્રમપૂર્વક - અંગપૂજા, અગ્રપૂજા - ભાવપૂજા આમ ત્રણે પૂજા કરવી જોઈએ. તેનાંથી આ જન્મનાં પાપો નાશ થાય છે.

૩. **આરતી મંગલ દીવો :** સાંજે સૂર્યાસ્ત પહેલાં પરમાત્માની આરતી-દીવો કરવા. આરતીમાં ઘી-ગુડ-કપૂરનો ઉપયોગ વધારે મંગલકારી છે. એનાંથી સાત ભવોનાં પાપનો નાશ થાય. **(શ્રાદ્ધ વિધી)**

| | |
|---|---|
| ૧. અંગ પૂજા | - વિઘ્નો ને દૂર કરે |
| ૨. અગ્ર પૂજા | - અભ્યુદયને વધારે |
| ૩. ભાવ પૂજા | - મોક્ષ ફળ આપે. **(લલિતવિસ્તરા)** |

(૨) **ગુરુ ઉપાસના :** તીર્થંકર અને ગણધરની ગેરહાજરીમાં ગુરુ જ આપણને મોક્ષ માર્ગ બતાવનાર છે. માટે એમની સેવા અવશ્ય કરવી. બંને સમયનાં પ્રતિક્રમણ ગુરુની હાજરીમાં કરવા જોઈએ. કારણ કે ધ્યાનનું મૂળ ગુરુ છે. મંત્રનું મૂળ ગુરુવાક્ય છે. પૂજાનું મૂળ ગુરુનું સ્મરણ છે. અને મોક્ષનું મૂળ ગુરુકૃપા છે. માસ તુસ્ મુનિ પણ ગુરુકૃપાથી કેવળજ્ઞાન પામ્યા.

(૩) **સ્વાધ્યાય :** સ્વ એટલે આત્મા તેનું અધ્યયન એટલે સ્વાધ્યાય શ્રાવકને પણ સ્વાધ્યાય અવશ્ય કહ્યો છે. બાર પ્રકારનો તપમાં પણ સ્વાધ્યાય કહેલો છે.

સ્વાધ્યાય કરતા. એમાં પ્રમાદ ન કરવો જોઈએ અને એ પણ ગુરુનાં સાંન્નિધ્યમાં કરવાથી વધારે લાભ થાય.

(૪) **સંયમ :** સંયમ એટલે પાંચ ઈન્દ્રિય અને મન ઉપર કાબુ રાખવો તે પાંચ ઈન્દ્રિયનો ૨૩ વિષયો અને ૨૫૨ વિકારો બતાવેલા છે તે બધાને રોકવાના પ્રયત્ન કરવા. એનાં માટે સામાયિક-પૌષધની આરાધના જરૂરી છે. કારણ કે સંસારમાં માનવ જન્મને સફળ બનાવવા માટે સામાયિક અને પૌષધ છે. દરરોજ એક સામાયિક અને સ્વાધ્યાય અવશ્ય કરવો.

(૫) **તપ :** તપને અગ્નિની ઉપમા આપી છે. જેમ અગ્નિ લાકડાને તુરંત બાળી નાંખે તેમ તપ ચીકણા કર્મોને પણ બાળે છે. અને આત્માને શુદ્ધ બનાવે છે. પરંતુ તપની સાથે ક્રિયા જરૂરી છે. દરેક તપની સાથે જે આરાધના બતાવેલ તે અને દેવવંદન-પ્રતિક્રમણ અવશ્ય હોય છે. એક આંબિલ જેવો તપપણ ઘણાં કર્મોને ખપાવે છે. તપનાં બાર પ્રકાર બતાવેલાં છે. કોઈપણ તપ દ્વારા કર્મ નિર્જરા થાય છે.

(૬) **દાન :** આત્માને અનાદિકાળથી પરિગ્રહની મમતા વળગેલી છે તેને તોડવા માટે દાન અવશ્ય આપવું જોઈએ. સુપાત્રદાન આપવાથી સંયમ આરાધનાનાં છઠ્ઠા ભાગનો લાભ મળે છે અને અનુકંપા (ગરીબોને દાન) આપવાથી સમક્તિ નું લક્ષણ હોવાથી સમ્યગ્દર્શન નિર્મલ બને છે. માટે દાનનો અભ્યાસ અવશ્ય કરવો. ધન્ના સાર્થવાહ, નયસાર, સંગમ વિગેરે દાન આપવાથી તીર્થંકર સુધી પહોંચી ગયા. **(શ્રાદ્ધવિધી)**

## ૨૦૪. સ્થંડિલ ભૂમિની દસ શુદ્ધિ ?

(૧) **અનાપાત-અસંલોક :** જે સ્થાન પર કોઈની અવર જવર ન હોય અને કોઈ દેખતું ન હોય તેવું સ્થાન.

(૨) **અનુપઘાતી :** માર-પીટ આદિથી શાસનનો ઉડ્ડાહ ન થાય તેવું સ્થાન.

(૩) **સમ :** ખડ્ડા-પહાડ-પત્થર આદિ વિનાનું સમતલ સ્થાન..

(૪) **અશુષિર :** જે ભૂમિ ઘાસ-તણખલા-છિદ્ર આદિ વિનાની હોય. (ઉપર સામાન્ય સુકી ઘાસ હોય અને છિદ્રપણ હોઈ શકે.)

(૫) **અચિરકાલકૃત :** લાંબા સમયથી જે ભૂમિ હરહંમેશા સચિત્ત રહેતી હોય.

(૬) **વિસ્તીર્ણ :** જઘન્યથી એક હાથ પહોળી હોય તેવું સ્થાન.

(૭) **દૂરાવગાઢ :** જઘન્યથી જમીનમાં ચાર અંગુલ પ્રમાણ ભૂમિ અચિત્ત હોવી જોઈએ.

(૮) **અનાસન્ન :** આસન્ન એટલે નજીક અનાસન્ન એટલે દૂર જવું. પરઠવું હોય તો પણ દૂર જવું.

(૯) **બિલવર્જીત :** સાપ-વીંછી-કીડી-મંકોડા આદિના દર આદિ ના હોય.

(૧૦) **ત્રસ-સ્થાવર જીવવર્જીત :** ત્રસજીવ-સ્થાવરજીવની જ્યાં વિરાધના ન હોય એવું નિર્દોષ સ્થાનમાં જવું.

આ ૧૦ પ્રકારની શુદ્ધિના કુલ ૧૦૨૪ (એક હજાર ચોવીશ) ભાંગા થાય છે. બધા ભાંગાનું વિવરણ પ્રવચન સારોદ્ધાર ગ્રંથમાં આવે છે.

**(ઓઘનિર્યુક્તિ** ગા. ૩૧૩)

## ૨૦૫. ચાર પ્રકારનાં ધ્યાનનું વિવરણ

(૧) **આર્તધ્યાનનાં ચાર ભેદ :**

૧. **અનિષ્ટ વિયોગ :** પ્રતિકુલ સમય આવે ત્યારે, તેનાંથી છૂટવા આકુલ વ્યાકુલ થવું. સહનશક્તિ ખોઈ નાંખી તેની ચિંતામાં આગળ વધવું તે.

૨. **ઈષ્ટવિયોગ :** વ્યાપારમાં નુકસાન, અગ્નિ, પાણી, ચોરી દ્વારા ધન નાશ થતા, શોકાતુર બનવું. વાતે વાતે આવેશ લાવી ચિંતાગ્રસ્ત બનવું તે.

૩. **ઈષ્ટ સંયોગ :** મનગમતાં પદાર્થોની આશા રાખી કાયિક-માનસિક ચિંતામાં બળતા રહેવું તે. રોગચિંતા કરવી.

૪. **નિદાન :** ભાવિની ચિંતા. આ વર્ષે ઘર બનાવીશ આવતા વર્ષે લગ્ન કરાવીશ. સારું કરીશ તો ચક્રી આદિની પદવી મળશે આવી ઇચ્છા રાખવી તે.

(૨) **રૌદ્રધ્યાનનાં ચાર ભેદો :**

૧. **હિંસાનું બંધી :** જાતે અથવા બીજાને પ્રલોભન આપી હેરાન કરાવે, હિંસા કરવી, હિંસા દેખી ખુશ થવું. યુદ્ધની પ્રશંસા વિ. કરવી તે.

૨. **મૃષાનુ બંધી :** અસત્ય બોલીને લોકોને ઠગવા. આત્મ પ્રશંસા, ચુગલીખાવી વિ. તે.

૩. **ચૌર્યાનું બંધી :** ચોરી કરવી, વ્યાપારમાં વધારે જુઠ બોલવું. મીઠા બોલી ગ્રાહકોને પટાવવા.

૪. **પરિગ્રહ રક્ષણાનુંબંધી :** પરિવાર માટે બધુ ભેગુ કરવું. ખુશ થઈ ગર્વ કરવો. વિશ્વાસઘાત કરવો. મોહ રાખવો.

(૩) **ધર્મધ્યાનનાં ચાર ભેદો :**

૧. **આજ્ઞાવિચય :** સર્વજ્ઞપ્રરૂપિત નય પ્રમાણ નિક્ષેપાયુક્ત સિદ્ધ અને નિગોદનું સ્વરૂપ સત્ય છે. તેનાં ઉપર શ્રદ્ધા રાખી વીતરાગની આજ્ઞામાં મનને જોડી મોક્ષનાં લક્ષવાળા ચિંતનમાં આગળ વધવું. આધ્યાત્મિક વિષયમાં મનને પ્રસન્ન રાખવું તે.

૨. **અપાયવિચય :** દોષોથી છૂટવાનો ઉપાય વિચારી અનંત જ્ઞાનદર્શન ચારિત્ર યુક્ત હું આત્મા છું. આવી ભાવનાથી મનને ઓળઘોળ રાખવું તે.

૩. **વિપાકવિચય :** કર્મોને ભોગવ્યા વિના છુટકો નથી પરંતુ સુખ દુ:ખમાં હર્ષ-શોક કર્યા વિના પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશ, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનાં ફળને વિચારવું તે.

૪. **સંસ્થાનવિચય :** જીવોનાં પરિભ્રમણ સ્થાનો ઘણાં છે ત્યાંની પીડાનું ચિંતન કરી મુક્ત થવાનો ઉપાય વિચારવો તે.

(૪) **શુક્લ ધ્યાનનાં ચાર ભેદો :**

૧. **પૃથકત્વ વિતર્ક સવિચાર ધ્યાન :** દ્રવ્યાસ્તિકાય નય દ્વારા માત્ર કોઈપણ દ્રવ્યમાં ઉત્પત્તિ-સ્થિતિ-વિનાશ આદિ પર્યાયનું ચિંતવન કરવું તે.

૨. **એકત્વ વિતર્ક સવિચાર ધ્યાન :** પૂર્વગત શ્રુતાનુસારે તે ન હોય તો અન્ય શ્રુતાનુંસારે, અર્થ વ્યંજન, યોગાંતરને વિષે અસંક્રમણ રૂપ એક પર્યાય વિષયિક ધ્યાન

૩. **સૂક્ષ્મક્રિયા અને વૃત્તિ ધ્યાન :** મોક્ષ નજદીક સમયમાં હોય ત્યારે મનોયોગ-વચનયોગ-કાયયોગનો અડધો નિરોધ થયા પછી માત્ર ઉચ્છવાસ નિશ્વાસ દ્વારા ચિંતવનું કરવું તે. (માત્ર કેવળીને હોય).

૪. **વ્યુપરતક્રિયા અપ્રતિપાતિ :** સંપૂર્ણ સૂક્ષ્મક્રિયાનું નિરોધ થયા પછી પહાડની જેમ નિશ્ચલ શૈલેષી અવસ્થા સુધી ઉત્સન્નક્રિયાનું ચિંતવન (કેવળીને હોય) **(આચારપ્રદીપ)**

## ૨૦૬. પાંચ ઈન્દ્રિયોનાં ૨૩ વિષયો

(૧) **સ્પર્શેન્દ્રિય :** ૮ વિષયો = (૧) ભારે (૨) હલકું (૩) ઠંડુ (૪) ગરમ (૫) કોમલ (૬) ખરબચડું (૭) સ્નેહલ (૮) લુખું.

(૨) **રસનેન્દ્રિય :** ૫ વિષયો = (૧) ખારું (૨) ખાટું (૩) તીખું (૪) તુરું (૫) મીઠુ.

(૩) **ઘ્રાણેન્દ્રિય :** ૨ વિષયો = (૧) સુગંધ (૨) દુર્ગંધ

(૪) **ચક્ષુરિન્દ્રિય :** ૫ વિષયો = (૧) શ્વેત (૨) લાલ (૩) પીળો (૪) લીલો (૫) કાળો.

(૫) **શ્રોત્રેન્દ્રિય :** ૩ વિષયો = (૧) સચિત્ત (૨) અચિત્ત (૩) મિશ્ર

૮ + ૫ + ૨ + ૫ + ૩ = ૨૩ વિષયો પાંચે ઈન્દ્રિયનાં છે.

## ૨૦૭. પાંચ ઈન્દ્રિયોનાં ૨૫૨ વિકાર ભાવો

- **દરેક વિષયને** સચિત-અચિત મિશ્ર એમ ૩ ઈષ્ટ-અનિષ્ટ આ બેથી ગુણતાં = ૬ રાગ અને દ્વેષ આ બે થી ગુણતાં = ૧૨

| | | | |
|---|---|---|---|
| એમ | ૧૨ × ૮ વિષય સ્પર્શેન્દ્રિયને ગુણતાં | = | ૯૬ થાય |
| | ૧૨ × ૫ વિષય રસનેન્દ્રિયને ગુણતાં | = | ૬૦ થાય |
| | ૧૨ × ૨ વિષય ઘ્રાણેન્દ્રિયને ગુણતાં | = | ૨૪ થાય |
| | ૧૨ × ૫ વિષય ચક્ષુરિન્દ્રિયને ગુણતાં | = | ૬૦ થાય |
| | ૪ × ૩ વિષય શ્રોત્રેન્દ્રિયને ગુણતાં | = | ૧૨ થાય |
| | (ઈષ્ટ અનિષ્ટ રાગ દ્વેષ મળીને) | | ૨૫૨ વિકારો થાય |

(સૂત્ર સંવેદના)

## ૨૦૮. વાચના કેવી રીતે અને શાના માટે હોય ?

- વાચના લેતા પૂર્વ વિનય કરવો. આસન-સ્થાપનાચાર્ય આદિ મૂકીને ગુરુને વંદન કરવું. નિદ્રા-વિકથા થી દૂર થઈ, બે હાથ જોડી, બહુમાનપૂર્વક અપૂર્વઅર્થ સાંભળતા જ રોમાંચ ગાત્રવાળો બનીને વાચના સાંભળે યથાશક્તિ-તહત્તિ વિ. શબ્દો પણ બોલી શકાય. જેનાં કારણે વાચના આપવા વાળા નો પણ ઉલ્લાસ જાગે. પછી સારું વાંચન ચિંતનની તૈયારી કરે.
- **વાચના લેવાથી પાંચ પ્રકારના ફાયદા :**

(૧) **સંગ્રહ :** વાચના સાંભળ્યા પછી હૃદયમાં સૂત્રાર્થનો સંગ્રહ કરે અને આચારને પાળે.

(૨) **ઉપગ્રહ :** સૂત્રાર્થની જાણકારી પછી. ગીતાર્થ બની ગચ્છસમુદાય ઉપર ઉપકાર કરે.

(૩) **કર્મનિર્જરા :** વાચના દેવાવાળા અને લેવાવાળા બંનેને જ્ઞાનયોગનાં કારણે કર્મનિર્જરા થાય.

(૪) **શ્રુતવૃદ્ધિ :** વાચના દેવાવાળા અને લેવાવાળા બંનેમાં જ્ઞાનની અપૂર્વ વૃદ્ધિ થાય.

(૫) **શ્રુતાવિચ્છેદ :** વાચનાનાં કારણે શ્રુતની પરંપરા વૃદ્ધિ પામે છે પરંતુ નાશ નથી પામતી. (બૃહત્કલ્પ)

## ૨૦૯. સંયમથી પતિત થવાના 'છ' લક્ષણો

**ताम्बूलं देह सत्कारः स्त्रीकथेन्द्रिय पोषणम् ।**

**नृपसेवा दिवानिद्रा, यतीनां पतनानिषट् ॥१॥** (प्र.बं. कोश)

- ભાવાર્થ :

(૧) **તામ્બૂલનુસેવન :** એટલે મુખવાસનું સેવન વારંવાર કરવાથી વિકાર ભાવ વધે.

(૨) **દેહનો શણગાર :** શરીરની સાફ સફાઈ રાખવાથી વિકારભાવ વૃદ્ધિ પામે છે.

(૩) **સ્ત્રીકથા :** સંયમજીવનમાં સ્ત્રીકથા, સ્ત્રી દર્શનથી આચાર પાલન ન થાય.

(૪) **ઈન્દ્રિયનું પોષણ :** પાંચ ઈન્દ્રોયનાં ૨૩ વિષયોનું પોષણ વિકાર ભાવ વધારે છે.

(૫) **નૃપસેવા :** રાજાની સેવા કરવાથી માનપાન વધવાથી આરાધનામાં ઘટાડો થાય.

(૬) **દિવાનિદ્રા :** દિવસે નિદ્રાએ પણ પ્રમાદ છે. સ્ફૂર્તી ઓછી થાય. ક્રિયામાં પ્રમાદ જાગે. (પ્રબન્ધકોશ)

## ૨૧૦. ભિન્નમાલનગરનાં ચાર આચાર્યો

| | | | |
|---|---|---|---|
| (૧) શ્રી સિદ્ધર્ષિગણિ : | પિતાનુંનામ | - | શુભંકર શેઠ |
| | માતાનું નામ | - | લક્ષ્મીદેવી |
| | ગુરુનું નામ | - | દુર્ગસ્વામી |
| | ગ્રંથ પ્રમાણ | - | ૧૬,૦૦૦ શ્લોક |
| | ગુરુનું નામ | - | ગર્ગર્ષિ |
| | ગ્રંથનું નામ | - | ઉપમિતિભવપ્રપંચ કથા |
| | ગ્રંથ રચના | - | વિ.સં. ૯૬૨ જે.સુ. ૫ |
| (૨) શ્રી વીર ગણિ : | જન્મ | - | વિ.સં. ૯૩૮ |
| | દીક્ષા | - | વિ.સં. ૯૮૦ |
| | પિતા | - | શિવનાગ શેઠ |
| | માતા | - | પૂર્ણલતા દેવી |
| | ગુરુ | - | વિમલગણી |
| | દીક્ષાસ્થળ | - | સાંચોર |
| (૩) શ્રીસિદ્ધસૂરિજી : | પિતા | - | ભેંસાશાહ |
| | માતા | - | સગુની દેવી |
| | ગુરુ | - | દેવગુપ્તસૂરિ |
| | પરંપરા | - | પાર્શ્વનાથ પરંપરા |
| | સ્વર્ગવાસ | - | ૧૧૭૪ |
| | વિશિષ્ટ | - | શત્રુંજયનાં ૧૪ સંઘમાં નિશ્રા |

(૪) **શ્રીજ્ઞાનવિમલસૂરિ :** પિતા - વાસવ શેઠ
માતા - કનકાવતી
દીક્ષા - સં. ૧૭૦૨
ગુરુ - ધીર વિમલગણી
જન્મ - વિ.સં. ૧૬૯૪
વિશિષ્ટતા - શત્રુંજયતીર્થનાં ૩૬૦૦ સ્તવન
સુરતથી શત્રુંજય તીર્થનો સંઘ દેવવંદનમાળા રચયિતા. **(ભિન્નમાલની ભવ્યતા)**

## ૨૧૧. સામાયિક શબ્દનાં વિશેષ અર્થો

(૧) **સામાયિક :** એટલે સદ્વર્તન જેમાં સારી એટલે મોક્ષમાર્ગની ક્રિયા થાય તે સામાયિક.

(૨) **સામાયિક :** એટલે શાસ્ત્રાનુસારી શુદ્ધજીવન ગાળવાનો પ્રયત્ન.

(૩) **સામાયિક :** એટલે સમસ્થિતિ વિષમતાનો અભાવ. આ આત્મા અનાદિકાળથી રાગદ્વેષની વિષમ સ્થિતિમાં રહેલો છે. તેને દૂર કરવાની સ્થિતિ તે સામાયિક.

(૪) **સામાયિક :** એટલે સર્વજીવો પ્રત્યે મૈત્રીભાવ - ચૌદેરાજલોકમાં રહેલા તમામ જીવોને આત્મતુલ્ય માનવા તે સામાયિક.

(૫) **સામાયિક :** એટલે દર્શન-જ્ઞાન-ચારિત્રનો સમન્વય શ્રદ્ધા અને જ્ઞાન પૂર્વક ચારિત્રની આરાધના કરવી તે સામાયિક.

(૬) **સામાયિક :** એટલે સમભાવ સમતાનો જેમાં લાભ થાય તે સામાયિક.

(૭) **સામાયિક :** એટલે અહિંસાની આરાધના કોઈપણ જીવને દુઃખ ન આપવું તેવો નિશ્ચય કરવો તે.

(૮) **સામાયિક :** એટલે મધ્યસ્થભાવ - કદાચ મંકોડો કરડી જાય તો પણ દ્વેષ નહીં કોઈ ચંદનનું વિલેપન કરે તો પણ રાગ નહિ બંને ઉપર સમાન ભાવ તે સામાયિક.

(૯) **સામાયિક :** એટલે સ્વાધ્યાયનો લાભ. પાંચ પ્રકારનાં કોઈપણ સ્વાધ્યાય દ્વારા જ્ઞાનાવરણીય કર્મને ખપાવે તે સામાયિક.

(૧૦)**સામાયિક :** એટલે દ્વાદશાંગીનો આસ્વાદ કારણ કે જૈનધર્મમાં જ્ઞાનનો પ્રારંભ સામાયિકથી અંત બિંદુસારપૂર્વ સુધી ગણેલો છે.

## ૨૧૨. આવશ્યક શબ્દનાં વિશેષ અર્થો

(૧) ज्ञानादिगुणानामासमन्ताद् वश्यम् करोतीति आवश्यकम् ।
ચારેબાજુથી એક સાથે જ્ઞાનાદિગુણો આત્માને વશ કરે તે આવશ્યક.

(૨) गुणैरासमन्तादात्मानं वासयति भावयति रञ्जयतीति आवासकम् ।
ચારેબાજુથી આવેલાં ગુણો આત્માને વાસિત કરે, ભાવિત કરે, ખુશ કરે તે આવશ્યક

(૩) निगृह्यन्त इन्द्रिय कषायादयो भाव शत्रवोऽनेनेति निग्रह ।
ઈન્દ્રિય-કષાયરૂપી ભાવ શત્રુઓને જે નિગ્રહીત એટલે વશ કરે તે નિગ્રહ

(૪) कर्ममलिनस्यात्मनो विशुद्धिहेतुत्वाद् विशुद्धि ।
કર્મથી મલિન થયેલા આત્માને જે ક્રિયા દ્વારા વિશુદ્ધ કરે તે **વિશુદ્ધિ**

(૫) दूरतः परिह्रियन्ते रागादयो दोषा अनेनेति वर्गः ।
રાગાદિ દોષો જેનાથી દૂર થાય તે વર્ગ.

**समणेण सावएण च, अवस्स कायव्वं हवईजम्हा ।**
**अंतो अहोनिसिस्सा-तम्हा आवस्सयं नाम ॥२३८॥**

भावार्थ : શ્રમણ અને શ્રાવકોએ રાત દિવસ બંને સંધ્યા સમયે અવશ્ય કરવા યોગ્ય વિધીને આવશ્યક સૂત્ર કહેવાય છે.

**आवस्सयं अवस्सं करविज्जं, ध्रुवं निग्गोह विसोहीय ।**
**अज्झयणछक्कवग्गो, नाओ आराहणा मग्गो ॥२३९॥**

(अनुयोगद्वार सूत्र)

## ૨૧૩. આવશ્યક શબ્દનાં ૧૦ પર્યાયવાચી શબ્દો

(૧) **આવશ્યક :** જે અનુષ્ઠાન અવશ્ય કરવા યોગ્ય છે અને જેમાં ગુણોનો વાસ થવાથી આત્મા સુગંધિત બને તે આવશ્યક.

(૨) **અવશ્યકરણીય :** સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા ચારે મુમુક્ષુ કહેવાય. મોક્ષમાં જવાની આવશ્યકક્રિયા, પ્રતિક્રમણ છે માટે દૈનિકક્રિયા અવશ્ય કરવી. તે અવશ્યકરણીય.

(૩) **ધ્રુવ :** પ્રતિક્રમણ અનુષ્ઠાન અર્થથી શાશ્વત છે અને સૂત્રો પણ શાશ્વત છે માટે ધ્રુવ કહેવાય.

(૪) **નિગ્રહ :** એટલે બંધન. ઈન્દ્રિય, કષાય, વિષય આદિ શત્રુઓ જે સજા કરે તેને બંધનમાં બાંધે તે નિગ્રહ.

(૫) **વિશુદ્ધિ :** કર્મરૂપી કાદવથી મલિન થયેલાં આત્માને જે શુદ્ધ કરે તે વિશુદ્ધિ.

(૬) **અધ્યયનષટ્ક :** સામાયિક, ચઉવીસત્થો, વાંદણા, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પચ્ચક્ખાણ આ છ અધ્યયન આવશ્યક ક્રિયાનાં છે માટે અધ્યયનષટ્ક.

(૭) **વર્ગ :** વર્જ્ય રાગ-દ્વેષ-કષાયાદિ દોષો દૂર થાય તે વર્ગ.

(૮) **ન્યાય :** સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા જે પ્રતિક્રમણ કરે તેઓને પાપથી છુટવાનો સહી ન્યાય મળે માટે ન્યાય.

(૯) **આરાધના :** પ્રતિક્રમણમાં મોક્ષની આરાધના બતાવેલી છે. તે આરાધનાથી પાપો હલ્કા થાય છે. જેમ મસ્તક ઉપરથી ભાર ઉતારવાથી હાશનો અનુભવ થાય તેમ પાપકર્મ ઉતારવા પછી આરાધનારૂપી પર્વત ઉભો થાય.

(૧૦)**માર્ગ :** જેમ રસ્તો બરાબર ન હોય અથવા ન મળે તો ચાલવું મુશ્કેલ પડે તેમ સંસારરૂપી જંગલ ને પાર કરવા માટે મોક્ષમાર્ગની પગદંડી પ્રતિક્રમણ કહેવાય. જેટલી આવશ્યક ક્રિયા ગ્રર્હા તેટલો માર્ગ શુદ્ધ જાણવો.

**(અનુયોગદ્વાર સૂત્ર) (વિશેષાવશ્કભાષ્ય)**

## ૨૧૪. ચૌદપૂર્વ માટે સ્યાહીનું પ્રમાણ

- એકપૂર્વ લખવા માટે ૧ હાથી પ્રમાણ સ્યાહી જોઈએ. હવે તે હાથીની ઉંચાઈ ૧૫ ફુટની માનો અને વજન ૧૫૦૦ કિલો માનીએ તો ૧ કિલો સ્યાહીનાં ભુક્કામાંથી ૬ લીટર ગણીએ તો ૯,૦૦૦ લીટર સ્યાહી તૈયાર થાય. ૧ લીટર સ્યાહી માંથી ૮૦૦ પત્તા લખાય. તેમ ૯૦૦૦ લીટરમાંથી ૭૨ લાખ પત્તા લખાય. હવે સંપૂર્ણ ચૌદપૂર્વ લખવા માટે ૧૬,૩૮૩ હાથી પ્રમાણ સ્યાહી જોઈએ. તેનું પ્રમાણ કાઢવા જઈએ તો ૧ ખર્વ, ૧૪ અબજ, ૬૮ કરોડ, ૧૦ લાખ પત્તા લખાઈ જાય અને આજ હાથી જો મહાવિદેહ ક્ષેત્રનો ૫૦૦ ધનુષ ગણીએ તો અધધ થઈ જવાય.

**(કલ્યાણ માસિક)**

## ૨૧૫. પૂર્વધરોનાં વિશેષણો

**वाई य खमासमणे, दिवायरे वायगत्ति एगट्ठा ।**

**पुव्व गयम्मि य सुत्ते, ए ए सद्दा पउंजंति ॥११॥**

**ભાવાર્થ :** વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર, વાચક આ બધા વિશેષણો જેઓને પૂર્વનું જ્ઞાન હોય. પૂર્વધર હોય તેમને જ આ વિશેષણ આપી શકાય.

(જૈન પરંપરાનો ઇતિહાસ)

## ૨૧૬. ચારવેદની સાથે ૧૪ વિદ્યાનાં નામો

૧. ઋગ્વેદ
૨. સામવેદ
૩. યજુર્વેદ
૪. અથર્વવેદ
૫. શિક્ષાવિદ્યા
૬. કલ્પવિદ્યા
૭. વ્યાકરણ
૮. છંદશાસ્ત્ર
૯. જ્યોતિષશાસ્ત્ર
૧૦. નિરૂક્ત શાસ્ત્ર
૧૧. મીમાંસા
૧૨. જ્ઞાનવિસ્તાર
૧૩. ધર્મશાસ્ત્ર
૧૪. પુરાણ

## ૨૧૭. ચોરાશી આગમોનાં નામો

૧. આચારાંગ સૂત્ર
૨. સૂયગડાંગ સૂત્ર
૩. ઠાણાંગ સૂત્ર
૪. સમવાયાંગ સૂત્ર
૫. ભગવતી સૂત્ર
૬. જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર
૭. ઉપાસક દશાંગ સૂત્ર
૮. અંતગડ દશાંગ સૂત્ર
૯. અનુત્તરો પપાતિકસૂત્ર
૧૦. પ્રશ્ન વ્યાકરણ સૂત્ર
૧૧. વિપાક સૂત્ર
૧૨. આવશ્યક સૂત્ર

૧૩. દશવૈકાલિક સૂત્ર
૧૪. કલ્પિતા કલ્પિતસૂત્ર
૧૫. લઘુકલ્પક સૂત્ર
૧૬. મહાકલ્પ સૂત્ર
૧૭. ઔપપાતિક સૂત્ર
૧૮. રાજપ્રશ્નીય સૂત્ર
૧૯. જીવાજીવા ભિગમ સૂત્ર
૨૦. પન્નવણા સૂત્ર
૨૧. મહાપન્નવણા સૂત્ર
૨૨. પ્રમાદાપ્રમાદ સૂત્ર
૨૩. નંદી સૂત્ર
૨૪. અનુયોગદ્વાર સૂત્ર
૨૫. દેવેન્દ્ર સ્તવ પ્ર.
૨૬. તંદુલ વૈચારિક
૨૭. ચંડવેધ્યક
૨૮. સૂર્યપ્રજ્ઞપ્તિ
૨૯. પોરસીમંડલ
૩૦. મંડલ પ્રવેશ
૩૧. વિજ્જાચરણ
૩૨. ગણિવિજ્જા
૩૩. ધ્યાનવિભક્તિ
૩૪. મરણવિભક્તિ
૩૫. આત્મવિશુદ્ધિ
૩૬. વીતરાગ શ્રુત
૩૭. સંલેષણા શ્રુત
૩૮. વિહારકલ્પ
૩૯. ચરણવિધી
૪૦. આતુરપ્રત્યાખ્યાન
૪૧. મહાપ્રત્યાખ્યાન
૪૨. ઉત્તરાધ્યયન
૪૩. દશાશ્રુતસ્કંધ
૪૪. બૃહત્કલ્પસૂત્ર
૪૫. વ્યવહારસૂત્ર
૪૬. નિશીથસૂત્ર
૪૭. મહાનિશીથ સૂત્ર
૪૮. ઋષિભાષિત
૪૯. જંબુદ્વીપપ્રજ્ઞપ્તિ
૫૦. દ્વીપસાગર પ્રજ્ઞપ્તિ
૫૧. ચંદ્રપ્રજ્ઞપ્તિ
૫૨. લઘુવિમાન

૫૩. મહાવિમાન
૫૪. અંગચૂલિકા
૫૫. વર્ગચૂલિકા
૫૬. વિવાહચૂલિકા
૫૭. અરૂણોપપાત
૫૮. વરૂણોપપાત
૫૯. ગરૂડોપપાત
૬૦. વેલંધરોપપાત
૬૧. વૈશ્રમણોપપાત
૬૨. ધરણોપપાત
૬૩. દેવેન્દ્રોપપાત
૬૪. ઉત્થાપનસૂત્ર
૬૫. સમુત્થાનસૂત્ર
૬૬. નાગપરિયાલિકા
૬૭. નિરચાવલિકા
૬૮. કલ્પિતા
૬૯. પુષ્પિતા
૭૦. પુષ્પચૂલા
૭૧. વૃષ્ણિદશા
૭૨. આસીવિષ ભા.
૭૩. ચારણસુમિણ ભા.
૭૪. મહાસુમિણ ભા.
૭૫. દ્રષ્ટિવિષ ભા.
૭૬. તેજોનિસર્ગ
૭૭. દોગિલ્નિદશા
૭૮. દીર્ઘદશા
૭૯. બંધદશા
૮૦. સંક્ષિપ્તદશા
૮૧. પ્રશ્નદશા
૮૨. પંચકલ્પદશા
૮૩. ગતિપ્રવાદ
૮૪. નિર્યુક્તિઓ

**(જૈન પરંપરાનો ઈતિહાસ)**

## ૨૧૮. ચૌદપૂર્વમાંથી ઉદ્ધૃત ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧. સિદ્ધપ્રાભૃત | ૬. સપ્તતિકા | ૧૧. ધર્મપ્રજ્ઞપ્તિ |
| ૨. સંસક્ત નિર્યુક્તિ | ૭. જીવસમાસ | ૧૨. પિંડૈહેષણા |
| ૩. કર્મપ્રકૃતિ | ૮. યોનિપ્રાભૃત | ૧૩. ઓઘનિર્યુક્તિ |
| ૪. શતક | ૯. નયચક્ર | ૧૪. કલ્પસૂત્ર |
| ૫. પંચસંગ્રહ | ૧૦. વાક્યશુદ્ધિ | ૧૫. દશવૈકાલિક અધ્યયન |
| ૧૬. પંચકલ્પસૂત્ર | ૧૭. પ્રતિષ્ઠા કલ્પ | ૧૮. ૪ છેદ આગમ |

(જૈન પરંપરાનો ઈતિહાસ)

## ૨૧૯. પૂરવધર દ્વારા રચિત ગ્રંથો

| | | |
|---|---|---|
| ૧. જ્યોતિષ્ પ્રાભૃત | ૭. તત્ત્વાર્થસૂત્ર | ૧૩. ઉપદેશમાળા |
| ૨. નિમિત્ત પ્રાભૃત | ૮. તરંગવતી | ૧૪. ચતુઃશરણ પયન્ના |
| ૩. યોનિ પ્રાભૃત | ૯. મલયવતી | ૧૫. સન્મતિલક |
| ૪. અંગવિદ્યા | ૧૦. વસુદેવચરિત્ર | ૧૬. ન્યાયવતાર |
| ૫. જ્યોતિષકરંડક | ૧૧. પદ્મચરિત્ર | ૧૭. બત્રીસી |
| ૬. સભાષ્ય | ૧૨. વસુદેવહિંડી | ૧૮. દેવાગમસ્તોત્ર |

(જૈન પરંપરાનો ઈતિહાસ)

## ૨૨૦. કુમારપાળ રાજાનાં ચરિત્રો

(૧) કુમારપાલ પ્રતિબોધક = સોમપ્રભાચાર્ય = સં. ૧૨૪૧

(૨) પ્રબંધ ચિંતામણી = મેરૂતુંગાચાર્ય = સં. ૧૩૬૭

| | | | | |
|---|---|---|---|---|
| (૩) કુમારપાલ ચરિત્ર | = | જયસિંહસૂરિ | = | સં. ૧૩૧૩ |
| (૪) કુમારપાલ ચરિત્ર | = | ચારિત્રસુંદરસૂરિ | | |
| (૫) કુમારપાળ ચરિત્ર | = | શ્રી હરિશ્ચંદ્ર | | |
| (૬) કુમારપાલ પ્રબંધ | = | જિનમંડનસૂરિ | = | સં. ૧૪૪૧ |
| (૭) પ્રભાવક ચરિત્ર | = | પ્રભાચંદ્રસૂરિ | = | સં. ૧૩૩૪ |
| (૮) કુમારપાલ ચરિત્ર | = | સોમતિલકસૂરિ | | |
| (૯) કુમારપાલ રાસ | = | ઋષભદાસ કવિ | | |
| (૧૦) કુમારપાલ રાસ | = | જિનહર્ષ સૂરિ | | **(યોગશાસ્ત્ર પ્રસ્તાવના)** |

## ૨૨૧. દેવોની દશ જાતિ

(૧) **ઈન્દ્ર** - બધા દેવોનાં નાયક, રાજા સમાન દેવ.
(૨) **સામાનિક** - ઈન્દ્રની જેમ ઋદ્ધિનાં ધારક દેવ.
(૩) **લોકપાલ** - કોટવાલ જેવા દેવ, સોમ,યમ,વરૂણ, કુબેર, વૈશ્રવણ
(૪) **ત્રાયસ્ત્રિંશત** - રાજગુરુ-પુરોહિત જેવા સામાન્ય દેવ.
(૫) **પારિષદ્ય** - મિત્ર સમાન દેવ
(૬) **આત્મરક્ષા** - અંગરક્ષક જેવા દેવ
(૭) **અનીક** - ગજસેના, અશ્વસેના, રથસેના, સુભટસેના, ગંધર્વ સેના, નૃત્યસેના, વૃષભસેના આ સાત સૈન્યદળનાં દેવ
(૮) **પ્રકીર્ણક** - સામાન્ય દેવો.
(૯) **આભિયોગિક** - કર્મચારી, સેવક દેવો.
(૧૦) **કિલ્બીષીક** - ચાંડાલ જેવા તુચ્છ દેવો. **(પન્નવણા સૂત્ર)**

## ૨૨૨. મનુષ્યજન્મનાં દશ દૃષ્ટાંત

(૧) **ભોજન :** બ્રહ્મદત્તચક્રીનો મિત્ર એક બ્રાહ્મણ હતો. બાલપણામાં તેને (ચક્રીએ) વચન આપેલું કે જ્યારે હું રાજા બનીશ ત્યારે તને યાદ કરીશ. ચક્રીનો રાજ્યાભિષેક થઈ ગયો પરંતુ બ્રાહ્મણ યાદ ન આવ્યો. જ્યારે ચક્રી બહાર નીકળે ત્યારે બ્રાહ્મણ ઉભો હોય પરંતુ વિશાળ ભીડનાં કારણે દેખી પણ ન શકે તે વખતે બ્રાહ્મણે જીર્ણ જોડાની માળા બનાવી મોટી લાકડી ઉપર લગાડી ચક્રીની આગળ ચાલવા લાગ્યો. તે જોઈ ચક્રીનું ધ્યાન ગયું. નીચે ઉતરીને તેને ભેટ્યો. બોલ તારે શું જોઈએ તારા ઘરથી પ્રારંભ કરી ભરતક્ષેત્રનાં દરેક ઘરમાં મારી જમવાની વ્યવસ્થા કરો. ચક્રીએ આ પ્રમાણે કરી. મગરચક્રીનાં ઘરનું ભોજન કર્યા પછી એવું લાગ્યું કે જલદીથી પાછા ચક્રીનાં ઘરની વારી આવે તો સારું... પરંતુ ભરતક્ષેત્રનાં બધા ઘર પૂર્ણ થતાં જીવન પુરુ થઈ જાય પરંતુ પાછી વારી આવવી જેમ મુશ્કેલ તેમ મનુષ્યજન્મ હારી ગયા પછી ફરી મળવો ઘણો જ મુશ્કેલ છે.

(૨) **પાશક :** ચંદ્રગુપ્તનાં ભંડારને સમૃદ્ધ બનાવવા માટે ચાણક્યે દેવી પાસા સાધના દ્વારા મેળવ્યા અને પછી જાહેરાત કરી કે જે મને જીતશે તેને સોનાનો ભરેલો થાળ આપવામાં આવશે. દેવી પાસા જીતવા જેમ મુશ્કેલ છે તે મનુષ્ય જન્મ ફરી મળવો મુશ્કેલ છે.

(૩) **ધાન્ય :** ભરતક્ષેત્રમાં જેટલા પ્રકારનાં ધાન્ય ઉત્પન્ન થાય તે દરેકને ભેગા કરવાં. તલ, મૂંગ, ઉડદ, બાજરી, ગેહુ આદિ... ભેગા કર્યા પછી એક મુઠી જેટલા સરસવનાં દાણા અન્દર નાંખવા પછી બધા મિક્સ કર્યા પછી

મંદ રોશનીવાળી વૃદ્ધ સ્ત્રીને આ કામ સોંપવી. આમાંથી સરસવનાં દાણો જુદા પાડવા. જેમ સરસવનાં દાણાં જુદા પાડવા મુશ્કેલ તેમ માનવ જન્મ આનાં કરતાં વધારે દુર્લભ છે.

(૪) **જુગાર :** જિતશત્રુ રાજાનાં પુત્રને રાજ્ય પ્રાપ્તિની ઇચ્છા થઈ ત્યારે રાજાએ કહ્યું તારે જલદી રાજ્ય જોઈએ તો મારી સાથે જુગાર ખેલ આપણી રાજસભામાં ૧૦૦ થાંભલા છે દરેક થાંભલાને ૧૦૮ ખુણા છે. એક એક દાવમાં એક એક ખુણાને જીતવાનો જ્યારે સંપૂર્ણ થાંભલા જીતશે ત્યારે તને રાજ્ય મળશે. દરેક દાવમાં જીત પ્રાપ્ત કરવી ઘણી જ મુશ્કેલ છે તેમ માનવભવ પણ દુર્લભ છે.

(૪) **રત્ન :** એક ગામમાં એવો નિયમ જ્યારે પોતાનાં નગરમાં ઉત્સવ આવે ત્યારે જેની પાસે જેટલા ક્રોડ દ્રવ્ય હોય તેટલી ધજા પોતાનાં મહેલ ઉપર ફરકાવે. મગર એક વેપારી એવો હતો તેની પાસે કરોડોનાં રત્ન હતાં કંજુસાઈને કારણે ધજા ફરકાવતો ન હતો એક વખત તે વ્યાપારી વ્યાપાર કરવા પરદેશ જાય ત્યારે પુત્રો રત્નોને વેચીને **૮૪ કરોડ** દ્રવ્યનાં કારણે ૮૪ ધજા ઉત્સવ વખતે ફરકાવી વ્યાપારી ઘેર આવ્યા પછી ધજાનાં કારણે ઘર જ ન મળ્યું. મકાનની આજુબાજુ ફરવા લાગ્યા. પુત્રોએ દેખ્યા ત્યારે બોલાવ્યા પછી પિતાએ પૂછ્યું ધજા કેમ ફરકાવી ? પુત્રોએ કહ્યું બધા રત્નો વેચીને ૮૪ કરોડ દ્રવ્ય આવ્યું તેથી ૮૪ ધજા ફરકાવી. અરે રે ! તમે આ શું કર્યુ ? આપણી સંપત્તિ કોઈને બતાવવાની ના હોય જાઓ દ્રવ્ય આપી રત્ન પાછા લઈ આવો. શું રત્નો પાછા મળવા સરલ છે ? તેમ માનવ ભવ મલવો પણ ઘણો જ દુર્લભ છે.

(૬) **સ્વપ્ન :** એક ગામમાં એક સિદ્ધપુત્ર અને ઠાકોર બંને સાથે મુસાફર ખાનામાં સુતેલાં. રાત્રે બંનેને ચંદ્રપાનનું સ્વપ્ન આવ્યું. સવારે ઉઠ્યા ત્યારે એખ બીજાને વાત કરી મને આવું સ્વપ્ન આવ્યું. ત્યારે સિદ્ધપુત્રે કહ્યું મને જ આવું સ્વપ્ન આવ્યું. સિદ્ધપુત્રે જલદીથી એક મોટા માણસને પૂછ્યું, આ સ્વપ્નનું શું ફળ મળશે ત્યારે તેને કહ્યું તને આજે ઘી થી ભરેલો પુડલો મળશે અને થોડી કોઈ મકાનનાં કાર્ય વખતે પુડલા બનાવેલા તેને મળી ગયા. ઠાકોર વિધિપૂર્વક જ્યોતિષ પાસે જઈ પ્રદક્ષિણા આપી. જેટલું ધારીને સ્વપ્ન દર્શનનું ફળ પૂછ્યું, ત્યારે તેને કહ્યું કે 'સાત દિવસમાં રાજ્ય મળશે રાજ્ય મળ્યા પછી સિદ્ધપુત્ર સામે આવ્યો અને તમો રાજા અને હું ભિખારી એક સરખું સ્વપ્ન આવવા છતાં આ વિધિ કરવાથી ફળ ચાલ્યું ગયું. હવે સિદ્ધપુત્ર વારંવાર મુસાફર ખાનામાં ઉંઘે અને સ્વપ્નની રાહ જુએ છે જેમ ફરીથી સ્વપ્ન આવવું અતિ દુર્લભ છે તેમ મનુષ્યનો જન્મ ઘણો જ દુર્લભ છે.

(૭) **ચક્ર :** લોઢાનાં થાંભલા નીચે આઠ ચક્ર છે દરેક ચક્રમાં ૧૨ આરા છે. એમાં છ આરા ડાબીથી જમણી બાજુ. ૬ આરા જમણી થી ડાબી બાજુ ફરે છે આને ચક્રનું ચક્કર ચાલુ છે. વચ્ચે રહેલી લોઢાની પુતળી ચક્ર સાથે જ ફરે છે. નીચે તેલની કુંડી છે હવે તેલમાં દ્રષ્ટિ રાખીને પુતળીની જમણી આંખ જ્યારે છેદાય ત્યારે રાધાવેધ થાય. આવો રાધાવેધ ઘણો જ દુષ્કર છે કદાચ હોંશીયાર માણસ સાધી લે પરંતુ માનવજન્મ આનાં કરતાં વધારે દુર્લભ છે.

(૮) **ચર્મ :** લાખ યોજન પ્રમાણ તલાવની ઉપર સેવાલ એટલે લીલાફુગ બાજી ગઈ છે. પાણીપણ દેખાતું નથી એ વખતે તળાવમાં રહેલો કાચબો પોતાની

ડોક ઉંચી કરતાં સેવાલ દૂર થતાં પૂર્ણિમાનો ચંદ્ર દેખાયો. ચાંદની દેખીને ખુશ થયો અને પછી બીજા કાચબાને કહેવા ગયો ચાલ મારી સાથે તને ચાંદની દેખાડું. છિદ્ર પાછું ઢંકાઈ ગયું અને પૂર્ણિમા પણ જતી રહી. હવે કાચબો ગમે તેટલો પ્રયત્ન કરે તો પણ ચાંદની દેખાવી મુશ્કેલ છે તેમ માનવનો જન્મ વધારે દુર્લભ છે.

(૯) **યુગ :** યુગ એટલે ગાડાની ધુંસરી જેની નીચે આપણે બળદ જોડીએ. તે ધુંસરીને ખીલીથી ફીટ કરવાની હોય તો ધુંસરી જોડાય. હવે તે ધુંસરી અને ખીલી બંનેને અલગ કર્યા પછી સમુદ્રનાં એક કિનારે ધુંસરી અને એક કિનારે ખીલી નાંખ્યા પછી ફરીથી મેળવવા ઘણો જ દુર્લભ છે તેમ આ જ માનવ જન્મમાં આરાધના ન કરીએ તો ફરી મળવો ઘણો જ દુર્લભ છે.

(૧૦) **પરમાણુ :** કોઈ એક થાંભલાનાં પરમાણુ જેટલાં ટુકડા કર્યા પછી એક નાળીમાં ભરીને મેરૂપર્વત ઉપર જઈને ફુંક મારવી એટલે ચારે બાજુ બધા ટુકડા ઉડી જવાના. હવે તે ટુકડા ને પાછા ભેગા કરીને થાંભલો બનાવવો અતિ મુશ્કેલ તેમ માનવ જન્મ અતિ દુર્લભ છે.

## ૨૨૩. દશ પ્રકારનાં યતિધર્મ

(૧) **ક્ષમાધર્મ :** ક્ષમા એ પણ અહિંસાનો ભાગ છે. કોઈપણ જીવને આપણે કારણે અંશમાત્ર દુઃખ ન થવું જોઈએ. કદાચ આપણાથી કોઈ અપરાધ થઈ જાય તો બધા કામ છોડી પ્રથમ ક્ષમા માંગવી જોઈએ જ્યાં સુધી ખમાવો નહિ ત્યાં સુધી જીવનમાં શાંતિ ન થાય. તીર્થંકરની આજ્ઞા છે. પરસ્પર ક્ષમા અવશ્ય આપવી.

- **ક્ષમાના પાંચ ભેદ છે :**

  (૧) **ઉપકાર ક્ષમા :** કોઈ જીવે તમારા ઉપર ઉપકાર કરેલો છે માટે તેઓનાં કડવા શબ્દને સમતાથી સહન કરવા, ભય, લજ્જા આદિ દ્વારા પરસ્પર ખમત ખામણાં કરવા તે.

  (૨) **અપકાર ક્ષમા :** શ્રીમંત અથવા બળવાનની સામે ન છૂટકે મૌન રાખવું તે.

  (૩) **વિપાક ક્ષમા :** ક્રોધ ખૂબ જ ખરાબ છે તેના ફળ ભવાંતરે વિરૂપ મળે છે તેવું સમજીને દુર્વ્યવહારને સહી લેવો તે.

  (૪) **વચન ક્ષમા :** પરમાત્માનું વચન છે ક્ષમા રાખવી તેમ સમજીને ક્ષમા રાખવી. અથવા અન્યનાં વચનને ધીરજતાથી સહન કરવા.

  (૫) **ધર્મક્ષમા :** ગજસુકુમાલની જેમ સંયમ લીધા પછી આપણો ધર્મક્ષમા છે એમ જાણી ક્ષમા રાખવી તે પ્રથમની ત્રણ ક્ષમાલૌકિક અને બે લોકોત્તર ક્ષમા છે.

(૨) **માર્દવ ધર્મ :** મનમાં કોમલતા હોય અને વ્યવહારમાં નમ્રતા તે માર્દવ ધર્મ. આ ગુણ લાવવા માટે વિનય બહુ જરૂરી છે. માર્દવ ધર્મની આરાધના માટે જાતિ કુલ સત્તા શ્રુત તપ આદિ ગર્વનો ત્યાગ કરવો.

(૩) **આર્જવ ધર્મ :** કપટનો ત્યાગ પોતાના વિચાર, વાણી, વર્તનની એકરૂપતા દ્વારા આની સાધના થાય છે. એક બીજાના વિશ્વાસ માટે આ ધર્મ અત્યંત જરૂરી છે. આર્જવધર્મથી નિર્મલ બુદ્ધિ થાય છે.

(૪) **મુક્તિ (ત્યાગ) ધર્મ :** નહિ મળેલી ભૌતિક પદાર્થોનો ત્યાગ અને મળેલી ભૌતિક પદાર્થોનો ત્યાગ કરવો તેજ ત્યાગધર્મ છે.

સંયમ જીવનમાં ઓછામાં ઓછી સામગ્રી દ્વારા જીવન વીતાવવું. જો ત્યાગીઓ પાસે સામગ્રીનો ઢેર હોય તો ત્યાગી કહેવાય કેવી રીતે ? ઇષ્ટ પદાર્થોનો ત્યાગ કરવો.

(૫) **તપધર્મ :** ચીકણામાં ચીકણા કર્મોને તોડવા માટે તપ ધર્મ છે. જેનાથી કાયાનું શોષણ અને આમગુણો નું પોષણ થાય તેવો તીર્થંકર પરમાતમાએ આદરેલો અને ઉપદેશેલો છે. આવાં તપનાં ૧૨ પ્રકાર બતાવ્યા છે. કોઈપણ તપ ધર્મની ક્રિયા સાથે આરાધના કરવાથી ગાઢ કર્મો પણ નાશ પામે છે.

(૬) **સંયમ ધર્મ :** ઇન્દ્રિયો ઉપર કાબુ રાખવો તે સંયમ ધર્મ આપણે ત્યાં પાંચ ઇન્દ્રિયો નાં ૨૩ વિષયો અને ૨૫૨ વિકારો છે તે દરેકની ઉપર કાબુ રાખ્વો તેજ સાચો સંયમધર્મ છે. શાસ્ત્રમાં એનો ૧૭ ભેદ પણ બતાવેલ છે. ૫ મહાવ્રત ૪ કષાય ૫ ઇન્દ્રિયનો નિગ્રહ. મન-વચન-કાયાની વિરતી સંયમ ધર્મની આરાધનાથી જીવન પવિત્ર બનાવવું તેજ માનવજન્મનો સાર છે.

(૭) **સત્યધર્મ :** અવિસંવાદ યોગવસ્તુનું યથાર્થસ્વરૂપ અને મન-વચન-કાયાની નિષ્કપટ પ્રવૃત્તિ કરવી તે સત્ય ધર્મ એટલે જે હોય તે છુપાવ્યા વિના સાચુ બોલવું. જૈન દર્શન સત્યધર્મને મુખ્ય માન્યો છે.

(૮) **શૌચ ધર્મ :** સાધન અને શરીરમાં નિરાસક્તિ તે શૌચ ધર્મ નિર્દોષ આહાર પાણી લેવા તે દ્રવ્યશૌચ. અને કષાય આદિ માનસિક વિકારોનો ત્યાગ, લોભનો પરિહાર, લોભ ચેપી રોગ છે એનાં કારણે ઘણાં ગુણો નષ્ટ થાય છે. માટે લોભથી દૂર રહી અનાસક્ત ભાવે જીવન જીવવું તે શૌચધર્મ.

(૯) **આકિંચન ધર્મ :** સંસારની કોઈ પણ ભૌતિક સામગ્રીમાં મૂર્ચ્છાભાવ (આસક્તિભાવ) ન રાખવો તે આકિંચન ધર્મ. મમતા એ સર્વ દુઃખોનું મૂળ છે. સંયોગ થવાથી મમતા વધે અને વિયોગ થવાથી આર્તધ્યાન વધે. માટે કોઈપણ સામગ્રીને પોતાની ન માનવી તેજ આકિંચન ધર્મ છે.

(૧૦)**બ્રહ્મચર્ય ધર્મ :** આત્મબળ-આત્મતેજનું અમોઘ સાધન બ્રહ્મચર્ય છે. જેને બાળપણથી આનું પાલન કર્યું તેને કોઈ કાર્ય અસંભવ નથી. આ જ કાર્ય સફળતાનો મૂળમંત્ર છે. સર્વોત્તમ તપ પણ આ છે. અને આ વ્રતનાં વિનાશમાં આપણો જ વિનાશ છે.

## ૨૨૪. જૈનશાસ્ત્રમાં આસનનાં નામો

पर्यङ्क वीर वज्राब्ज, भद्रदण्डासनानिच ।
उत्कटिका गोदोहिका, कायोत्सर्ग स्तथासनम् ॥१२४॥

➜ ૧. પર્યંકાસન ૨. વીરાસન ૩. વજ્રાસન ૪. પદ્માસન ૫. ભદ્રાસન ૬. દંડાસન ૭. ઉત્કટિકાસન ૮. ગોદોહિકાસન ૯. કાયોત્સર્ગાસન આ પ્રમાણે ૯ આસનો બતાવેલ છે. દરેક આસનોનું વિસ્તૃત વિવેચક **યોગશાસ્ત્રમાં** છે. (યોગશાસ્ત્ર)

## ૨૨૫. યોગશાસ્ત્ર ગ્રંથનાં આધારે પાંચમહાવ્રતનું સ્વરૂપ

(૧) **પ્રથમ મહાવ્રત સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત**

**न यत्प्रमादयोगेन, जीवितव्यपरोपणम् ।**
**त्रसानां स्थावराणां च, तदाहिंसा व्रतं मतम् ॥२०॥**

**ભાવાર્થ :** પ્રમાદનાં કારણે ત્રસજીવોની અને સ્થાવર જીવોની જે વિરાધના કરતા નથી તે અહિંસાવ્રત માનેલું છે.

- **પ્રથમ મહાવ્રતની પાંચ ભાવના**

(૧) **ઈર્યાસમિતિ :** ત્રસ-સ્થાવર જીવોની રક્ષા માટે સાવધાની પૂર્વક ચાલવું તે.

(૨) **મન ભાવના :** મનને અશુભ વિચારોથી મુક્ત રાખી શુભ વિચારોમાં પ્રવૃત્તિ કરવી તે.

(૩) **વચન ભાવના :** પાપકારી, કર્કશ, કઠોર, હિંસકભાષાનો ત્યાગ કરવો તે.

(૪) **આદાનસમિતિ :** ઉપકરણો લેવા મુકવામાં દષ્ટિ અને પ્રમાર્જનાનો ઉપયોગ કરવો તે.

(૫) **આલોકિત પાન ભોજન :** પ્રકાશવાળા સ્થાનમાં જોઈને આહાર પાણી કરવા તે. **(આચારાંગ સૂત્ર અ.૧૫)**

(૨) **બીજું મહાવ્રત : સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત**

**प्रियं पथ्यं वचस्तथ्यं, सुनृतव्रतमुच्यते ।**
**तत्तथ्यमपिनो तथ्यमप्रियं चाहितं च यत् ॥२१॥**

- **ભાવાર્થ :** બીજાને પ્રિય લાગે તેવું હિતકારી અને સત્ય વચન બોલવું. તે બીજું મહાવ્રત કહેલ છે. અપ્રિય અને અહિતકર સત્ય હોય તો પણ સત્ય નથી કારણ કે બીજાને **ખેદકારી** અનર્થનું કારણ બને છે માટે.

- **બીજા મહાવ્રતની પાંચ ભાવના :**

(૧) **અનુવિચિભાષણ :** અસત્યનો ત્યાગ કરીને પ્રિય હિતકારી બોલવું તે.

(૨) **ક્રોધ :** ક્રોધાવેશમાં સત્યવચન પણ અસત્ય બોલાઈ જાય માટે ત્યાગ કરવો.

(૩) **લોભ :** લોભનાં આવેશમાં પણ અસત્ય બોલાઈ જાય માટે લોભનો ત્યાગ કરવો.

(૪) **ભય :** ભયનાં કારણે પણ અસત્ય બોલાઈ જાય માટે ભયનો ત્યાગ કરવો.

(૫) **હાસ્ય :** મજાક-મશ્કરી-હાસ્યમાં અસત્ય બોલાઈ જાય માટે તેનો પણ ત્યાગ કરવો. **(આચારાંગ સૂત્ર અ.૧૫)**

**(૩) ત્રીજું મહાવ્રત : સર્વથા અદત્તાદાનવિરમણ મહાવ્રત**

**अनादानमदत्तस्या, स्तेयव्रतमुदीरितम् ।**
**ब्राह्याः प्राणा नृणामर्थो, हरता तं हता हिते ॥२२॥**

- **ભાવાર્થ :** આપ્યા વિના કાંઈ પણ લેવું નહિ અથવા પૂછીને લેવું તે ત્રીજું મહાવ્રત છે. ધન આદિ સામગ્રી મનુષ્યોનો બાહ્ય પ્રાણ છે. તેને હરણ કરતાં મનુષ્યોનાં દ્રવ્ય પ્રાણોનો નાશ કર્યો કહેવાય.

- **ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના :**

(૧) સ્થાન, ઉપાધિ આદિ સામગ્રીની જરૂર પ્રમાણે યાચના કરવી.

(૨) ગુરુની આજ્ઞા પ્રમાણે આહાર પાણીનો ઉપયોગ કરવો.

(૩) દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવને સમજી યાચના કરવી.

(૪) એકવાર અવગ્રહની યાચના કર્યા પછી વારંવાર અવગ્રહની આજ્ઞા મેળવવી.

(૫) સાધર્મિક પાસેથી મર્યાદિત અવગ્રહની યાચના કરવી.

**(આચારાંગ સૂત્ર અ. ૧૫)**

(૪) **ચોથું મહાવ્રત : સર્વથામૈથુન વિરમણ મહાવ્રત**

**दिव्यौदारिककामानां, कृतानुमतिकारितः ।**
**मनोवाक्कायतस्त्यागो, ब्रह्माष्टा दशधामतम् ॥२३॥**

- **ભાવાર્થ :** દિવ્ય (એટલે દેવસંબંધી) ઔદારિક (એટલે મનુષ્ય તિર્યંચ સંબંધી) વિષયોનો મનથી, વચનથી અને શરીરથી કરવા, કરાવવા અને અનુમોદનાનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય અઢારપ્રકારનું કહેલું છે. **(પાંચઈન્દ્રિયોનાં ૨૩ વિષયો છે.)**

- **બ્રહ્મચર્ય વ્રતનાં ચાર અર્થ**

  (૧) **બ્રહ્મચર્ય :** બ્રહ્મ એટલે આત્માં, આત્મ ચિંતન કરવું તે.
  (૨) **સંયમ :** બધી ઈન્દ્રિયોને કાબુમાં રાખવી તે.
  (૩) **ગુરુકુલવાસ :** ગુરુની સાથે રહેવાથી બ્રહ્મચર્યનાં પાપથી બચી જવાય છે. માટે જીવનભર ગુરુકુલવાસનું સેવન કરવું.
  (૪) **સદાચાર :** જીવનમાં આચાર સારા હશે તો અનાચાર દૂર થઈ જાય માટે સારા આચાર માટે પ્રયત્ન કરવો. **(આચારાંગ સૂત્ર અ.૪)**

- **પાંચમા મહાવ્રતની પાંચ ભાવના :**

  (૧) વિકારભાવ જાગ્રત થાય તેવી કથા ક્યારેય ન કરવી.
  (૨) સ્ત્રીઓનાં આગોપાંગને એક ધ્યાનથી જોવા નહિ.
  (૩) પૂર્વે ભોગવેલા વિષયનું સ્મરણ ન કરવું.
  (૪) સાધુઓએ વિગઈનો ત્યાગ કરી, રસકસ વિનાનો મર્યાદિત આહાર કરવો.
  (૫) સ્ત્રી-પશુ-નપુંસકનાં સ્થાનની આસપાસ ન ઉતરવું. **(આચારાંગસૂત્ર)**

**(૫) પાંચમુ મહાવ્રત : સર્વથા પરિગ્રહ પરિમાણ વિરમણવ્રત**

**सर्वभावेषु मूर्च्छायासत्यागः स्यादपरिग्रहः ।**

**यदसत्स्वपि जायेत, मूर्च्छया चित्तविप्लवः ॥२४॥**

- ભાવાર્થ : દુનિયાનાં તમામ ભૌતિક સામગ્રી વિષે આસક્તિ ભાવ એટલે મૂર્ચ્છાભાવનો ત્યાગ કરવો તેજ અપરિગ્રહ છે. પોતાની પાસે વસ્તુ ન હોય છતાં ઈચ્છા રાખવી (**આસક્તિ ભાવ**) તે પણ પરિગ્રહ છે.

(યોગશાસ્ત્ર અ.૧)

- **પાંચમા મહાવ્રતની પાંચભાવના :**
  (૧) પ્રિય અથવા અપ્રિય શબ્દો સાંભળ્યા પછી રાગ દ્વેષ કરવો નહિ.
  (૨) ચક્ષુરિન્દ્રિયથી પ્રિય અથવા અપ્રિય પદાર્થોને જોઈ રાગદ્વેષ ન કરવો.
  (૩) ઘ્રાણેન્દ્રિય દ્વારા સુગંધ-દુર્ગંધને સુંઘ્યા પછી રાગદ્વેષ ન કરવો.
  (૪) રસનેન્દ્રિય દ્વારા આસક્ત બની રાગદ્વેષ ન કરવા.
  (૫) સ્પર્શેન્દ્રિય દ્વારા આસક્ત બની રાગદ્વેષ ન કરવા.

(આચારાંગ સૂત્ર)

## ૨૨૬. દર્શન-જ્ઞાન-ચારિત્રયોગની વ્યાખ્યા

**(૧) સમ્યગ્ દર્શન :**

**रुचिर्जिनोक्त तत्त्वेषु, सम्यक्श्रद्धानमुच्यते ।**

**जायते तन्निसर्गेण, गुरोरधिगमेन वा ॥१७॥**

- ભાવાર્થ : જિનેશ્વર પરમાત્માએ કહેલા તત્ત્વોને વિષે રૂચી થવી એટલે

આજતત્ત્વો સત્ય છે આવી પ્રતીતિ થવી તે સમ્યક્ શ્રદ્ધા કહેવાય. આ શ્રદ્ધા ગુરુદેવનાં ઉપદેશથી થાય છે.

(૨) **સમ્યગ્જ્ઞાન :**

**यथावस्थिततत्वानां संक्षेपाद्विस्तरेण वा ।**

**योऽवबोधस्तमत्राहुः सम्यग्ज्ञानं मनीषिणः ॥१८॥**

➾ **ભાવાર્થ :** જેવી રીતે તત્ત્વોનું સ્વરૂપ રહેલું છે તેવી જ રીતે સંક્ષેપ થી અથવા વિસ્તારથી બોધ થવો યા જાણવું તેને વિદ્વાન પુરુષો સમ્યગ્જ્ઞાન કહે છે.

(૩) **સમ્યગ્ચારિત્ર :**

**सर्वसावद्य योगानां, त्यांगश्चारित्रमिष्यते ।**

**कीतितं तदर्हिंसादि व्रतभेदेन पञ्चथा ॥१९॥**

➾ **ભાવાર્થ :** બધા પાપયોગોનો મન-વચન-કાયાથી ત્યાગ કરવો તે સમ્યગ્ચારિત્ર આ ચારિત્ર અહિંસા આદિ ભેદથી પાંચ પ્રકારે કરે છે.

**(યોગશાસ્ત્ર અ.૧)**

## ૨૨૭. યોગશાસ્ત્ર ગ્રંથનાં આધારે અષ્ટપ્રવચન માતાનું સ્વરૂપ

(૧) **ઈર્યાસમિતિ :**

**लोकातिवाहिते मार्गे, चुंबिते भास्वदंशुभिः ।**

**जंतुरक्षार्थमालोक्य, गतिरीर्या माता सताम् ॥३६॥**

➾ **ભાવાર્થ :** અનેક લોકોનું જે માર્ગે આવાગમન થતું હોય અને સૂર્યનાં કિરણોથી માર્ગ પ્રગટ દેખાતો હોય. જંતુઓની રક્ષા માટે જોઈને ચાલવું તેને સત્પુરુષો ઈર્યાસમિતિ કહે છે.

**(૨) ભાષાસમિતિ :**

**अवद्यत्यागतः सर्व जनीनं मितभाषणम् ।**

**प्रियावाचंयमानां सा भाषा समितिरुच्यते ॥३७॥**

- **ભાવાર્થ :** નિર્દોષ (એટલે પાપવગરની ભાષા) સર્વજીવોને હિતકારી, અને પ્રમાણોપેત (મર્યાદાપૂર્વક જરૂરી છે તેટલું) બોલવું તેને સત્પુરુષો ભાષા સમિતિ કહે છે.

**(૩) એષણા સમિતિ :**

**द्विचत्वारिंशता भिक्षा दोषैर्नित्यदूषितम् ।**

**मुनिर्यदन्नमादत्ते, ऐषणा समितिर्भता ॥३८॥**

- **ભાવાર્થ :** બેંતાલીસ દોષનું નિવારસ કરીને જે આહાર પાણી મુનિઓ ગ્રહણ કરે છે. તેને એષણા સમિતિ કહેવાય છે.

**(૪) આદાનભંડમત્તનિકખેવણા સમિતિ :**

**आसनादीनिसंविक्ष्य, प्रतिलिख्यच यत्नतः ।**

**गृहणीयान्निक्षिपेद्धा, यत् सादानसमिति स्मृताः ॥३९॥**

- **ભાવાર્થ :** આસનાદિ કોઈપણ ઉપકરણો દૃષ્ટિથી દેખીને અને ઓછા આદિથી પ્રમાર્જીને જયણાપૂર્વક લેવા અને મુકવા તે આદાનભંડમત્ત નિકખેવણા સમિતિ કહેવાય.

**(૫) પારિષ્ઠાપનિકા સમિતિ**

**कफमूत्रमलप्राय, निर्जंतुजगतीतले ।**

**यत्नाद्यदुत्सृजेत्साधुः सोत्सर्ग समिति भवेत् ॥४०॥**

- **ભાવાર્થ :** કફ, મલ, મૂત્ર વિ. કોઈપણ અશુચિનો લીલીમાટી, લીલીજમીન અથવા વનસ્પતિવાળા સ્થાન પર અથવા ત્રસયુક્ત સ્થાન પર વિસર્જન ન કરવું. પરંતુ સુકા સ્થાન પર કોઈપણ જીવને દુઃખ ન થાય તેવી રીતે ધીરે રહીને પરઠવું તે પારિષ્ઠાપનિકાસમિતિ કહેવાય.

(૬) **મનગુપ્તિ :**

**विमुक्त कल्पना जालं, समत्वे सुप्रतिष्ठितम् ।**
**आत्मारामं मनस्तज्ञै र्मनोगुप्तिरुहाहृता ॥४१॥**

- **ભાવાર્થ :** કલ્પનાજાળથી મુક્ત થયેલાં, (આર્ત-રૌદ્રધ્યાનને કલ્પના જાળ કહેવાય) સમભાવમાં સ્થિત થયેલાં અને આત્મભાવમાં રમણ બનેલા મનને જ્ઞાની પુરુષોએ મનોગુપ્તિ કહેલ છે.

(૭) **વચનગુપ્તિ :**

**संज्ञादि परिहारेण, यन्मौनस्यावलंबनम् ।**
**वाग्वृत्तेः संवृत्तिर्वाया, सा वाग्गुप्तिरिहोच्यते ॥४२॥**

- **ભાવાર્થ :** સંજ્ઞાદિકનો ત્યાગ (એટલે હાથ, આંખ, આંગળી, ખોંખારા, ઈશારા આદિનો ત્યાગ) મૌનનું આલંબન લેવું. અથવા માત્ર વચનની પ્રવૃત્તિને રોકવી તેને વચનગુપ્તિ કહેવાય છે.

(૮) **કાયાગુપ્તિ :**

**उपसर्गप्रसंगेपि, कायोत्सर्ग जुषोमुनेः ।**
**स्थिरभावः शरीरस्य, कायगुप्ति निगयते ॥४३॥**

- **ભાવાર્થ :** કાઉસગ્ગ ધ્યાનમાં જ્યારે કોઈપણ પ્રકારનો ઉપદ્રવ (ઉપસર્ગ) આવે તો પણ શરીરને સ્થિર ભાવમાં રાખવું તેને કાયગુપ્તિ કહેલ છે.

બીજી રીતે સુવું, બેસવું, મુકવું, લેવું, ઉભા થવું, ચાલવું દરેક કાયાની ક્રિયામાં નિયમ રાખવો તેને પણ કાયગુપ્તિ કહેલ છે. (યોગશાસ્ત્ર)

## ૨૨૮. અન્તર્મુહુર્ત એટલે કેટલો સમય ?

- બે સમયથી માંડીને બે ઘડી (૪૮ મિનિટ) સુધીનાં કાળમાં એક સમય પણ ઓછો હોય તો તેને અંતર્મુહુર્ત કહેવાય. બે સમયનો કાળ જઘન્ય અંતર્મુહુર્ત, બે ઘડીમાં એક સમય ન્યૂન ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત અને વચ્ચેનો બધો કાળ મધ્યમ અંતર્મુહુર્ત કહેવાય.

## ૨૨૯. યોગશાસ્ત્ર ગ્રંથનાં આધારે શ્રાવકનાં ૧૨ વ્રતનું સ્વરૂપ

(૧) **પ્રથમ અણુ વ્રત : પ્રાણાતિપાત વિરમણ વ્રત**

**पंगुकुष्टिकुणि, वादि, दृष्टवा हिंसाफलं सुधीः ।**
**निरागस्त्रसजंतूनां, हिंसां संकल्पस्त्यजेत् ॥१९॥**

- **ભાવાર્થ :** પાંગલાપણું, કોઢીરુત્તા પણું, ઠુંઠાપણું, આ બધું ફળ હિંસાનાં કારણે પ્રાપ્ત થાય છે એમ જાણી બુદ્ધિશાળીઓએ નિરપરાધી ત્રસજીવોની સંકલ્પથી હિંસા કરવાનો ત્યાગ કરવો.

**બધા જીવોને પોતનાં જેવાં જ ગણવા**

**आत्मवत् सर्व भूतेषु, सुखदुःखे प्रियप्रिये ।**
**चिंतयन्नात्मनोऽनिष्टां, हिंसामन्यस्य ना चरेत् ॥२०॥**

- **ભાવાર્થ :** જેમ પોતાને સુખ વ્હાલુ છે અને દુઃખ અપ્રિય છે તેમ સર્વજીવોને સુખપ્રિય અને દુઃખ અપ્રિય લાગે છે. એમ જાણી પોતાને લાગતી અનિષ્ટ હિંસા બીજાનાં સંબંધમાં ન કરવી જોઈએ.

➠ **પ્રથમવ્રતનાં અતિચાર :**

(૧) કોઈપણ પ્રાણીને તાડન તર્જન કરવું.

(૨) કોઈને પણ લુલા, લંગડા, કાણાં બનાવવાં.

(૩) પશુ, પક્ષી, કુતરા-બિલાડાં વીંછી, વાંદરા વિગેરેને બંધનથી કષ્ટ આપવું.

(૪) ગધેડા, બળદ, ઉંટ, ભેંસ વિ. પ્રાણીઓ ઉપર શક્તિ ઉપરાંત ભાર આપવો.

(૫) પોતાને આધીન દાસ-દાસી, પશુ આદિને સમયસર ભોજન ન આપવું.

(૨) **બીજું અણુવ્રત : મૃષાવાદ વિરમણ વ્રત**

**मन्मनं काहलत्वं, मूकत्वं मुखरोगिता ।**
**वीक्ष्याऽसत्यफलं, कन्या-लीकाद्यसत्यमृत्सृजेत् ।।५३।।**
**कन्यागोभूम्यलीकानि, न्यासापहरणं तथा ।**
**कूट साक्ष्यं च पंचेति, स्थूलसत्यान्य कीर्तयन् ।।५४।।**

➠ **ભાવાર્થ :** મન્મનપણું, ન સમજાય તેવી રીતે બોલવાપણું, મુંગાપણું અને મોઢામાં થતાં રોગો આ સર્વ અસત્ય બોલવાનાં કારણે થાય છે. એમ જાણીને કન્યાલીકાદિ અસત્ય બોલવાનો ત્યાગ કરવો.

બીજી રીતે, કન્યા સંબંધી, ગાયસંબંધી, ભૂમિ સંબંધી, થાપણ ઓળવવા સંબંધી, અને ખોટી સાક્ષી ભરવા સંબંધી આ પાંચ મોટો અસત્યો કહેલ છે.

➠ **બીજાવ્રતના અતિચારો :**

૧. બીજાને દુ:ખ થાય તેવો ઉપદેશ આપવો.

૨. જાણ્યા સિવાય ખોટો ચોરીનો આરોપ મૂકવો.

૩. ઈંગિત આદિ આકારથી ન પ્રગટ કરવા લાયક પ્રગટ કરવું.

૪. મિત્ર-કલત્રની વિશ્વાસવાળી ગુપ્ત વાત કરવી.

૫. જુઠાલેખ લખવા.

(૩) **ત્રીજું અણુવ્રત : અદત્તાદાન વિરમણ વ્રત**

**दौर्भाग्यं प्रेष्यतां दास्यमंगच्छेदं दरिद्रताम् ।**
**अदत्तात्तफलं ज्ञात्वा, स्थूलस्तेयं विवर्जयेत् ॥६५॥**
**पतितं विस्मृतं नष्टं, स्थितं स्थापित माहितम् ।**
**अदत्तं नाददीतस्वं परकीयं स्वचित् सुधीः ॥६६॥**

➾ **ભાવાર્થ :** દરિદ્રપણું, પ્રેષ્યપણું, (બીજાનું કામ કરવાપણું) દાસપણું, શરીરનું છેદાવું અને દરિદ્રતા આ બધા ચોરી કરવાનાં ફળોને જાણીને માલિકની રજા સિવાય વસ્તુ લેવારૂપ ચોરીનો ત્યાગ કરવો. રસ્તામાં પડી ગયેલું, ભુલાઈ ગયેલું, નષ્ટ થયેલું, ઘરમાં રહેલું (કોઈ લઈ ગયેલું) સ્થાપન કરેલું અને દાટેલું આ બધું પારકું ધન કહેવાય. બુદ્ધિમાન જીવોએ માલિકની રજા સિવાય કોઈપણ વખતે લેવું નહિ.

➠ **ત્રીજાવ્રતનાં અતિચારો**

૧. ચોરીનો માલ લેવો. ૨. ચોરને સહાય દેવી

૩. કાળા બજારી દાણચોરી કરવી.

૪. તોલ માપમાં ઠગાઈ કરવી ભેળસેળ કરવું.

૫. ખોટા તોલમાપો બનાવીને ઠગવા.

**(૪) ચોથું અણુવ્રત : પરસ્ત્રીગમન વિરમણવ્રત**

**षंढत्वमिंद्रियच्छेदं, वीक्ष्याब्रह्मफलं सुधीः ।**
**भवेत्स्वदारसं तुष्टोऽन्यदारान् वा विवर्जयेत् ॥७६॥**

**ભાવાર્થ :** નપુંસકપણું, ઇંદ્રિયનાં છેદાવાપણું, અબ્રહ્મચર્યનાં ફળો જાણીને બુદ્ધિમાન મનુષ્યોએ પોતાની સ્ત્રીમાં સંતોષ માનીને હંમેશા માટે પરસ્ત્રીનો ત્યાગ કરવો જોઈએ.

**ચોથા વ્રતનાં અતિચાર :**

૧. રખાત જોડે સંબંધ રાખવો.

૨. કુવારી-વિધવા, વેશ્યા સામે આંખપણ ઉંચી કરવી.

૩. ફરીવાલ લગ્ન કરવા, સગાઈ-લગ્નની જંજાળમાં પડવું.

૪. પ્રવૃત્તિવિરુદ્ધ સંભોગ કરવો.

૫. વિષયભોગમાં ગુલામ બનવું.

**(૫) પાંચમું અણુવ્રત : પરિગ્રહ પરિમાણ વિરમણ વ્રત**

**असंतोषमविश्वास, मारंभं दुःखकारणम् ।**
**मत्त्वा मूर्च्छा फलं, कुर्यात् परिग्रह नियंत्रण ॥१०६॥**

**ભાવાર્થ :** દુઃખનાં કારણભૂત અસંતોષ, અવિશ્વાસ અને આરંભ આ સર્વે મૂર્છાનાં ફળો છે એમ જાણીને પરિગ્રહનો નિયમ કરવો જોઈએ. કારણ કે જ્ઞાતપુત્ર એવાં ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે મૂર્ચ્છા એજ પરિગ્રહ છે. પણ મૂર્ચ્છા-આસક્તિ ન હોય તો તે પરિગ્રહ નથી.

➠ **પાંચમાં વ્રતના અતિચાર :**

૧. ધનધાન્ય સંબંધી
૨. ઘરની ઘર વખરી સંબંધી
૩. ગાય આદિ પશુઓ સંબંધી
૪. ક્ષેત્ર ઘર હાર દુકાન આદિ સંબંધી
૫. સોનારૂપા ઝવેરાત આદિ સંબંધી

**(૬) છઠ્ઠુ ગુણવ્રત : દિગ્પરિમાણ વિરમણવ્રત**

**दशस्वपि कृता दिक्षु, यत्र सीमा न लंघ्यते ।**
**ख्यातं दिग्विरतिरिति, प्रथमं तद्गुणव्रतं ॥१॥**

➠ **ભાવાર્થ :** પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ (ઉપર), અધો (નીચે), ઈશાન, નૈઋત્ય, વાયવ્ય, અગ્નિ આમ દશે દિશામાં જવા આવવાનું નિયમનું ઉલ્લંઘન ન કરવું તે દિગ્પરિમાણ નામનું ગુણવ્રત જાણવું.

➠ **છઠ્ઠાવ્રતના અતિચાર :**

૧. નિયમ ભૂલી જવાથી (જેમ કે ૫૦ યોજન ધાર્યા પછી યાદ ન રહ્યું તે.
૨. દશે દિશામાં ધાર્યા કરતાં વધારે જવાથી.
૩. ક્ષેત્રની વૃદ્ધિ કરવી. (એટલે ૧ દિશામાં ધારેલું બીજી દિશામાં ભેગું કરવું.)

**(૭) સાતમું ગુણવ્રત : ભોગોપભોગ પરિમાણ વિરમણ વ્રત**

**भोगोपभोग योः संख्या, शक्त्या यत्र विधीयते ।**
**भोगोपभोगमानं तद्, द्वैतीयीकं गुणव्रतम् ॥४॥**
**सकृदेव भुज्यते चः स भोगोऽन्नस्त्रगादिकः ।**
**पुनः पुनः पुनर्भोग्य, उपभोगोऽङ्गनादिकः ॥५॥**

- **ભાવાર્થ :** શરીરની શક્તિ પ્રમાણે (યથાશક્તિ) જે વ્રતમાં ભોગ ઉપભોગ સામગ્રીની સંખ્યાનો નિયમ કરાય તે ભોગપભોગ નામનું બીજું ગુણવ્રત છે. જે એકવાર ભોગવવામાં આવે તે **ભોગ** જેમકે અનાજ, પુષ્પમાળા વિ. જે વારંવાર ભોગવવામાં આવે તે **ઉપભોગ**. સ્ત્રી, ઘર, શય્યા, આસન આદિ.

- **સાતમા વ્રતનાં અતિચાર :**

૧. સચિત્ત આહાર કરવો.

૨. સચ્ચિત સાથે જોડાયેલ આહાર કરવો.

૩. સચિત્ત અચિત મિશ્ર આહાર કરવો.

૪. અનેક દ્રવ્યનાં સંયોગથી બનેલ સોવીરાદિ.

૫. સેજ સાજ પાકેલ આહાર કરવો.

હવે પંદર કર્માદાન પણ આમાં આવે છે.

૧. અંગારાનો વ્યાપાર

૨. વન કાપવાનો વ્યવહાર

૩. ગાડા બનાવવાનો

૪. ભાડાનો વ્યવહાર

૫. જમીન ખોદવાનો વ્યાપાર

૬. દાંતનો વ્યાપાર

૭. લાખનો વ્યાપાર

૮. રસનો વ્યાપાર

૯. કેશનો વ્યાપાર

૧૦. જહર વેચવાનો વ્યાપાર

૧૧. યંત્રપીલણનો વ્યાપાર

૧૨. બળદ આદિને નિર્લાંછનનો વ્યાપાર

૧૩. અસતીપોષણનો વ્યાપાર

૧૪. દવ આપવાનો-ક્ષેત્રાદિમાં આગ લગાડવાનો.

૧૫. તળાવ આદિ સુકાવવાનો વ્યાપાર

(૮) **આઠમું ગુણવ્રત : અનર્થદંડ વિરમણ વ્રત**

**आर्तरौद्रमपध्यानं, पापकर्मोपदेशिता ।**

**हिंसापोकारिदानं च, प्रमादाचरणं तथा ॥७३॥**

**शरीराद्यर्थदंडस्य, प्रतिपक्षतया स्थितः ।**

**योऽनर्थदंडस्तत्त्याग स्तृतीयं तु गुणव्रतम् ॥७४॥**

➺ **ભાવાર્થ :** આર્ત્ત-રૌદ્ર રૂપી ખરાબ ધ્યાન, પાપકર્મનો ઉપદેશ, હિંસક ઉપકરણો બીજાને આપવા. પ્રમાદનું આચરણ, આ ચાર શરીર માટે થાય તે અર્થદંડ અને તેના પ્રતિપક્ષી ફોગટ કરવામાં આવે તે અનર્થદંડ એમનો ત્યાગ કરવો તે અનર્થ દંડ નામનું ગુણવ્રત છે.

➠ **આઠમાં વ્રતનાં અતિચાર :**

૧. હળ, મુશળ, ગાડી આદિ અધિતરણો જોડી રાખવા તે.
૨. પ્રમાણથી અધિક ઉપભોગની વસ્તુ રાખવી તે.
૩. પૂર્વાપર વિચાર કર્યા વગર બોલવું તે.
૪. ભાંડની જેમ આંખ, હોઠ આદિની ચેષ્ટા કરવી તે.
૫. વિકાર ઉત્પન્ન થાય તેવા વચન બોલવા તે.

(૯) **નવમું શિક્ષાવ્રત - સામાયિકવ્રત**

**त्यक्तार्त्तरौद्रध्यानस्यः त्यक्त सावद्य कर्मणः ।**

**मुहुर्त समता या तां विदुः सामायिक व्रतं ॥८२॥**

➺ ભાવાર્થ : આર્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી એક મુહુર્ત પર્યન્ત જે સમભાવમાં રહે તે સામાયિક વ્રત

➠ **નવમાં વ્રતનાં અતિચારો :**

૧. જો મન વચન કાયાથી સાવદ્યકાર્ય કરે.

૨. સામાયિકમાં અનાદર (અનુત્સાહતા).

૩. સામાયિક કર્યું કે ન કર્યું તેનો અનુપયોગ થવાથી.

**(૧૦)દશમું શિક્ષાવ્રત : દેશાવગાસિક વ્રત**

**दिग्व्रते परिमाणं यत् तस्यसंक्षेपणं पुनः ।**

**दिने रात्रौ च देशावकाशिक व्रतमुच्यते ॥८४॥**

➠ **ભાવાર્થ :** છઠા દિશા પરિમાણ વ્રતમાં જે જવા આવવાનો નિયમ રાખ્યો હતો તેને દિવસે તથા રાત્રે સંક્ષેપ કરવો તે દેશાવકાશિક વ્રત કહેવાય. ભોગપભોગ વ્રતનો સંક્ષેપ પણ આ વ્રતમાં કરવામાં આવે છે. આ વ્રતનાં કારણે આપણી મર્યાદા બહાર થતાં બધા પાપોથી અટકી જવાય છે.

➠ **દશમા વ્રતના અતિચાર :**

૧. નક્કી કરેલા સ્થાનથી વધારે કાર્ય માટે બીજાને મોકળવો.

૨. નિયમિત ક્ષેત્ર બહારથી કોઈ વસ્તુ મંગાવવી.

૩. નિયમિત સ્થાનથી બહાર રહેલા વ્યક્તિને કાંકરો વિ. ફેંકવો.

૪. નિયમિત સ્થાનથી બહાર રહેલા વ્યક્તિને શબ્દ કરી બોલાવવો.

૫. નિયમિત સ્થાનથી બહાર રહેલા વ્યક્તિને રૂપ દેખાડી ત્યાં ઉભા રહેવું.

સંસારનાં કાર્યોને છોડી ઉપવાસ, આંબિલ, એકાસણાનો વ્રત કરી ૮ સામાયિક, ૨ પ્રતિક્રમણ કરવા. આવી રીતે તપ સાથે ૧૦ સામાયિક પણ વર્ષમાં ૨-૪ વાર કરવા તે પણ દેસાવગાસિગવ્રત છે.

(૧૧) અગ્યારમું શિક્ષાવ્રત : પૌષધવ્રત

**पञ्चःपर्व्यां चतुर्थादि, कुव्यापार निषेधनम् ।**

**ब्रह्मचर्य किया स्नानादित्यागः पौषधव्रतं ॥८५॥**

- **ભાવાર્થ :** પાંચે પર્વમાં ઉપવાસાદિ તપ કરીને, પાપ વાળા સદોષનો ત્યાગ કરવો. બ્રહ્મચર્યનું પાલન કરવું. સ્નાનાદિ દ્વારા શરીર શોભાનો ત્યાગ કરવો. એમ પૌષધ વ્રતનાં ચાર પ્રકાર બતાવેલા છે.

- **અગ્યારમાં વ્રતનાં અતિચાર :**

 ૧. આંખથી જોયા વિના અને પ્રમાર્જ્યા વિના મલ મૂત્રનો ત્યાગ કરવો.
 ૨. પાટા પાટલા વિ. સામગ્રી પ્રમાર્જ્યા વિના વાપરે તો.
 ૩. જોયા પ્રમાજર્યા વિના સંથારો આદિ કરે તો.
 ૪. પૌષધ વ્રતમાં અનાદર (અનુત્સાહ) ઉત્પન્ન થાય તો.
 ૫. પૌષધ કર્યા કે નહિ તેની સ્મૃતિ ન રહે તો.

(૧૨)બારમું શિક્ષાવ્રત : અતિથિ સંવિભાગવ્રત

**दानं चतुर्विधाहार, पात्राच्छादन साधनां ।**

**अतिथिभ्योऽतिथि, संविभाग व्रतमुदीरितं ॥८७॥**

- **ભાવાર્થ :** ચાર પ્રકારનો આહાર (૧) અશન-પાન, ખાદિમ-સ્વાદિમ અને (૨) પાત્રો (૩) વસ્ત્ર અને (૪) રહેવાનો મકાન આ ચાર અતિથિઓને (સાધુઓને) આપવું તે અતિથિ સંવિભાગ વ્રત કહેવાય. એટલે પ્રથમ દિવસે પૌષધ કરી પારણાંના દિવસે ગૃહસ્થ યા સાધુ ને દાન આપ્યા પછી જ પારણું થાય તે આ વ્રતની વિશેષતા.

**બારમાં વ્રતનાં અતિચારો :**

૧. મુનિ વહોરવા આવે ત્યારે અચિત્ત વસ્તુને પૃથ્વી જલ અગ્નિમાં મુકે તો.

૨. અથવા સજીવ વસ્તુની સાથે રાખે તો.

૩. ગૌચરીનો વખત ગયા પછી ભોજન તૈયાર કરે તો.

૪. ઈર્ષ્યા કરીને દાન આપે તો.

૫. આ તો બીજાની વસ્તુ એમ જણાવીને ન આપે તો. **(યોગશાસ્ત્ર)**

## ૨૩૦. મદિરા પીવાથી થતું નુકસાન

**विवेकः संयमो ज्ञान सत्यं शौचं दया क्षमा ।**
**मद्यात्प्रलीयते सर्वं तृण्या वह्निकणादिव ॥१६॥**
**दोषणां कारणं मद्यं, मद्यं कारणमापदाम् ।**
**रोगातुरइवापथ्यं, तस्मान्मद्यं विवर्जयेत् ॥१७॥**

**ભાવાર્થ :** જેમ અગ્નિનાં કણિયાથી ઘાસનો સમુહ નાશ પામે છે તેમ મદિરા પીવાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, ક્ષમા તે સર્વ ગુણોનો નાશ થાય છે. મદિરા દોષોનું કારણ છે. મદિરા બધી આપત્તિઓનું કારણ છે. માટે જેમ રોગાતુરમાણસ અપથ્યનો ત્યાગ કરે તેમ આત્મહિત ચિંતકો એ મદિરાનો ત્યાગ કરવો. **(યોગશાસ્ત્ર)**

## ૨૩૧. માંસભક્ષણનાં દોષો

**चिखादिषति यो मासं, प्राणिप्राणापहारतः ।**
**उन्मूलयत्सौ मूलं दयाख्यं धर्मशखिनः ॥१८॥**

**हंता पलस्य विक्रेता, संस्कर्ता भक्षकस्तथा ।**

**क्रेतानुमंता दाता च, घातका एव यन्मनुः ॥२०॥**

**ભાવાર્થ :** પ્રાણીઓનાં પ્રાણનો નાશ કરીને જે માંસ ખાવાને ઈચ્છે છે તે દયા નામનાં ધર્મવૃક્ષનાં મૂળને મૂળથી ઉખેડી નાંખે છે. પ્રાણીઓને હણનાર, માંસ વેચનાર, રાંધનાર, ખાનાર, વેચાતુ લેનાર, દેવાવાળો અને અનુમોદના કરવાવાળો **આ સર્વે હિંસક** જ છે. હિંસા ભાગીદાર છે. (યોગશાસ્ત્ર)

## ૨૩૨. માખણ ખાવાનાં દોષો

**अंतर्मुहुर्तात्परतः सुसूक्ष्मा जंतुराशयः ।**

**यत्रमूर्छन्ति तन्नाद्यं, नवनीतं विवेकिभिः ॥३४॥**

**एकस्यापि हि जीवस्य, हिंसने किमघं भवेत् ।**

**जंतुजातमयं तत्को, नवनीतं निषेवते ॥३५॥**

**ભાવાર્થ :** છાસમાંથી બહાર કાઢ્યા પછી અંતર્મુહર્ત થયા પછી તેમાં ઘણાં સૂક્ષ્મજંતુઓ ઉત્પન્ન થાય છે. માટે વિવેકીઓએ માખણ ન વાપરવું. એકપણ જીવને મારવામાં ઘણું પાપ છે તો જંતુઓનાં સમૂહથી ભરપૂર માખણનું ભક્ષણ કયો માણસ કરે ? (એટલે કે કોઈ ન કરે)(યોગશાસ્ત્ર)

## ૨૩૩. મધ ખાવાનાં દોષો

**अनेक जंतु संघात, निद्यातन समुद्भवम् ।**

**जुगुप्सनीयं लालावत् कः स्वादयति माक्षिकं ॥३६॥**

**भक्षयन् माक्षिकं क्षुद्र, जंतु लक्षक्षयोद्भवं ।**

**स्तोकजंतु निहंतृभ्यः, सौनिकेभ्यो निरिच्यते ॥३७॥**

**ભાવાર્થ :** અનેક જંતુઓના સમુદાયનો નાશ થવાથી ઉત્પન્ન થયેલું અને અતિ જુગુપ્સનીય લાળવાળું મધનું ભક્ષણ (આસ્વાદન) ક્યારેય ન કરવું જોઈએ. લાખો નાનાં જંતુઓનો ક્ષયથી ઉત્પન્ન થયેલું મધને ખાવાવાળો થોડા જીવોને મારવાવાળા ચંડાળથી પણ વધી જાય છે. **(યોગશાસ્ત્ર)**

## ૨૩૪. અનંતકાયનાં દોષો

**आर्द्रः कंदः समग्रोपि सर्वः किशलयोपि च ।**

**स्नुही लवणवृक्षत्वक् कुमारी गिरिकर्णिका ॥४४॥**

**शतावरी विरूढानि, गडूची कोमलामिमका ।**

**पल्ल्यंकोमृतवल्लीया, वल्लशूकर संज्ञितः ॥४५॥**

**अनंतकायाः सूत्रोक्ता, अपरेपि कृपापरेः ।**

**मिथ्याहशामविज्ञाता, वर्जनीया प्रयत्नतः ॥४६॥**

**ભાવાર્થ :** બધી જાતિનાં લીલા કંદમૂળ, સર્વ જાતિનાં ઉગતા કુંપણીયા, સ્નુહી (થોર) લવણવૃક્ષની છાળ, કુમારપાઠું, ગિરિકર્ણિકા, શતાવરી, દ્વિદલવાળા અંકુલા કુટલ ધાન્ય, ગડુચી, કુણી આંબળી, પલ્યંકશાકવિશેષ, અમૃતવલ્લી વેલ વિશેષ, શુકર જાતનાં વાલ, અને બીજા પણ મ્લેચ્છ દેશમાં પ્રસિદ્ધ સૂત્રોક્ત અનંત કાયોને, જીવદયામાં તત્પર મનુષ્યોયે પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઈએ. મિથ્યાદષ્ટિઓ અનંતકાયને જાણતા નથી કારણ કે તેઓ વનસ્પતિમાં જીવને માનતા નથી. આપણે જાણીએ છીએ માટે અવશ્ય ત્યાગ કરવો. **(યોગશાસ્ત્ર)**

## ૨૩૫. રાત્રિ ભોજનનાં દોષો અને લાભો

**उलुक काक मार्जारः गृध्र शंबर शूकराः ।**

**अहिवृश्चिकगोधाय, जायंते रात्रिभोजनात् ॥६७॥**

- **ભાવાર્થ :** રાત્રિ ભોજન કરવાથી મનુષ્યો ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, સાબર, ભુંડ, સર્પ, વીંછી અને ગોધા આદિનાં અવતાર પ્રાપ્ત કરે છે.

**अकृत्वा नियमं दोषा-भोजनाद्दि न भोज्यपि ।**

**फलं भजेन्न निव्याजं न वृद्धिर्भाषितं विना ॥६४॥**

- **ભાવાર્થ :** દિવસે ભોજન કરતો હોય અને જો રાત્રિ ભોજનનો ત્યાગ નિયમ ન હોય તો ફળ મળતું નથી. લોકમાં પણ નિયમ છે વ્યાજની બોલી કર્યા સિવાય મુકેલા થાપણનું વ્યાજ મળતું નથી.

**करोति धन्यो विरतिं यः सदा निशिभोजनात् ।**

**सोऽर्धं पुरुषायुष्कस्य स्यादवश्यमुपोषितः ॥६९॥**

**रजनीभोजन त्यागे, ये गुणाः परितोऽपि तान् ।**

**न सर्वज्ञा दृते कश्चिद्-अपरो वक्तु मीश्वर ॥७०॥**

- **ભાવાર્થ :** જે માણસ નિરંતર રાત્રિ ભોજન ને છોડે છે તેનું અડધું આયુષ્ય ઉપવાસમાં વ્યતીત થાય છે. કારણ કે દિવસનાં આઠ પહોરનાં સમયમાં તેને ચાર પ્રહરનાં ઉપવાસનો લાભ મળે છે.

રાત્રિ ભોજનનાં ત્યાગમાં જે ગુણો કહેલાં છે તે ગુણોને કહેવા માટે સર્વજ્ઞ સિવાય કોઈ સમર્થ નથી. (યોગશાસ્ત્ર)

**अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते ।**

**अन्नमांस समे प्रोक्तं मार्कण्डेन महर्षिणा ॥** (मार्कण्डपुराण)

**ભાવાર્થ :** દિવાનાથ એટલે સૂર્યનો અસ્ત થયા પછી પાણી પીવું લોહી બરાબર છે અને અન્ન જમવું તે માંસ બરાબર ગણાય છે.

નિશીથ ભાષ્યમાં કહેલું છે કે દિવસે બનાવેલ વસ્તુ (લડુ વિ.) રાત્રે આપણે દેખી પણ શકતા નથી કારણ કે કેવલજ્ઞાનીઓએ પ્રતિજ્ઞાપૂર્વક રાત્રિ ભોજનનો ત્યાગ કહેલ છે.

## ૨૩૬. દ્વિદલનાં દોષો

**आम गोरस संपृक्त, द्विदालादिषु जं तवः ।**

**दृष्टाः केवलिभिः सूक्ष्मास्तस्मातानि विवर्जयेत् ॥७५॥**

**ભાવાર્થ :** કાચા દૂધ, દહી, છાસ રૂપ ગોરસની સાથે દ્વિદલનો એટલે મગ, મઠ, અડદ, વાલ, તુવર આદિ કઠોળનો સંયોગ થવાથી ઉત્પન્ન થતાં સૂક્ષ્મ જંતુઓને કેવલજ્ઞાનીએ દેખેલા છે. માટે ગોરસ અને કઠોળનાં સંયોગનો અવશ્ય ત્યાગ કરવો. **(યોગશાસ્ત્ર)**

## ૨૩૭. બોળ આચારનાં દોષો

**जंतुमिश्रं फलं पुष्पं पत्रं, चान्यदपि त्यजेत् ।**

**संधानमपिसंसक्तं, जिनधर्म परायणं ॥७२॥**

**ભાવાર્થ :** ત્રસજીવોની મિશ્રતાવાળા ફળ-ફુલ-પાંદડા અને બીજા પણ તેવા જ જીવમિશ્રિત બોળ અથાણાંનો જૈનધર્મ પરાયણ શ્રાવકોએ અવશ્ય ત્યાગ કરવો. **(યોગશાસ્ત્ર)**

## ૨૩૮. સામાયિકને શુદ્ધ બનાવવા મનનાં ૧૦ દોષથી બચો.

(૧) **અવિવેક :** સામાયિકમાં શું કરાય શું ન કરાય તેમાં વિવેકનો અભાવ થાય તો આ દોષ લાગે. મારે બે ઘડી સુધી મન દ્વારા કેવો વિચાર કરવો તેનો પૂર્ણ વિવેક જોઈએ. મમતા આદિ દોષોને દૂર કરી સમતાભાવમાં આગળ વધવું. સામાયિકમાં સ્વાધ્યાય. જિનવાણી શ્રવણ મુખ્ય બતાવેલ છે. પરંતુ કરવા ખાતર કરવું તે અવિવેક દોષ છે.

(૨) **અવિનય :** ગુરુ ભગવંત અથવા ભાવાચાર્યની સ્થાપના સન્મુખ સામાયિક કરવામાં આવે છે. તેમનાં પ્રત્યે માનસિક વિનયનો પરિણામ ન હોય ગુરુવંદન વિ. ન કરે તો અવિનય દોષ લાગે. વિનય સામાયિક ભાવને ઉત્પન્ન કરવાનું પ્રબળ સાધન છે. વિનયનો નાશ તે અવિનય દોષ.

(૩) **અબહુમાન :** ગુરુ ભગવંત પ્રત્યે, સામાયિકનાં સૂત્રો પ્રત્યે, અને સામાયિક પ્રત્યે જો બહુમાન ભાવ ન હોય તો અબહુમાન નામનો દોષ લાગે સામાયિક પ્રત્યે બહુમાન રાખી વારંવાર સામાયિક કરવાથી અશુભકર્મ છેદાય છે.

(૪) **રોષ :** ગુસ્સામાં રહીને સામાયિક કરવી. અથવા અરૂચિ, અણગમા સાથે બીજા કરે છે હું પણ કરું. એમ જાણીને સામાયિક કરે તો **રોષ** નામનો દોષ લાગે. મનમાં સામાયિક કરવાથી ભાવના નથી છતા કરે.

(૫) ગર્વ : હું દરરોજ સામાયિક કરીને પ્રવચનમાં આગળ બેસું છું મારું નામ થશે. ગુરુઓ પણ મને માન આપશે મારી પ્રશંસા કરશે એમ જાણીને સામાયિક કરે તેને ગર્વ નામનો દોષ લાગે. માનને મુકવાથી જ મહાન બની શકાય છે.

(૬) **લાભવાંછા :** વધારે સામાયિક કરવાથી વધારે પ્રભાવના મારું બહુમાન થશે ભાવિમાં પણ પરિવાર, સંપત્તિ આદિનો લાભ થશે તેવી ઈચ્છાથી સામાયિક કરે તેને **'લાભવાંછા'** નામનો દોષ લાગે. ઈચ્છાઓ જ અનર્થનું મૂળ છે એમ જાણી એનો ત્યાગ કરવો.

(૭) **ભય :** સામાયિક નહિ કરીશ તો મારું ખરાબ લાગશે. સમાજમાં લોકો વડીલો કહેશે કે આ તો ક્યારે સામાયિક પ્રતિક્રમણ કરતો નથી. સંઘનો આગેવાન હોવા છતાં ધર્મ કરતો નથી એમ જાણી સમાજનાં ડરનાં કારણે સામાયિક કરે તેને **ભય** નામનો દોષ લાગે. સામાયિકમાં તો ભયથી મુક્ત બની અભય ધની બનવાનું છે.

(૮) **યશકીર્તી :** સામાયિકનાં કારણે સમાજમાં મારી ધર્મીરૂપી પ્રશંસા થશે. જ્યાં જાય ત્યાં સામાયિકનો વસ્ત્રો સાથે જ હોય તેથી બીજા ગામમાં પણ મારી પ્રશંસા જાણી એમ વિચારી જે સામાયિક પ્રતિક્રમણ કરે તેને **'યશકીર્તિ'** નામનો દોષ લાગે. પ્રશંસા વિનાની જ સામાયિક શુદ્ધ કહેવાય.

(૯) **નિદાન :** ભૌતિક સુખોની પ્રાપ્તિ માટે જેમકે સામાયિક દ્વારા મને દેવલોકનાં સુખો મળશે. આવતાં ભવમાં શ્રેષ્ઠ સામગ્રીની પ્રાપ્તિ થશે આવાં વિચારથી 'નિદાન'નામનો દોષ લાગે.

આવાં તુચ્છ પદાર્થોને છોડી મોક્ષ લક્ષની ભાવના રાખી સામાયિક કરવી.

(૧૦)**ફળસંશય :** સામાયિકનું ફળ મને મળશે કે નહિ તેવાં પ્રકારની શંકા થવી તે ફળસંશય દોષ કહેવાય. કોઈપણ ધર્મનાં અનુષ્ઠાનમાં ક્યારે પણ ઈચ્છા ન રાખવી. માત્ર ઉલ્લાસ ભાવ સાથે જ ક્રિયા બતાવેલ તે કરવી તેનાંથી

ઘણા કર્મો ખપી જાય છે. સર્વજ્ઞ કથિત સામાયિકમાં કરેલો પ્રયત્ન નક્કી મોક્ષ ફળ આપે જ. (આવશ્યક સૂત્ર)

## ૨૩૯. સામાયિકને શુદ્ધ બનાવવા વચનનાં ૧૦ દોષથી બચો

(૧) **સ્વચ્છંદ વચન :** સામાયિક લીધા પછી પાપકારી વચન બોલે અથવા જેનાથી બીજાને દુઃખ થાય તેવા વચન બોલે તો 'સ્વચ્છંદ વચન' નામનો દોષ લાગે. એનાથી બચવા માટે સામાયિક દરમ્યાન મૌન જ ઉચિત છે.

(૨) **સહસાત્કાર :** અચાનક વિચાર્યા વિના જ સામાયિક લેવાથી આ દોષ લાગે છે. મારે સામાયિકમાં સમતા રાખવાની છે. મન-વચન-કાય-યોગને નિરવદ્ય ભાવમાં પ્રવર્તાવવા છે આવી ભાવનાથી સામાયિક થાય.

(૩) **કુવચન :** બીજાને ખરાબ લાગે તેવું અથવા પીડા ઉપજાવે એવું વચનનો પ્રયોગ કરે તો આ દોષ લાગે. માત્ર સ્વાધ્યાય જાપ જિનવચન શ્રવણ સિવાય કોઈ પ્રવૃત્તિ ન કરવી.

(૪) **સંક્ષેપ :** સામાયિકમાં બોલાતા સૂત્રોને સંક્ષેપીને બોલે અથવા શબ્દો રહી જતા હોય અથવા ટુંકમાં કોઈને સમજાવે તો આ દોષ લાગે. સામાયિક એક વિશિષ્ટ કોટિની ઉત્તમ પ્રવૃત્તિ છે. માટે એમાં એક એક શબ્દનો પ્રયોગ શુદ્ધિ સાથે કરવો.

(૫) **કલહ :** સામાયિકમાં એવા શબ્દો ન બોલવાં જેનાં કારણે ક્લેશનું વાતાવરણ ઉભું થઈ જાય. ઉંચા અવાજે પણ આમા બોલી શકાય નહિ. મૌન જ સર્વશ્રેષ્ઠ છે.

(૬) **વિકથા :** રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા આ ચારેય કથાને વિકથા કહેવાય છે. માત્ર ધર્મકથાને છોડીને જો આવી કથા કરે તો આ દોષ લાગે. અને રસવધવાથી અશુભ કર્મ તોડવાને બદલે નવા બાંધીને જાય. માટે વિકથાનો ત્યાગ.

(૭) **હાસ્ય :** સામાયિકમાં પોતાને અથવા બીજાને હાસ્ય ઉત્પન્ન થાય તેવાં વચન બોલવાથી **'હાસ્ય'** નામનો દોષ લાગે. તાત્વિક ભાવોની પ્રાપ્તિ થાય તેવા જ વચનનો પ્રયોગ થવો જોઈએ. હસવું એ પણ દૂષણ છે. નવ નોકષાયમાં પણ આવે છે માટે આનો અવશ્ય ત્યાગ કરવો.

(૮) **અશુદ્ધ :** સામાયિક લેતી અથવા પારતી વખતે સૂત્રોને જો અશુદ્ધ બોલવામાં આવે તો 'અશુદ્ધ' નામનો દોષ લાગે. સૂત્ર અને અર્થની જે શુદ્ધિ શાસ્ત્રકારોએ બતાવેલી છે તે પ્રમાણે શુદ્ધ સૂત્ર બોલવા.

(૯) **નિરપેક્ષ :** 'આ વસ્તુ આમ જ છે.' એ પ્રમાણે માત્ર એક જ દષ્ટિકોણથી પદાર્થને સમજાવવામાં આવે તો નિરપેક્ષ દોષની સંભાવના છે. ભગવાનની આજ્ઞાની નિરપેક્ષ બોલવું તે પણ દોષ છે માટે સાપેક્ષ વચન બોલવા.

(૧૦) **મૂણમુણ :** સામાયિકમાં આવતા સૂત્રોને અસ્પષ્ટ રીતે બોલાવા તે મૂણમુણ દોષ છે. આ દોષથી બચવા માટે શુભભાવની વૃદ્ધિ થાય તેવા સ્પષ્ટ સૂત્રોનું ઉચ્ચારણ કરવું યોગ્ય છે. **(આવશ્યક સૂત્ર)**

## ૨૪૦. સામાયિકની શુદ્ધિ માટે કાયાનાં ૧૨ દોષોથી બચો

(૧) **અયોગ્ય આસન :** સામાયિકનો સ્વીકાર કર્યા પછી સમતાભાવની શુદ્ધિ થાય તેવા પદ્માસન યથાજાતમુદ્રા વિ. માં બેસવું જોઈએ. જેવી તેવી

મુદ્રામાં બેસાવાથી 'અવિનય આસન'નો દોષ લાગે છે. અવિનય એ કર્મબંધનનું કારણ છે.

(૨) **અસ્થિર આસન :** સામાયિક લીધા પછી થોડીવાર બીજા સ્થાને એના પછી વળી બીજા સ્થાને જવું અથવા શરીરનાં અંગો હાથ-પગ-મસ્તક વિ. ઉંચા-નીચા કરવાથી 'અસ્થિર આસન'નો દોષ લાગે છે. સામાયિકમાં બે ઘડી સુધી સ્વાધ્યાય આદિનાં કારણે એક સ્થાને બેસવું અત્યંત જરૂરી છે. કદાચ જવું પડે તો સમિતિ ગુપ્તિ યુક્ત જવું.

(૩) **ચલદષ્ટિ :** સામાયિક લીધા પછી ચક્ષુને આમ તેમ ફેરવવી તે 'ચલદ્રષ્ટિ' દોષ કહેવાય. કોણ આવ્યું ? કોણ ગયું ? આ બધું ધ્યાન આપવાનું નથી માત્ર દીવાર સામે મોઢું રાખી સ્વાધ્યાય જ કરવાનો છે જેથી આ દોષથી બચી શકાય.

(૪) **સાવદ્યક્રિયા :** સામાયિક લીધા પછી ઘરકામ અથવા વ્યાપર ધંધા માટે ઈશારાથી સાવદ્ય ક્રિયા વિષયક સૂચન કરવું તે સાવદ્યક્રિયા દોષ ઉભો કરે છે. અયતનાથી હલનચલન મુકવું. લેવું તે પણ સાવદ્ય ક્રિયા છે. સામાયિકમાં સર્વક્રિયા ઉપયોગ પૂર્વક કરવી.

(૫) **આલંબન :** થાંભલાનો દીવારનો ટેકો અથવા બેસતા ઉઠતા હાથનો ટેકો દેવો તે બધુ **આલંબન** દોષમાં આવે છે. માટે બને ત્યાં સુધી બેઘડી તો આ બધી વસ્તુ છોડીને બેસવું યોગ્ય છે.

(૬) **આકુંચન-પ્રસારણ :** વિશેષ કરણ વિના સામાયિકમાં હાથપગને સંકોચતા અથવા લાંબા કરતા આ દોષ લાગે છે. આવી રીતે કરવાથી સામાયિકમાં

સ્થિરતા આવતી નથી. સમતાભાવ લાવવા માટે આ દોષને દૂર કરવો અતિ જરૂરી છે.

(૭) **આળસ :** સામાયિકમાં ઉત્સાહ અને ચિત્તની પ્રસન્નતા ન હોવાને કારણે આળસ મરડવાનું મન થાય તેથી આ દોષ ઉત્પન્ન થાય માટે આનંદ ઉત્સાહ માં વધારો કેવી રીતે થાય તેવી પ્રવૃત્તિ થવી જોઈએ અને શરીરની જડતા દૂર કરવાનો પ્રયત્ન કરવો.

(૮) **મોટન :** પ્રમાદાદિ દોષનાં કારણે હાથપગની આંગળીઓનાં ટચાકા ફોડવા, શરીર મરડવું તે માટે ન દોષ છે માટે આ દોષ લાગે નહિ તેનું ધ્યાન રાખવું.

(૯) **મલ :** સામાયિકમાં શરીર ઉપરથી મેલ ઉતારતો તે 'મણ' દોષ છે. આ દોષ મલ પ્રત્યેની જુગુપ્સાનાં કારણે થાય છે. મલ પ્રત્યેનો અણગમો સમભાવનો બંધક છે માટે આ દોષ તજવો જરૂરી છે.

(૧૦)**વિમાસણ :** વિમાસણ એટલે ચિંતાગ્રસ્ત, અકલામણ મુદ્રામાં બેસવું તે. આ મુદ્રાથી બેસવાને આ દોષ ગણેલો છે. માટે વિમાસણ મુદ્રા માં ન બેસવું.

(૧૧)**નિદ્રા :** સામાયિક લીધા પછી પ્રતિક્રમણ થયા પછી સામાયિકને વાર હોય તો થોડીવાર સૂઈ જવું. ઝોકા ખાવાં, પ્રવચનમાં ઉંઘવું તે **નિદ્રા** દોષ છે નિદ્રાને ઉડાડવાનો પ્રયત્ન કરવો જોઈએ. કદાચ ઉંઘ આવતી હોય તો પછી સામાયિક કરવી. પરંતુ સામાયિકમાં મન વચન કાયાને જાગૃત રાખવા.

(૧૨)**વસ્ત્રસંકોચ :** શ્રાવક અથવા શ્રાવિકાએ સંપૂર્ણ મર્યાદા સાથેનાં વસ્ત્ર પરિધાન કરવા જોઈએ વારંવાર વસ્ત્ર ઉંચા-નીચા કરવા અથવા ટૂંકા-

અસભ્ય વસ્ત્રો દ્વારા સામાયિક કરવાથી 'વસ્ત્રસંકોચ' દોષ લાગે અને શ્રાવક-બાલકોએ ધોતી-ખંસ-કંદોરો આ વસ્ત્રો દ્વારા સામાયિક કરવી.

(આવશ્યક સૂત્ર)

## ૨૪૧. મોક્ષમાર્ગનાં કારણો

**नाणं च दंसणं चेत्त, चरितं च तवो तहा ।**

**एस मग्गोत्ति पन्नत्तो, जिणेहिं वरदंसिहि ॥२॥**

**नाणं च दंसणं चेव, चरितं च तवो तहा ।**

**वीरिअं उवओगो च, एओ जीवस्स लक्खणं ॥११॥**

**ભાવાર્થ :** જ્ઞાનદર્શન ચારિત્ર અને તપ આચાર માર્ગો મોક્ષમાં જવા માટે કેવલી ભગવંતો તથા તીર્થંકરો એ બતાવેલા છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ આ ચારેમાં શક્તિનું સામર્થ્ય અને ઉપયોગ રાખીને ક્રિયા કરવી આ જ જીવનું લક્ષણ છે. (ઉત્તરાધ્યયન સૂત્ર-અ. ૨૮)

## ૨૪૨. સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ

**तत्थ पंचविहं नाणं, सुअं आभिणिबोहिअं ।**

**ओहिनाण तइअं, मणनाणं च केवलं ॥४॥**

**एवं पंचविहंनाणं, दव्वाण य गुणाण य ।**

**पज्जवाणं च सव्वेसिं, नाणं नाणीहिं देसियं ॥५॥**

**ભાવાર્થ :** જ્ઞાન પાંચ પ્રકારનું કહ્યું છે તેમાં શ્રુતજ્ઞાન-મતિજ્ઞાન અવધિજ્ઞાન-મન:પર્યવજ્ઞાન-કેવલજ્ઞાન. નંદીસૂત્રમાં પ્રથમ મતિજ્ઞાન છે પરંતુ અહીં

શ્રુતજ્ઞાન પ્રથમ આપ્યું છે કારણ કે બાકીનાં સર્વજ્ઞાનોનું સ્વરૂપ શ્રુતજ્ઞાનથી પ્રાપ્ત થઈ શકે છે. ચઉમુંગા શ્રુત એક છે ચારજ્ઞાનને મુંગા અને એકને બોલતો બતાવેલ છે. આ પાંચ પ્રકારનું જ્ઞાન તીર્થંકરોએ જીવ આદિ સર્વ દ્રવ્યોને અને રૂપ આદિ ગુણોને અને તેનાં નવા જુના થનારાં પર્યાયોને જાણનારું કહ્યું છે. એમાં પણ કેવલજ્ઞાની સર્વ દ્રવ્યાદિકને જાણે છે.

**(ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૮)**

## ૨૪૩. સમ્યગ્દર્શનનું સ્વરૂપ

**जीवाजीवा य बंधोअ, पुण्णं पावासवो तहा ।**
**संवरो निज्जरा मोक्खो संते ए तहिआ नव ॥१४॥**
**तहिआणं तु भावाणं, सन्भावे उवएसेणं ।**
**भावेण सद्दहंतस्स, सम्मतं तं विआहिअं ॥१५॥**

**ભાવાર્થ :** જીવ (એટલે જેમાં પ્રાણ હોય તે જીવ) **અજીવ** (ધર્માસ્તિકાયાદિ અજીવ) **બંધ** (કર્મનો સંયોગ તે બંધ) **પુણ્ય** (શાતાઆદિ શુભ પ્રકૃતિનો બંધ તે પુણ્ય) **પાપ** (મિથ્યાત્વ આદિ અશુભ પ્રકૃતિનો બંધ તે પાપ) **આશ્રવ** (હેતુહિંસા આદિ કર્મ બંધનું આવવું તે આશ્રવ) **સંવર** - મહાવ્રત આદિ વડે આશ્રવનો નિરોધ તે સંવર **નિર્જરા** (તપ દ્વારા ચીકણા કર્મોનો નાશ તે નિર્જરા) **મોક્ષ** (સર્વ કર્મોનો ક્ષય તે મોક્ષ) આ નવે તત્ત્વો સત્ય તત્ત્વ છે આ સાથે પદાર્થોના સદ્‌ભાવને એટલે સત્યપણે કહેનાર ઉપદેશને (એટલે ગુરુકથનને) જે પુરુષ ભાવથી શ્રદ્ધા કરે છે તે પુરુષને સમ્યગ્દર્શન છે. એ પ્રમાણે જિનેશ્વરે કહ્યું છે. મોહનીય કર્મનાં ક્ષય અને ઉપશમ વિ.

થી ઉત્પન્ન થયેલા આત્માને પરિણામે વિશેષ તે **સમ્યકત્વ** કહેવાય.

(ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૮)

## ૨૪૪. સમ્યકત્વનાં આઠ આચાર

**निस्संकिय, निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठिअ ।**

**उववूहथिरिकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥३१॥**

**ભાવાર્થ : નિસ્સંકિય** - (જૈન દર્શનને વિષે દેશથી અને સર્વથી શંકા રહિત પણું તે નિસ્સંકિય) **નિક્કંખિય** - (અન્યદર્શનની અભિલાષાનો અભાવ તે નિક્કંખિય) **નિવ્વિતિગિચ્છા** - (આરાધનાનાં ફળ વિષે સંદેહ રહિતપણું અથવા સાધુની મલિનતા દેખી નિંદા કરવી તે નિવ્વિતિગિચ્છા) **અમૂઢદિટ્ઠિ** - (ઋદ્ધિવાળા કુતીર્થીકોને દેખી પોતાની દ્રષ્ટિ એટલે બુદ્ધિ મોહ ન પામે તે અમૂઢદિટ્ઠિ) **થિરિકરણે** - (સ્વીકાર કરેલા ધર્મોનું પ્રમાદ કરતા જીવોને ધર્મમાં સ્થિર કરવા તે થિરિકરણ) **વાત્સલ્યભાવ** (સમાન ધર્મવાળાની ભક્તિ કરવી તેવા વાત્સલ્યભાવ) **પ્રભાવના** - બીજાધર્મવાળા આપણી પ્રશંસા કરે તેવા કાર્યમાં પ્રવર્તવું તે. (ઉત્તરાધ્યયનસૂત્ર અ.૨૮)

## ૨૪૫. સમ્યક્ ચારિત્રનું સ્વરૂપ

**सामाईअत्थ पढमं, छेओवट्ठावणं भवे बीअं ।**

**परिहार विसुद्धिअं, सहुमं तह संपरायं च ॥३२॥**

**अकसायमहक्खायं छउमत्थस्स जिणस्स वा ।**

**एयंचय चरित्त करं, चारित्तं होइ अहिअं ॥३३॥**

**ભાવાર્થ :** પ્રથમ ચારિત્ર સામાયિક નામનું છે. બીજું છેદોપસ્થાપનીય ચારિત્ર જે આભવમાં હોય તે. ત્રીજું પરિહાર વિશુદ્ધિ અને ચોથું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર તે દશમે ગુણઠાણે હોય. કષાય રહિત એટલે ક્ષય કરેલા અથવા ઉપશમાવેલા કષાયની અવસ્થામાં પ્રાપ્ત થતું પાંચમું યથાખ્યાત ચારિત્ર ઉપશાંતમોહ અને ક્ષીણમોહ આ બે ગુણઠાણામાં રહેલા છદ્મસ્થ ને હોય છે. અથવા સયોગી કેવળી-અયોગી કેવળી આ બે ગુણ ઠાણે કેવલી ને હોય છે. આ પ્રમાણે પાંચ પ્રકારનું ચારિત્ર કર્મનાં સમૂહને નાશ કરનાર (એટલે ખાલી કરનાર) એવાં સાર્થક નામવાળું ચારિત્ર તીર્થંકરોએ કહેલ છે. **(ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૮)**

## ૨૪૬. સમ્યક્તપનું સ્વરૂપ

**तवो अ दुविहो वुत्तो, बाहिरब्भिंतरो तहा ।**
**बाहिरो छव्विहो वृत्तो, एवमब्भिंतरो तवो ॥३४॥**

**ભાવાર્થ :** તપ બે પ્રકારનો કહ્યો છે બાહ્ય અને અભ્યંતર એમાં બાહ્યનાં છ અને અભ્યંતરના છ ભેદ કહ્યા છે. એમ ૧૨ પ્રકારનો તપ છે.

**(ઉત્તરાધ્યન સૂત્ર)**

- **ચારે કારણ મોક્ષના સહાયભૂત છે.**

**नाणेण जाएइ भावे, दंसणेण य सद्दहे ।**
**चरित्तेण न गेण्हाइ, तवेणं परिसुज्झई ॥३५॥**
**खविता पुव्वकम्माई, संजमेण तवेण च ।**
**सव्वदुक्खाप्पहीणाट्ठा, पक्कमंति महेसिणो ॥३६॥**

➻ **ભાવાર્થ :** શ્રુતજ્ઞાન વડે જીવાદિ ભાવો ને જાણે છે. દર્શન દ્વારા તે ભાવોને સદ્દહે (શ્રદ્ધા કરે) છે. ચારિત્ર વડે નવા કર્મોને ગ્રહણ કરતો નથી અને તપ વડે ચીકણા કર્મોને જે તોડે છે. સંયમ અનંત તપ વડે જે પૂર્વ કર્મોને ખપાવે છે તે મહર્ષિઓ બધા દુ:ખથી દૂર થઈ મોક્ષને પ્રાપ્ત કરે છે.

(ઉત્તરાધ્યયન સૂત્ર અં. ૨૮)

## ૨૪૭. ઉત્તરાધ્યયન સૂત્રનાં આધારે અષ્ટપ્રવચન માતાનું સ્વરૂપ

(૧) ઈર્યાસમિતિ :

**आलंबणेण कालेणं, मग्गेणं जयणाइ य ।**

**चउकारण परिसुद्धं, संजए इरियं रिए ॥४॥**

➻ **ભાવાર્થ :** સાધુએ ચાર કારણોથી ઈર્યા એટલે ગતિ કરી શકાય છે.

(૧) **આલંબન :** દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણ આલંબન કહેવાય.

(૨) **કાલેણ :** દિવસે સૂર્યનાં પ્રકાશમાં જ ગમન કરાય.

(૩) **મગ્ગેણ :** જ્યાં લોકોની અવરજવર હોય તે માર્ગમાં ગમન થાય.

(૪) **યતના :** આંખથી જોઈને સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિ જોતાં ચાલવું.

**इंदियात्थे विविज्जित्ता, सज्झायं चेवपंचधा ।**

**तम्मुत्ती तप्पुरक्कारे, संजए इरियं रिए ॥८॥**

➻ **ભાવાર્થ :** શબ્દાદિ ઇન્દ્રિયનાં વિષયોનો ત્યાગ, પાંચ પ્રકારનાં સ્વાધ્યાયનો ત્યાગ, માત્ર ઈર્યા (એટલે ગમનમાં) જ વ્યસ્ત બનીને તેમાં જ ઉપયોગ રાખીને (એટલે કાયા અને મનને એકાગ્રપણે રાખીને) ચાલે.

(૨) ભાષા સમિતિ :

**कोहे माणे अ माया ए, लोभे अ उवउत्तया ।**
**हासे भय मोहरिए, विकहासु तहेवय ॥९॥**
**एआइं अट्ठ ठाणाइं, परिवज्जित्तु संजए ।**
**असावज्जं मिअं काले, भासं भासिज्ज पण्णवं ॥१०॥**

**ભાવાર્થ :** ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, ભય, મૌખર્ય અને વિકથા આ આઠ સ્થાનોને સર્વથાવર્જીને સાધુએ બોલવાના સમયે પાપરહિત (નિર્દોષ) પરિમિત (જેટલી જરૂર હોય તેટલી) ભાષા બોલવી જોઈએ.

(૧) **ક્રોધ :** જ્યારે ગુસ્સામાં બોલીએ ત્યારે ભાષા સમિતિ નથી.

(૨) **માન :** જ્યારે અભિમાનમાં આવીને બોલી તે ભાષા સમિતિ નથી.

(૩) **માયા :** મનમાં બીજું અને બહાર બીજું બોલીએ તે ભાષા સમિતિ નથી.

(૪) **લોભ :** કોઈ વસ્તુ લેવાનાં કારણે મીઠુ બોલીએ તે ભાષા સમિતિ નથી.

(૫) **હાસ્ય :** મશ્કરી મજાકમાં પણ જુઠ બોલીએ તો તે ભાષા સમિતિ નથી.

(૬) **ભય :** સાચુ કહીશ તો સાંભળવું પડશે, ડરનાં કારણે જુઠું બોલીએ તો તે ભાષા સમિતિ નથી.

(૭) **મૌખર્ય :** બોલાયા વગર, જરૂર વગર બોલ બોલ કરવું તે ભાષા સમિતિ નથી.

(૮) **વિકથા :** દેશ, રાજ્ય, સ્ત્રી, ભોજન આ ચાર વિકથા કરીએ તો ભાષા સમિતિ નથી.

(૩) **એષણા સમિતિ :**

**गवेषणा गहणे य, परिभोगेसणा य जा ।**

**आहारोवहिसिज्जाए, एए तिन्नि वि सोहए ॥११॥**

**उग्गमुप्पायणं पढमे, बीए सोहिज्ज एसणं ।**

**परिभोडाम्मि चउक्कं, विसोहिज्ज जयं जई ॥१२॥**

➻ **ભાવાર્થ :** ગાયની જેમ શુદ્ધ આહારની ગવેષણા કરી તે એષણા સમિતિ આહાર, ઉપધિ અને શય્યા આ ત્રણેમાં શુદ્ધિ કરવાની છે. પ્રથમ ગવેષણમાં આધાકર્માદિ ૧૬ ઉદ્‌ગમનાં દોષોને, ધાત્રી આદિ ૧૬ ઉત્પાદનનાં દોષોને શોધવાનાં છે. બીજી ગ્રહણેષણામાં શંકિત આદી ૧૦ દોષોને શોધવાનાં છે. અને ગ્રાસૈષણામાં સંયોજના આદિ પાંચ દોષોને શોધવાનાઃ છે.

(૪) **આદાનભંડમત્તનિક્ખેવણા સમિતિ**

**चक्खुसा पडिलेहित्ता, पमज्जिजज्ज जयं सई ।**

**आइए निक्ख विज्जा वा, दुहओवि समिए सया ॥१४॥**

➻ **ભાવાર્થ :** જયણાવાળા મુનિએ ઔધિક (એટલે રજોહરણાદિ) અને ઔપગ્રહિક (દંડ આદિ) ઉપધિને પ્રથમ ચક્ષુ વડે જોઈને પછી રજોહરણાદિ વડે પ્રમાર્જના **પૂર્વક** લેવી મુકવી જોઈએ.

(૫) **પારિષ્ઠાપનિકા સમિતિ :**

**उच्चार पासवणं, खेलं सिंघाणं जल्लियं ।**

**आहारं उवहिं देहं, अन्नं वा वि तहाविहं ॥१५॥**

- **ભાવાર્થ :** વડીનીતિ, લઘુનીતિ, કફ, શ્લેષમ્ (નાકનો મેલ), શરીરનો મેલ, અન્ન આદિ આહાર, નહિકામની ઉપધિ અને શરીર આ આઠ પદાર્થો જ્યારે નકામા થઈ જાય ત્યારે પરઠવવા જોઈએ. એ પણ જોઈને જયણાપૂર્વક નિર્દોષભૂમિમાં, અચિત્ત સ્થાનમાં પરઠવવા જોઈએ.

(૬) **મનોગુપ્તિ**

**सच्चा तहेव मोसाय, सच्चामोसा तहेवय ।**

**चउत्थी असत्तमोसा अ, मणगुत्ती चउव्विहा ॥२०॥**

- **ભાવાર્થ :** સત્ય પદાર્થનું ચિંતન તે સત્ય મનોગુપ્તિ, સત્ ને અસત્ પણે ચિંતવવું તે અસત્ય મનોગુપ્તિ, આમ્ર આદિ વિવિધ વૃક્ષોનું વન દેખીને તેને આમ્રવન કહેવું તે સત્યામૃષામનોગુપ્તિ, અને જે ચિંતવન સત્ય પણ ન હોય અને અસત્ય પણ ન હોય તે અસત્ય અમૃષા મનોગુપ્તિ આ પ્રમાણે ચાર પ્રકારની મનોગુપ્તિ કહેલી છે. એમાં અશુભચિંતનને દૂર કરીને શુભચિંતન કરે તે જ સત્ય મનોગુપ્તિ જાણવી.

(૭) **વચનગુપ્તિ**

**सच्चा तहेव मोसाय, सच्चामोसा तहेव य ।**

**चउत्थी असच्चमोसाय, वयगुप्ति चउव्विहा ॥२२॥**

- **ભાવાર્થ :** માત્ર સત્ય પદાર્થને બોલવું તે સત્ય વચનગુપ્તિ. સત્ અને અસત માનીને બોલવું તે અસત્ય વચનગુપ્તિ, કેરીનાં વૃક્ષો દેખીને આખા વનને આમ્રવન છે આ પ્રમાણે બોલવું તે સત્યામૃષા વચનગુપ્તિ, અને જે વચન સત્ય પણ ન હોય અસત્ય પણ ન હોય તેવું વચન બોલવું તે અસત્ય

અમૃષા વચનગુપ્તિ આ પ્રમાણે ચાર પ્રકારની વચનગુપ્તિ કહેલ છે. એમાં પણ બીજા ને પીડા ઉત્પન્ન ન થાય તેવાં વચનો યતિ બોલે તે વચનગુપ્તિ.

(૮) કાયગુપ્તિ :

**ठाणे निसीयणे चेव, तहेव च तुयट्टणे ।**

**उल्लंघण पल्लंघण, इंदियाणय जुंजणे ॥२४॥**

- **ભાવાર્થ :** ઉભા રહેવામાં, બેસવામાં, સુવામાં, પડખું ફેરવવામાં, વળી ખાડો વિ. ઓલંઘવામાં, ચાલવામાં, તથા ઈન્દ્રિયોનાં વ્યાપારમાં એટલે શબ્દ આદિ વિષયોનાં વ્યાપારમાં વર્તતો સાધુ કાયગુપ્તિ.

**संरभसमारं भे, आरंभम्मि तहेव य ।**

**कायं पवत्तमाणं तुं, निअतिज्ज जय जई ॥२५॥**

- **ભાવાર્થ : સરંભં** એટલે લાકડી, મુષ્ટિ આદિથી પ્રહાર કરવા માટે તૈયાર થવામાં અને **સમારંભં** એટલે પીડા ઉપજાવામાં, લાત વિ. મારવામાં **આરંભે** એટલે પ્રાણીનાં વધને માટે લાકડી વિ. નો ઉપયોગ કરવામાં પ્રવર્તતા **શરીરને અટકાવે** રોકે તે કાયગુપ્તિ.(**ઉત્તરાધ્યયન સૂત્ર** અ. ૨૪)

## ૨૪૮. અષ્ટપ્રવચન માતા પાલનનો સાર

**एआओ अट्ठसमिओ, समासेण वियाहिआ ।**

**दुवालसंग जिणक्खायं, मायं जत्थ उ पवयणं ॥३॥**

**एआओ पवयणमायाओ, जे सम्मं आयरेमुणी ।**

**सो खिप्पं सव्व संसारा, विषमुच्छइ पंडिए ॥२७॥**

➸ **ભાવાર્થ :** આ આઠ સમિતિ ત્રણ ગુપ્તિઓ સંક્ષેપથી કહેલ છે આ સમિતિનાં પાલનમાં દ્વાદશાંગી રૂપ પ્રવચનનો સાર સમાયેલ છે આવું જિનેશ્વરે કહેલ છે. સમ્ એટલે સર્વજ્ઞ કથિત ઈતિ એટલે ક્રિયા - સર્વજ્ઞકથિત ક્રિયા તેજ **સમિતિ** ગ્રુપ એટલે રક્ષણ ઈતિ એટલે ક્રિયા. ક્રિયાનું રક્ષણ કરે તે ગુપ્તિ. આ અષ્ટ પ્રવચન માતાઓને જે સાધુ સમ્યક્ પ્રકારે આચરે છે પાળે છે તે સાધુ શીઘ્ર સંસારથી મુક્ત થાય છે. (ઉત્તરાધ્યયન સૂત્ર અ. ૨૪)

## ૨૪૯. ઉત્તરાધ્યયનન સૂત્રમાં આવેલાં પ્રશ્નોત્તરો

**(૧) હે ભગવંત ? ગુરુ અને સાધર્મિકની સેવા વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. ગુરુ અને સાધર્મિકની સેવાથી વિનય ઉત્પન થાય છે અને વિનયને પામેલો જીવ ચારે ગતિનાં પાપોને છેદે છે.

**(૨) હે ભગવંત ? પોતાની નિંદા વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. પોતાનાં દોષો દેખવાવાળો ને પશ્ચાતાપ ઉત્પન્ન થાય અને પશ્ચાતાપથી મોહનીય કર્મ નાશ પામે છે.

**(૩) હે ભગવંત ? અન્યની પાસે (ગુરુ પાસે) પોતાનાં દોષોની ગર્હા કરવાવાળો શું ઉત્પન્ન કરે ?**

જ. ગર્હા કરવાવાળો સાધુ અનંત જ્ઞાનાવરણી દર્શનાવરણીય કર્મોનો નાશ કરવાવાળો થાય છે.

**(૪) હે ભગવંત ? સામાયિક વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. સામાયિકમાં જીવ સર્વ પાપ વ્યાપારની નિવૃત્તિ ને ઉત્પન્ન કરે છે.

**(૫) હે ભગવંત ? ચઉવીસત્થા વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. (ચતુવિશતિસ્તવ) એટલે લોગસ્સ બોલવા વડે જીવ સમ્યક્ત્વની વિશુદ્ધિને ઉત્પન્ન કરે છે.

**(૬) હે ભગવંત ? દ્વાદશાવર્ત વંદન વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. દ્વાદશાવર્ત વંદન વડે જીવ નીચગોત્ર કર્મને ખપાવે છે અને ઉચ્ચગોત્રને બાંધે છે અને સર્વ જનને સ્પૃહાકરવાલાયક સૌભાગ્યને ઉત્પન્ન કરે છે.

**(૭) હે ભગવંત ? પ્રતિક્રમણ વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. પ્રતિક્રમણ વડે જીવ વ્રતનાં છિદ્રો ને એટલે અતિચારને ઢાંકે છે અતિચારને ઢાંકવા વાળો જીવ કર્મનાં આશ્રવને રોકીને અષ્ટ પ્રવચન માતામાં ઉપયોગવાળો બનીને સંયમયોગમાં વિચરવાવાળો બને છે.

**(૮) હે ભગવંત ? કાયોત્સર્ગ વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?**

જ. કાયોત્સર્ગ વડે જીવ લાંબા કાળે થયેલા અને અત્યારે થયેલા પ્રાયશ્ચિતને યોગ્ય અપરાધને વિશુદ્ધ કરે છે. પ્રાયશ્ચિત શુદ્ધ થયેલો જીવ કર્મથી હળવો બને છે.

**(૯) હે ભગવંત ? પચ્ચક્ખાણ વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?**

જ. પચ્ચક્ખાણ વડે જીવ આશ્રવનાં દ્વારોને રોકીને પૂર્વ ઉપાર્જન કરેલા કર્મોને ખપાવે છે.

**(૧૦)હે ભગવંત ? સ્તુતિ-સ્તવ કરવાવાળો જીવ શું ઉત્પન્ન કરે છે ?**

જ. સ્તુતિસ્તવન કરવાવાળો જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી બોધિ લાભને પ્રાપ્ત કરી કર્મનો અંત એટલે મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

**(૧૧)હે ભગવંત ? કાળપડિલેહણ (કાળગ્રહણ) વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. કાલગ્રહણ વડે જીવ જ્ઞાનાવરણીય કર્મને ખપાવે છે.

**(૧૨)હે ભગવંત ? પ્રાયશ્ચિત કરવા વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?**

જ. પ્રાયશ્ચિત કરવાવાળો જીવ પાપકર્મની વિશુદ્ધિને પ્રાપ્ત કરી અતિચાર રહિત બની આચારનાં ફળ એટલે મોક્ષને પ્રાપ્ત કરે છે.

**(૧૩)હે ભગવંત ? દુષ્કૃતકર્યા પછી ખમાવવા વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. ખમાવવા વડે જીવચિત્તની પ્રસન્નતાને પામે છે. ચિત્ત પ્રસન્નતાવાળો જીવ કર્મરહિત ભયરહિત બને છે.

**(૧૪)હે ભગવંત ? સ્વાધ્યાય વડે જીવ કયા કર્મોને ખપાવે ?**

જ. સ્વાધ્યાય કરવાવાળો જીવ જ્ઞાનાવરણીય કર્મને ખપાવે છે.

**(૧૫)હે ભગવંત ? વાચના વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?**

જ. વાચના કરવા વડે જીવ કર્મની નિર્જરા ઉત્પન્ન કરે છે અને શ્રુતની અનાશતના (ભક્તિ) કરવાવાળો જીવ ગણધરનાં આચારનું અવલંબન કરે છે. તથા તીર્થનાં ધર્મને અવલંબન કરનાર મોટી કર્મ નિર્જરા કરી મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.

**(૧૬)હે ભગવંત ? પ્રતિપૃચ્છના વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. પ્રશ્ન પૂછવાવાળો જીવ સૂત્ર અને અર્થ બંનેને વિશુદ્ધ કરી કાંક્ષા મોહનીય કર્મનો નાશ કરે છે. મારે આ રીતે ભણવું તે શંકા અને પરમતની અભિલાષારૂપ કાંક્ષા બંને પ્રકારનાં મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષય થાય છે.

**(૧૭)હે ભંતે ? પરાવર્તનના વડે જીવ શું પ્રાપ્ત કરે છે ?**

જ. પરાવર્તના એટલે પુનરાવર્તન કરવાવાળો જીવ અક્ષરોને પાછા સ્મરણરૂપે ઉત્પન્ન કરે છે. તેવા પ્રકારનાં કર્મનાં ક્ષયોપશમ થી વ્યંજન લબ્ધિ અને પદ લબ્ધિને પ્રાપ્ત કરે છે.

**(૧૮)હે ભંતે ? અનુપ્રેક્ષા વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. અનુપ્રેક્ષા એટલે ધર્મચિંતન કરવાવાળો જીવ આયુકર્મ સિવાય સાતે કર્મની પ્રકૃતિઓ  જે નિકાચિત કરેલી હોય તેને શિથિલ (એટલે ઢિલી) કરે છે.

**(૧૯)હે ભંતે ? ધર્મકથા વડે જીવ શું ઉત્પન્ન કરે છે ?**

જ. ધર્મકથા એટલે પ્રવચન કરવાવાળો જીવ જિનશાસનનો પ્રભાવક બને છે. પ્રભાવક આગામી કાળમાં નિરંતર શુભકર્મને ઉપાર્જન કરે છે.

**(૨૦)હે ભંતે ? શ્રુતની આરાધનાં વડે જીવ શું ઉત્પન્ન કરે ?**

જ. શ્રુતધર્મની આરાધના કરવાવાળો જીવ અજ્ઞાનને ખપાવી રાગાદિથી ઉત્પન્ન થતાં ક્લેશનો પણ નાશ કરે છે.

**(ઉત્તરાધ્યયન સૂત્ર) - (સમ્યકત્વ પરાક્રમ અધ્યયન ૨૯)**

## ૨૫૦. ઉપાધ્યાય શબ્દનાં વિશેષ અર્થો

- उपेत्य अधीय तेऽस्मात् = જેમની પાસે જઈ અધ્યયન કરાય તે ઉપાધ્યાય.
- उपाध्यायस्तु पाठकः = જે ભણાવે પઠન કરાવે તે ઉપાધ્યાય.
- अधिआधिक्येन गम्यते इति उपाध्याय = જેમની પાસે વધારે વાર એટલે વારંવાર જવાનું મન થાય તે ઉપાધ્યાય.
- स्मर्यते सव्रतो जिनप्रवचनं येभ्यस्ते उपाध्यायाः = જેમની પાસે જિનપ્રવચનનું સ્મરણ તાજું કરવામાં આવે તે ઉપાધ્યાય.
- उपाधानमुपाधिः सन्निधिस्तेनोपाधिना उपाधौवा आयोलाभः श्रुतस्य येषामुपाधीनां वा विशेषणानां प्रक्रमाच्छोभनानामायो लाभो येभ्यस्ते उपाध्यायाः = જેમની પાસે રહેવાથી શ્રુતનો લાભ થાય તથા વિશેષ કરીને આપણા જીવનમાં પ્રકૃષ્ટ સુંદરતા વિનયગુણનો લાભ થાય તે ઉપાધ્યાય.

- तमुपेत्य शिष्टा अधियन्त ईत्युपाध्यायः = જેમની પાસે જઈને શિષ્ય અધ્યયન કરે તે ઉપાધ્યાય.
- **इति उवओग करणेवत्ति अ पाव परिवज्जणे होइ ।**
  **ज्ञतिअ झाणस्स कएउत्ति अ, ओसक्कणाकम्मे ॥**
  **ભાવાર્થ :** ઉ એટલે ઉપયોગ પૂર્વક **વ** એટલે પાપ કર્મનું પરિવર્જન કરતા, ઝ એટલે ધ્યાન ધરીને ઉ એટલે કર્મમલને દૂર કરે તે ઉપાધ્યાય.
  **(આવશ્યકનિર્યુક્તિ)**
- ૧૧ અંગ પોતે ભણે અને બીજાને ભણાવે.
  ૧૨ ઉપાંગ પોતે ભણે અને બીજાને ભણાવે.
  ચરણસિત્તરી પોતે પાળે અને બીજાને પળાવે.
  કરણસિત્તરી પોતે પાળે અને બીજાને પળાવે તે ઉપાધ્યાય.
- **'ઉપાધ્યાય' શબ્દના પર્યાયવાચી શબ્દો :**
  **૧.** ઉપાધ્યાય **૨.** વરવાચક **૩.** પાઠક **૪.** સાધક **૫.** સિદ્ધ **૬.** કરણ **૭.** ઝરણ **૮.** અધ્યાપક **૯.** કુતકર્મા **૧૦.** શ્રુતવૃદ્ધ **૧૧.** શિક્ષક **૧૨.** દિક્ષક **૧૩.** થવિર **૧૪.** ચિરંતન **૧૫.** રત્નવિશાળ **૧૬.** મોહજયા **૧૭.** પારિચ્છક **૧૮.** જિતપરિશ્રમ **૧૯.** વ્રતમાલ **૨૦.** સામ્યધારી **૨૧.** નિર્વિવાદિ **૧૨.** આત્મપ્રવાદી **(પરમેષ્ઠિ ગીતા)**
- અર્થ સૂત્રને દાન વિભાગે, આચાર જ ઉવઝ્ઝાય
  ભવ ત્રણ્યે લહે જે શિવસંપદ, નમિયે તે સુપસાય. **(શ્રીપાલ રાસ)**
  મૂરખ શિષ્ય નિપાઇ જે પ્રભુ, પહાણને પલ્લવ આણે.
  તે ઉવજઝાયા સકલ જિન પૂજીત, સૂત્ર અરથ સવિ જાણે. **(શ્રીપાલ રાસ)**

(૧) ઉપ એટલે પાસે, અધિ એટલે અધ્યયન - જેમની પાસે જઈને શાસ્ત્રનું અધ્યયન કરાય તે **ઉપાધ્યાય.**

(૨) ઉપ એટલે ઉપયોગ વડે ધ્યાય એટલે ધ્યાન કરે - જે ઉપયોગ પૂર્વક ધ્યાન ધરે તે **ઉપાધ્યાય.**

(૩) उप-समीपे श्रुतस्यायो लाभो भवति येभ्यस्ते उपाध्याय
જેમની પાસે જવાથી શ્રુતનો લાભ થાય તે **ઉપાધ્યાય.**

(૪) उप + आधि + आय જેમની પાસે જવાથી મનની પીડા દૂર થાય તે **ઉપાધ્યાય.**

(૫) જેમની પાસે જવાથી અજ્ઞાનતા દૂર થાય તે **ઉપાધ્યાય.**

(૬) ઉપાધિ - જેમની પાસે રહેવાથી સુંદરશ્રુતની ઉપાધી (પદવી) મળે તે **ઉપાધ્યાય.**

(૭) ઉપધિ અને ઉપાધિનાં ભારને જે દૂર કરે તે **ઉપાધ્યાય.**

(૮) જ્ઞાનરૂપી પાણી દ્વારા સમુદાયને લીલોછમ બનાવે તે **ઉપાધ્યાય.**

(૯) નીલવર્ણવાળો મણિ જેમ ઉપદ્રવ ને દૂર કરે તેમ **ઉપાધ્યાય** ભગવંતનું ધ્યાનથી આપણા ઉપદ્રવો દૂર થાય.

(૧૦)૪૫ આગમ ભણવા અને ભણાવવાનો અધિકાર જેઓને પ્રાપ્ત થાય તે **ઉપાધ્યાય.**

(૧૧)વિનય અને વિનયન એટલે પોતે વિનય કરી બીજા ને પણ વિનય શિખાડે તેવાં ગુણવાળા **ઉપાધ્યાય**

(૧૨)ગણધર ભગવંતોએ રચેલ ૧૧ અંગનું પઠન પાઠન કરે તે **ઉપાધ્યાય.**

(૧૩)મન-વચન-કાયા ત્રણે યોગમાં જેઓને માત્ર જ્ઞાન ભરેલું છે તેવાં જ્ઞાનમાં રત તે **ઉપાધ્યાય**

(૧૪)આચાર્ય ભગવંતની સાથે (પાસે) રહીને ભણાવવાનું કામ કરે તે અથવા વાચના આપે તે **ઉપાધ્યાય.**

(૧૫)અજ્ઞાન શિષ્ય હોય અબુધ વ્યક્તિ હોય તેને પણ સારણા વિ.નાં ટાંકણા દ્વારા જ્ઞાની બનાવે તે **ઉપાધ્યાય.**

(૧૬)૧૧ અંગ ૧૨ ઉપાંગ કરણસિત્તરી-ચરણસિત્તરી આ પચ્ચીસગુણોથી યુક્ત હોય તે **ઉપાધ્યાય.**

(૧૭)ચારિત્રનાં ૭૦(સિત્તેર) ભેદોનું જે બરાબર પાલન કરે અને બીજાને કરાવે તે **ઉપાધ્યાય.**

(૧૮)ક્રિયાનાં ૭૦ (સિત્તેર) ભેદોનું જે બરાબર પાલન કરે અને બીજાને કરાવે તે **ઉપાધ્યાય.**

(૧૯)આગમગ્રંથો માંથી સાર કાઢીને બહાર પ્રગટ કરે તે **ઉપાધ્યાય.**

(૨૦)મૂળ આગમ-ટીકા-ચૂર્ણિ-ભાષ્ય-નિર્યુક્તિ એ પ્રમાણે આગમની પંચાંગી જે બરાબર સમજી શકે તે **ઉપાધ્યાય.**

(૨૧)પ્રવચન વખતે શાસ્ત્ર પદાર્થો દ્વારા મિથ્યાત્વનાં ઝેર ને દૂર કરે તે **ઉપાધ્યાય.**

**ઉપાધ્યાય ભગવંતને નમસ્કારથી થતો લાભ**

**उवज्झाय नमुक्कारो, जीवं मोएइ भवसहस्साओ ।**
**भावेण कीरमाणो होई, पूणो बोहिलाभाए ॥१॥**
**उवज्झाय नमुक्कारो, धन्नाणं भवक्खयं कुणंताणं ।**
**हिअयं अणम्मुयंतो, विसोत्तिया वारओ होइ ॥२॥**

**उवज्झाय नमुक्कारो, एक खलु वन्निओ महत्थोत्ति ।**
**जो मरणम्मि उवग्गे, अभिक्खणं कीरइ बहुसो ॥३॥**
**उवज्झाय नमुक्कारो, सव्वपावप्पणासणो ।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगल ॥४॥**

ભાવાર્થ :

(૧) ઉપાધ્યાય ભગવંતને કરેલો નમસ્કાર જીવને હજારો ભવથી મુક્ત કરાવે છે વળી ભાવ પૂર્વક કરાતો નમસ્કાર બોધિ લાભ માટે થાય છે.

(૨) ઉપાધ્યય ભગવંત ને કરેલો નમસ્કાર ધન્ય માણસોને માટે ભવક્ષય કરનારો થાય છે. તથા હૃદયમાં અનુસ્સરણ કરાતો નમસ્કાર અપધ્યાન ને નિવારનારો થાય છે.

(૩) ઉપાધ્યાય ભગવંતને કરાતો નમસ્કાર મહાન્ અર્થવાળો થાય છે. એવું વર્ણવામાં આવે છે. તથા મૃત્યુ પાસે આવ્યું હોય ત્યારે તે નમસ્કાર બહુવાર કરાય છે.

(૪) ઉપાધ્યાય ભગવંતને કરાયેલો નમસ્કાર સર્વપાપોનો વિનાશ કરનાર છે અને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. **(આવશ્યક નિર્યુક્તિ)**

*બાવના ચંદન સમરસ વયણે,*
*અહિત તાપ સવિ ટાળે,*
*તે ઉપજઝાય નમીજે જે વળી*
*જિન શાસન અજુ આલે રે.*

**(શ્રીપાલ રાસ-૪)**

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ નં. | લીટી નં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૮ | ૧૦ | (૫) છઠ્ઠુ અતિશય | (૫) પાંચવો અતિશય દેવો તે યાચકને પાછા તે સ્થાને મૂકે<br>(૬) છઠ્ઠો અતિશય |
| ૯૬ | ૮ | (૮) સામાયિક વ્રત | (૮) અનર્થ દંડ વિરમણવ્રત સાતે વ્યસનો નો સાત પુતલા બનાવી ૧૮ દેશમાં ફરાવીને સમુદ્રમાં નાંખેલા. જુગાર, શિકાર, ચોરી, માંસ, મદિરા, પરસ્ત્રીગમન, વેશ્યા-ગમન આ સાતે વ્યસન છોડવા માટે પ્રયત્ન કરેલ.<br>(૯) સામાયિક વ્રત<br>(૧૦) - (૧૧) - (૧૨) |
| ૯૮ | ૮ | आवत्ता चउसिर | आवत्ता बार चउसिर |
| ૧૦૧ | ૧૦ | पुरुष | परुष |
| ૧૧૫ | ૧૬ | આહાર સમ | અક્ષર સમ |
| ૧૩૭ | ૮ | ચાંડલા | માંડલા |

| | | | |
|---|---|---|---|
| ૧૪૪ | ૭ | ભારમાં | ભારતમાં |
| ૧૪૬ | ૫ | દેવલોમાં | દેવલોકમાં |
| ૧૪૮ | ૧૦ | દાનધર્મ | સુપાત્રદાનધર્મ |
| ૧૫૩ | ૩ | ૫૧૪૬ | ૫૧૬ |
| ૧૫૫ | ૧૫ | ૧૭૫ | ૧૫૭ |
| ૧૬૧ | ૧ | સુરતથી નીકળેલા ૧૩ સંઘો | સુરતથી નીકળેલા ૧૨ સંઘો |
| ૧૬૭ | ૭ | દશમો સંઘ-૧૧ -૧૨-૧૩ | નવમો સંઘ (૧૦-૧૧-૧૨ સુધારવા) |
| ૧૬૭ | ૧૫ | શ્રાવિકા-શ્રાવિકાઓ | શ્રાવક-શ્રાવિકાઓ |
| ૧૭૬ | ૯ | પ્રકિર્પમણ | પ્રતિક્રમણ |
| ૧૭૭ | ૯ | જિનેશ્વરના વાચન | જિનેશ્વરનાં વચન |
| ૨૦૨ | ૯ | ક્રિયાગર્હા | ક્રિયાશુદ્ધ |
| ૨૦૪ | ૧૫ | ૨૭. ચંડવેધ્યક | ચંદ્રવેધ્યક |
| ૨૦૬ | ૧૧ | સન્મતિલક | સન્મતિતર્ક |
| ૨૦૯ | ૧૦ | (૪) રત્ન | (૫) રત્ન |
| ૨૧૩ | ૫ | આમગુણો | આત્મગુણો |
| ૨૧૬ | ૧૫ | ઉપાધિ | ઉપધિ |
| ૨૧૭ | ૧૫ | પાંચમા મહાવ્રત | ચોથા મહાવ્રત |
| ૨૨૦ | ૧૫ | ઓછા | ઓઘા |
| ૨૪૧ | ૧૦ | મણદોષ | મલદોષ |
| ૨૪૨ | ૫ | ચેત્ત | ચેવ |
| ૨૫૫ | ૧૨ | ૧૨. આત્મપ્રવાદી | ૨૨. આત્મપ્રવાદી |
| ૨૫૮ | ૧૮ | તે ઉપજઝાય | તે ઉવજઝાય |

## શ્રુતભક્તિ લાભાર્થી

તેરવાડા (બનાસકાંઠા) નિવાસી

**શ્રીમતી શાંતાબેન અમૃતલાલ કોઠારી**

**ચંદ્રિકાબેન હસમુખલાલ કોઠારી**

**પીંકીબેન કેયુરભાઈ કોઠારી**

**ભાવનાબેન અલ્પેશકુમાર શેઠ**

**સ્તુતિ, સ્તવન, મુદ્રા, કશ્વી**

પરિવાર

મો. 9898652200

NAVNEET PRINTERS M.:9825261177